


ભગવાન શ્રીરામકૃષ્ણ
(૧૮૩૬-૧૮૮૬)

પરમ પદને પંથે

સ્વામી વિરજાનંદ

શ્રીરામકૃષ્ણ આશ્રમ,
રાજકોટ- ૧

પ્રકાશક:
સ્વામી જિતાત્માનંદ
અધ્યક્ષ,
શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ- ૩૬૦ ૦૦૧

ચોથું સંસ્કરણ : મે ૧૯૯૬ પ્રત : ૩,૦૦૦

મુદ્રક :
કિતાબઘર પ્રિન્ટરી
શ્રોફ રોડ,
રાજકોટ.

બુક ડીઝાઇન :
કોમ્પ્યુઆર્ટ
૫૨૧, સ્ટાર ચેમ્બર્સ
હરિહર ચોક, રાજકોટ.

સમર્પણ

શ્રી શ્રીમા શારદાદેવી

અને

શ્રીમત્ સ્વામી વિવેકાનંદની

અહૈતુકી કૃપા તથા આશીર્વાદની

પુણ્યસ્મૃતિમાં

અતિ વિનમ્ર-ભક્તિભાવે એમનાં શ્રીચરણકમળમાં

સમર્પિત અર્ઘ્યરૂપે

॥ ૐ તત્ સત્ ૐ ॥

ચતુર્થ સંસ્કરણ વેળાએ

શ્રીરામકૃષ્ણ મઠ અને શ્રીરામકૃષ્ણ મિશનના છઠ્ઠા પરમાધ્યક્ષ શ્રીમત્ સ્વામી વિરજાનંદજી મહારાજ દ્વારા મૂળ બંગાળીમાં લખાયેલ 'પરમાર્થ પ્રસંગ'નું આ ચતુર્થ સંસ્કરણ વાચકો સમક્ષ મૂકતાં અમે ઘણો આનંદ અનુભવીએ છીએ.

સ્વામી વિરજાનંદજી મહારાજે ઈ.સ. ૧૮૯૨માં સત્તર વર્ષની નાની વયે સંસારત્યાગ કર્યો હતો. તેઓ શ્રીમા શારદાદેવીના મંત્રદીક્ષિત શિષ્ય હતા. સને ૧૮૯૭માં ૨૨ વર્ષની વયે સ્વામી વિવેકાનંદ પાસેથી એમણે સંન્યાસ દીક્ષા મેળવી હતી. તેઓ સ્વામી વિવેકાનંદના પ્રથમ ચાર સંન્યાસી શિષ્યોમાંના એક હતા. The Complete Works of Swami Vivekananda (સ્વામી વિવેકાનંદ ગ્રંથાવલિ) ના પ્રથમ પાંચ ગ્રંથો અને The Life of Swami Vivekananda by His Eastern and Western Disciples ની પ્રથમ આવૃત્તિના ચાર ગ્રંથોનાં એમણે કરેલાં સંકલન, સંપાદન અને પ્રકાશન કાર્ય માટે સમગ્ર વિશ્વ એમનું સદા ઋણી રહેશે.

શ્રીરામકૃષ્ણ સંઘના વરાહનગર મઠમાં જોડાયા, ત્યારથી માંડીને ૩૦ મે, ૧૯૫૧, ને બુધવારે એમનો દેહવિલય થયો, ત્યાં સુધીના ૬૦ વર્ષના દીર્ઘકાળના સ્વામી વિવેકાનંદ તેમજ ભગવાન શ્રીરામકૃષ્ણદેવના બીજા અંતરંગ શિષ્યોના ગાઢ સહવાસ, સેવા, શાસ્ત્ર અધ્યયન, કઠિન તપશ્ચર્યા, નિષ્કામ કર્મયોગીના જીવન પરિપાક રૂપ, તેમના અનુભવ રાશિનો એક પરમોપયોગી નિચોડ પ્રસ્તુત ગ્રંથમાં છે.

સ્વામી વિરજાનંદજી મહારાજનું શરીર લાંબા સમય સુધી અસ્વસ્થ રહ્યું. જે થોડાક મહિના બેલુરમઠમાં રહેતા એ દરમ્યાન એમને મઠનાં અનેક જવાબદારીભર્યાં કાર્યોમાં જ પ્રવૃત્ત રહેવું પડતું. કેટલાક જિજ્ઞાસુ અને આધ્યાત્મિક ભાવનાવાળા ભક્તોએ એમને આધ્યાત્મિક ચર્ચા માટે વિનમ્ર ભાવે પ્રાર્થના કરી. આ વિનંતીના પ્રતિભાવરૂપે અને ભક્તોની જિજ્ઞાસા સંતોષવા પોતાના અંતરમાં જાગેલા અને નિત્ય જાગતા ધર્મસાધના અને આધ્યાત્મિક જીવન વિષયક વિચારોને દીક્ષિત ભક્તો માટે નિયમિત અને ક્રમબદ્ધ રીતે તેઓ લખી રાખતા. આ બધા વિચારો સર્વ ધર્મના આધ્યાત્મિક માર્ગના યાત્રીઓને પોતાના સાધના પથમાં મદદગાર નીવડે એવું જણાતાં અને બીજા ભક્તોના આગ્રહને વશ થઈને તેમણે આ વિચારોને બંગાળી ભાષામાં પુસ્તકાકારે પ્રકાશિત કર્યા. એને એટલો મોટો લોકાદર સાંપડ્યો કે થોડા જ મહિનામાં તેનું પુનર્મુદ્રણ

કરવું પડયું. અન્ય પ્રાંતના શિષ્યો અને ભક્તોની અતિ આગ્રહ ભરી વિનંતી ધ્યાનમાં લઈને તેમ જ આ વિચારોનો વ્યાપક પ્રચાર પ્રસાર થાય એ હેતુથી એમણે આ પુસ્તકના અંગ્રેજી અનુવાદની અનુમતિ આપી અને ત્યાર પછી આપણા દેશની વિવિધ પ્રાંતીય ભાષાઓમાં તેના અનુવાદ પ્રકટ થયા અને ખૂબ જ લોકાદર પામ્યા છે.

અતિ કઠિન દાર્શનિક સમસ્યાઓની ચર્ચા કરીને કોઈ સિદ્ધાંત-નિર્ણય બાંધવાનો હેતુ આ પુસ્તકમાં નથી રાખ્યો. અંતરની ઉચ્ચ ધર્મભાવના અને આધ્યાત્મિક પ્રેરણા-ઊર્મિને લીધે આત્મસાક્ષાત્કારની આકાંક્ષા જેમના હૃદયમાં જાગી હોય પરંતુ સંસારજગતની અનેકવિધ આપત્તિ-વિપત્તિ, અડચણ, વિઘ્ન, નિષ્ફળતાઓ સામે ઝઝૂમતાં ઝઝૂમતાં, પોતાના અલ્પ મતિ, શક્તિ અને હૃદયના સાચા સામર્થ્યના અભાવે થાકી હારી ગયેલા અને હતોત્સાહ બનેલાઓને પરમપદને પંથે - પરમ કલ્યાણને પંથે સ્થિર ધીર પગલે આગળ વધવા દિશાસૂચન અને પ્રેરણાબળ આ પુસ્તકમાંથી જરૂર મળી રહેશે.

ઉચ્ચ આધ્યાત્મિક પ્રાપ્તિના ઉપદેશોને પણ એવી સરળ અને સાહજિક ભાષામાં એમણે રજૂ કર્યા છે કે, આ સત્યો, આ ઉપદેશ શિક્ષિત કે અશિક્ષિત, યુવાન કે વૃદ્ધ, સંસારી કે સંન્યાસી, બધાને સહેજે સમજાય તેવા અને અરસપરસની વાતચીત ચર્ચા જેવા રસપ્રદ, મર્મસ્પર્શી તેમ જ જ્ઞાનદાયી બની ગયા છે.

અમને શ્રદ્ધા છે કે શ્રીમત્ સ્વામી વિરજાનંદજી મહારાજની આ જ્ઞાનરસભરી સૂક્તિઓ સારો લોકાદર પામશે અને આધ્યાત્મિક જીવનના પથિકને સાચું પાથેય પૂરું પાડશે.

મૂળ બંગાળી ગ્રંથ 'પરમાર્થ પ્રસંગ'નો આ ગુજરાતી અનુવાદ અમને સ્વામી ચૈતન્યાનંદજી દ્વારા સાંપડયો છે, તે બદલ અમે આભારની લાગણી વ્યકત કરીએ છીએ.

અમને શ્રદ્ધા છે કે આ ચતુર્થ સંસ્કરણ પણ સારો એવો લોકાદર પામશે.

પ્રકાશક

શ્રીરામકૃષ્ણ - સ્તોત્ર- દશકમ્

બ્રહ્મ-રૂપમાદિ-મધ્ય-શેષ-સર્વ-ભાસકં,
ભાવ-ષટ્ક-હીન- રૂપ- નિત્ય-સત્યમદ્વયમ્ ।
વાઙ્મનોઽતિ- ગોચરંચ નેતિ- નેતિ- ભાવિતં,
તં નમામિ દેવ-દેવ -રામકૃષ્ણમીશ્વરમ્ ॥૧॥

જે પરબ્રહ્મસ્વરૂપ છે, જેમની સત્તાથી વિશ્વના દરેક પદાર્થનો આદિ, મધ્ય અને અંત પ્રકાશિત થાય છે, જે છએ વિકારોથી રહિત છે, જે મન અને વાણીની સમજણથી પર છે, જે નિત્ય સત્યસ્વરૂપ છે, જેમના સિવાય અન્ય કોઈ પદાર્થ છે જ નહિ, જે 'નેતિ નેતિ' - એવા વેદવાકય વડે જ વિચારી શકાય તેવા છે - તે, દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૧॥

આદિતેય - ભી હરં સુરારિ-દૈત્ય-નાશકં,
સાધુ-શિષ્ટ-કામદં મહી- સુભાર-હારકમ્ ।
સ્વાત્મ- રૂપ તત્ત્વકં યુગે યુગે ચ દર્શિતં,
તં નમામિ દેવ- દેવ રામકૃષ્ણમીશ્વરમ્ ॥૨॥

અદિતિપુત્રો (દેવો) નો ભય દૂર કરનાર, દેવશત્રુ દૈત્યોનો નાશ કરનાર, સાધુસંતો અને સજ્જનોની ઈચ્છાઓ પૂરી કરનાર, પૃથ્વીના ભારે પાપભારને હરનાર અને યુગે યુગે ભક્તો માટે સ્વરૂપ તત્ત્વ પ્રકટ કરનાર તે દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૨॥

સર્વ- ભૂત-સર્ગ-કર્મ-સૂત્ર-બન્ધ-કારણં,
જ્ઞાન-કર્મ-પાપ-પુણ્ય- તારતમ્ય- સાધનમ્ ।
બુદ્ધિ-વાસ- સાક્ષી-રૂપ-સર્વ-કર્મ ભાસનં,
તં નમામિ દેવ-દેવ- રામકૃષ્ણમીશ્વરમ્ ॥૩॥

જે સર્વ પ્રાણીઓને સ્વકર્મ સૂત્રોમાં બાંધી રાખવાના કારણરૂપ છે, જે સંસારમાં જ્ઞાન, કર્મ અને પાપ-પુણ્યના તારતમ્યનું વિધાન કરે છે, જે મનુષ્યના બુદ્ધિ (હૃદય) રૂપી ઘરમાં નિવાસ કરે છે, જે નિર્લેપ સાક્ષીરૂપે રહે છે. અને છતાંયે જે બધાં કર્મોના પ્રેરક-પ્રકાશક છે, એવા દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૩॥

સર્વ-જીવ-પાપ-નાશ-કારણં ભવેશ્વરં,
સ્વીકૃતં ચ ગર્ભ- વાસ-દેહ- ધાનમીદૃશમ્ ।
યાપિતં સ્વ- લીલયા ચ યેન દિવ્ય-જીવનં,
તં નમામિ દેવ-દેવ-રામકૃષ્ણમીશ્વરમ્ ॥૪॥

જે સર્વ જીવોનાં પાપોનો નાશ કરવામાં કારણભૂત છે, જે સ્વયં વિશ્વેશ્વર છે, છતાં જેમણે (જીવો પ્રત્યે કરુણાભાવથી) સ્વેચ્છાથી ગર્ભવાસ અને આવા દેહરૂપી બંધનનો સ્વીકાર કર્યો ; જેમણે દિવ્ય જીવન વિતાવીને અનેક ઈશ્વરીય લીલાઓ પ્રકટ કરી, એવા દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૪॥

તુલ્ય-લોષ્ટ્ર-કાંચનં ચ હેય-નેય -ધી- ગતં,
સ્ત્રીષુ નિત્ય- માતૃરૂપ-શક્તિ- ભાવ ભાવુકમ્ ।
જ્ઞાન- ભક્તિ- ભુક્તિ-મુક્તિ-શુદ્ધ-બુદ્ધિ-દાયકં,
તં નમામિ દેવ-દેવ -રામકૃષ્ણમીશ્વરમ્ ॥૫॥

જેઓ માટીના ઢેફામાં અને સોનામાં સમાન દૃષ્ટિથી જોતા હતા, જેમના મનમાંથી 'ત્યાજય' અને 'ગ્રાહ્ય' બુદ્ધિનો લોપ થઈ ગયો હતો, જેઓ દરેકે દરેક સ્ત્રીમાં સદા જગજ્જનનીની મહાશક્તિનો અનુભવ કરતા હતા, એવા, જ્ઞાન, ભક્તિ, મુક્તિ લૌકિક-પારલૌકિક સુખ અને શુદ્ધ બુદ્ધિ આપનાર દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૫॥

સર્વ-ધર્મ-ગમ્ય-મૂલ- સત્ય-તત્ત્વ-દેશકં,
સિદ્ધ-સર્વ-સમ્પ્રદાય-સામ્પ્રદાય-વર્જિતમ્ ।
સર્વ- શાસ્ત્ર-મર્મ-દર્શી-સર્વવિન્નિરક્ષરં,
તં નમામિ દેવ-દેવ - રામકૃષ્ણમીશ્વરમ્ ॥૬॥

બધા ધર્મો દ્વારા થતા એક સત્ય વસ્તુના જ્ઞાનરૂપ પરમતત્ત્વના જે ઉદ્‌બોધક હતા, જેઓ બધા સંપ્રદાયોની સાધના કરવા છતાં પણ સંપૂર્ણપણે સાંપ્રદાયિકતા વગરના રહ્યા હતા, જેઓ સકલ શાસ્ત્રોનાં રહસ્યો જાણતા હતા, જેઓ નિરક્ષર હોવા છતાં સર્વજ્ઞ હતા એવા દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૬॥

ચારુ-દર્શ-કાલિકા-સુગીત-ચારુ-ગાયકં,
કીર્તનેષુ મત્તવચ્ચ નિત્ય-ભાવવિહ્‌વલમ્ ।
સૂપદેશ-દાયકં હિ શોક-તાપ- વારકં,
તં નમામિ દેવ-દેવ- રામકૃષ્ણમીશ્વરમ્ ॥૭॥

મનોહર રૂપધારી, પોતાના સુમધુર કંઠે મા કાલીનાં ગીત ગાનારા, કીર્તનમાં ઉન્મત્ત બનીને નૃત્ય કરનાર, સદાસર્વદા ઈશ્વરી ભાવમાં વિહ્‌વળ બનતા, ભક્તોને સદુપદેશ આપનારા અને ત્રિતાપથી બળ્યા ઝળ્યા લોકોના શોકતાપને દૂર કરનારા દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું.॥૭॥

પાદ-પદ્મ-તત્ત્વ-બોધ-શાન્તિ-સૌખ્ય-દાયકં,
સક્ત-ચિત્ત-ભક્ત-સૂનુ નિત્ય-વિત્ત-વર્ધકમ્ ।
દમ્ભિ-દર્પ-દારણન્તુ નિર્ભયં જગદ્ - ગુરું,
તં નમામિ દેવ-દેવ-રામકૃષ્ણમીશ્વરમ્ ॥૮॥

પોતાનાં ચરણકમળોના રહસ્યનું જ્ઞાન, શાન્તિ અને સુખ આપનારા, અનુરાગવાળા ભક્તોનાં સંતાનોની (ઈહલોક તેમ જ પરલોકની) સંપદા સર્વદા વધારનારા, દંભીઓના ગર્વના ચૂરેચૂરા કરી નાખનારા જે નિર્ભય જગદ્‌ગુરુરૂપે

અવતીર્ણ થયા, તે દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૮॥

પંચવર્ષ-બાલ-ભાવ-યુક્ત-હંસ-રૂપિણં,
સર્વ-લોક-રંજનં ભવાબ્ધિ-સંગ-ભંજનમ્ ।
શાન્તિ-સૌખ્ય-સદ્મ-જીવ-જન્મભીતિ નાશનં,
તં નમામિ દેવ-દેવ-રામકૃષ્ણમીશ્વરમ્ ॥ ૯॥

પાંચ વરસના બાળકના જેવા સ્વભાવવાળું પરમહંસરૂપ ધારણ કરતા, બધા લોકોને આનંદ આપનારા, જીવોની ભવસાગર પ્રત્યેની આસક્તિનો નાશ કરનારા, શાન્તિ અને સુખના સ્થાનરૂપ, જીવોનો જન્મમરણનો ભય દૂર કરનારા તે દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું ॥૯॥

ધર્મ-હાન-હારકં ત્વધર્મ-કર્મ-વારકં,
લોક-ધર્મ-ચારણં ચ સર્વ- ધર્મ-કોવિદમ્ ।
ત્યાગિ -ગેહિ- સેવ્ય- નિત્ય- પાવનાઙ્ઘ્રિ- પઙ્કજં,
તં નમામિ દેવ- દેવ રામકૃષ્ણમીશ્વરમ્ ॥૧૦॥

જેમણે અધર્મની ગતિને રોકીને ધર્મની ગ્લાનિને દૂર કરી હતી, જેઓ સર્વધર્મ વિશારદ હોવા છતાં લોકશિક્ષણ માટે લૌકિક ધર્મનું આચરણ કરતા હતા, જેમનાં પવિત્ર ચરણકમળો ત્યાગીઓ તેમ જ ગૃહસ્થો- બંને પ્રકારના ભક્તો - માટે સદા સેવવા લાયક છે, તેવા દેવાધિદેવ ભગવાન શ્રીરામકૃષ્ણને હું પ્રણામ કરું છું. ॥૧૦॥

સ્તોત્ર-શૂન્ય સોમકં સદીશ-ભાવ-વ્યંજકં,
નિત્ય-પાઠકસ્ય વૈ વિપત્તિ-પુંજ- નાશકમ્ ।
સ્યાત્કદાપિ જાપ-યાગ-યોગ- ભોગ-સૌલભં,
દુર્લભન્તુ રામકૃષ્ણ-રાગ-ભક્તિ-ભાવનમ્ ॥૧૧॥

(શ્રીરામકૃષ્ણદેવનું માહાત્મ્ય પ્રકાશિત કરતું આ) સ્તોત્રદશક (શૂન્ય = ૦, સોમ = ૧) સત્યસ્વરૂપ ઈશ્વરભાવનું દ્યોતક છે. આનો નિત્ય પાઠ કરનારની વિપત્તિઓના સમૂહનો આવશ્યક નાશ થાય છે. જપ- તપ, યાગ-યજ્ઞ, યોગ-ભોગ– આ બધાં તો ક્યાક ક્યારેક સુલભ બની શકે છે, પણ ભગવાન શ્રી રામકૃષ્ણ પ્રત્યે અનુરાગ અને ભક્તિની પ્રાપ્તિ તો દુર્લભ જ છે. ॥૧૧॥

ઈતિ શ્રીવિરજાનન્દ-રચિતં ભક્તિસાધકમ્ ।
સ્તવસારં સમાપ્તં વૈ શ્રીરામકૃષ્ણ- તૂણકમ્ ॥૧૨॥

શ્રીમત્ સ્વામી વિરજાનન્દ દ્વારા તૂણક છંદમાં, રચાયેલ આ 'શ્રીરામકૃષ્ણ સ્તોત્રદશક' નામનો ભક્તિવર્ધક સ્તવસાર સમાપ્ત થયો.

પરમપદને પંથે

૧. ઈશ્વરદર્શન કરવું હોય તો સાધકમાં જોઈએ :
(૧) ધીરજ, (૨) ખંત (૩) શરીર ને મનની પવિત્રતા, (૪) આતુરતા, (૫) ષટ્ સંપત્તિ એટલે કે શમ (ચિત્તની સ્થિરતા), દમ (ઇંદ્રિયનિગ્રહ), ઉપરતિ, (વિષયોમાં આસક્તિ ન થવી), તિતિક્ષા (સર્વ પ્રકારનાં દુઃખોમાં સહનશીલતા), શ્રદ્ધા (ગુરુ અને શાસ્ત્રવાક્યમાં વિશ્વાસ), સમાધાન (ઈષ્ટ દેવતામાં ચિત્તને પરોવવું).

૨. સાધના કરતાં જે કાંઈ દિવ્યદર્શનો કે અનુભવો થાય તે પોતાના ગુરુ સિવાય બીજા કોઈને કહેવા નહિ. એ તમારી આધ્યાત્મિક સંપત્તિ, તમારી અંતરની વિચારધારા, તમારા અંતરમાં જ ગુપ્ત રાખજો. બીજા પાસે એ બોલતા ફરતા નહિ. એ તમારું પોતાનું ગુપ્ત પવિત્ર ધન, એક માત્ર ભગવાનની સાથે એકાન્તમાં ઉપભોગની વસ્તુ. તે જ પ્રમાણે વળી તમારા દોષો, ત્રુટિઓ અને અનાચારના પ્રસંગો બીજાઓની પાસે બોલતા ફરતા નહિ; તેમ કરવાથી તમારું આત્મ-સન્માન ખોશો અને બીજાઓની સામે નીચા થઈને રહેવું પડશે. પોતાના દોષો, પોતાની દુર્બળતા, ભગવાનને જણાવજો અને તેની પાસે પ્રાર્થના કરજો કે ' હે પ્રભુ ! એ સુધારવાની શક્તિ આપજો.'

૩. ધ્યાન કરવા બેસો ત્યારે પ્રથમ તો થોડીવાર સ્થિર બેસીને મન જ્યાં જાય ત્યાં જવા દો. એ વખતે તમારે ધારવું કે હું માત્ર દ્રષ્ટા, સાક્ષી છું. બેઠાં બેઠાં મનની દોડાદોડ, સંતાકૂકડી જોયા કરો. સાથે વિચાર કરો કે ' હું દેહ નથી, ઇંદ્રિયો નથી, મન નથી, હું મનથી સંપૂર્ણપણે અલગ છું, મન પણ જડ, જડની એક સૂક્ષ્મ અવસ્થા છે. હું આત્મા, માલિક; મન મારું ગુલામ. જ્યારે પણ કોઈ ખોટો વિચાર મનમાં આવે, કે તરત એને બળપૂર્વક દાબી દેવાનો પ્રયાસ કરવો.

૪. સાધારણ રીતે, આરામ લેતી વખતે ડાબા નસ્કોરામાંથી શ્વાસ નીકળે. કામકાજ કરતી વખતે જમણે નસ્કોરેથી અને ધ્યાન કરતી વખતે બેય નસ્કોરેથી શ્વાસ ચાલે. જ્યારે શરીર, મન શાંત થતાં આવે અને બેય નસ્કોરામાંથી સમાનભાવે શ્વાસ નીકળે, ત્યારે સમજવું કે બરાબર ધ્યાનને અનુકૂળ અવસ્થા થઈ છે. પરંતુ આ માટે શ્વાસ ઉપર જ બહુ દષ્ટિ રાખતા નહિ, અથવા આને જ ધોરણ માની લઈને કામકાજની વ્યવસ્થા ન ગોઠવવી.

૫. મન સ્થિર થતાં જ પ્રાણવાયુ સ્થિર થાય. તેમ પાછો પ્રાણવાયુ સ્થિર થતાં જ મન એકાગ્ર થાય. ભક્તિપ્રેમથીયે કુંભક આપ મેળે થાય, પ્રાણવાયુ સ્થિર થઈ જાય. અંતરની આતુરતાથી સ્મરણ-મનન ને મંત્રજપ કરવાથી એની મેળે થાય.

૬. રોજની તાલીમ (અભ્યાસ) અને વૈરાગ્ય વિના મનની એકાગ્રતા પ્રાપ્ત કરવાનો કશોય સુગમ કે સહજ ઉપાય નથી.

૭. જેટલો સમય જપ ધ્યાન કરો – પછી ભલેને ૧૦-૧૫ મિનિટ કરો તેય સારું, પણ એટલુંય પૂરેપૂરું અંતર રેડીને કરજો. ઈશ્વર, તે તો અંતર્યામી છે. અંતર જુએ. એ કાંઈ કેટલો સમય ધ્યાન કર્યું યા કેટલી માળા ફેરવી, એ ન જુએ.

૮. શરૂઆતમાં તો જપ ધ્યાન નીરસ જ લાગે. છતાંય દવા પીવાની પેઠે કર્યે જવું જોઈએ. ત્રણ ચાર વરસ નિષ્ઠાપૂર્વક એ કર્યે જઈએ ત્યારે આનંદ મળે. ત્યારે પછી એક દિવસનો ખાડો પડે તો ય બહુ દુઃખ થાય, કશામાં મન ન લાગે.

૯. આધ્યાત્મિક માર્ગે આગળ વધવું હોય તો પ્રયત્નની જરૂર. હું પ્રયત્નપૂર્વક સાધના કરીને ઈશ્વરદર્શન કરીશ, એવો દઢ સંકલ્પ કરી નિષ્ઠાપૂર્વક ત્રણ ચાર વરસ સુધી રોજ ઓછામાં ઓછું સવારે ને સાંજે બેય વખત બબ્બે કલાક સુધી આસન ઉપર બેસીને જપ ધ્યાન કર્યે જવું જોઈએ.

૧૦. સંસારી માણસને માટે વધુ પ્રાણાયામ કરવો સારો નહિ. જેઓ વધુ પ્રાણાયામ કરવાને ઇંતેજાર હોય, તેમણે નિયમિત સમય, નિયમિત પૌષ્ટિક સાત્ત્વિક

આહાર, નિયમિત કામકાજ, ચિંતા વિનાનું જીવન, તંદુરસ્ત એકાંત સ્થાન, ચોખ્ખી હવા , પેટ સાફ, ઓછી વાતચીત વગેરે રાખવું જોઈએ. અને આ બધામાંથી પ્રથમ તો બરાબર બ્રહ્મચર્ય પાલન કરવું જોઈએ. આ બધાંનો ભંગ થાય તો હૃદયનો અથવા મગજનો રોગ થવાનો ભય ખરો.

૧૧. જપ કે ધ્યાન કરતાં કરતાં જ્યારે મન સ્થિર થાય, શુદ્ધ થાય, ત્યારે મન જ તમારો ગુરુ બને, અંદરથી જ બધી બાબતો સમજાઈ જાય, સંશય અને પ્રશ્નોનું સમાધાન મળી આવે, આગળ ઉપર તમારે શું કરવું, કઈ રીતે વર્તવું એ બધું મન જ કહી દે.

૧૨. જપ કરતી વખતે ઈષ્ટમૂર્તિનું ધ્યાન પણ કરવું, નહિતર જપ જામે નહિ. ઈષ્ટમૂર્તિનું આખું સ્વરૂપ ન આવે તોય જેટલું ધ્યાનમાં દેખાય તેટલું લઈનેય ધ્યાનની શરૂઆત કરવી. ન થઈ શકે તોય વારેવારે પ્રયત્ન કરવો. ન થાય તો પડતું શા માટે મૂકવું ? દૃઢતાથી લાગી જ રહેવાનું. ધ્યાન તે શું સહેલાઈથી ઈચ્છા કર્યા ભેગું જ થઈ જાય કે ? મનને બીજા વિષયોમાંથી ખેંચીને ધ્યેય વસ્તુમાં રાખવાનો પ્રયાસ ઉપરાઉપરી કરવો જોઈએ. એમ કરતાં કરતાં ધ્યાન થાય.

૧૩. જપની સંખ્યા રાખવી, માળા ફેરવવી, એ બધાં કેવળ મનને બીજા વિષયોમાંથી ખેંચી લાવવા માટે . નહિતર મન ક્યારે આડું અવળું ચાલ્યું ગયું, અથવા ક્યારે તંદ્રા આવી ગઈ, એ ખબરેય ન પડે. તેથી આ બધાં વડે, શરૂઆતમાં જરા વિક્ષેપ થાય તોય, મન ઉપર નજર રાખી શકાય, સહેલાઈથી મનના ભ્રમણને અથવા તંદ્રાની અવસ્થાને પકડી શકાય અને ત્યાંથી મનને ખેંચી લઈને ધ્યેય વસ્તુમાં લગાડી રાખી શકાય.

૧૪. પોતાને કદી પણ નબળા માનશો મા. પોતાના ઉપર ખૂબ શ્રદ્ધા રાખજો. એમ માનજો કે મારાથી અસાધ્ય શું છે ? હું ધારું તો બધું કરી શકું. મનની પાસે હાર માનવી શું કામ ? જાણજો કે મન વશ કરી શકાય તો આખું જગત તમારા વશમાં આવે, તમે વિશ્વજયી થઈ શકો. જેને પોતાનામાં શ્રદ્ધા નથી તેને ભગવાન ઉપરેય સાચી શ્રદ્ધા બેસે નહિ. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી તે જ ખરો નાસ્તિક, જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી, તેનું કહેવું કોઈ સાંભળે નહિ, ભગવાનેય એની વાત સાંભળે નહિ.

૧૫. જે સ્થિતિમાં સ્થિર થઈ હાલ્યા ચાલ્યા વિના ને આરામથી ઘણો વખત બેસી શકાય તેને જ આસન કહેવાય. પરંતુ કરોડરજ્જુને ટટ્ટાર રાખવી જોઈએ, અને છાતી, ગળું અને માથું સીધાં રાખવાં જોઈએ, જાણે કે શરીરનો બધો ભાર પાંસળીઓ ઉપર આવે, છાતીનો ભાગ નીચેની બાજુએ ઝૂકી ન પડે. વાંકા વળીને ઝૂકીને બેસવું એ જરાય તંદુરસ્ત નથી.

૧૬. સંસાર અસાર, અનિત્ય; ઈશ્વર જ એકમાત્ર સાર, સત્ય.એ ભાવ જ્યાં સુધી મનમાં દઢ ન થાય ત્યાં સુધી ધ્યાન કરતી વખતે મન ચંચળ થશે જ. ઈંદ્રિયસુખો પર જેટલી અનાસક્તિ આવે, તેટલો ભગવાન પર અનુરાગ વધે, મન પણ તેટલું એકાગ્ર થાય. ઈશ્વરીય પ્રેમનો સ્વાદ કણિકા જેટલોય જો મળે તો જગતમાં સર્વ સુખો તુચ્છ, ઘૃણાપાત્ર લાગે.

૧૭. જપ, ધ્યાન, પૂજા, પ્રાર્થના, સ્મરણ, મનન, સદ્‌ગ્રંથ પાઠ, સત્સંગ, એકાન્તવાસ, સારી વાતો અને આધ્યાત્મિક વિચારો : આમાંથી જ્યારે જે મનમાં આવે ને જે કરવાની ઈચ્છા થાય અને ગમે, તથા કરવાની સગવડ હોય ત્યારે તે કરજો, પરંતુ ધ્યાન જપ જ ખરી વસ્તુ. એ સાજેમાંદે, સુખેદુઃખે કોઈ દિવસ કરવાનું ચૂકશો મા. વધુ ન થાય યા સગવડ ન હોય તો ઓછામાં ઓછું ૧૦-૧૫ મિનિટ પ્રાણાયામ, પ્રાર્થના ને જપ જરૂર કરવાં.

૧૮. વૈદકનાં પુસ્તકો વાંચીને પોતાના રોગનું નિદાન કરવું અને દવા લેવી એ બુદ્ધિમાનોનું કામ નહિ. રોગ થાય ત્યારે બીજા વૈદ્ય ડૉક્ટરોની સલાહ લેવી જોઈએ. તે જ પ્રમાણે ધર્મનાં થોડાં પુસ્તકો અને શાસ્ત્રગ્રંથો વાંચીને તે અનુસાર સાધના કરવા જતાં બુદ્ધિમાં ભ્રમ થાય, ગુંચવાઈ જવાય, એક સરખું આગળ વધી શકાય નહિ; તે એટલે સુધી કે, કેટલીક વાર તો મહેનત એળે જાય ને પોતાને નુકસાન પણ થાય. કારણ કે જુદાં જુદાં શાસ્ત્રોમાં અધિકારી ભેદ પ્રમાણે અથવા અવસ્થા અનુસાર એક જ બાબતમાં જુદો

જુદો કે પરસ્પર વિરોધી ઉપદેશ કિંવા પદ્ધતિ હોય છે. ખાસ તમારા પોતાના માટે કઈ ઉપયોગી, એનો આપ મેળે નિર્ણય કરવો એ ઘણી વાર વિપદકારક નીવડે. એ બાબતમાં ગુરુ જ ખરો માર્ગ બતાવી દઈ શકે. એટલા સારુ ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્તિ કરવી જોઈએ. એ જે દીક્ષા અને ઉપદેશ આપે તે જ તમારો એકમાત્ર રસ્તો. તેમાં અને ગુરુ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી નિષ્ઠાપૂર્વક સાધના કર્યે, સમય આવ્યે સિદ્ધિ જરૂર મળવાની. કોઈના કહેવાથી એ માર્ગ મૂકીને બીજો માર્ગ કદી પણ લેતા નહિ ; એમ કરવાથી રસ્તો ભૂલીને ભટકવાનું જ રહેશે, કોઈ કાળે કશુંય વળશે નહિ.

૧૯. શ્રદ્ધાથી અશકય વસ્તુ શકય બની જાય. શ્રદ્ધાથી કિનારા પર પણ નાવ ચાલે, જ્યારે સંશયથી ગોઠણભર પાણીમાંય ડૂબી મરાય.

૨૦. આશા જ જીવન, સર્વ શક્તિ ને પ્રવૃત્તિનું મૂળ. આશા છોડતાં જ નિર્જીવ, જીવતે મૂઆ થઈ જાઓ. જયાં સુધી શ્વાસ, ત્યાં સુધી આશા. સાધના કરતાં ભગવત્પ્રાપ્તિની આશા મરતાં સુધી છોડશો મા. ઈશ્વરની ઈચ્છા થયે તે ગમે તે ક્ષણે કૃપા કરી શકે. કાંઈ નહિ તોય એ અંતિમ ઘડીએ તો દર્શન દેશે જ, એવી શ્રદ્ધા રાખવી.

૨૧. ભગવાને જ્યારે તેમની અપાર કૃપાથી સિદ્ધ ગુરુ મારફત તેમનો સિદ્ધ મંત્ર આપ્યો છે, તેમને પામવાની ચાવી આપી છે, ત્યારે જાણજો કે તેમણે પોતાની જાતને તમને સોંપી દીધી છે. પછી તો તમને એ વસ્તુનો નિશ્ચય થવો જોઈએ. જો એ અમૂલ્ય રત્નને ગેરકાળજી અને બેદરકારીથી ખોઈ બેસો તો જાણજો કે તમે ઈશ્વરની કૃપા માટે અયોગ્ય. ઈશ્વરની કદર કરવી એટલે ગુરુદત્ત મંત્રની સાધના અને ઉપદેશનું સાચા અંતઃકરણથી પાલન ઈશ્વરપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કરવું. ત્યારે ગુરુના ઋણનો કંઈક અંશે બદલો ચૂકવ્યો કહેવાય. ભગવાનને જેટલા તમે આત્મજનથીયે વધુ આત્મીય તરીકે ગણશો, તેટલા તમે તેમની કૃપાના અધિકારી થશો, તેમની કૃપાથી આ જન્મમાં જ જીવનમુક્ત, નિત્યાનંદમય થશો.

૨૨. જ્યાં સુધી ઈશ્વર પર પ્રેમ, ઈશ્વર ઉપર અનુરાગ ન આવે ત્યાં સુધી

સંસાર કદીય અનિત્ય અને અસાર લાગવાનો નહિ. મન તો એક જ છે, બે નહિ. અને મનને જુદા જુદા વિભાગોમાં વહેંચી શકાતું નથી કે જેથી અમુક ભાગ પ્રભુપરાયણં બનાવી શકાય અને અમુક ભાગ મન વિષય વાસનાઓથી ભર્યું રહે. સંપૂર્ણ મન ભગવાનમાં લગાડયા વિના તેની પ્રાપ્તિ થાય નહિ. પરિણામે વારે વારે સંસારમાં આવાગમન, અને અપાર દુઃખના ભોગ ભોગવવા પડે.

૩. સંસાર ત્યાગ કરવો હોય તો સંન્યાસી થઈને જંગલમાં જવું જ જોઈએ એવું કાંઈ નથી. ખરો ત્યાગ છે મનથી. મનથી જો ત્યાગ કર્યો તો પછી સંસારમાં રહો કે વનમાં રહો, એ એક સરખું. મનથી ત્યાગ થયા વિના વનમાં જાઓ તો ત્યાંય સંસાર સાથે આવવાનો ને ભોગવાવાનો, એમાંથી છૂટી શકવાના નહિ.

૪. જો સંસારી જીવન વિતાવવું હોય તો ભગવાનને સાથે રાખીને સંસારી જીવન જીવો. જે કાંઈ કરો, જુઓ, સાંભળો એ બધુંય એમ જાણજો કે ભગવાન જ છે. ભગવાનની સાથે ખેલમાં જ રમાડનારી મા મને લઈને રમી રહી છે એમ જાણવાથી જગત એક જુદા જ પ્રકારનું લાગે. ત્યારે પછી દેખાય કે જગતસંસારમાં સુખેય નથી, દુઃખેય નથી. અભાવ પણ નથી, અશાન્તિયે નથી, રાગ, દ્વેષ, લોભ, ઈર્ષ્યા, મોહ નથી, સ્વાર્થ, દ્વંદ્વ, હું - મારું નથી, પોતાનું-પારકું નથી, નાનું -મોટું નથી; છે માત્ર એક અખૂટ આનંદ, અમાપ પ્રેમ. એ આનંદની એક કણી સરખીયે જો મળે તો વિષયોનો આનંદ તુચ્છ થઈ જાય; એ પ્રેમનો એક માત્ર કણ મળ્યે આખું જગત પોતાનાથીય વધુ આત્મીય થઈ જાય. એ રમતમાં પછી બીક નહિ,ચિંતા નહિ, બંધન નહિ, થાક નહિ, હંમેશ નવી રમતમાં કેટલી રમતો જાણે, કેટલે રૂપે, કેટલી રીતે ખેલે એનું કાંઈ ઠેકાણું નહિ, એમ જાણીને પોતાની જાતને ખોઈ બેસવી જોઈએ, તન્મય થઈ જવું જોઈએ. પછી જ્યારે ખેલ બંધ થાય ત્યારે કોણ કોની સાથે ખેલે ! અંતરનો એ ભાવ, એ અવસ્થા તો અવાઙ્મનસગોચર !- મન-વાણીથી પર અવસ્થા. એ તો એવી મજા કે જે જાણે તે જ જાણે.

૨૫. સંસારનાં બધાં સુખો પણ જોઈએ, અને વળી ભગવાનનેય પામવા જોઈએ
એ બેય બને નહિ ભાઈ, બને નહિ.

૨૬. ધારો કે ભગવાન આવીને કહે કે તું મને માગે, કે તંદુરસ્ત શરીરે બૈરીછોકર
સાથે પૈસાદાર થઈ,સવાસો વરસ જીવવાનું ઈચ્છે ? તો ખાતરી રાખજો
કરોડમાંથી એકાદ માણસ સિવાય બાકીના બધાય બીજું જ માગવાના.

૨૭.ભગવાનને પામવા હોય તો ભગવાનમાં સોળે સોળ આના મન દે
જોઈએ, એક પાઈ જેટલું, એક કોડી જેટલુંયે ઓછું હોય તો ચાલે નહિ
આપણે તો ઈચ્છીએ કે જરાય મહેનત લીધા વિના સહેલાઈથી અને ચા
બાજુનું સંસાર વહેવારનું ઠીકઠાક રાખીને પછી ભગવાન મળી જાય ! અ
જો ગુરુ જ કૃપા કરીને મેળવી આપે તો તો પછી પૂછવું શું ? અરે ભલ
માણસ, એવું તે કાંઈ બને ? પ્રભુ તો તલેતલનાં લેખાં માગશે.

૨૮. પ્રભુને જે ઈચ્છે તેની પાસે તે આવે; જે તેને ઈચ્છે નહિ, તેને પંચભૂત નચાવે

૨૯. જાહેર ખબર વાંચીને ત્રણ રૂપિયે તોલાનું સોનું લેવા ઘણાય દોડે. પરં
સાચું સોનું જ સોનું. બીજું સોનું નહિ- એ કથીર કે બીજી ધાતુ; અને ઝટ ઝ
દોડીને લાવો એટલે સોનું તો ન મળે પણ વધારામાં ગાંઠના ત્રણ રૂપિયા
જાય.

૩૦. પ્રાર્થના એટલે તાલ સૂરમાં બાંધેલી ગીતની કડીઓ ગાયે જવી એમ નહિ
એનું કાંઈ ફળ નહિ. જેની પ્રાર્થના કરો છો તે વસ્તુનો અંતઃકરણથી અભાવ
જણાવો જોઈએ. એ અભાવને લીધે અંદર તીવ્ર દુઃખ અને વેદના અનુભવાવી
જોઈએ. કેમ કર્યે એ વસ્તુ મળે એ માટે વ્યાકુળ બનવું જોઈએ. પછી એ
ભલેને મળવી મુશ્કેલ હોય તોય મેળવવા માટે જીવ દઈને પ્રયાસ કરવો
જોઈએ, જાણે કે એના મળવા ઉપર જ તમારા જીવનમરણનો આધાર છે
આવું થાય ત્યારે પ્રાર્થના સફળ થાય, ત્યારે જે ઈચ્છો તે પામશો. એ જાતની
પ્રાર્થના જ ભગવાન સાંભળે અને પૂરી કરે.

૩૧. જ્ઞાન, ભક્તિ, ધર્મ માણસે જાતે જ મેળવવાં જોઈએ. જાતે ખૂબ મહેનત
કરવી જોઈએ, ત્યારે જ એ પોતાનાં થાય, સ્થાયી થાય, મન ભરપૂર થઈ

જાય. એ બધાં કોઈ કોઈને દઈ શકે નહિ. સાધના જોઈએ, તો સિદ્ધિ મળે. જેવી સાધના તેવી સિદ્ધિ. વગર મહેનતે યા વગર સાધનાએ જે મળે તેની કિંમત રહે નહિ, કદર થાય નહિ, મળ્યેય એવો આનંદ થાય નહિ. એ જેટલું સહેલાઈથી આવે તેટલું જ સહેલાઈથી ચાલ્યું પણ જાય. સંસારના વિવિધ આઘાતો, પ્રત્યાઘાતો, આપત્તિ-વિપત્તિ, તરહ તરહની કસોટી, લાલચો સામે એ બહુ કામમાં ન આવે, ક્યાંય તણાઈ જાય. ધર્મભાવને પોતાનો કરવો એટલે માણસે પોતાને એ ભાવમાં તદ્રૂપ કરવો, કે જેથી પોતાના પૂર્વ સ્વભાવનું પરિવર્તન પામીને જાણે કે નવું વ્યક્તિત્વ પ્રાપ્ત કરે; આ શરીરે જ જાણે કે નવો જન્મ લેવો. એ તે શું રમત વાત છે ? દઢતાથી માથા સાટે માલ વહોરવાની તૈયારી હોય તો જ થાય અને જ્યાં સુધી ન મળે ત્યાં સુધી નિરંતર એકચિત્તે સાધના કર્યે જ જવી જોઈએ.

૩૨. પોતાની જાતને આપી દો તો પોતાનેય પામશો ને બીજાય પોતાના થશે. જેટલા પોતાને બચાવવા જશો, તેટલા પોતાને ખોશો, પોતેય પારકા થઈ જશો.

૩૩. નિરંતર યુદ્ધ કર્યે જાઓ. વીરની પેઠે લડયે જાઓ. પાછળ જોવા રોકાઓ મા, આગળ ધપો. થાકેલા હો કે ઘવાયેલા હો, એ સામે નજર જ ન કરો. અભી: અભી:, નિર્ભય થાઓ. શાનો ભય ? પરાજયના ખ્યાલને મનમાં સ્થાન જ ન દેશો. મંત્ર સાધીશ યા દેહ પાડીશ. કાં તો વિજય ને કાં તો મૃત્યુ એ જ નિશ્ચય. મરવું જ હોય તો વીરની પેઠે મરો. તો કિલ્લો સર થાય.

૩૪. ' હું સાવ દીન, હીન, નિર્બળ, આપણાથી કાંઈ થવાનું નથી,' એમ કહીને ખોટાં રોદણાં રોયે કાંઈ નહિ વળે. એ બધાં આળસુ, મુડદાલ, નપુંસકનાં લક્ષણ. એવાઓથી તે વળી કોઈ કામ થવાનું કે ? ઊઠો, જાગો અને કાર્યરત થાઓ, ત્યારે તો થશે ને ? રસ્તો બહુ જ લાંબો અને કઠિન છે એમ કરીને બેસી રહ્યે શું રસ્તો ખૂટવાનો હતો કે ? ઊભા થઈને ચાલવા માંડો એટલે તરત રસ્તો ખૂટવા માંડશે. ત્યાર પછી આશા આવશે, હિમ્મત આવશે, તાકાત આવશે, અણધારી મદદો આવશે, રસ્તો ક્રમે ક્રમે સહેલો

અને સીધો લાગવા માંડશે. જોતજોતામાં ગંતવ્યવસ્થાને પહોંચી જશો. એ વખતે પછી કેવો આનંદ !

૩૫. ઘણાયનો એવો ખ્યાલ છે કે સદ્‌ગુરુની પાસેથી મંત્રદીક્ષા લીધી એટલે તેમની કૃપાથી બધાં દુઃખો દૂર થઈ જવાનાં, અસાધ્ય રોગ મટી જવાનો, મનમાની નોકરી મળવાની, સંસારમાં સુખસંપત્તિ સાંપડવાનાં, દીકરીઓને દેવાના દાયજામાંથી છૂટીશું, સ્કૂલ-કૉલેજની પરીક્ષામાં પાસ થઈ જઈશું, કૉર્ટના કેસમાં ફાવવાના, ધંધા રોજગારમાં બરકત આવવાની, વહેવારની બળતરા, અશાંતિ દૂર થવાની, શનિની દશામાંથી છૂટીશું ને એવું એવું બીજું કેટલુંય અલૌકિક અને અણધાર્યું થઈ જવાનું ! એમણે જાણી લેવું ઘટે કે, દીક્ષા અથવા ધર્મપ્રાપ્તિની સાથે આ બધા ઐહિક લાભોના વેપારનો કશોય સંબંધ નથી, અને આ બધાં માટે ગુરુની પાસે મૂર્ખતાભરી માગણી કરવી એ એક હીનતા જ છે. એ ધાર્મિકતાનું લક્ષણ નથી. ગુરુ કાંઈ કર્તા, હર્તા, વિધાતા નથી. તેને આ બધાં સારુ પજવવા ને હેરાન કરવા એ અત્યંત ખરાબ. એથી તો તેના આશીર્વાદ કરતાં ઈતરાજીના જ પાત્ર થવાય છે. તેની સાથે માત્ર પારમાર્થિક બાબતનો સંબંધ.

૩૬. સકામ ભાવે સેવા યા ઉપાસના એ કેવળ રોજગાર છે. એથી સાચી ધર્મપ્રાપ્તિ ન થાય; જે મળે તે અતિ સામાન્ય, તુચ્છ, ને અસ્થાયી, ને તે ઝટ નાશ પામી જાય. સકામ ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થાય નહિ. ભકિત, મુક્તિ યા શાંતિ અને આનંદ પ્રાપ્તિયે થાય નહિ. ભગવાન શ્રીરામકૃષ્ણ કામના રાખીને ધરાવેલી વસ્તુને સ્વીકારી શકતા નહિ, એટલે સુધી કે તે એ ચીજને સ્પર્શ પણ કરી શકતા નહિ.

૩૭. ઈશ્વરને આ જિંદગીમાં જ પામવા હોય તો પોતાનું બધું સામર્થ્ય વાપરીને સાધના કરવી જોઈએ, એને સર્વસ્વ અર્પણ કરવું જોઈએ, સોળ આનાથી વધારેય જો બની શકતું હોય તો આપવું જોઈએ. શ્રીપરમહંસદેવ જેમ કહેતા કે સવા રૂપિયો ને સવા પાંચ આના શ્રદ્ધા તેમ, એટલે કે જાણે વાસણમાં છાપ બેસારી દેવા જેવું. એવું કેટલા લોકોથી બને ? પણ તેથી

નિરાશ થવાનું કશું કારણ નથી. પોતપોતાની શક્તિ પ્રમાણે પ્રયાસ કર્યે જાઓ. પણ એટલું જાણજો કે ગમે તેટલું કરોને, પણ ભગવત્ પ્રાપ્તિ માટે આ બધું નહિવત્ છે. તેની કૃપા વિના કશું વળે નહિ.

૩૮. પરંતુ ઈશ્વરની કૃપા તેના ઉપર જ થાય કે, જેને તે જુએ કે, તેણે પોતાથી બનતું કર્યું છે, જે પોતાને જરાય બચાવીને ચાલ્યો નથી, સંસારના મહાન તરંગોની વચમાં પડવા છતાંય સુકાન છોડયું નથી, જે ખૂબ ઝૂઝી ઝૂઝીને છેવટે સમજ્યો છે કે ઈશ્વરની કૃપા વિના માત્ર પોતાના પ્રયાસથી તેને પામવો એ અશકય છે. જ્યારે એ ચારે બાજુ અંધકારમય, અફાટ સંસારસાગર દેખી ગળકિયાં ખાઈ, થાકી જઈ ડૂબી જવા જેવો થાય ત્યારે જ ઈશ્વર પોતાના કરકમળથી તેને ઉઠાવી લે, તેને જન્મમૃત્યુથી પાર લઈ જાય, કે જ્યાં અનંત આનંદ, અનંત શાંતિ છે, કે જે આનંદનો એક કણ મળતાંયે જીવ પોતાને પરમ સુખી માને.

૩૯. સંસારથી આટલા બધા ડર્યે કાંઈ ચાલે કે? બહાદુર થવું જોઈએ, સંસારને તુચ્છ સમજવો જોઈએ. હું બહુ નિર્બળ, હું તો સાવ હીન, નમાલો, આપણાથી કાંઈ થવાનું જ નથી, આપણે કાંઈ કરી શકવાના નથી. આવા બધા ખ્યાલો છોડી દીધા વિના કોઈ દિવસ કાંઈ વળવાનું નથી. એ બધા ખ્યાલો મનમાંથી કાઢી નાખી શૂરવીર પેઠે કહેવાનું કે, 'મારાથી ન થઈ શકે એવું શું છે? – હું અમૃતનું સંતાન, અમૃતત્વ એ મારો જન્મસિદ્ધ હક્ક છે, જગતની કોઈ પણ શક્તિ મને એનાથી વંચિત રાખી શકે જ નહિ.'

૪૦. જ્યારે પણ મનમાં નિર્બળતા યા વિશાદ જાગે- જન્મે ત્યારે આ શ્લોક બોલવો :

અહં દેવો ન ચાન્યોઽસ્મિ બ્રહ્મૈવાહં ન શોકભાક્।
સચ્ચિદાનંદરૂપોઽહં નિત્યમુક્તસ્વભાવવાન્ ॥

હું દેવસ્વરૂપ છું. હું બીજું કશું નથી, હું સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છું. શોક મને સ્પર્શ કરી જ ન શકે. હું સચ્ચિદાનંદસ્વરૂપ નિત્યમુક્ત સ્વભાવવાળો છું. ૐ તત્ સત્ ૐ.

૪૧. ઈશ્વરને બને તેટલો યાદ કરજો, એને જ એક માત્ર આત્મીય સ્વજન તરીકે જાણજો, તેને પોતાની જાત કરતાંય વધુ પોતાનો ગણજો. જે ઈહલોક અને પરલોકના એક માત્ર આધાર અને સંપત્તિ, તેને જ સમસ્ત અંતઃકરણથી ચાહજો. જે જેને ચાહે, તે તેનું જ ચિંતવન કર્યા કરે, ચિંતવન કરીને આનંદ પામે; તેને પામવા ઇચ્છે, હર વખત હૃદયની અંદર રાખવા ઈચ્છે, તેને પોતાનું કરી લેવા ઇચ્છે, બીજી વાતો અથવા બીજું કામ તેને ગમે નહિ, બીજું કશુંય એ ઇચ્છે નહિ. બધાયનો વિચ્છેદ છે, અંત છે, પરંતુ ભગવત્પ્રેમનો અંત નથી, એ છે અખૂટ ભંડાર! જેમ જેમ પીતા જાઓ તેમ તેમ તરસ વધ્યે જ જાય, અને છેવટે આનંદમાં મગ્ન થઈ પોતાને ભૂલી તન્મય થઈ જવાય. ત્યારે જ જીવત્વ મટી જઈને દેવત્વ આવે, શવત્વ મટીને શિવત્વ આવે, મૃત્યુને બદલે અમૃતત્વ આવે.

૪૨. ઉપદેશ તો કેટલોય સાંભળ્યો છે, પુસ્તકોય ઘણાંય વાંચ્યાં છે. એ બધું જો કંઈક અંશેય પાલન કરવાનો પ્રયાસ ન કરો તો હજાર ઉપદેશ દેવાનુંય કાંઈ ફળ નથી, બીજું કોઈ તમને કશું કરી દઈ શકવાનું નથી, પોતે જ બધું કરવું પડે છે. જે જીવનમરણનો સોદો કરીને સાધનામાં લાગી પડે, તેને જ ભગવાન સહાય કરે, કૃપા કરે, તે એટલે સુધી કે તેનો બોજો પોતાના માથા પર લઈને રસ્તે ચડાવવા આવે. પ્રથમ પોતાનો પુરુષાર્થ, પછી પ્રભુની કૃપા અને છેવટે પ્રભુની પ્રાપ્તિ.

૪૩. સાચે સાચી ધર્મપ્રાપ્તિ બહુ જ કઠિન વાત, જેને તેને એ થાય નહિ. પોતાની અંદર કંઈક નક્કર વસ્તુ જોઈએ- સુકૃતિ કિંવા શુભ સંસ્કાર, સરળતા, આંતરિકતા, પ્રભુની ખોટ જણાવી, એ બધું. 'ભીનું પોચું લાકડું' જોઈને એવા દયાળુ ઠાકુર, (શ્રીરામકૃષ્ણ) પણ તેના સામે જોતા નહિ, કહેતા કે એવાઓને આ જન્મે (ઈશ્વરદર્શન) થવાનું નથી. ભીનું લાકડું એટલે ઘોર સંસારી, બદ્ધ જીવ.

૪૪. હઠ કરીને પરાણે એટલા વધુ જપ ધ્યાન કરવાં નહિ, કે જેથી વધુ પડતો થાક યા કંટાળો લાગે. એથી તો ઊલટું સારાને બદલે નરસું થાય. ધીરે ધીરે અનુક્રમે જપ ધ્યાન વધારવાં. અંતરમાં સચ્ચાઈ અને દૃઢ સંકલ્પ હોય તો ઈશ્વરકૃપાથી સમય આવતાં બધું થઈ રહે, બધું મળી રહે.

૪૫. ખૂબ નિષ્ઠા, ખંત અને ધીરજપૂર્વક જપ ધ્યાન કર્યે જાઓ. ધીરે ધીરે મન સ્થિર થવાનું, ધ્યાન જામવાનું, જાણે કે એક નશા જેવું થઈને ઊભું રહેવાનું. ત્યારે પછી એક દિવસેય જો જપ ન થાય તો જાણે કશુંય ગમે નહિ, અસ્વસ્થ જેવું લાગે એમ થાય; જાણે કે બંધાણીને બંધાણની વસ્તુ ન મળી હોય ને જેમ થાય તેમ. ત્યારે પછી બીજું બધુંય ફિક્કું લાગે, એવું થાય કે એ ધ્યાન જપમાં જ ડૂબ્યા રહીએ.

૪૬. શિવ અને શક્તિ, પુરુષ અને પ્રકૃતિ- એ બન્ને એક. એક જ બે રૂપે, ખરી રીતે અભેદ. ભેદભાવના તો જ્યાં સુધી આપણામાં દ્વૈતભાવના છે, ઉપાસ્યઉપાસકભાવ છે, ત્યાં સુધી.

૪૭. ગુરુનાં, ઈષ્ટદેવનાં અને દેવદેવીનાં સ્વપ્નાં આવવાં બહુ સારાં. એથી મનમાં ખૂબ ઉત્સાહ અને આનંદ આવે. પણ ન દેખાય તો મન ખરાબ કરવાની કાંઈ જરૂર નથી. ઈચ્છા હોય તો ગુરુ પાસે જાહેર કરી શકો. પરંતુ સ્વપ્નના પ્રત્યેક ભાગનો અર્થ શું એ લઈને મગજમારી કરવા બેસવાની જરૂર નથી. સ્વપ્ન આખરે તો સ્વપ્ન જ, આખામાં એકસરખો મેળ રહેવાની આશા રાખવી નકામી. એ મેળ તો એક માત્ર આદેશ કે ધ્યાનમાં, સાક્ષાત્ દર્શનમાં કે પ્રત્યક્ષ અનુભવમાં જ રહે કે જેની સચ્ચાઈ વિષે કશા સંદેહને અવકાશ જ રહે નહિ, અને જે મળવાથી માણસનું જીવન બદલાઈ જાય, માનવ માનવમાંથી દેવ થાય. એ જેને તેને થાય નહિ, કઠિન સાધના અને ઈશ્વરકૃપા ઉપર અવલંબે.

૪૮. કોઈ કોઈને સ્વપ્નમાંય મંત્ર મળે. પરંતુ એવું જોવામાં આવે છે કે ઘણી વખત એ શાસ્ત્ર પ્રમાણે ન હોય અથવા તો પોતાની જ કલ્પના કે વિચારોનું પરિણામ હોય. છતાં દૃઢ શ્રદ્ધા ને નિષ્ઠાપૂર્વક જપ કર્યે જાય તો સમય આવતાં તેમાંથીયે સિદ્ધિ મળી શકે.

૪૯. એકાંત સ્થળે, ઝાંખા પ્રકાશમાં યા અંધકારમાં ધ્યાન કરવું. કપડાં ઉતારીને

યા ઢીલાં રાખીને બેસવું. મોઢું બંધ રાખીને નાકથી શ્વાસ લેવો. ધ્ય
કરતી વખતે ઇંદ્રિયોને અંતર્મુખ કરવાનો પ્રયાસ કરવો. આંખો બંધ કર
દૃષ્ટિ હૃદયમાં એટલે પોતાના અંતરના અંતરમાં રાખવી અને ધારવું કે
ઈષ્ટદેવતા બિરાજી રહ્યા છે.

૫૦. ધ્યાન કરતી વખતે દેહાત્મબોધ એટલે કે આ દેહ અથવા વ્યકિત હું
એ ભાવ ભૂલી જવો, પોતાને વ્યકિતત્વવાન બોધ સ્વરૂપ સૂક્ષ્મસત્તા જાણવ
અને ઈષ્ટદેવતાને જાણવા ઉપાધિરહિત, નિત્ય શુદ્ધ બુદ્ધ મુકત ચૈતન્ય સ્વરૂ
એ તમારી અંદર બોધમાં બોધ સ્વરૂપે રહ્યા છે, વળી તમે એની અંદર રહે
છો, બોધમાં બોધસ્વરૂપે. આ બધું સમજાવું એ સાધના ઉપર આધ
રાખે, શબ્દોની વાતોથી આ બધું સમજાવી શકાય નહિ. ‘ પાશબદ્ધ જી
પાશમુકત શિવ.’

૫૧. ધ્યાન કરતી વખતે વિચાર કરવો કે, ‘ હે પ્રભુ ! વાસ્તવિક રીતે હું તમ
જ સ્વરૂપ છું. કેવળ માયામોહથી બદ્ધ થઈ, ‘હું’ ‘હું’ ‘મારુ’ ‘મારું’ કરીન
દેહમાં આત્મબુદ્ધિ રાખી, કુવિચાર, કુવાસનાઓ, તથા કુપ્રવૃત્તિને વ
થવાથી મારી આ દુર્દશા થઈ છે; હું રોગ, શોક, દુઃખ દૈન્ય, ભય અ
ચિંતાગ્રસ્ત દીન, હીન, મલિન, મૃત્યુને અધીન, વિષયોને અધીન, અસહાય
નિરુપાય, નિષ્કિંચન, ક્ષુદ્ર, દુર્બળ, નમાલો થઈ પડયો છું. હે પ્રભુ ! તમે પો
જ દયા કરીને મારો બધો પાપસમૂહ, ત્રુટિઓ તથા દુર્દશાસમૂહનો સંપૂ
વિનાશ કરો, કે જેથી હું મારું જે યથાર્થ સ્વરૂપ નિત્યશુદ્ધ બુદ્ધમુક્ત સ્વભા
તે ઓળખી શકું, મારી અંદર જે અનંત શક્તિ સુષુપ્ત નિર્જીવ અવસ્થામ
રહેલી છે તેને જાગ્રત કરી શકું.’

૫૨. ધ્યાન કરવું હોય તો જરા કલ્પનાશક્તિ પણ જોઈએ. કેવળ સૂકો, લાક
જેવો ભાવ અને જડદૃષ્ટિથી ન ચાલે. શરીરની અંદર જે ષટ્ચક્ર (nerve
plexus) છે તે સ્થૂળ નથી, આંખે દેખાય નહિ. તેમની કલ્પના કરી લઈ
તેમને મહાશક્તિના આધાર કલ્પીને તેમાં ઈષ્ટમૂર્તિનું ધ્યાન કરવું જોઈએ
ધ્યાન જેટલું ગાઢ અને ગંભીર થાય, તેટલું ચિત્ત સ્થિર અને શુદ્ધ થાય

અંતરની સુષુપ્ત શક્તિ તેટલી જાગ્રત અને વિકસિત થાય.

૫૩. પ્રાણાયામ આંખો બંધ કરીને કરવો. એ વખતે ઈષ્ટમૂર્તિનું ધ્યાન ન કરતાં નિયમિત સંખ્યામાં જપ કરવો ને શ્વાસપ્રશ્વાસ તરફ ધ્યાન રાખવું. ડાબા હાથે વેઢાથી સંખ્યાની ગણતરી રાખવી. શ્વાસ લેતી વખતે મનમાં વિચાર કરવો કે તમે પવિત્રતા, દયા, બળ, શક્તિ આદિ સદ્‌ગુણો તમારી અંદર ખેંચી રહ્યા છો; શ્વાસ મૂકતી વખતે મનમાં એમ ધારવું કે તમારી અંદરના કુભાવો, મલિનતા, સંકુચિતતા, ઈર્ષ્યા, પાપબુદ્ધિ વગેરે કાદવ બહાર કાઢી નાખો છો.

૫૪. ધ્યાન કરતી વખતે, ઈષ્ટદેવ મારા અંતરમાં, હૃદય કમળમાં બિરાજી રહ્યા છે એ પ્રકારે ધ્યાન કરી ન શકો તો, એ મારી સામે સાકારમૂર્તિ ધરીને કમળ પર યા સિંહાસન પર બિરાજી રહ્યા છે, એ પ્રમાણે પણ ધ્યાન કરી શકો. પરંતુ પ્રથમનો ભાવ સારો ને શ્રેષ્ઠ, કારણ એમાં ઈષ્ટને પોતાના અંતરમાં રાખીને દેખી શકાય. બીજામાં તો એ મારી બહાર રહ્યા છે એમ ચિંતવવું પડે. તેથી ક્રમે ક્રમે અંદર દેખવાનો ને ચિંતવવાનો પ્રયાસ કરવો. જે જેને જેટલું ચાહે, એ તેને તેટલું અંતરમાં રાખવા ઈચ્છે, તેને ઈચ્છા થાય કે નિજ પ્રેમપાત્રને હૃદયની અંદર પૂરી રાખું. ‘મન તું દેખ ને હું દેખું, બીજું જાણે કે કોઈ નવ દેખે’ એ પ્રમાણે.

૫૫. સવારે સાંજે એક જગાએ બેસીને જપ ધ્યાન વધુ કરી ન શકો તો બીજે સમયે પણ જ્યારે કશું કામકાજ કરતા ન હો ત્યારે બેઠા બેઠા, સૂતા સૂતા અથવા જમ્યા પછી કલાકેક આરામ લઈને અથવા પાછલી રાત્રે પથારીમાં બેઠા બેઠા પણ કરી શકો, જો ઊંઘ કે આળસ ન આવે તો. છતાંય આસન પર બેસીને યથાવિધિ કરવાથી મનનો સંયમ સાધારણ રીતે વધુ થાય. ચાલતાં ફરતાં યા કોઈ કામ કરતી વખતે પણ મનમાં મનમાં જપ કરી શકાય, સ્મરણમનનને હિસાબે. ત્યારે ધ્યાન કરવું નહિ, કારણ કે મન બીજે હોય તો અકસ્માત થવાનો ભય રહે. સમય એ અમૂલ્ય વસ્તુ, જીવન ક્ષણિક ને અનિશ્ચિત. એક ઘડીયે નકામી બગડવા દેશો મા.

૫૬. દોષગુણથી જ માણસ ઓળખાય. દોષ ગુણ ઓછાવત્તા સૌમાં છે. પારકા દોષો ને ત્રુટિઓને શોધ્યા ન કરતાં પોતાના જ શોધો. પારકા ગુણોને અને પોતાના દોષોને મોટા કરીને દેખવા. પારકાના દોષોને અને પોતાના ગુણોને નાના કરીને દેખવા. સાધારણ માખી સડેલા ઘા પર બેસે, પણ મધમાખી ફૂલે બેસે. પરચર્ચાથી આત્મચર્ચાની ક્ષતિ થાય.

૫૭. એક માત્ર અવતારપુરુષ જ દોષત્રુટિરહિત અને સર્વગુણમંડિત હોઈ શકે. એટલે સુધી કે સિદ્ધપુરુષ, આચાર્ય અને સદ્‌ગુરુના પણ વ્યાવહારિક કાર્યોમાં દોષ, ત્રુટિ, ભ્રમ, ભૂલ, કાંઈક ને કાંઈક હોઈ શકે. પરંતુ તેઓના સદ્‌ગુણો એટલા બધા વધુ હોય કે એ દોષો પણ શોભારૂપ થઈ જાય. વળી જેને ચાહે તેનું કુરૂપ યા તેનો દોષ, ચાહનારની નજરે ચડે નહિ.

૫૮. ગુરુ પ્રત્યે નિષ્કપટ શ્રદ્ધાભક્તિ રાખ્યા સિવાય આધ્યાત્મિક જગતમાં ઉન્નતિ પ્રાપ્ત કરી શકાય નહિ. ગુરુવાક્યને વેદવાક્ય સમજજો. ગુરુનો ઉપદેશ વગર વિચાર્યે પૂરા અંતઃકરણથી પાલન કરવાનો પ્રયાસ કરજો, જો સત્ય વસ્તુની પ્રાપ્તિ કરવા ઈચ્છો તો. એટલું જાણજો કે ગુરુના સમું તમારું ઇહલોકપરલોકનું હિતાકાંક્ષી બીજું કોઇ નથી. ગુરુએ ઉપદેશેલા માર્ગે નિષ્ઠાની સાથે સાધના કરવી એ જ તેની સાચી સેવા. એથી જ એ સહુથી વધુ રાજી થાય.

૫૯. જપ આરંભમાં, મનમાં મનમાં સ્પષ્ટ રીતે ઉચ્ચારણ કરી, ધીરે ધીરે કરવો પડે, તેથી વાર લાગે. ક્રમે ક્રમે વધુ વખત અભ્યાસ કરતાં કરતાં ઝડપથી કરી શકાય. જપ કરતી વખતે મનને મંત્રમાં અને મંત્રના પ્રતિપાદ્ય ઈષ્ટદેવતામાં એકાગ્ર કરવાનો પ્રયાસ કરજો.

૬૦. પોતે પ્રયાસ કર્યા વિના, માત્ર ગુરુ તમને સત્ય વસ્તુની પ્રાપ્તિ કરાવી શકે નહિ. ગુરુ તમને રસ્તો દેખાડી દઈ શકે, ભૂલ ને શંકા દૂર કરી શકે, ઊલટે માર્ગે જાઓ તો સાવચેત કરી શકે, એટલે સુધી કે થોડેક દૂર હાથ ઝાલી લઈ જઇ શકે. પરંતુ રસ્તે ચાલવું તો તમારે પોતાને જ પડે, ગુરુ કાંઈ તમને ખાંધે ચડાવીને ગંતવ્યસ્થાને પહોંચાડી દે નહિ. રસ્તો લાંબો અને કઠિન છે એમાં

શંકા નહિ, પણ તેથી કાંઈ આપણાથી બનશે નહિ એમ કહીને રસ્તામાં બેસી રહો યા ડરી ગયે, આશા છોડી દીધે ચાલે નહિ. કાં તો તમારે આગળ ચાલવું જોઈએ ને નહિ તો પાછળ હઠવું જોઈએ. પાછળ હઠયે જે કાંઈ મેળવ્યું છે એય ખોવું પડે. જેમ જેમ આગળ વધશો, તેમ તેમ રસ્તોય સુગમ થતો આવશે. હિંમત ને શક્તિયે આવશે, તથા આનંદ પણ મળશે.

૬૧. જો પોતાનામાં જ કંઈ ન હોય તો હજાર મદદથીયે કશું વળે નહિ. ખારી પથ્થરવાળી જમીનમાં બીજ વાવીને પાણી પાયે શું ફળ મળે ? ખરાબ જમીનનેય જેમ અનેક ઉપાયે કસવાળી કરી શકાય, તેમ સંસારી માણસો પણ ગુરુએ આપેલ ઉપદેશનું સરલ વિશ્વાસથી, નિષ્ઠા અને ખંતપૂર્વક પાલન કરે તો પરમાર્થ ફળ પામી શકે. તો જીવન મધુમય, અમૃતમય થાય.

૬૨. આગળ ધપો, આગળ ધપો, આમ તેમ આડું અવળું જુઓ મા. જ્યોતિ, દર્શન વગેરે તરફ ધ્યાન જ ન દો. ધ્યાન કરતાં કરતાં એ બધાં કેટલાંય આવે, કેટલાંય દેખાય, મજાનો સહેજ આનંદ પણ થાય. પરંતુ એટલામાં જ અટકી જાઓ મા; તો પછી આગળ નહિ વધી શકો. બધો વખત સંપૂર્ણ દૃષ્ટિ આદર્શ તરફ રાખવી, ઈષ્ટ પ્રત્યે અનુરાગ યા પ્રેમ શેનાથી વધે, તેનામાં મન કેમ તન્મય થઈ જાય, એનાં સાક્ષાત્ દર્શન ક્યારે થાય, એ જ જાણે કે તમારું એક માત્ર ઇચ્છિત અને લક્ષ રહે.

૬૩. સિદ્ધત્વ, વિભૂતિ વગેરે બધાં તો માણસને સુખનાં પ્રલોભન દેખાડીને માયા મોહમાં બદ્ધ કરે, આદર્શથી ભ્રષ્ટ કરે. એ બધાં તો ભગવત્પ્રાપ્તિમાં કેવળ મહાવિઘ્નો છે, એટલું જ નહિ, પણ તેઓ તો માણસની ક્રમે ક્રમે અધોગતિ કરે, તેનો સર્વનાશ કરે. સિદ્ધિ શક્તિથી ભક્તિ મુક્તિ પ્રાપ્ત થાય નહિ, બહુ બહુ તો આ જગતમાં માન યશ ને પોતાનો ઈચ્છિત સુખભોગ મળે. પણ સિદ્ધત્વવાળો એ બધાં મેળવવા માટે બીજાઓનો સર્વનાશ કરતાંય અચકાય નહિ. એટલા માટે સાચા ભકતો સિદ્ધત્વને વિષની પેઠે ત્યાગે.

૬૪. આપણે પ્રાર્થના કરીએ તે મોઢેથી જ, અંતઃકરણથી નહિ, તેથી કશું ફળ મળે નહિ. અંતઃકરણથી જો પ્રાર્થના થાય તો ફળ મળે જ. જ્યારે જપ ધ્યાન

કરવા છતાંય કશુંય ફળ ન દેખાય ત્યારે પોતાની અંદર ક્યાં શી કસર
વાસણના કયા કાણામાંથી પાણી બધું વહી જાય છે એ શોધી કાઢજો
સુધારવાનો પ્રયાસ કરજો. સંસારના વિષયોનો મોહ, કામકાંચનમાં આસ
એ બધાં જો પૂરી માત્રામાં મનની અંદર રહ્યાં હોય તો જપ ધ્યાનથી પ
પોતાના અંતરાત્મામાં વિશેષ પરિવર્તન દેખાય નહિ, પણ એથી જ
ધ્યાન કરવાનું છોડવું નહિ. સમય આવ્યે ફળ મળવાનું જ. ધીરે ધ
યોગ્ય સમયે વિષયસુખો નિ:સાર, ફિક્કાં લાગવાનાં જ અને ભગવાન પ્ર
સ્નેહ અનુરાગ વધવાનો જ, ઈશ્વરમાં જ સુખ પામવાના.

૬૫. આપણને માત્ર ઉપરછલ્લી મોઢેથી જ મુક્તિ જોઈએ છે. ખરેખર નહિ
ભગવાન અગર આવીને કહે કે, 'આ લે હું તને મુક્તિ દઉં છું' ત્યારે પણ
બીક લાગી જાય અને આપણે કહેવાના કે, 'ના, ના, અત્યારે જ મુકિત ન
જોઈતી; અત્યારે જ મુકિત મળ્યે મારાં આ બધાંનું શું થાય? મરી જાઉં પછ
મુકિત દેજો.' પેલા કઠિયારાની વાત જાણો છો ને? જંગલમાં લાકડાંન
ભારાના ભારથી થાકી જઈને યમરાજને તેણે પ્રાર્થના કરી કે, 'મહારાજ
હવે તો મારાથી બનતું નથી, હવે તો જંજાળમાંથી મુક્ત કરો.' એ પરથ
યમરાજ સાચેસાચ આવીને સામે ઊભા રહ્યા અને કહ્યું કે 'ચાલ ત્યારે.
યમરાજને સામે જોઈને કઠિયારાએ કહ્યું કે, 'ના,ના, મહારાજ, એ તો અ
ભારો ઉપાડીને મારે માથે મૂકવા માટે તમને મદદે બોલાવ્યા હતા.' બ
જીવોની દશાય એના જેવી છે. તેઓ આ દુનિયાનાં દુ:ખોમાંથી મુકિ
માગે, ખરી મુક્તિ નહિ.

૬૬. ભગવાનને ઈચ્છશો તો તેને પામશો; વિષયસુખો તેની પાસે માગશો તો ત
પણ મળશે. પરંતુ બેયને માટે મહેનત તો કરવી જ પડશે; મહેનત વગ
કશુંય મળવાનું નથી. સંસાર વહેવારને માટેય શું ઓછી મહેનત ઉઠાવવ
પડે છે? સ્ત્રી અને છોકરાં છૈયાંને માટે, પૈસા માટે, સંપત્તિ માટે, માનપાન
માટે, રાતદિ' ખાવાપીવાનીયે પરવા મૂકી, તન તોડીને સહુ કોઈ મહેનત
કરી રહ્યા છો, ચિંતા કરી રહ્યા છો, એક ઘડીનીયે ફુરસદ નથી, આરામ

નથી; છતાંય જે ઈચ્છો છો તે મળતું નથી, ને આશા મટતી નથી. એવી રીતે જો ઈશ્વર પ્રાપ્તિ માટે મહેનત કરી શકતા હોત તો ઈશ્વરદર્શન જરૂર થાત. મણિ મૂકીને આપણે કાચને લઈને ભૂલી રહ્યા છીએ! ઉપરા ઉપરી ધક્કા ખાઈએ છીએ, છતાં ભાન આવતું નથી. એવી મહામાયાની માયા! ભગવત્પ્રાપ્તિ કરવી એ જેવી કઠિન છે તેવી જ વળી સહેલીયે છે, માત્ર મનની ગતિનું મોઢું ફેરવી નાખવાનું છે. પરંતુ એ તેનાથી બને કે જેના ઉપર પ્રભુની કૃપા હોય.

. મહેનત કર્યા વિના ઈચ્છિત વસ્તુ મળે નહિ, એક માત્ર બાળકને વગર મહેનતે મળે, કારણ કે એ મા વિના બીજું કાંઈ ન જાણે. જ્યારે જે વસ્તુની તેને જરૂર પડે, ત્યારે મા તેને તે આપે, તેને પોતાના માટે ચિંતા કરવાની જ ન હોય. આધ્યાત્મિક જીવનમાં પણ બરાબર એવા બાળક જેવા થવું જોઈએ. બાળક જ્યારે ભૂખ્યું થાય ત્યારે રડે; તરત જ મા બધાં કામ મૂકી દોડતી આવીને તેને ખોળામાં લઈને ધવરાવે. પરંતુ એ જ બતાવે છે કે બાળકનેય રડવું તો પડે છે; પોતાની જરૂરિયાત તો જણાવવી જ પડે છે. ભકતે પણ તેવી રીતે ભગવાનનું નામ તો લેવું જોઈએ, ભકિતપ્રાપ્તિની ભૂખથી વ્યાકુળ થઈને પ્રાર્થના તો કરવી જ જોઈએ, ઈશ્વરને પામવા માટે રુદન તો આવવું જોઈએ, બીજું કાંઈ મળ્યે કે આપ્યે ભકત તેના સામુંય જુએ નહિ. ભકત તો ઈચ્છે એક માત્ર ભગવાનને જ, તેના ઐશ્વર્યને નહિ. પૈસોટકો એ બધું ત્યારે તુચ્છ લાગે. રામપ્રસાદે ગાયું છે ને કે,

'શું કરું મા સાધારણ સંપત્તિને,
અરે કોણ રડે છે તારા વિના ?
બીજું ધન દીધે, એ પડયું રહેશે ઘરને ખૂણે;
દેજે મા તું અભયચરણ, રાખું હૃદય- પદ્માસને.'

. મનને વશમાં લાવવું એ જ ખરી વસ્તુ. એ જો ન કરી શકાય તો કાંઈ કહેતાં કાંઈ ન વળે. કહે છે કે -

'ગુરુ, કૃષ્ણ વૈષ્ણવ ત્રણની દયા થઈ.

'એક' ની દયા વિના જીવની મહેનત એળે ગઈ.'

એ 'એક' એટલે મન. મનનો જય કરી શકાય તો જગનો જય કરી શકા એટલા માટે જ બધી સાધનાઓની જરૂર.

૬૯. સદ્ગુરુ સિદ્ધમંત્ર જ આપે, કે જે મંત્રો જપીને યોગી ઋષિઓ સિદ્ધ હતા અને જે મંત્રો ગુરુપરંપરાથી ચાલ્યા આવે છે. ગુરુ એક પોતા કલ્પનાનું કંઈક જે તે તો આપે નહિ. માટે મંત્રમાં અવિશ્વાસ યા અશ્ર રાખવી નહિ. લાંબા વખત સુધી જપ કરવા છતાંય જો મનની એકાગ્રતા પવિત્રતા ન આવે તો, જાણજો કે એ મંત્રનો દોષ નથી, પણ એનું કા છે તમારી પોતાની જ ત્રુટિ યા દોષ. અને એને સુધારવાનો પ્રયાસ વગર કેવળ મોઢેથી જ જપ કર્યે જવાથી યા બીજો ગુરુ કરવાથી શું વળ હતું ? મન અને મુખ બેયને એક સાથે લગાડીને જપ કરવો જોઈએ, મન વાણી એક થવાં જોઈએ.

૭૦. મંત્રને મહાશક્તિનો આધાર, ઇષ્ટના સ્વરૂપ રૂપે, જાણજો. સ્થૂળને પક સૂક્ષ્મે, સૂક્ષ્મને પકડીને મહાસૂક્ષ્મે પહોંચાય, કે જે છે વાણી મનથી અતી અવાઙ્મનસગોચરમ્ ।

૭૧. ધ્યાનનું ગૂઢ રહસ્ય છે જીવાત્માને, હૃદયમાં તેના યથાર્થ સ્વરૂપ પરમાત્મા યા સગુણ બ્રહ્મ ઈશ્વર રૂપી, ઈષ્ટદેવને સ્થાપી, તેના જ્યોતિર્મ પ્રેમમયરૂપ અને ભાવમાં વિષયાસક્તિરહિત મન દ્વારા જોડવાનો યા ત કરવાનો અભ્યાસ કરવો એ. જ્યારે ભાવ પરિપકવ થાય યા પરિપૂર્ણ પ્રાપ્ત કરે, ત્યારે એ અખંડ તૈલધારાની પેઠે વહે, – ત્યારે મન ઇષ્ટમાં તન થઈ જાય. એ અવસ્થાને જ ભાવ કે સમાધિ કહેવામાં આવે છે.

૭૨. દરરોજ નિષ્ઠાપૂર્વક જપ ધ્યાન કરવાની ટેવ પાડવાથી એ એક નશા આદત જેવું થઈ જાય. વળી ધ્યાન જામે એટલે જાણે કે એક નશા જે અવસ્થા થાય; એ ધ્યાનની પછીયે આ અવસ્થા ઓછાવત્તા કંઈક સ સુધી રહે અને મજાનો આનંદનો અનુભવ થાય. એટલા માટે ધ્યાન રહ્યા પછીયે થોડીક વાર સુધી આસન છોડવું નહિ. યા સાંસારિ

વ્યાવહારિક વાતો કરવી નહિ. યથાર્થ ધ્યાન હોય તો એવું કરવાની ઇચ્છા પણ થાય નહિ, ગમેય નહિ, કરીએ તો દુઃખ થાય. એ ભાવને બને તેટલો સ્થાયી કરવાનો પ્રયાસ કરજો.

૭૩. બંધાણીઓ અને નશોખોરો જેમ નશાનો સમય થતાં નશાની વસ્તુ ન મળે તો આકુળવ્યાકુળ અને અસ્વસ્થ થઈ ઊઠે, બીજું કશુંયે ગમે નહિ, તેવી રીતે સાધકની પણ એવી અવસ્થા થાય, જે દિવસે નિયમ પ્રમાણે ધ્યાન જપ કરી ન શકે તે દિવસે. જે બાબતની ટેવ પાડો, સારી અથવા નરસી, તે બાબતમાં આ પ્રમાણે બને.

૭૪. 'અમને સંસારીઓને તે વળી (ઈશ્વર પ્રાપ્તિની) કાંઈ આશા હોય ?' કેમ ન હોય ? ઘણીય છે. ભગવાન શું માત્ર સંન્યાસીઓના જ ? મનુષ્ય બધાંય એ ઈશ્વરનાં સંતાન. સંસારી કોણ નથી ? આ અમારે સંન્યાસીઓનેય સંસાર છે; તમો ભકતો માટે ચિંતા કરવી પડે. સંઘના સાધુઓ માટે ચિંતા કરવી પડે, ભગવાન શ્રીરામકૃષ્ણના સેવા કાર્યને માટે ચિંતા કરવી પડે, બીજાનાં દુઃખદારિદ્ર, સુખદુઃખની વાતો સાંભળવી પડે, અને તેથી મનમાં દુઃખ પણ થાય. પરંતુ એટલો એક ફેર છે કે તમારે પોતાની ચિંતાનો અને અમારે બીજા માટેની ચિંતાનો, અવિદ્યાના સંસારનો અને વિદ્યાના સંસારનો. સંસારમાં રહો એમાં વાંધો નહિ, પણ એ જોવું કે સંસાર પોતાનામાં ન રહે; બહાર સંસાર ભલે રહે. સંસારનું કર્તવ્ય બધું ભલે કર્યે જાઓ, પરંતુ અંતરમાં ત્યાગભાવ, નિષ્ક્રિયતાનો, નિર્લિપ્તતાનો, ભાવ રહે એ જોવું.

૭૫. સંસારને જાણે કે એક ગાઢ દીર્ઘ સ્વપ્નું સમજજો. જ્યાં સુધી સંસારમાં છો ત્યાં સુધી વ્યાવહારિક ભાવે સાચું માનીને પોતાનું કર્તવ્ય કર્યે જાઓ. પરંતુ આ પણ નક્કી માની રાખજો કે (ત્રિકાળાબાધિત) નિત્ય વસ્તુ તો એક ભગવાન જ. એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આત્યંતિક સુખની આશા રાખવી નકામી. આવું દુર્લભ માનવ જીવન પામીને, આવી સગવડો પામીનેય, જો ઈશ્વરને પામવાનો પ્રયાસ ન કરો તો એ બધું વ્યર્થ.

૭૬. પોતાના મનની અંદર જ્યાં સુધી સંસાર રહ્યો છે, વિષયવાસના, આસક્તિ

ભર્યાં છે, ત્યાં સુધી બહારથી ત્યાગ કર્યે ખાસ ફાયદો નહિ. બાહ્ય ત્યાગ કરીને ગમે ત્યાં નાસો; વનમાં, પહાડની ગુફાઓમાં, પણ સંસાર સાથે સાથે જ આવવાનો. એક યા બીજી રીતે તમને ફસાવવાનો અને નવાં નવાં બંધનમાં નાખવાનો. ઘરબારી હો યા સાધુ હો, આદર્શની પ્રત્યે હંમેશા લક્ષ ન હોય, આદર્શને પાકી મુઠ્ઠીમાં જકડીને ન રાખી શકો તો પતન અનિવાર્ય, કોઈ તમારું રક્ષણ કરી શકવાનું નથી.

૭૭. હંમેશાં જાગતા ને સાવધ રહેજો. મનનો કદીયે વિશ્વાસ કરશો મા. ગમે તેટલી ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરો તોયે પોતાને જિતેન્દ્રિય માનતા નહિ, કારણ કે ત્યારે પણ પતન થઈ શકે. પાપ, સૂક્ષ્મભાવે ક્યારેક ધર્મનું રૂપ લે, ક્યારેક દયાનું રૂપ લે, ક્યારેક મિત્રનું રૂપ લઈને તમને ભુલાવીને વશમાં લેવાનો પ્રયાસ કરે; ક્યારે પોતે ભૂલ ખાઈ બેસો, એ જાણીયે ન શકાય. અને જ્યારે જાણવામાં આવે ત્યારે પાછા ફરવું કદાચ અસંભવ પણ થઈ પડે.

૭૮. તેના કરતાં વિવાહ કરીને ગૃહસ્થાશ્રમી થવું ખોટું નહિ. કારણ કે એ પણ એક આશ્રમ, આત્માની ઉન્નતિની સાધનાનો એક માર્ગ. પરંતુ બ્રહ્મચારી અને સંન્યાસી થઈને કામકાંચનના ગુલામ થવાથી ઇહલોક પરલોક બેયથી ભ્રષ્ટ થવાય. સંસારત્યાગીઓ અને વિધવાઓ સમજપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરે. એ ન બની શકે તો વિવાહ કરવો એ ધર્મશાસ્ત્રથી અનુમોદિત, પોતાના ને પારકાના કલ્યાણ માટે. સંત પૉલે બાઈબલમાં કહ્યું છે, કે 'કામાગ્નિમાં બળવા કરતાં વિવાહ કરવો એ વધુ સારું.'

૭૯. પુરુષ કે સ્ત્રી બન્નેએ કંઈક ને કંઈક પૈસો પેદા કરનારી વિદ્યા અથવા ઉદ્યોગ શીખવો એ ખાસ જરૂરનું છે, કે જેનાથી પોતે સ્વાધીન રીતે કામ કરીને જીવનનિર્વાહ કરી શકે. પરાધીન રહેવું એ મહાદુ:ખદાયક, જીવનને અસહ્ય બનાવી દે, ધર્મ કરવો તો દૂરની વાત.

૮૦. ગુરુદત્ત મંત્રની પ્રાણાંત સુધી સાધના અને ગુરુનો ઉપદેશ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન જ યથાર્થ ગુરુદક્ષિણા, એ જ ગુરુની પ્રીતિ મેળવવાનો અને પોતાને માટે સિદ્ધિ પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય.

. બાપ દીકરાને હાથે, ગુરુ શિષ્યને હાથે પરાજયની ઇચ્છા રાખે. સંતાન અને શિષ્ય પોતાના કરતાં વધુ મહાન થાય, એ તેઓ ચાહે.

. ભગવાન જ ગુરુના ગુરુ, પરમ ગુરુ, એ જ યંત્ર ચલાવનાર. માનવ ગુરુ તો તેના યંત્રસ્વરૂપ, કે જેના દ્વારા તેની શક્તિ શિષ્યમાં સંચારિત થાય.

. સદ્‌ગુરુ મંત્રદીક્ષા દ્વારા શિષ્યને પોતાની સાધના દ્વારા મળેલું ગુહ્યતત્ત્વ આપે, તેને વ્યાવહારિક બુદ્ધિના ગજથી માપવા બેસતા નહિ. એ કરવા જતાં, રીંગણાં વેચનારો કાછિયો જેમ હીરાની કિંમત રૂપિયે નવ શેર રીંગણાંથી વધુ એક રીંગણુંય દેવા તૈયાર નહિ, તેના જેવું થાય. એ બધી વાદવિવાદની વસ્તુ નથી, ગુહ્ય (Mystic) ઘટના સહેલાઈથી સમજાય નહિ. ગુરુ-ઉપદેશમાં શ્રદ્ધા રાખી સાધન ભજન કરીએ ત્યારે એ હૃદયંગમ કરી શકાય, પડદા પછી પડદા જાણે કે હટી જાય.

. દરરોજ ઓછામાં ઓછું થોડોક સમય તો બેસીને જપ ધ્યાન કરજો જ. કહો છો કે વખતનો અભાવ ? કે અંતરની સચ્ચાઈનો અભાવ ? બીજાં બધાં કામ કરવાનો વખત મળે, યા સમય મેળવી લો, પછી ભલેને સાવ નજીવું કામ હોય તોય; પણ એક અર્ધોક કલાક જપ ધ્યાન કરવા માટે સમય ન મળે ! તરસને માટે જેમ પાણીની, ભૂખને માટે જેમ આહારની ને જીવવાને માટે જેમ હવાની જરૂર છે, તેમ જ પરમાર્થ વસ્તુની પ્રાપ્તિને માટે જપ, ધ્યાન, પ્રાર્થના વગેરેની ખાસ જરૂર છે. ભગવાનને માટે અંતરમાં ઊણપ યાને અભાવ જગાવવાનો છે. હંમેશાં કરાતી સાધનાના અભ્યાસ વડે ક્રમે ક્રમે એ આવે, એથી શક્તિસંચય થાય.

. કેટલાય ભક્તો દીક્ષા લીધા પછી ગુરુને કહે કે, 'મહારાજ, અમે કાંઈ કરી શકવાના નથી. હવેથી આપના ઉપર બધો ભાર મૂકીને અમે તો છુટ્ટા.' એ કેવળ હરામ હાડની વાતો , પોતે કશુંય ન કરવાની દાનત. આધ્યાત્મિક અનુભવ તે શું એટલો બધો સહેલો, ને એટલી સસ્તી વસ્તુ છે ? 'જેવો ભાવ, તેવો લાભ,' મોઢે બોલ્યા એટલે જ શું ભાર સોંપી દઈ શકીએ ? એ તો કેટલીયે સાધના ઉપર આધાર રાખે. પોતાના અહમ્‌નું બલિદાન દઈને

સંપૂર્ણ ભાવે આત્મસમર્પણ કરવું જોઈએ. બે પૈસાના ધંધા સારુ દિન
ટાંટિયા ઘસતા ફરો, ખાવું પીવું મૂકીને કાળી મજૂરી કરી શકો
જ્ઞાનભક્તિપ્રાપ્તિને વખતે 'અમે કશું કરી શકવાના નથી !' ભારે મજ
વાત એ તો ! દિવસોના દિવસો સુધી, મહિનાના મહિના સુધી, વરસો
વરસો સુધી, મન વચન કાયાથી શક્તિ પ્રમાણે ઉપાસના કરીએ ત્યારે
પ્રાપ્ત થાય, 'નાન્યઃ પંથા વિદ્યતેઽયનાય'- મુક્તિને માટે બીજો માર્ગ ન

૮૬. કોઈ કોઈના પાપનો ભાર લઈ શકે નહિ, ગુરુ સુધ્ધાં નહિ. મંત્રદી
દઈને ગુરુએ તમારાં બધાં પાપનો ભાર પોતાના ઉપર તાણી લીધો
માનવું એ મોટો ભ્રમ છે. એક ભગવાનના અવતાર જ એ લઈ શકે અને
કારણ તેઓ અહેતુક- કૃપાસિન્ધુ. પાપીઓના ઉદ્ધાર સારુ જ તેઓ અ
ભગવાનને પાપ સ્પર્શ કરી શકે નહિ; છતાંય એ દેહ ધારણ કરે એટલે
ભક્તોનાં પાપો રોગરૂપે તેમના દેહનો આશ્રય લઈને તેમને દુઃખ ભોગવ
કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત કેવળ માત્ર સાચા અંતરથી તીવ્ર પશ્ચાત્તાપ
અને પાપકર્મ છોડી દઈને સાધુ જીવન ગાળવાથી જ થઈ શકે. જ્ઞાનાગ્નિ
સમસ્ત પાપોને ભસ્મ કરે.

૮૭. ધર્મને સૌ કોઈ બિનવારસી માલ માને. શાસ્ત્રોનો અભ્યાસ કર્યા વિ
બરાબર સમજ્યા વિના, સાધન ભજન પણ કશું કર્યા વિ
આધ્યાત્મિકતાની બાબતમાં માથું મારવા ને અભિપ્રાય આપવા સ
આગળ આવે, પોતાને expert યા જાણકાર ગણીને. ગમે તે એકાદ રો
રળવાની અપરા વિદ્યાને હાથ કરવા માટે કેટલાં કેટલાં વરસ સુધી વિ
શિક્ષકની પાસે ભણવું પડે, અને આ પરા વિદ્યા આધ્યાત્મ વિદ્યા પ્ર
કરવા સારુ શ્રમ, સાધના, અભ્યાસ, દીક્ષા વગેરેની કાંઈ જરૂર નહિ
ધારવું એ પાગલપણું- મૂર્ખતા.

૮૮. દીક્ષા લીધાને થોડોક સમય થયો કે તરત ઘણાય કહે, કે, ''મન સ્
થતું નથી કેમ ? ધ્યાન બરાબર થતું નથી કાં ? મન જેથી સ્થિર થઈ
એવું કરી આપો.'' અરે, મન સ્થિર થવું, ધ્યાન થવું એ તે શું કાંઈ સ

વાત છે ? જન્મજન્માન્તરના વિષયાસક્તિના સંસ્કારોને લીધે સ્વભાવે જ બહિર્મુખ. મન નિરંતર વિષયભોગો શોધતું ફરે અને તેમાં જ તેને રસ આવે. એ ચંચળ મનને સ્થિર કરવું હોય તો અભ્યાસ અને વૈરાગ્ય વિના ટૂંકો માર્ગ (Short Cut) કોઈ નથી. દિવસોના દિવસ, મહિનાના મહિના, વરસોનાં વરસ સુધી ધીરજ અને નિષ્ઠાપૂર્વક ગુરુએ બતાવેલી પદ્ધતિ પ્રમાણે જપ ધ્યાન વગેરેનો સતત અભ્યાસ કર્યે જવો જોઈએ, અને સાથે સાથે વિષયો પ્રત્યે અનાસક્તિ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. વિષયો પ્રત્યેનું ખેંચાણ જેટલું ઘટશે અને ઈષ્ટદેવ ઉપર જેટલું વધશે અને એ પોતાનાથી પણ વધુ પ્રિય છે એમ જણાશે, તેટલું તમે જોજો કે મન પોતાની મેળે જ સ્થિર અને શાંત થતું આવશે. ત્યારે પછી ધ્યાન પણ જામશે અને આનંદ ને શાન્તિયે આવશે. જરાકતરાક ધ્યાન જપ કરીને આનંદ ન આવ્યો એટલે છોડવું નહિ, ઝટ ફળને માટે ઉતાવળા ન થતાં શ્રીરામકૃષ્ણની વાત માંહેના 'ખાનદાન ખેડૂત'ની પેઠે એકધારું વળગ્યા રહેવું જોઈએ. દસ વરસ વરસાદ ન પડે તોય એ ખેતી કરવાનું છોડે નહિ.

૮૯. દેવદર્શન યા સાધુદર્શને જવું ત્યારે સાવ ખાલી હાથે જવું નહિ. ઓછામાં ઓછું એકાદ બે પૈસાનું કાંઈક -ફળ કે મીઠાઈ યા બીજું કાંઈક લઈને જવું. છેવટે કાંઈ નહિ તો બે ફુલ પણ.

૯૦. સંસારની બળતરા, મનની કડવાશ, ઝઘડા; અશાન્તિની બાબતો એક પછી એક યાદ કરીને, હતાશ થઈને મન નારાજ રાખશો નહિ, એથી કશુંય વળતું નથી. ઊલટું એ બધાંની, મનમાં કે બીજાઓની સાથે, જેટલી ચર્ચા કરશો તેટલી અશાન્તિ વધી જશે, એક ગણીની દસ ગણી થઈને ઊભી રહેશે ને જિંદગી અસહ્ય થઈ પડશે. બને તેટલું સહન કર્યે જવાની ટેવ પાડો. વાતે વાત વધે. એટલે કોઈ કાંઈ બોલે તો ઉપેક્ષા કરીને ચૂપ બેસી રહેવું જ સારું. મૂંગાને દુશ્મન ન હોય. 'જે સહે તે રહે, જે ન સહે તે નાશ પામે' એમ શ્રીરામકૃષ્ણ કહેતા, મીઠી વાણીથી, મીઠા વર્તનથી, સેવાથી, પ્રેમથી સહુએ વશ થાય, આજ નહિ તો બે દિ' પછી. મનમાં ખૂબ પ્રબળ સંકલ્પ કરવો,

નિષ્ફળ જવા છતાંય સુધારવાનો પ્રયાસ કરવો, ભગવાનની પાસે તમારું બધું દુ:ખ જણાવવું, રડવું, અંતરથી પ્રાર્થના કરવી. તમારા બધા દોષ, ત્રુટિ મટાડવા બીજાને સુધારવા જવું એ નકામું, એ ઘેલછા. પોતાને જ સુધરવાનું છે. કોઈની ઉપર દ્વેષભાવ રાખતા નહિ. આપ ભલા તો જગ ભલું. એમ જો ન બને તો એ તમારો વાંક, ને તેનું ફળ પણ તમારે ભોગવવાનું એમાંથી કોઈ તમને બચાવી શકે નહિ.

૯૧. વિષયો અથવા કોઈની પ્રત્યે આસક્તિ યા મમત્વબુદ્ધિ જ સમસ્ત સંસારના બંધનનું મૂળ કારણ. જ્ઞાની માણસ કોઈને વ્યકિતગત રીતે ચાહે નહિ અને બીજાનેય પોતા પ્રત્યે વ્યક્તિગત રીતે ચાહવા આસક્ત થવા દેવા ઈચ્છે નહિ. પોતે મુક્ત હોવાને લીધે એ કોઈને પોતાના પ્રત્યે માયાથી બદ્ધ થવા દેવા ઈચ્છે નહિ. એ પોતાના આત્માને, ભગવાનને સર્વની અંદર દર્શન કરે, એટલે સર્વ જીવો પ્રત્યે સમભાવે તેનો સ્નેહ યા પ્રેમ હોય. એના પ્રેમમાં દેહેન્દ્રિય સંબંધ નહિ, કામગંધ નહિ, રૂપનો મોહ નહિ. જ્ઞાની જ ખરો પ્રેમી.

૯૨. ત્યાગ, પ્રેમ અને પવિત્રતા એ ભગવત્પ્રાપ્તિના ઉપાય. એ બધાં પરસ્પર અંગાંગી ભાવે સંબદ્ધ, એક હોય એટલે બીજા બેય પણ હોય. સમસ્ત વિષયવાસનાઓથી વિતૃષ્ણા, સર્વ જીવો પર પ્રેમ, પોતાપણું અને અંદરબહાર દેહમનવાણીની પવિત્રતા ન હોય તો પ્રેમ સ્વરૂપ, પવિત્રતા સ્વરૂપ પરમેશ્વરને પ્રાપ્ત કરી શકાય નહિ. અંતરમાં પવિત્ર વિચારોની ધારા એકધારી વહે એટલા માટે હંમેશાં યત્ન કરવાથી કુવિચાર કુપ્રવૃત્તિ એ બધાં નાસી જાય; ચારિત્ર્ય, મન એવી રીતે ગળાઈ જાય કે એનાથી કોઈ કુકર્મ, કુવિચાર, દ્વેષ, અદેખાઈ શક્ય જ ન બને. એવા માણસની અંદરથી એવું તેજ યા શક્તિનો પ્રકાશ આવે કે તેના પરિચયમાં આવીને અસાધુ સાધુ થઈ જાય, મહાપાપી ધાર્મિક ને સત્યનિષ્ઠ બને, નાસ્તિકેય ભગવદ્ ભક્ત થઈ જાય, સંસારતપ્ત વ્યક્તિ શાન્તિની અધિકારી થાય.

૯૩. પાપ અને પારો જેમ દબાયાં રહે નહિ, પ્રેમ અને પવિત્રતા પણ તે પ્રમાણે

દબાયાં રહે નહિ. અગ્નિને તે શું લૂગડામાં વીટીને છુપાવી રાખી શકાય ? જેને હું અને મારું જેવું કંઈ જ નથી, પોતાનું- પારકું નથી, એ પોતાને ગમે તેટલો દુનિયાની નજરથી સંતાડીને ભલે ને રાખે પણ જ્ઞાનના પ્રકાશથી સમસ્ત જગત પ્રકાશિત થાય, તેના ભગવત્પ્રેમની ભરતીથી આખું જગત તરબોળ થાય. એ જ ખરો ધન્ય કે જે એવા બ્રહ્મજ્ઞ મહાપુરુષનાં આશ્રય અને કૃપા પ્રાપ્ત કરે.

૪. યુવાવસ્થા જ આધ્યાત્મિક સાધનોનો સૌથી સારો સમય. એ વખતે જો ખંતપૂર્વક લાગી જઈને સારી પેઠે આધ્યાત્મિક શક્તિ એકઠી કરી શકાય તો પાછળનું જીવન બહુ અંશે તકલીફ વિના, સુખ ને શાંતિથી કાઢી શકાય. ગમે તેટલી વિપત્તિઓ આવે ને, કોઈથીયે વિચલિત થવાય નહિ. યુવાવસ્થામાં જો જીવનને ઘડી ન શકાય તો પછી પાછળથી એ નહિ બને. એક ઘડીયે આળસમાં યા નકામા કામમાં વેડફી નાખશો મા. 'તબિયત બરાબર નથી.' 'વખત નથી મળતો.' લોકો એવાં બધાં બહાનાં કાઢે. એ બધી મોઢેથી કહેવાની વાતો. આહાર વિહાર, નિદ્રા અને બધાં કામકાજ જો સંયમથી ને નિયમિતપણે કરવામાં આવે તો શરીર મન સતેજ અને પ્રફુલ્લ રહે, તેમની પાસેથી ઘણું વધારે કામ મળી શકે અને કામ પણ ખૂબ સારું થાય, તથા સમય પણ જોઈએ તેટલો મળી શકે.

૫. જે આવ્યું તે, જેવું આવ્યું તેવું, જ્યારે આવ્યું ત્યારે, જેટલું આવ્યું તેટલું, જેટલું ખવાય તેટલું ખાધે રાખવાથી જે કામ જ્યારે ને જે રીતે કરવાનું હોય તે કામ ત્યારે ને તે રીતે ન કર્યે, અને કામાદિ રિપુઓને આશરો દેવાથી મનમાં સ્ફૂર્તિ રહે નહિ, શરીરમાંય જોર રહે નહિ. ઉચ્છૃંખલ રીતે વર્તવાથી શરીર મનની ઉપર એટલો નકામો બોજો પડે કે અંતે તેઓ ભાંગી પડે, દેહચર્યા કે વ્યાયામ પણ કરવાને ન ઈચ્છે. જે આવ્યું તે કૂચા વાળીને ખાવાથી, તે પચાવવામાં જ શરીરની અરધી શક્તિ ખરચાઇ જાય. આઠ દસ કલાક ઊંઘવાથીયે તે પુરાય નહિ, બાકીની જે શક્તિ , તે નકામાં કામોમાં ને વાતોના ગપાટા ઠોકવામાં ખલાસ થઈ જાય. એટલે પછી ધ્યાન જપ

કરવાની શક્તિ જ ન રહે, ઈચ્છા પણ થાય નહિ. કરવા બેસતાં જ આળ
ચડે ને બગાસાં આવે. એવી દશામાં એવાં શરીરમનથી પછી શું વળવા
હતું ? ધર્મસાધનાની વાત તો એક બાજુ રહી, કાર્યકુશળ માણસ પણ થ
ન શકાય. આવી રીતે આવો દુર્લભ માનવ જન્મ આખો વૃથા ચાલ્યો જાય
એ તે શું ઓછા અફસોસની વાત છે ! જેનાથી દેવત્વ મળે, તેનાથી મનુષ્યત
પણ જો ન મળે તો પછી પશુત્વથી વળી જુદાઈ કઈ રહી ?

૯૬. કાચું મન લઈને સાધનાની સાથે ઘર માંડતાં પ્રારંભિક અવસ્થાના સાધ
હંમેશાં સાવચેત અને ડરતાં રહેવું જોઈએ, કે જેથી મન મોહવશ થઈ
અજાણપણે કોઈ કામ્યવસ્તુમાં યા વ્યકિતમાં ખેંચાઈ જઈને પોતાને બંધનમ
ન નાખી દે. અને એટલું યાદ રાખવું કે પ્રારંભિક અવસ્થા એ કેવળ સાધ
ભજન શરૂ કરવાના સમયને જ લાગુ થાય છે, એમ નથી. દસ બાર વરસ
જપ ધ્યાન કરવા છતાં ઉચ્ચ અવસ્થાના સાધક થઈ ન શકાય. જુદી જુ
વ્યકિતના પ્રયાસ અને ખંતના પ્રમાણમાં એ પણ ઘણાં વરસ સુધી લંબા
શકે તે એટલે સુધી કે જિંદગી સુધી પણ જયાં સુધી કશોય પ્રત્યક્ષ અનુભવ
થાય ત્યાં સુધી. એ અનુભવ જ ખરો ધર્મ. તેની પહેલાંનું ક્રિયાકાંડ, અનુષ્ઠા
વગેરે બધું તો ધર્મરાજ્યમાં પ્રવેશવાનું પહેલું પગથિયું, તૈયારીઓ માત્ર

૯૭. એવું જોવામાં આવે કે, જેઓ પહેલા પહેલા સાધનભજન કરવામ
ધ્યાન જપ કરવામાં લાગે, તેઓ જેટલી મનને ઇષ્ટમાં એકાગ્ર કરવાની મહેન
કરે, તેટલું જ મન વાંકું થઈ બેસે અને બધા ધૂળરાખ વિષયોમાં જ ભટકય
કરે. તે એટલે સુધી કે તેમને એમ પણ લાગે કે આ જાતની ઉપાધિ તો અગા
નહોતી, ત્યારે તો જે વિચાર કરવા ઇચ્છતા તેનો મજાનો એકાગ્રચિત્તે વિચા
કરી શકાતો, હવે આવું કેમ થઈ ગયું ? એનો અર્થ એ કે અગાઉ, મનની
બધી બાજુએ સ્વાભાવિક પ્રવૃત્તિ હોય એ બધા બાહ્ય વિષયોમાં જ તે
જોડવામાં આવતું એટલે એની સાથે કશો સંઘર્ષ નહોતો; જ્યારે હવે ત
સત્અસત્ વિચારપૂર્વક તેને અસાર બાહ્ય વિષયોમાંથી ખેંચીને અંતર્મુ
કરવાનો, તેને કાબૂમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવે, એટલે તરત

ઊલટું થઈને ઊભું રહે. નદીને રોકવા જતાં તેનો પ્રવેગ સો ગણો વધી જાય. પરંતુ તેના એ વેગને એ જ શક્તિને જો યોગ્ય રીતે વાળીને ઇચ્છા મુજબ કામે લગાડવામાં આવે તો હજારગણું ફળ આપે.

. પ્રયત્ન અને ખંતથી બધી બાબતો સિદ્ધ થાય. નિષ્ફળ જાઓ તો ફરી ફરી પ્રયત્ન કરો. જો પ્રયત્ન કરવા છતાં સિદ્ધિ ન મળે તો સમજવું કે જે રીતે પ્રયત્ન કરવો જોઈતો હતો તે રીતે થયો નથી. પ્રયાસ કરવાથી બધી બાબતો સહજમાં અને સહેલાઈથી થઈ શકે, ક્રમે ક્રમે એ બાબતની આદત પડે ને આખરે એ સ્વભાવ થઈને ઊભી રહે.

. ભગવાન ખરી રીતે તો કશોય અભાવ રાખતો નથી. માણસને અભાવ હોય છે માત્ર મનમાં. સુખદુઃખ, અભાવ, અશાન્તિ મનમાં જ હોય છે. બહાર નહિ. જેવો ભાવ તેવો લાભ.

૦. સ્વાધીનતા એ પરમ સુખ. પરાધીનતા એ મહાદુઃખ. ઈશ્વરને દાસત્વ એ યથાર્થ સ્વાધીનતા. ષડ્‌રિપુઓનું દાસત્વ છોડયા વિના ઈશ્વરના દાસ થઈ શકાય નહિ.

૧. મનુષ્યનું પોતાનું બંધનેય પોતાના જ હાથમાં, ને પોતાની મુક્તિયે પોતાના જ હાથમાં, પોતે જ જાણી જોઈને બંધનમાં પડીને ભોગવીએ.

૨. તંત્રો કહે છે :

ગુરૌ મનુષ્યબુદ્ધિસ્તુ મંત્રે ચાક્ષરભાવનમ્ ।
પ્રતિમાસુ શિલાજ્ઞાનં કુર્વાણો નરકં વ્રજેત્ ॥

માં માનવ બુદ્ધિ રાખવાથી, ઇષ્ટમંત્રને અક્ષરો માત્ર સમજયે, દેવદેવીની પ્રતિમાને પથ્થર યા માટી માનવાથી માણસ નરકે જાય. એટલે કે આ બધી ભ્રમપૂર્ણ અને અવળી બુદ્ધિને લીધે તથા શ્રદ્ધાભક્તિહીનતાદોષથી તેની આધ્યાત્મિક ઉન્નતિ તો થાય નહિ. ઊલટી અધોગતિ થાય.

૩. જેઓ સર્વ સમયે, બધાં કામકાજ કરતાં કરતાં ભગવાનનું સ્મરણ, મનન અને તેના નામનો જપ કરે, ભગવાનને જ એક માત્ર સાર અને સંપત્તિ સમજે, તેઓ આપત્તિ વિપત્તિને કાળે પણ ઈશ્વરને ભૂલવાના નહિ.

મૃત્યુ સમયે પણ જીવનભરના ચિંતવનને પ્રભાવે તેમના રોગથી કે
ભુલાઈ જાય, સંસારમાં ધન, જન પરની આસક્તિ દૂર થાય,
ઈશ્વરીયભાવમાં ચિત્ત તદ્ગત થઈ જાય. જેઓનો અંતિમ જન્મ
તેમને જ આવું થાય. ઈશ્વરના ચિંતવન અને સાંનિધ્યની ટેવને પ્રભા
વસ્તુ સ્વાભાવિક થઈ જાય.

૧૦૪. નામ અને નામી એક જ - એ ધારણા મનમાં જેટલી દૃઢ થશે,
ઈશ્વરનું સાનિધ્ય (Presence) અંતરમાં વધુ ને વધુ અનુભવાશે.

૧૦૫. જ્યાં કોઈયે કોઈનું નથી, એટલે કે પોતેય પોતાનું નથી, એને જ સં
કહે.

૧૦૬. જે પોતે પોતાનો મિત્ર, એ જગતનોય મિત્ર અને આખું જગતેય
મિત્ર. શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે :

આત્મૈવહ્યાત્મનો બંધુરાત્મૈવ રિપુરાત્મનઃ।

શુદ્ધ મન જ મનુષ્યનો ખરો બંધુ, હિત કરનાર (મુક્તિનું કારણ),
વિષયાસક્ત મન જ માણસનો પરમ શત્રુ (બંધનનું કારણ).

૧૦૭. આ અનિત્ય સંસારમાં જેમ સંયોગ તેમ જ વિયોગ; જ્યાં સંપદ્ ત્યાં
વિપદ્; જ્યાં હર્ષ ત્યાં જ શોક; જ્યાં સુખ ત્યાં જ દુઃખ ; જ્યાં અર્થ ત્યાં
અનર્થ; જ્યાં ભોગ ત્યાં જ રોગ; જ્યાં સંપત્તિ ત્યાં જ ઝઘડા. એ બધું દેખ
છતાં, જાણવા છતાં માણસો કયા સુખે તેમાં બંધાતા હશે ! વિષયસેવન
જે ઉપરછલ્લું સુખ લાગે છે, તેમાં જ માણસ મરે છે, એ જ માણસ
સર્વનાશ કરે છે. માણસો કરોડો દુઃખની પછી નામમાત્ર સુખ મળતાં જ
દુઃખ ભૂલી જાય.

૧૦૮. બધી બાબતોમાં, પરિણામનો વિચાર કરીને કામ કરીએ તો ઘણાં ખ
દુઃખમાંથી બચી જવાય. જે ખત્તા ખાઈનેય શીખે નહિ તેનું દુઃખ કોણ મટ
શકે ? જે જાગતો છતાં ઊંઘે તેને કોણ જગાડી શકે ? એટલે ફરી પાછું સંસાર
આવવું ન પડે, વારે વારે આવીને પાછી અનંત વેદનાઓ ભોગવવી ન પ
એવો ઉપાય કરવો એ જ જીવનની સાર્થકતા.

૧૦૯. નશીબ યા પ્રારબ્ધ કે તકદીર ઉપર ભરોસો રાખીને બેસી રહ્યે કોઈ પણ કામ થાય નહિ. અને કોઈ કામમાં સફળતા મળે નહિ. ઊલટો માણસ તેનાથી શક્તિહીન અને તામસિક થઈ જાય અને અધોગતિને પામે. લોકો પોતાના જ દોષથી ભૂલ કરે યા નિષ્ફળ જાય, અને છતાં દોષનો ટોપલો બધો નાખે દૈવ કે અદૃષ્ટ ઉપર; ને કાં તો ગ્રહો ઉપર ! પોતાની જ અસાવધાનીને લીધે ગોથું ખાઈને અથવા પગ લપસીને પડી જાય અને દોષ દે જમીનને ! બધાં કામો મોટે ભાગે પોતાના પુરુષાર્થ પર આધાર રાખે. દૈવ કે તકદીર એવું કાંઈ હોય, કે જે આપણી સિદ્ધિની આડે અડચણ રૂપ લાગે તેને પુરુષાર્થ દ્વારા પોતાની સુષુપ્ત શક્તિને જાગ્રત કરીને જીતી લેવું જોઈએ. તો જ તમે માણસ. એ પ્રમાણે થાય તો તમને જણાશે કે દૈવ પણ તમને સાનુકૂળ થશે. દૈવ જ જો એકલું બળવાન હોત તો પછી ધર્મઅધર્મ, પાપપુણ્ય, પરમાત્મશક્તિ વગેરે જેવું કાંઈ રહે જ નહિ. નશીબ જ બધું કરાવે છે, હું એને માટે જવાબદાર નહિ, પરાધીનની પેઠે ચાલ્યે જાઉં છું એવો ભાવ રાખતાં રાખતાં માણસ ક્રમે ક્રમે માણસ મટીને જડ થતો જાય, કદી પણ ઊભો થઈ ન શકે, એવી આશાય રાખી ન શકે કે એ કોઈ કાળે મુક્ત થઈ શકશે. પરિણામે પોતાને દુર્બળ માનીને માણસ અધોગતિએ પહોંચે અને પાપના કાદવમાં ઊલટો વધુ ખૂંચતો જાય.

૧૧૦. 'હું તો પરવશ થઈ ને બધું કર્યે જાઉં છું, હું તો યંત્ર માત્ર, ઈશ્વર જ યંત્ર ચલાવનાર,' એ શબ્દો તેના મુખમાં જ શોભે કે જે ઈશ્વરની ઈચ્છાની સાથે પોતાની ઈચ્છાને એક કરી શકયો હોય. એ તો એક પરમ ભક્ત જ કહી શકે કે જે ઈશ્વર સિવાય બીજું કશુંય જાણે નહિ. તેનો પગ કયારેય બેતાલ પડે નહિ, તેનાથી કોઈ ખરાબ કામ થાય નહિ. તેનું હૃદય અદમ્ય શક્તિ અને અંતઃપ્રેરણાથી ભરેલું રહે, નિરાશાનો ભાવ તેનામાં આવે જ નહિ, એ સુખદુઃખમાં વિચલિત થાય નહિ. એનામાં હમેશાં 'નાહં નાહં,' ' તૂહી તૂહી' ભાવ રહે. તેની પાસે લાભનુકસાન, જયપરાજય, માનઅપમાન એ બધાં એક સરખાં જ થઈ રહે.

૧૧૧. જે કામ જ્યારે કરવાનું હોય ત્યારે આળસ છોડીને પૂરેપૂરું મન પરોવ
તેમાં લાગી જવું જોઈએ, પછી ગમે તેટલાં વિઘ્નો આવેને તોય તેમ
સામુંયે તમારે જોવું નહિ. તો જ તમને જણાશે કે એ બધાં વિઘ્નો જ
પ્રકારે તો તમને મદદરૂપ થઈને ઊભાં રહ્યાં હતાં. બધે વખતે તે કાંઈ ઇ
મુજબ અનુકૂળ વાતાવરણ મળી આવે કે? સંસારનાં બધાં કામકાજ આટો
લઈને, એક વાર ઘરવહેવારની એક સુવ્યવસ્થા કરી લઈએ એટલે પ
નચિંત મને ઈશ્વર ચિંતનમાં લાગીશું એમ જે ધારતો હોય તેની અવ
પેલા મૂર્ખના જેવી છે કે જે દરિયે નાહવા ગયો ત્યારે મોટાં મોટાં મો
જોઈને ડરી જઈને વિચાર કરવા લાગ્યો કે, મોજાં બધાં જરા શાંત થઈ જ
એટલે પછી પાણીમાં ઊતરું. એ તો દરિયાને કાંઠે મોતની ઘડી સુધી બે
રહેવાથી પણ થવાનું નથી. અને તે દરિયામાં ઊતરી શકવાનો જ ન
સમુદ્રમાં મોજાં તો સદાકાળ ઊઠવાનાં જ. હિંમત કરીને કૂદી પડીને મો
સાથે બાથ ભરીને નાહીને નીકળી આવવાનું હોય. આ સંસારસમુદ્રમાં
પ્રમાણે મોજાંની સાથે બાથોડિયાં લેતાં લેતાં ઈશ્વરનું નામ લેવાનું
સાધના ને આરાધના કરવાની છે. સગવડને યોગ્ય અવસરની આશા
હાથપગ વાળીને બેસી રહ્યે કોઈ કાળે પૂરી થવાની નથી.

૧૧૨. કેટલાંક લોકો કામધંધો ગોતી ન શકવાથી ને સંસારમાં રોજની તાણાત
અને અશાંતિથી હેરાન થઈ ડગલે ને પગલે નિષ્ફળ થઈને ઘરસંસાર
જવાબદારીઓ ટાળવા રામકૃષ્ણ-મઠના સંન્યાસી થવા બહુ ઇચ્છા ને આ
રાખે. આજ કાલ સંન્યાસી બનવું એ એક જાતનો શોખ થઈ પડયો
સાચેસાચ વૈરાગ્ય હોવો, ખરા સંન્યાસી થવું એ તે શું રમત વાત છે
સંસારમાં રહી સાધન ભજન કરી વિષયોમાં અનાસક્તિ, નિર્લિપ્તત
નિઃસ્વાર્થતાની અમુક અંશે તાલીમ લઈ યોગ્યતા મેળવવી જોઈએ, ભૂમિ
તૈયાર કરવી જોઈએ. નહિતર નવા વૈરાગ્યનો ઊભરો ઘાસના ભડકા
પેઠે થોડી વાર પછી ઓલવાઈ જાય, અને પછી આળસમાં સમય કાઢ
પોતાના સુખ અને મોજશોખ તરફ ઝૂકી પડાય. અને પછી જપ ધ્યાન ક

એક વેઠ જેવું લાગવા માંડે ; એકાદ કલાક માંડ બેસીને જપ ધ્યાન
તાવી નાખે. ''આજે તબિયત બરાબર નથી, કાલે બીજા કામને અંગે
ખત નહોતો, એમ કાંઈક ને કાંઈક બહાનાં ગોતી કાઢે. ઘણે ભાગે
વામાં આવે કે લોકો સંસાર છોડીને જવાબદારીઓમાંથી છટકીને સ્વછંદે
હીને મનમાં માને કે જે જોઈતું હતું તે તો મળી ગયું, હવે ઉતાવળ કરવાની
શી જરૂર નથી, ધીરે ધીરે સગવડપૂર્વક આરામથી ભગવાનનું નામ લઇશું
ટલે થયું. એટલે પછી એ ઉત્સાહ, એ તેજ, એ જોર રહે નહિ, ને ધીમે ધીમે
ન નીચે ઊતરતું જાય.

૩. બહારના લોકોને એમ લાગે કે આ રામકૃષ્ણ-મઠના સાધુઓ કેવી મજા કરે
છે ! સુંદર મજાનું મઠનું મકાન, મંદિર, પૈસાનો તોટો નહિ, સારું સારું ખાય
પીએ, ચિંતા કશી નહિ, આશ્રમનું કામકાજ સમય પ્રમાણે જરાતરા કરી
લીધું, તથા પોતાની મરજી પ્રમાણે જરાક વાંચન, અભ્યાસ યા માળા
ફેરવી લીધી કે પછી જરા ચૂપ બેસીને આંખો મીંચીને ધ્યાન કરી લીધું એટલે
થયું, બાકીનો સમય વાતોચીતો ગપ્પાં સપ્પામાં ગાળે. કેવું સુખમય સ્વતંત્ર
જીવન ! પણ તેઓને ખબર નથી કે, મઠના સાધુઓને કેવું રાત દિ' કામ
કરવું પડતું હોય છે, કેવા કઠોર નિયમકાનૂનો પાળવાના હોય છે, કેટલી
જાતની કઠિન સેવાઓનું કામ કરવાનું હોય છે, શરીરની પરવા કર્યા વિના
દીનદુઃખિયાંની રાહત માટેના કેટલા આફતકારક કામોમાં મોતની સામે થવું
પડે છે, પોતાની ભક્તિમુક્તિને સુદ્ધાં તુચ્છ ગણીને નરને નારાયણરૂપે,
જીવને જ શિવ ગણી જીવસેવામાં વિસર્જન કરવાનું હોય છે. જે સંઘનો
આદેશ પાલન કરે નહિ, યા તો એકાદું બહાનું દઈને કામમાં હાડહરામી
કરે યા તો છટકી જાય, પોતાના મનના ખ્યાલ પ્રમાણે ચાલે, એ સાવ,
તળિયે જાય, તેની ઉન્નતિનો માર્ગ બંધ થાય અને ક્રમે ક્રમે અધોગતિએ
જાય.

૪. આદર્શભ્રષ્ટ સાધુના કરતાં શ્રદ્ધા ને નિષ્ઠાવાળો સંસારી ભકત ભલે વધુ
સાધન ભજન કરી ન શકે તોય હજાર ગણો સારો; કારણ કે તે તેની અલ્પ

શક્તિ અનુસાર બને તેટલો ઉન્નતિને માર્ગે આગળ ધપવાનો પ્રયાસ
રહ્યો છે, અસહ્ય સંસાર બંધનોમાંથી મુક્ત થવા માટે ભગવાનની
વ્યાકુળ અંતરે પ્રાર્થના કરે છે. તેના અંતરમાં ત્યાગની તીવ્ર આકાંક્ષા
એ સંસારમાં અનેક કર્તવ્યોની જવાબદારી અને અડચણોની સામે
હોય છે. તેના પ્રાણ આકુળ વ્યાકુળ થઈ જતા હોય છે, તેથી બંધન
સંસાર છોડીને ભગવત્પ્રાપ્તિ કરવાની ઈચ્છા તેની પ્રબળ થાય, તેથી
શક્તિ જળવાઈ રહે. ભગવાન તેના સહાયક થાય. ભગવાન અંત
તેની અવસ્થા સમજે ને તેનાં વિઘ્ન-અડચણ એક પછી એક હટાવી દે
મુદ્દાની વાત એ કે અંતરથી ત્યાગ ન હોય તો ભક્તિ, મુક્તિ, જ્ઞાન
મળે નહિ.

૧૧૫. ઘણાયનો એવો ખ્યાલ છે કે માનવ સેવા, અને એવાં બધાં કાર્યો
વળવાનું હતું ? તેના કરતાં તો દિનરાત સાધના કરીને પહેલાં પ્ર
દર્શન માટે પ્રયાસ કરીએ. એ તે કાંઈ બને ! થોડાક દિવસ અભ્યાસ
સમજાઈ જાય કે કાર્યમાં એ સંભવે નહિ. પારકાના ભલા સારુ કામ
વિના ચિત્ત શુદ્ધ થાય શી રીતે ? મન નિર્મળ થયા વિના તે શું સ્થિર
શાન્ત થાય ? અને તે વિના શું ધ્યાન સહેજમાં થાય ? કામ કરવાની
જ પોતાની ખરેખરી પરીક્ષા થાય, પોતાની અંદર સચ્ચાઈ કેટલી
ખબર પડે. મનમાં કેટલો કચરો ભર્યો પડયો છે, વિષયવાસનાની
કેટલું આકર્ષણ ને આસક્તિ છે, સ્વાર્થપરાયણતા કેટલી છે, સહનશી
કેવી છે, એ બધાં ક્રમેક્રમે વધે છે કે ઓછાં થતાં જાય છે, એ બધું જાણ
ઉપાય એક માત્ર પરમાર્થ કર્મ અને પરમાર્થ કાર્ય દ્વારા મનનો પ્રતિકાર સહે
સત્ -અસત્નો વિચાર, અંતર્દૃષ્ટિ, અને આત્મપરીક્ષાનો ભાવ અંદર
તો મન ક્રમે ક્રમે નિર્મળ અને નિષ્કામ થાય, અહંભાવનો નાશ થાય, હૃદ
પ્રેમ આવે. ત્યારે પછી કર્મમાં ફરજની ભાવના પણ રહે નહિ, કર્મ બંધ
કારણ ન બનતાં, મુક્તિનું કારણ બને. અર્થાત્ કર્મ જ ત્યારે પછી પૂ
થઈને ઊભું રહે, કર્મ અને ઈશ્વરની ઉપાસનામાં, નારાયણ જાણ

વસેવામાં અને ભક્તિમાં ભેદ જણાય નહિ, એનું નામ ખરી ભક્તિ. અને
મેળવવાનો કુદરતી ઉપાય છે કર્મયોગ.

. વળી પરાભક્તિ જ્ઞાન પ્રાપ્ત થયા વિના આવે નહિ. એટલે કે મારા ઈષ્ટ
રમેશ્વર સર્વભૂતોમાં, સર્વજીવોમાં રહેલા છે, જીવ, જગત તેમનાથી જુદાં
થી, એ અનુભવ કરવો, અર્થાત્ પરમાત્માની સાથે જીવ જગત અંતરાત્માનો
કાત્મબોધ જ પરાભક્તિ અને પરમજ્ઞાન. પરંતુ અધિકારી ભેદ પ્રમાણે એ
યના રસ્તા અને સાધના જુદાં. જ્ઞાનનો અધિકારી જગતમાં વિરલ, ને
નો રસ્તો પણ અત્યંત કઠિન. એટલે જ્ઞાનમિશ્ર ભક્તિ જ સારી.

. જ્ઞાન માર્ગમાં આરંભથી જ બધાનો અસ્વીકાર કરવો પડે. - નેતિ નેતિ-
આ નથી; તે નથી; જે કાંઈ જોઉં છું, સાંભળું છું, અનુભવું છું, એ કાંઈ
નથી, હું દેહ નથી, મન નથી, ઇંદ્રિયો નથી, મારે રોગ,શોક, સુખ
ઃખ, ઠંડી ગરમીનું જ્ઞાન નથી. જગત્ પ્રપંચ આખોય અસત્ અર્થાત્ ત્રણે
ળમાં- ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં એનું અસ્તિત્વ જ નથી. હું અખંડ સત્
ચત્ આનંદ સ્વરૂપ પૂર્ણબ્રહ્મ, પરમાત્મા, એકમેવાદ્વિતીયમ્.
હાદિઉપાધિવાળા જીવથી તે વળી એ પ્રકારની સાધના થવી શું કયારેય
ભવે ? કાંટો વાગે છે, દેવતાથી દાઝીએ છીએ. છતાં કશી વેદનાનો અનુભવ
તો નથી એમ કહેવું ! આ તો છે વિષયસંબંધરહિત ત્યાગી સાધકની અંતિમ
વસ્થા, કે જે સમસ્ત સાધના અને સિદ્ધિને અંતે નિર્વિકલ્પ સમાધિમાં જ
નુભવાય, શ્રીરામકૃષ્ણ કહેતા કે આ અવસ્થામાં એકવીસ દિવસથી વધુ
રીર ટકે નહિ.

. ભક્તિમાર્ગ એટલા સારુ સૌને માટે સહજ સાધ્ય કે એમાં ઇંદ્રિય પ્રવૃત્તિ
ને ઇચ્છાઓનો નાશ કરવો નથી પડતો, માત્ર તેઓનું મોઢું ફેરવી દેવાનું
, એટલે કે તેમની ગતિ યા વલણ શક્તિઓને બીજી બાજુએ ધીરી રીતે
લાવવાની છે. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે જે બધાં પાર વિનાના
લેશ અને બંધનનાં કારણ, જેમના હાથમાંથી છુટકારો પામ્યા વિના વારે
ારે જન્મમરણને ભોગવવાં પડે, દુઃખોની કાયમની નિવૃત્તિ અનંતકાળેય

થાય નહિ, તેમને વિચાર અને પ્રજ્ઞાના બળથી નખશીખ પર્યંત દોષપૂ
દેખીને નિઃસ્પૃહ થઈને, મનને ઈંદ્રિયગ્રાહ્ય વિષયોમાંથી ઉઠાવી લઈ
ભગવત્ અભિમુખ કરવાથી તેઓ માત્ર શક્તિહીન થાય એમ જ નહિ
તેમની એ અદમ્ય અધોગામી વૃત્તિઓ ઊર્ધ્વગામી થઈ હજાર ગણી બળવા
થાય અને અખૂટ પરમ આનંદ રસમાં જીવને તરબોળ કરી મૂકે. જો સુખ
કામના રાખતા હો તો પરમ અક્ષય ધનના અધિકારી થવાનો પ્રયાસ કરો
અગર મોહિત થવું હોય તો સદાસુંદર શ્યામસુંદરના પ્રેમમાં મગ્ન થાઓ
ક્રોધ જો કરવાનો હોય તો ઈશ્વર ઉપર જ ગુસ્સે થાઓ- કે શા માટે એ છુપા
રહ્યો છે, દર્શન કેમ નથી આપતો ? એજ પ્રમાણે અભિમાની થવું હોય તો
ઈશ્વરનો દાસ, વાસનાઓ અને વિષયોનો દાસ શા માટે થાઉં ? જે મા
ઈશ્વરને નમ્યું એ પછી વિષયો પાસે કેમ નમે ? એવું અભિમાન રાખો
અને અદેખાઈ જ જો કરવી હોય તો ભક્તોને જોઈને પોતાના પર જ ઈર્ષ્
લાવો કે હું શા માટે ઈશ્વરનો ભક્ત ન થઈ શકું !

૧૧૯. સાધનાની શરૂઆતમાં તો કર્મ પણ જોઈએ અને સાધન ભજન પ
જોઈએ, બેયનો હેતુ ભગવત્પ્રાપ્તિ, એ મનમાં પાકું કરી રાખજો. આદ
બરોબર ન હોય તો અનેક વિઘ્નો આવ્યાં કરે ને કામમાં જ ગુંચવા
જવાય; બધામાં એમ જ. એટલા માટે હમેશાં જાગ્રત રહેવું, સત્ અસત્ન
વિચાર કરવો, પ્રાર્થનાપરાયણ થવું, ત્યારે પછી ઈશ્વર કૃપાથી એવી અવસ્થ
થાય કે પછી સાધન ને કર્મમાં કશો ભેદ જણાય નહિ, ત્યારે પછી બ
કામકાજ સાધના થઈને ઊભું રહે. પરંતુ આવા કર્મયોગીઓએ પણ વચ
થોડાક સમય માટે વૈરાગ્યભાવનાપૂર્વક તીર્થદર્શન, એકાંતમાં સાધન ભજન
અને તપશ્ચર્યા કરવાં જોઈએ, એથી શરીર મન સતેજ અને પ્રફુલ્લ થાય
આત્મશ્રદ્ધા અને ઈશ્વર પર વિશ્વાસ આવે, શક્તિસંચય થાય અને પૂર્ણભાવે
ચરિત્ર ઘડાઈ ઊઠે.

૧૨૦. પોતાના ઈષ્ટની પૂજા બધા દીક્ષિતો કરી શકે. દીક્ષા લેવાથી દેહ શુદ્ધ
થાય. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી, તેમને પોતાના જાણી ખૂબ ભક્તિભાવે

પૂજા કરવી. પૂજામાં મન એકાગ્ર થયે, મન સહેજ સ્થિર થાય, ધ્યાન જામે ને આનંદ મળે. પ્રભુને ઈચ્છાનુસાર ફૂલ, ચંદન અને માળાથી શણગારજો. ભકિતની પૂજામાં કશો વિધિનિષેધ નથી. મંત્ર, તંત્ર, મુદ્રા, યંત્ર વગેરે જોઈએ જ એમ નહિ. જોઈએ માત્ર શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ. પૂજાને વખતે મનમાં ધારવું કે તમારા ઈષ્ટદેવતા ખરેખર જ તમારી પુષ્પાંજલિ, શ્રદ્ધાપૂર્વકનો અર્ધ્ય તથા ધરાવેલું નૈવેદ્ય પ્રીતિથી સ્વીકારે છે, પછી એ ભલેને ગમે તેટલી સાધારણ વસ્તુઓનું હોય. ભક્તિપૂર્ણ ભોગ- નૈવેદ્ય તેમને બહુ જ મીઠા લાગે. ભગવાને દુર્યોધનનું આમંત્રણ પાછું ઠેલીને વિદુરની ભાજી અત્યંત આનંદથી સ્વીકારી હતી. જે કાંઈ તમે પોતે ખાઓ તે અંતરથી પ્રભુને અર્પણ કરીને ખાજો, જાણજો કે એ બધું તેમની દયાનું દાન, પ્રસાદ છે. તેમ કર્યેથી તેમાંનો દોષ ચાલ્યો જાય.

૧૨૧. સેવા, સ્વાધ્યાય, સાધન, સત્ય અને સંયમ- એ પાંચ 'સ'કારની ઉપાસના સિદ્ધિપ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય. હંમેશાં શક્તિ અનુસાર એ બધાનું અનુષ્ઠાન કરજો.

૧૨૨. પૂજા, સેવા, જપ, ધ્યાન વગેરે નિત્યકર્મો નિષ્ઠાપૂર્વક કરવાથી પૂર્વજન્મના ને આ જન્મના અશુભ સંસ્કારો નાશ પામે અને શુભ સંસ્કારોનો ઉદય અને વૃદ્ધિ થાય. તેના ફળસ્વરૂપે સાધન ભજન ક્રમે ક્રમે સહેલું થતું જાય, ચિત્ત શુદ્ધ અને સ્થિર થઈને મન ભગવદ્ભાવમાં મગ્ન થાય અને તત્ત્વજ્ઞાનનો ઉદય થાય.

૧૨૩. પૂર્વ જન્મના કંઈક સંસ્કાર યા સુકૃતિ ન હોય તો ધર્મમાં મતિ અને ઈશ્વરમાં શ્રદ્ધા આવે નહિ. કોઈ ખાસ પુણ્યફળને લીધે કદાચ એ આવે તો એટલાં બધાં વિઘ્નો ને અડચણો આવી પડે કે એ બધાંને ધકેલીને ધર્મ માર્ગે આગળ વધવું બહુ જ કઠણ થઈ પડે. પણ એથી હતાશ થઈ છોડી દીધે ચાલે નહિ. તેમને દૂર હઠાવવા જેટલા કટિબદ્ધ થશો તેટલા જ તેઓ રસ્તો છોડીને ભાગશે, વળી કદાચ તેઓ જ શત્રુતા છોડીને તમને અનુકૂળ અને સહાયક પણ થાય. વિઘ્નોથી જેટલા ડરો, તેટલા જ તેઓ વધુ ડરાવે, જોર

કરે અને તમને કબજે કરી બેસે.

૧૨૪. પૂર્વજન્મના સારા સંસ્કાર ન હોય તો શાસ્ત્ર અને ગુરુનો ઉપદેશ બરાબર હૃદયમાં ઊતરે નહિ. વિદ્યામાં યા બીજા સંસારી વિષયમાં કોઈ કદાચ ખૂબ ઉન્નત થઈ શકે, સમાજમાં ઊંચું પદ અને માનપાન પ્રાપ્ત કરી શકે, વેપાર ધંધામાં ખૂબ જ મગજ દોડાવીને તેનો ફેલાવો કરી શકે અને કરોડપતિ થઈ શકે, પરંતુ ધર્મ યા સૂક્ષ્મ પરમાર્થ તત્ત્વની બાબતમાં સંભવિત છે કે એ માણસ સંપૂર્ણ અજ્ઞાન યા છોકરા જેવો હોય, ધર્મ વિષેની સાધારણ બાબત પણ એ સહેલાઈથી સમજી શકે નહિ. પરંતુ સત્યનિષ્ઠ, શ્રદ્ધાવાન, સરળ અને સાત્ત્વિક હૃદયવાળો હોય તો ઈશ્વરકૃપાથી સાધુસંગ અને સદ્‌ગુરુનો આધાર મળી જાય. તેને પરિણામે એ ધર્મનું સૂક્ષ્મ તત્ત્વ અનુભવવા શક્તિમાન થાય.

૧૨૫. શુભ સંસ્કાર વધારે ન હોય તોય પ્રયાસ, ખંત અને અભ્યાસને પરિણામે અનુકૂળ સંસ્કાર જન્મે. અભ્યાસમાં મહાશક્તિ રહેલી છે. અભ્યાસ લાંબા કાળ સુધી નિરંતર, શ્રદ્ધાપૂર્વક કરવાથી એ દૃઢ બને. જે વિષે નિરંતર અભ્યાસશીલ રહેશો તે જ પછી સ્વભાવ થઈને ઊભું રહે. ત્યાર પછી ખાસ મહેનત લઈને કરવું પડે નહિ, એની મેળે જ એ થયા કરે. ભગવાનના સ્મરણ, મનન, પ્રાર્થના, જપ ધ્યાન વગેરેનો અભ્યાસ બીજા કામમાં લાગ્યા રહેવા છતાંય અંદરથી એ એની મેળે જ થયા કરે. હોકાયંત્રના કાંટાની પેઠે મન એના તરફ જ વળેલું રહે, વિષયોમાંથી આસક્તિ દૂર થાય, આપત્તિ કે વિપત્તિ તેને વિચલિત કરી શકે નહિ. અંતિમ કાળે પણ મન શાન્ત અને ભગવાનમાં જ મગ્ન રહે. પછી તેને વારે વારે જન્મ મૃત્યુ ભોગવવાં પડે નહિ. દેહ છૂટ્યે એ પરમપદમાં લીન થઈ જાય.

૧૨૬. વિવેક, વૈરાગ્ય અને અનુરાગની સાથે એકનિષ્ઠાથી સાધન ભજન કરીને ભગવાનને હૃદયમાં પ્રતિષ્ઠિત કરી શકાય તો પોતાની અંદર બહાર સર્વત્ર બધી વસ્તુઓમાં ભગવાનનાં દર્શન અને અનુભવ કરી શકાય. ત્યાર પછી બીજું કશું મેળવવાનું કે ઇચ્છા કરવાનું રહે નહિ, જીવ આનંદમય થઈ

જાય. આ છે માનવ જીવન ધારણ કરવાનો એક માત્ર હેતુ. બાકીનું બધું મનની ભ્રાંતિ માત્ર.

૧૨૭. પૂરેપૂરું મન લગાડીને જેટલું બની શકે તેટલું જપ-તપ કરજો. છતાં હૃદયમાં આટલું બરાબર સમજી રાખજો કે આટલા જપતપ કરું છું માટે જ ભગવાન દર્શન દેવાના, કૃપા કરવાના, એવું નથી; તેનાં દર્શન થવાં એ તો કેવળ તેમની કૃપાથી જ બને. સાધન ભજન તો માત્ર થાક લગાડવા માટે. પક્ષી ઊડી ઊડીને થાકી જાય અને પાંખો દુઃખવા લાગે એટલે પછી તેને બેસવાની ઇચ્છા થાય. સમુદ્રની વચ્ચે વારે વારે આકાશમાં ઊડી ઊડીને થાકે અને જુએ કે વહાણના કૂવાથંભ સિવાય બેસવાનું બીજું કોઈ જ સ્થાન નથી ત્યાર પછી એને એ કૂવાથંભનો જ આશરો લેવો પડે. પરંતુ એ જ્ઞાન પાકું થયા વિના અનન્ય શરણ થઈ શકાય નહિ.

૧૨૮. ભક્ત કદીયે ભગવાનની સાથે ખરીદીવેચાણનો એટલે લેવડદેવડનો ભાવ રાખે નહિ. એ જાણે કે ભગવાન અહેતુક કૃપાસિંધુ. એ આપમેળે, પોતાના સ્વભાવે જ, કૃપા કરવાના. છતાં સાધન ભજન શક્તિ અનુસાર કરવાં જોઈએ; કરી કરીનેય પણ આખરે તો એ ખાતરીએ પહોંચવાનું કે એ બધું કાંઈ કામનું નથી. એટલા માટે તો સાધકે ગાયું છે ને કે, 'તમે પોતે જ યાદી રાખો, કરુણાનયને દેખો,' તો જ બને નહિ તો જપ કરીને તમને પામવું એ બધી તો ભૂતના વિવાહની વાતો. ભૂતના વળી વિવાહ શા ? એ કદીયે થયા નથી, કે થવાના નથી. સાધન ભજન કરીને કોઈ ભગવાનને કદીયે પામ્યું નથી, કે પામવાનું નથી. સાધક આખરે જાણે કે સાધના કરીને ભગવાનને પામવાની આશા એ હાથથી તરીને સિંધુ પાર કરવા જેવું.

૧૨૯. ત્યારે શું સાધન ભજન છોડી દઈને જ્યારે પ્રભુની કૃપા થશે ત્યારે પામશું, એમ કહીને બેસી રહેવું ? જેની તરસથી છાતી ફાટી જતી હોય, જેનું અંતર પ્રભુને પામવાને માટે આતુર હોય, એ તે શું હાથ પગ સંકોચીને છાનોમાનો બેસી રહી શકે ? એની અવસ્થા તો -'મારું મન સમજે પણ હૃદય સમજે નહિ, ઝાલવા માગે શશી, પોતે વામન થઈ.' સાધકની પાસે

અસંભવ એવું કશુંય નથી. એ જાણે કે ભગવાન, અસંભવનેય સંભવ ક[cut] શકે, સોયનાં નાકામાં થઈને ઊંટને ઘુસાડી શકે ને બહાર કાઢી શકે.

૧૩૦. ખરા સાધકનો મનોભાવ, યથાર્થ ભકતનો ભાવ એવો હોય છે કે, ' ધ્યાન કરવામાં મને આનંદ આવે છે, કર્યા વિના રહી શકાતું નથી, એ કરું છું; હૃદયને ટાઢું કરવાનો, હૈયું શાંત કરવાનો બીજો ઉપાય નથી, તે કરું છું; જપ ધ્યાન એ મારા શ્વાસોચ્છવાસ જેવા છે. શ્વાસ લીધા વિ જેમ પ્રાણ ટકે નહિ, ને તેથી લેવા જ પડે, તેમ જપધ્યાન વિના પ્રાણ ટકે ન તેથી કરું છું. પ્રભુ તો મારા પ્રાણનાય પ્રાણ, આત્માનાય આત્મા. તે મારે મેળવવા જ જોઈએ. એ પછી ગમે તેમ કરીને હોય. ન મળે તો ગાંડો જઈશ, પ્રાણ નીકળી જવાના, આ જિંદગી જ વૃથા જવાની; એવી આતુર એવી તમન્ના હોય તો ઈશ્વર કૃપા કરે જ. એ તો દયામય. મન આતુરતાથી તેને પુકારવાથી, એને માટે સર્વસ્વ ત્યાગ કર્યે, અનન્ય ભ એનું શરણ લીધે, એ દર્શન દેશે જ, એ નક્કી.

૧૩૧. પરંતુ એ વ્યાકુળતા, એ અનન્યશરણભાવ શું કાંઈ સહેલાઈથી આ જન્મજન્માંતરથી સાધન ભજન કર્યે સાધકના છેલ્લા જન્મે જ એ આ નાગ મહાશયના જીવનમાં એ ભાવ તેમની સર્વ અવસ્થામાં ઉજ્જવળ જોવા મળ્યો હતો. હંમેશાં એ જાણે કે એક અદ્‌ભુત નશામાં દેહજ્ઞાનર તન્મય ભાવમાં ડૂબાડૂબ રહેતા ! શી એમની દીનતા, કેવી ઉત્કટ એમ વ્યાકુળતા ! જેણે જોયું નથી તે એની ધારણા કરી શકે નહિ. અદ્‌ જીવન! અદ્‌ભુત આદર્શ !

૧૩૨. મન સ્થિર થયા વિના, શુદ્ધ અને નિર્મલ થયા વિના ભગવત્ દ થાય નહિ. સરોવરનું જળ સ્થિર અને સ્વચ્છ થયા વિના તેમાં પ્રતિબિ બરાબર પડે નહિ. અસ્પષ્ટ દેખાય. અરીસા પર ધૂળ ચડી ગઈ હોય તો તે મોઢું દેખાય નહિ કે ઝાંખું દેખાય. એટલા માટે અભ્યાસ અને વૈરાગ્ય એક માત્ર ઉપાય કે સાધન. અભ્યાસના પ્રભાવે જે કઠિન અને દુર્લભ લ તેય સહેલું થઈ જાય. જેનો નિયમપૂર્વક અભ્યાસ કરશો તે જ સ્વભ

થઈને ઊભું રહેશે. અને સાથે વૈરાગ્ય જોઈએ, સમસ્ત સંસાર અનિત્ય અને અસાર, ભગવાન જ એક માત્ર સારરૂપ અને નિત્ય, એ જાણીને એક માત્ર એમાં જ પૂર્ણ રીતે મન પ્રાણ અર્પણ કરી શકીએ, તો હૃદયમાં પ્રેમનો ઉદય થાય. જો એમ થાય તો તો પછી બાકી શું રહ્યું ? 'સ ઈશ્વરઃ અનિર્વચનીયપ્રેમસ્વરૂપઃ । એ ઈશ્વર અનિર્વચનીય પ્રેમસ્વરૂપ છે.' હૃદયમાં જ્યારે, એ વાકય મનથી પર પ્રેમ ઘનીભૂત થઈને આકાર ધારણ કરે, ત્યારે એ જ પ્રેમઘન પ્રેમમય રૂપમાં રૂપાંતર પામીને હૃદયમાં પ્રકાશિત થાય.

૧૩૩. ગમે તેટલી થોડી આવક હોય ને, પણ તેમાંથીયે મહિને મહિને કંઈક બચાવવાનો પ્રયાસ કરવો. શ્રીરામકૃષ્ણ કહેતા કે ગૃહસ્થને માટે સંચયની ખૂબ જરૂર, એ ભવિષ્યમાં કામ લાગે. કારણ સ્વાસ્થ્ય, નોકરી, ધંધો અથવા ધન, જન કશુંય સ્થાયી નથી. જુવાનીમાં ને પ્રૌઢાવસ્થામાં આહાર વિહારમાં, ખોટા આડંબરમાં, ખોટી સોબતમાં, ખોટી પ્રવૃત્તિઓ કે આદતોને લીધે ઈંદ્રિયસુખોમાં વિમૂઢ થઈને ભવિષ્યને માટે વિચાર ન કરતાં, જેમ આવે તેમ ખરચવાથી અથવા આવકથી વધુ ખરચ કરવાથી, પછી પાછળથી બહુ જ દુઃખ ભોગવવું પડે, સંસારમાં માંદગી, વ્યવહારપ્રસંગ, સુવાવડ, ચિંતા વગેરે આવ્યાં જ કરે. અવસ્થા પાકી થઈ એટલે રોગો ને બુઢાપો પાછળ લાગે, કામ કરવાની શક્તિયે દિનદિન ક્ષીણ થતી જાય, એ વખતે જો કાંઈ સંઘરો હોય તો કોઈના પરાધીન થઈને રહેવું ન પડે, નિરાશ થવું ન પડે, સુખી ને સ્વાધીનતાથી ભગવત્ ચિંતનમાં બાકીનું જીવન કાઢી શકાય.

૧૩૪. 'જ્યારે જે ભાવે રાખ મા, મને,
તે જ મંગલ, યદિ વીસરું નહિ તને.'

ઈશ્વર મંગલમય, સર્વાન્તર્યામી. એ જાણે છે કે કોને માટે શું સારું, અને એ એવી રીતે વ્યવસ્થા કરે કે એ તમારે માટે અને સૌને માટે સારું થાય. એક જણનું સારું કરવા જતાં ભગવાન બીજા બધાનું નરસું કરી શકે નહિ. આપણે 'મારું મારું ' કરીને સાંકડા કુંડાળામાં પોતાને બદ્ધ કરીને પોતાનું અને પોતાના સ્વજનોનું જ સુખ માત્ર ઇચ્છીએ, બીજાનું જે થવાનું હોય તે

થાય. પણ સંસારમાં દુઃખ બાદ કરેલું નર્યું સુખ નામની કોઈ વસ્તુ નથી. એ બન્ને એવી રીતે ભળેલાં છે કે એકને ઇચ્છીએ એટલે બીજુંય આ પડે. એટલા માટે ઈશ્વર પાસે પોતાને ગમે તેવું એકાદું કાંઈક માગી બેસી ઉપાધિ ઊભી કરી મૂકીએ. તમારું મારું શેનાથી યથાર્થ કલ્યાણ થાય એ એ ઈશ્વર તમારા મારાથી વધુ સમજે. કારણ કે એ સર્વજ્ઞ. એટલા મ તેમના ઉપર બધો ભાર મૂકીને, એ જે વિધાન કરે તેથી જ સંતુષ્ટ થઈ તેના શરણાપન્ન થઈને જીવન ગાળવાથી આપણને સુખદુઃખ વિચલિ કરી શકે નહિ.

૧૩૫. વનેઽપિ દોષાઃ પ્રભવન્તિ રાગિણાં

ગૃહેઽપિ પંચેન્દ્રિયનિગ્રહસ્તપઃ।

અકુત્સિતે કર્મણિ યઃ પ્રવર્તતે

નિવૃત્તરાગસ્ય ગૃહં તપોવનમ્ ॥ હિતોપદેશઃ।

'જેના મનમાં વિષયાસક્તિ છે, એ વનમાં જાય તો ત્યાંય પણ દો પેદા થવાના. અને જે શુભકર્મમાં પ્રવૃત્ત છે, તે ઘરમાં બેઠો બેઠોય પંચેન્દ્રિ નિગ્રહ કરે, તો એ જ એની તપસ્યા. આસક્તિશૂન્ય વ્યક્તિને માટે ઘર તપોવન.'

એટલે કે આસક્તિપૂર્ણ મન લઈને ગમે ત્યાં જાઓ, ગમે તે કરો, પ એમાંથી છૂટવાના નથી, ભોગવવું જ પડશે. ઉપરાંત નવી નવી જાતન બંધનોમાંય જકડાઈ પડવાના. અને જે સંસારમાં રહીનેય સાધન ભજન કરી મનને વશમાં લાવી શકે, વિષયોમાં આસક્તિ રહિત થાય, તેને માટે ઘ અને વન બેઉ સમાન. એ ગમે ત્યાં રહે, ગમે તે કરે ને, એ નિત્યમુક્ત આનંદમય.

૧૩૬. સાધારણ માણસ વાતો કર્યા વિના એક ઘડીયે રહી શકે નહિ. જો બોલવાને બીજું કાંઈ ન મળે તો મનમાં મનમાં જ વાતો કરે. વિચાર કરવ એ બીજું શું ? પોતાની સાથે પોતે વાતો કરવી. એમ જ જો હોય તો પછી અમથી નકામી જે તે વાતોની બડબડ કર્યા કરવા કરતાં ભગવાનનું નામ

લેવું કે એના વિચાર કરવા એ સારું નહિ ? કામકાજને વખતે જરૂર લોકોની સાથે વાતો કરવી પડે, પરંતુ જ્યારે એકલા હો, અથવા ખાસ કામમાં રોકાયેલા ન હો, ત્યારે ખોટા નકામા બીજા વિચારો ન કરતાં ભગવાનનું સ્મરણ મનન અને નામ લેવું જ સારું. બીજા વિચારો ન આવે એ માટે જપના અભ્યાસની જરૂર. જપ એટલે એકધારું અખંડિત રીતે ભગવાનનું નામ લીધે જવું એ.

૩૭. જપને વખતે નામ અને નામી (જેનું નામ હોય તે) ને અભિન્ન જાણીને તેનું જ ચિંતવન કરવાનું. જે નામ એ જ નામી. અર્થાત્ નામ લેતાં જેનું એ નામ તે જ સમજાય. કોઈ કામને માટે કોઈ કોઈનું નામ લઈને બોલાવે તો તેની સાથે સાથે તેનું સ્વરૂપ પણ મનની સામે તરી આવે અને એ પણ હોંકારો દે અથવા આવે. જપ પણ બરાબર એ જ, જો ખરેખર હોય, જો તેમાં જ મન લાગી રહે તો . અને એવી શ્રદ્ધા જોઈએ કે મારી બૂમ ઈશ્વરની પાસે પહોંચે છે, તે હોંકારો દેવાના જ. પ્રાર્થના સંબંધેય તેમ જ, જો એ અંતરથી આવે તો અભ્યાસ કરતાં કરતાં અંતરમાં આ ભાવ પાકો થાય, મન તદ્ગત થાય અને તેના સાંનિધ્યનો અંદર અનુભવ થાય, એથી જ તો શાસ્ત્રોમાં કહ્યું છે કે જપાત્ સિદ્ધિઃ, જપથી સિદ્ધિ.

૩૮. યોગીઓ કહે છે કે, શરીરની અંદર સાત પદ્મ યા નાડીચક્ર છે. નીચે મૂલાધાર ચતુર્દળ, લિંગમૂળે સ્વાધિષ્ઠાન ષડ્દલ, નાભિએ મણિપુર શતદલ. હૃદયસ્થાને અનાહત દ્વાદશદલ, કંઠે વિશુદ્ધ ષોડષદલ, ભ્રૂમધ્યે આજ્ઞા દ્વિદલ અને મસ્તકે સહસ્રદલ પદ્મ છે. અને મેરુદંડની અંદર ડાબી બાજુએ ઈડા, જમણી બાજુએ પિંગલા ને મધ્યમાં સુષુમ્ણા નાડી છે. આ સુષુમ્ણા નાડી મૂલાધારથી એક પછી એક છયે પદ્મ ભેદ કરી બ્રહ્મસ્થાને સહસ્રદલમાં જઈને મળી ગઈ છે. પરંતુ જ્યાં સુધી કુંડલિની શક્તિ જાગ્રત ન થાય ત્યાં સુધી સુષુમ્ણાનો રસ્તો બંધ રહે, કુંડલિની એ આત્માની જ્ઞાનશક્તિ, ચૈતન્યરૂપિણી, બ્રહ્મમયી; એ સર્વ જીવોની અંદર મૂલાધાર પદ્મે ઊંઘતા સાપની સમાન જાણે કે નિર્જીવ રીતે રહેલી છે, જાણે ઊંઘી રહી છે. એ યોગ

ધ્યાન, સાધન ભજન વગેરે દ્વારા જાગ્રત થાય. મૂલાધારે એ શક્તિ જ્યા જાગી ઊઠે; સુષુમ્ણા નાડીની અંદર થઈને અનુક્રમે મૂલાધાર , સ્વાધિષ્ઠા મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર ભેદ કરીને સહસ્રદલ પદ્મ પરમશિવ યા પરમાત્માની સાથે મિલિત થાય, ત્યારે એ ઉભયના સંયોગમાં જે પરમ અમૃતનું ઝરણું થાય તે પીને જીવ સમાધિસ્થ થાય. ત્યારે જ જી ચૈતન્ય પ્રાપ્તિ થાય, આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય. ત્યારે પછી જ્યોતિદર્શ ઈષ્ટમૂર્તિદર્શન વગેરે અનેક નવાઈભર્યા આધ્યાત્મિક અનુભવો બધા થ કરે. ગુરુ અને પરમેશ્વરની કૃપાથી, સાધકના સુકૃતિબળથી, કયારેક કયા એ શક્તિ પોતાની મેળે જ અથવા અલ્પ પ્રયાસે જાગી ઊઠે. એ નિર્વિ સમાધિ અવસ્થામાં શ્રી રામકૃષ્ણ કહેતા, સાધારણ રીતે એકવીશ દિવસ વધારે શરીર ટકે નહિ, જીવ પરમાત્મામાં યા પરબ્રહ્મમાં લીન થઈ જા ટૂંકમાં આ છે ષટ્ચક્રભેદ.

૧૩૯. પરંતુ જેઓ જગદ્ગુરુ આચાર્યકોટિ, ઈશ્વર કોટિ જેઓ જગતના હિ માટે કોઈ ખાસ ઈશ્વરીય ઉદ્દેશ્ય સિદ્ધ કરવાને માટે દેહ ધારણ કરે, તે બ્રહ્માનંદ પણ છોડી દઈને જાગ્રત થયેલી કુંડલિની શક્તિને એ રસ્તે સહસ્રારચક્ર (મસ્તક) થી અનાહત ચક્રે (હૃદયે) ઉતારીને 'ભાવમુખે' ર અર્થાત્ સર્વદ્વંદ્વાતીત પારમાર્થિક (absolute) જ્ઞાન અને વ્યાવહા (relative) જ્ઞાનની વચ્ચે ચડ ઉતર કર્યા કરે અને હજારો જીવોનો અવિદ્યા મોહથી ઉદ્ધાર કરે.

૧૪૦. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, રીતસર શાસ્ત્રનાં વિધાન અને વિજ્ઞ સંમત પ્રક્રિયાઓનાં સાધન ન કરવાથી પણ ક્વચિત્ કોઈ કોઈ મહાપુરુષ કુંડલિની શક્તિ એની મેળે જાગ્રત થઈ જાય, અચાનક સત્ય પ્રાપ્તિની જે જેમકે, રસ્તે ચાલતાં ચાલતાં કોઈ માણસ ઠેબું ખાઈને જુએ તો એક પથ ખસી ગયો છે અને તેની નીચે જાણે કે કંઈક ઝગમગ કરી રહ્યું છે. પથ ઉપાડીને જુએ તો નીચે એક હીરો પડેલ છે, એ પ્રમાણે. પરંતુ તેઓ જ જગતનું ભલું કરે તેમ તેમના મનની સંકુચિતતા અને ચુસ્તપણાથી જગત

અહિત પણ કરે. એક સાથે મળીને ઊંચે સ્વરે કરાતા નામ સંકીર્તનને વખતે અનેક માણસો ભાવના ઉચ્છ્વાસથી રુદન કરતાં કરતાં અને નાચતાં નાચતાં સંજ્ઞાહીન થાય. તેમનીયે કુંડલિની શક્તિ ક્ષણભરને માટે કંઈક ચેતના પામીને જાગી ઊઠે, પરંતુ તેના પ્રત્યાઘાત મન પર ભયંકર થાય. મોટે ભાગે જોવામાં આવે કે તેમની ખોટી આદતો પોષવાની ઇચ્છા, યા લોકોની પાસે ભકત અને ધાર્મિક પુરુષ તરીકે જાહેર થઈને માનપાન મેળવવાની ઇચ્છા, ખૂબ પ્રબળ થઈ ઊઠે અને છેવટે તેઓ કપટી અને જૂઠા નીવડે.

૪૧. સૂર્યના પ્રકાશમાં જ જેમ લોકો સૂર્યને દેખે, દીવો સળગાવીને નહિ, તેમ ભગવાનની કૃપાથી જ તેમનાં દર્શન થાય, માણસની ક્ષુદ્ર શક્તિથી નહિ. પરંતુ વાદળાં આવીને સૂર્યને ઢાંકી દે તો દેખાય નહિ. તેમ અવિદ્યા યા માયા ભગવાનને દેખાવા દે નહિ. સાધના, ભજન, પ્રાર્થના વગેરેનું તોફાન એ માયામેઘને ઉડાવી દે અને પ્રભુ પ્રગટ થાય. સાધન ભજન ઈશ્વરના દર્શનનું કારણ નથી, કારણ એ તો સ્વયં પ્રકાશ છે. સાધના તો કેવળ આવરણ, વિઘ્નો દૂર હઠાવવા માટે.

૪૨. જ્ઞાન, ભકિત, પવિત્રતા, વૈરાગ્ય, આતુરતા- આ બધા ઈશ્વરીય ભાવો પ્રભુનું પોતાનું ઐશ્વર્ય, પ્રભુ જેના પર કૃપા કરવા, દર્શન દેવા ઇચ્છે તેને અગાઉથી આ બધાં દઈને શણગારે, ત્યારે સમજી શકાય કે મોહરાત્રિ વીતવા આવી છે, અરુણોદયને હવે વાર નથી. શ્રીરામકૃષ્ણની વાત તો જાણો છો કે પોતાના કોઈ પ્રજાજનની આતુર પ્રાર્થનાથી રાજા તેને ઘેર પધારવા રાજી થાય એટલે પોતાને ઉપયોગી કાંઈક સરસમાન તેને ઘેર મોકલાવી આપે. કારણ કે એ બિચારો ગરીબ માણસ, એ બધી કીંમતી ચીજો ક્યાંથી લાવી શકે ? ભગવાન તેને જ ચાહે અને તેના પર જ કૃપા કરે કે જે તેના માટે સર્વસ્વ છોડીને આતુર અંતઃકરણે તેને ઇચ્છે.

૪૩. ત્યારે ભગવાનને શું વળી પ્રિય અપ્રિય એવું છે ? જે સંસારમાં સ્ત્રી, પુત્ર, પરિવાર અને વહેવારાદિ લઈને તેને ભૂલી રહે તેના પર શું એ કૃપા

કરે નહિ, તેના ઉપર શું એ નારાજ ? નારાજ શા માટે થાય ! ભ
અભક્ત, સંન્યાસી, ગૃહી, બધાંય તેનાં સંતાન. છોકરું જ્યારે માને ભ
જઈને રમતમાં મશગૂલ રહે ત્યારેય તેના ઉપર માનો જેવો સ્નેહ હોય,
જ્યારે રમત મૂકીને, 'મા, મા' કહીને રડે અને મા બધાં કામ મૂકીને
તેડી લઈને રમાડે, ત્યારે પણ એ જ સ્નેહ. મા જાણે કે, છોકરું જ્યાં
રમવામાં પોતાને ભૂલી રહ્યું છે, ને આનંદ પામે છે, ત્યાં સુધી ભલેને
પણ જ્યારે રમત તેને ગમે નહિ, રમત છોડી દઈને માને જ ઇચ્છે, કોઈ
માને નહિ, ત્યારે મા તેને તેડીને ખોળામાં લે. એ વખતે માના ખોળ
છોકરાને જે આનંદ આવે તે કાંઈ રમતમાં આવે ? પરંતુ તે છતાંય રમત
નહિ. આને જ માયા કહે.

૧૪૪. ગમે તેટલી મેઘગર્જના યા તોફાન વૃષ્ટિ હોય, વીજળી ચમકારા કરે
કરા પડે, પણ ચાતક પક્ષી એથી ડર ન પામતાં આકાશની તરફ જો
મનની ઈચ્છા મટે ત્યાં સુધી જળ પીને જ તરસ છિપાવે. નીચે જમ
પરનાં જળાશયોનાં જળ એ કોઈ રીતે પીવાનું નહિ, પછી તરસથી તે
પ્રાણ કંઠે ભલેને આવે. એ પ્રમાણે ભગવાનનો સાચો ભક્ત તે
અંતરાત્માની તરસ મટાડવા માટે એક માત્ર ભગવાનના સામું જ જો
રહે, ભગવાન વિના બીજા કશાની યા કોઈની આશા રાખે નહિ. એ જા
કે, જે કાંઈ આવી પડે એ બધુંય તેની કૃપાનું દાન. એ ગમે તેટલું રુદ્રમુ
દેખેને, સંસારમાં ગમે તેટલાં દુઃખ, કષ્ટ, અભાવ, દારિદ્ર, વિપત્તિ, આપ
આવી પડે ને, એ કશાથીયે વિચલિત થાય નહિ. એ જાણે કે, ભગવા
મંગલમય, જે કરે એ તેના પોતાના અને બીજાના મંગળને માટે જ કરે
એટલે સંતોષથી ન રહેવાનો અર્થ ભગવાનને હેરાન કરવા અને તેન
વિરુદ્ધમાં ફરિયાદ કરવી. ભક્ત પોતાના પ્રાણ જાય તોય એ કરી શ
નહિ.

૧૪૫. ત્રિતાપદગ્ધ જીવને જે શાંતિને માર્ગે, ભગવાનની તરફ લઈ જાય એ
ગુરુ અને શિષ્યનો સંબંધ પારમાર્થિક. પિતાપુત્રભાવ સંસારી પિતા જન

દે. ગુરુ શિષ્યને પરમપદ દેખાડીને જન્મમરણથી ઉદ્ધાર કરે. પિતૃઋણ વંશ ચાલુ રાખવાથી અને શ્રાદ્ધાદિથી ફેડી શકાય પરંતુ ગુરુ અવિદ્યાથી ઉદ્ધાર કરે એટલે તેનું ઋણ ચૂકવી શકાય નહિ, સર્વસ્વ અર્પણ કરીને પણ. જેમ વંશપરંપરાથી પિતૃપુરુષોના કંઈક અને કંઈક ગુણો પુત્રપૌત્રાદિમાં આવે, તેમ ગુરુપરંપરાથીયે કંઈક ને કઈક આધ્યાત્મિક ભાવ શિષ્ય - પ્રશિષ્યમાં આવે.

૪૬. ઉતાવળા થયે વસ્તુ પ્રાપ્ત થાય નહિ. પરમાત્મા જ એક માત્ર વસ્તુ, સાર, સત્ય; બીજું બધુંયે આખો સંસારપ્રપંચ, અવસ્તુ, અસાર, ફરેબબાજી, માટે ત્યાજ્ય - આ જ્ઞાન પાકું રહેવું જોઈએ.

૪૭. ત્યારે જ 'તમે' ખરેખરા રહેશો કે જ્યારે 'તમે' રહેશો નહિ. ત્યારે જ તમારું ખરું જીવન શરૂ થવાનું કે જ્યારે 'તમારું' મરણ થશે. 'હું મર્યે મટે જંજાળ.'

૪૮. સંસાર ઉપર જ જાણે આપણું મરવું જીવવું આધાર રાખે છે એમ ધારીને તન તોડીને પોતાના સ્વાર્થ અને હક્કો રાખવા આપણે જ ઉપાધિ વહોરી લઈએ. પોતેયે અશાંતિ ભોગવીએ, અને બીજાનીયે નુકસાની યા સર્વનાશ કરતાં અચકાઈએ નહિ. રાતદિન દોડાદોડ, લૂંટફાટ, મારામારી, કાપાકાપી કરીને મરીએ. માણસો કહે છે ને કે, 'મને મરવાનીયે ફુરસદ નથી તેમ.' એવી મહામાયાની માયા. મા બેઠી બેઠી રમત જોયા કરે અને હસ્યા કરે. જેમ બિલાડીનાં બચોળિયાં કે કૂતરાંનાં કુરકુરિયાં રમતાં હોય ત્યારે એક બીજાં ભસે યા ઘુરકિયાં કાઢે, જરાતરા દાંત પણ બેસારી દે, તેમ. આપણે રમતને નકામું આટલું બધું મહત્ત્વ આપી દઈએ છીએ અને પોતાનેય તેની સાથે તરત ભેળવી દઈને એવા જકડાઈ પડીએ છીએ કે જીવશું કે મરશું એનુંય ભાન રહેતું નથી. એથી રમત ખૂબ જામે, એ ખરું, જેમ કે નટ નટીઓ તેમના ભજવવાના પાઠની સાથે પોતાને તદ્રૂપ કરી દે તો એ ખરેખરાં પાત્રો જેવાં જ લાગે- પરંતુ એ એટલા વખત પૂરતું જ.

૪૯. જગતને, જીવનને, ખેલ છે એમ જો ચોક્કસ માનીએ તો ખેલ પૂરો થઈ

જાય. સ્વપ્નમાં દેખીએ છીએ કે હસીએ છીએ, રડીએ છીએ, મોટી આપત્તિ પડીને અફાટ સાગરમાં ઘસડાયા જઈએ છીએ, વેદનાથી ઉંહ ઉંહ કરી છીએ, ડરથી બૂમ પાડી ઊઠીએ છીએ. એ અવસ્થામાં વિવેકબુદ્ધિનો લો થયો હોય છે. તે એટલે સુધી કે વિચિત્ર ઘટનાઓ પણ સ્વાભાવિક અ ખરી લાગે. પરંતુ જેવી ઊંઘ ઊડી જાય ત્યારે માણસ સ્વસ્થ થઈને બોલે 'હાશ ! માંડ છૂટયા, સારું થયું કે એ તો સ્વપ્ન હતું.' તેમ વળી કદાચ મ સ્વપ્નું દેખાયું હોય કે લૉટરીમાં આપણો નંબર લાગી ગયો ને બે લા રૂપિયા મળી ગયા ને આનંદે તો ફૂલ્યા સમાતા નથી, એવામાં અચાન સ્વપ્ન ભાંગી ગયું, જાગી ઊઠયા ત્યાં એય નિરાશાની ખાઈમાં ઝીંક ગયા. આપણું જીવન પણ તે જ પ્રમાણે એક દીર્ઘ એકધારું સ્વપ્ન નહિ બીજું શું છે ? દુઃસ્વપ્ન, સુસ્વપ્ન, આશાનિરાશા, સુખદુઃખની તાણાતા માત્ર. જયાં સુધી સ્વપ્ન દેખીએ છીએ ત્યાં સુધી એ બધું સાચું લાગ્યા ક સ્વપ્ન ભાંગે એટલે જગત સંસાર ક્યાંય ઊડી જાય; ત્યારે નિત્ય-સત્યસ્વ માત્ર રહે.

૧૫૦. ભગવાન કોઈનાય ઉપર ખીજાય શા માટે ? પોતાના ઈચ્છિત પદાર્થ પ્રાપ્તિમાં કોઈ પણ અડચણ આવે તો ક્રોધ થાય, ભગવાનને શું વળી કો ઈચ્છિત કે પ્રાપ્ય કે અપ્રાપ્ય છે ? અને એને વળી કોણ અટકાવી શકે કે વિ નાખી શકે ? એ આપણી પાસેથી કશાનીયે આશા રાખે નહિ. આપણે ઈશ્વર સ્મરીએ કે ભૂલી જઈએ તો એમાં એને કાંઈ લાભ કે નુકસાન નહિ. આપણ જ તેથી લાભ કે નુકસાન, સુખ કે દુઃખ , મંગલ કે અમંગલ.

૧૫૧. ઉપનિષદ્ કહે છે કે, ' જે એમ જાણે છે કે પોતે બ્રહ્મને જાણે છે, એ કશું જાણતો નથી. જે જાણે કે બ્રહ્મ અવાઙ્મનસગોચર, પૂર્ણજ્ઞાનસ્વરૂપ, જ્ઞાનાતીત એ જ તેને બરાબર જાણે છે. ત્યારે એ બ્રહ્મ થઇ જાય. જ્ઞાતાને તે કોણ જાણ શકે ? જાણીએ તો તો જ્ઞાતા જ્ઞેય થઈ જાય, સીમિત થઈ જાય. જે કાં સીમાબદ્ધ, જે કાંઈ દેશકાલનિમિત્તને અધીન, જેને કાર્યકારણ સંબંધ છે તેને ઉત્પત્તિવિનાશ છે, દોષગુણ છે, એ કદી પણ મુકિત યા પૂર્ણતા આપ

શકે નહિ. એવાને જાણીને કે તેની ઉપાસના કરીને યા તેને પામીને શું ફાયદો ?

૧૫૨. બ્રહ્મ (ઈશ્વર) સત્ય, જ્ઞાન ને આનંદ સ્વરૂપ, અનંત સ્વરૂપ. એ બધા તેના ગુણ નથી. પણ તેની સત્તા, તેનું સ્વરૂપ. ગુણો વસ્તુને સીમાબદ્ધ કરે, ગુણો નિત્ય ન હોય, કારણ કે ગુણોની ક્ષયવૃદ્ધિ છે. તેથી ઈશ્વર ગુણાતીત, સર્વાતીત, તેને વિષે ' નેતિ નેતિ' માત્ર કહી શકાય. તેનો પૂર્ણરૂપે અનુભવ થયે એય કહી શકાય નહિ, કારણ ત્યારે દ્વૈતભાવનો લોપ થાય. ત્યારે કોણ બોલે ! પરંતુ સાકાર રૂપે એ અનંત ગુણોનો આધાર.

૧૫૩. ' બ્રહ્મ જો એકમેવાદ્વિતીયમ્ હોય તો તેનામાં માયા ક્યાંથી આવી અને શા માટે આવી ?' એ પ્રશ્ન પૂછવાનો કશો અર્થ નથી. કારણ એ પ્રશ્નનો ઉત્તર માયાની અંદર રહીને કદીયે દઈ શકાય નહિ. અને માયાથી પાર ગયે કોણ એ પ્રશ્ન કરે ? તેની પાસે, ત્યારે માયા નામની કોઈ ચીજનું અસ્તિત્વ જ હોય નહિ. ત્યારે દ્રષ્ટાદશ્યનો નાશ થઈને એકપણાનો જ અનુભવ થાય. અર્થાત્ એ ત્યારે અનુભવ કરે કે એક માત્ર બ્રહ્મ ત્રણે કાળ (ભૂત, ભવિષ્ય, વર્તમાન) માં સરખે ભાવે સ્વસ્વરૂપે પ્રતિષ્ઠિત છે. તેમાં કદીય માયાએ સ્પર્શ કર્યો નથી, દ્વૈતબોધ એ કેવળ ભ્રમ માત્ર, અને હું જ એ બ્રહ્મ.

૧૫૪. જે ગુરુના ઉપદેશમાં નિષ્કપટ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને એ ઉપદેશનું યથાર્થ રીતે અંતઃકરણપૂર્વક પાલન કરવાનો પ્રયાસ કરે અને ગુરુની પ્રીતિને માટે તેમની સેવાપરાયણ થાય, એ જ શિષ્ય. ગુરુને સાધારણ માણસ માનવા નહિ. તેને સાક્ષાત્ ઈશ્વર સમજીને સંપૂર્ણ હૃદયપૂર્વક ચાહવાથી અને તેની ભક્તિ કરવાથી આત્મમાર્ગમાં જલ્દી ઉન્નતિ થાય અને સિદ્ધિ મળે. સદ્ગુરુ જ હૃદયમાં રહેલા પરમગુરુ (ઇષ્ટ) ની સાથે મિલન કરાવી આપે. તેની દ્વારા જ આધ્યાત્મિક ધારા શિષ્યમાં પ્રવાહિત થાય : એટલે સુધી કે, ગુરુકૃપાથી સમસ્ત ઇચ્છિત પદાર્થો મળે. પરંતુ શિષ્યનેય એ પ્રમાણેના યોગ્ય અધિકારી થવું જોઈએ. કાયા, મન, વાણીની પવિત્રતા, જ્ઞાન, ભક્તિ, મુક્તિ માટેની તીવ્ર વ્યાકુળતા, વિષયોમાં વિતૃષ્ણા, અદમ્ય ઉત્સાહ

જોઈએ. ગુરુ પણ શાસ્ત્રમર્મજ્ઞ, પાપરહિત અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. ગુરુ ભોગેચ્છારહિત, નિઃસ્વાર્થ, પરહિતમાં તત્પર હોય, સર્વ જીવો તેમની દયા પ્રેમ સમભાવે હોય.

૧૫૫. પિતા અને ગુરુ, પુત્ર અને શિષ્યની પાસે પરાજયની આશા રા (પુત્રાદિચ્છેત્પરાજયમ્) એટલે કે મારો શિષ્ય મારા કરતાંય ખૂબ મોટો થા ઉન્નત થાય, માનપાન મેળવે, એવી ઇચ્છા અંતરથી રાખે. બાપ પુત્રની પાસેથી ભવિષ્યમાં કેટલીય બાબતોમાં આશા રાખે. પરંતુ ગુ શિષ્યની પાસેથી પોતાને માટે કશાનીયે આશા રાખે નહિ. તેનું કામ, તે સ્વભાવ જ છે કે માત્ર આપ્યે જવું. સ્વામીજી (વિવેકાનંદ) અમને કહેતા 'તમે એકે એક જણ વિવેકાનંદથીએ મોટા થવા જોઈએ. તો હું ખૂબ રા થાઉં અને મારું પૃથ્વી પર આવવું સાર્થક માનું.'

૧૫૬. મડદા ઉપર તલવારનો ઘા માર્યે તેને જરાય લાગે નહિ. શરીરને જો શ કરી શકાય, અર્થાત્ દેહ પરના આત્મબોધનો જો નાશ કરી શકાય, તો પ સંસારના ગમે તેટલા તીવ્ર આઘાતો તેના પર પડે ને, તેને કાંઈ કરી શ નહિ, એ પ્રકારનો માણસ જ નિર્વિકાર, જીવન્મુક્ત, તેની પાસે સંસા અને સ્મશાન, જીવન મૃત્યુ બેય સરખાં.

૧૫૭. આ શરીર પરની આસક્તિ જ, દેહાત્મબુદ્ધિ જ સર્વ અનર્થોનું મૂળ એમાંથી જ બધી બીક, ભૂલચૂક, અને અધર્મની ઉત્પત્તિ થાય, શરીર રક્ષણ માટે પ્રાણ ટકાવવા માટે એવું પાપ નથી કે જે લોકો ન કરે – ચોરી લુચ્ચાઈ, લોકોની ખાનાખરાબી, અને હત્યા સુદ્ધાં, કામિનીકાંચન જ તેમન એક માત્ર ઉપાસ્ય દેવતા. શરીરના રક્ષણની આશાએ એ મૃત્યુને જ ભેટે, હર ઘડીએ તેને મૃત્યુનો ભય લાગે. પરંતુ જે મહાપુરુષો દેહબુદ્ધિનો ત્યાગ કરી શકયા છે, એ એક સામાન્ય જાનવરના માટે પણ ખંચાયા વિના પોતાનું જીવન અર્પવા તૈયાર થઈ જાય, દેહ તો તેની પાસે કશુંય નહિ, અતિ તુચ્છ વસ્તુ. માણસો બે શ્રેણીના, પશુમાનવ અને દેવમાનવ, દેહી અને વિદેહી. દેહબદ્ધ જીવ પશુમાનવ; વિદેહી પુરુષ દેવમાનવ.

૫૮. સમસ્ત કર્મોનું ફળાફળ ભગવાનને અર્પણ કરવું જોઈએ, સારુંનરસું બધું. પુણ્યાદિ સારાં કર્મો પોતે કરીએ છીએ એમ માનીને ગૌરવ લઈએ, અને તેનાં ફળ બધાં પોતાના સુખભોગને માટે રાખીએ, અને પાપાદિ નરસાં કર્મો કે જેનાથી દુઃખ ભોગવવાં પડે એ બધાં ઈશ્વરેચ્છાથી થાય છે, ઈશ્વરે જેમ કરાવ્યું છે તેમ કર્યું છે એમ કહીને એ બધાંનાં ફળ તેમને આપીએ, તેને જવાબદાર કરીએ; એમ ચાલતું નથી. જે પોતાને માટે કશુંય ન રાખે, પોતાનો જરાય વિચાર ન કરતાં ભગવાનને જ બધું અર્પણ કરે, તેને જ, ભગવાન બધું આપે.

૫૯. જે શબ્દ યા નામ સંસારના મનનમાંથી, અવિદ્યામાંથી મનનો ઉદ્ધાર કરે, એને જ મંત્ર કહે, મનનાત્ ત્રાયતે સ મન્ત્રઃ।

૬૦. પાતંજલ દર્શનમાં અવિદ્યાની વ્યાખ્યા આ પ્રમાણે છે : અનિત્યમાં એટલે કે સંસારમાં નિત્યત્વની ભાવના, અશુચિમાં એટલે કે શરીરાદિમાં શુચિ એટલે પવિત્રતાની ભાવના, દુઃખરૂપ (વિષયભોગાદિ)માં સુખની ભાવના, અનાત્મવસ્તુમાં આત્મભાવના એટલે કે સ્ત્રીપુત્રાદિ જે કોઈ પોતાનાં નથી તેઓને પોતાનાં માનવાં. અવિદ્યા છે અનાદિ, એટલે કે ક્યારે એનો પ્રારંભ થયો છે એ નિર્ણય કરી શકાતો નથી એવી, અને જગતરૂપે તેની નિવૃત્તિ નથી એવી છે; કારણ પ્રલયકાળેય એ બીજરૂપે રહે છે અને વળી સૃષ્ટિને સમયે એ પ્રકટ થાય છે. જ્ઞાન પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મનુષ્ય વારંવાર મૃત્યુને અધીન થઈ પોતપોતાના ભાવ અને કર્મ અનુસાર મનુષ્ય કે પશુપક્ષી આદિ યોનિઓમાં જુદી જુદી જાતનાં દુઃખો ભોગવે.

૬૧. તો પછી શું મુક્તિનો પ્રયાસ કરવો એ નકામો ? ના. કારણ અવિદ્યા અમુક એક ખાસ વ્યક્તિને માટે સાન્ત (અંતવાળી) અર્થાત્ જ્યારે ખૂબ હેરાનગતિ ભોગવીને જીવમાં વિવેક વૈરાગ્યનો ઉદય થાય અને તે ભગવાનનો શરણાપન્ન થાય, ત્યારે તેને પ્રભુકૃપાથી જ્ઞાનપ્રાપ્તિ થાય ને અવિદ્યા સંપૂર્ણ નાશ પામે. તેથી પરમકારુણિક ભગવાને ગીતામાં વારેવારે કહ્યું છે કે, 'આ અનિત્ય દુઃખમય સંસારમાં આવીને એક માત્ર મારું જ ભજન કર,

મારું શરણ લે, હું તને સર્વ પાપોથી મુકત કરીશ, તને દુસ્તર જન્મમૃત્યુ
સંસારસાગર પાર કરાવીને આનંદધામે લઇ જઈશ.'

૧૬૨. આજકાલ આ જે બધા શિષ્યો થવા આવ્યા છે તે બધા, 'લાવીને દી
તો બેઠો બેઠો ખાઉં, મોઢામાં મૂકો તો ગળે ઉતારી જાઉં.' એ જાતનાઓનું
ટોળું . કોઈ જહેમત ઉઠાવવા માગે નહિ, પોલ કાતરીને કામ કાઢી લે
માગે, ખાસ કરીને આધ્યાત્મિક બાબતમાં તેઓની મતલબ એવી કે,
એટલી બધી મહેનત કરીને સાધના બાધના કરવાનું આપણને પોસ
નહિ, બધું તમે જ કરી દીઓ તો બને ! કેટલાક દિવસ યા બહુ તો થો
મહિના સુધી રોજ એકાદો કલાક આંખો મીંચીને બેસી રહીને પછી કહે
'મારાથી તો કાંઈ થતું નથી. મન સ્થિર કરી શકતો નથી, જરાય આ
વધતો હોઉં એમ લાગતું નથી,' વગેરે. સ્વામી વિવેકાનંદ કહેતા કે ' એ
ભગવાન તે શું કાંઈ શાકભાજી છે કે શું ? – કે આ દોઢિયાં ફેક્યાં ને વેચા
લીધો ?' ઝટ ફળ તરફ એટલી બધી શાની નજર ? સાધના કર્યે જા
સમયે ફળ એની મેળે મળશે, સંસારના માણસો માટે મજૂરી કરવાથી, તે
મજૂરી દે; અને ભગવાનના માટે મહેનત કરનારને એ નહિ દેવાનો
શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા, અનુરાગ જોઈએ, ખંત જોઈએ. બીજ વાવતાં
સાથે શું ઝાડ ઊગીને તેમાં ફળ આવે કે ? તેની પાછળ કેટલી મહેનત ક
જોઈએ, પાછળ લાગી રહેવું જોઈએ, ત્યારે યોગ્ય સમયે પાક ઊતરે.

૧૬૩. એવું જોવામાં આવે કે ઘણાયને, દીક્ષા લીધા પછી થોડાક દિવસ
ખૂબ મન દઈને જપ ધ્યાન ચાલે અને મજાનો આનંદ આવે. ત્યાર પછી
ભાવ ધીમે ધીમે યા અચાનક ચાલ્યો જાય, અને કોઈ રીતે જપ કરવાનું
ધ્યાનમાં બેસવાનું ગમે નહિ, હૃદય જાણે ખાલીખાલી લાગે, પોતે જાણે
નિરાધાર, અસહાય હોય એમ લાગે. એવું થાય ત્યારે ડરવાનું યા નિરા
થવાનું કશુંય કારણ નથી. બધી વસ્તુઓમાં ચડ-ઊતર, ભરતી ઓટ રહે
જ છે, મિલન અને વિરહ રહેલાં જ છે. સાધકના મનને આશા નિરાશ
પ્રકાશ અંધકાર પ્રસંગોપાત્ત ઢાંકી દે. પણ જેના અંતરમાં ભગવાન

આત્મપ્રાપ્તિની તીવ્ર આકાંક્ષા જાગી છે, તેનામાં તો એ પ્રકારે થવાથી આતુરતા વધે, એ આતુર થઈને રડે, કૃપાની યાચના કરે, સ્થિર રહી શકે નહિ. ત્યારે પ્રભુકૃપાથી એ વળી બમણા ઉત્સાહથી જપ ધ્યાનમાં લાગી જાય અને અગાઉના કરતાં ઘણોય વધુ આગળ નીકળી જાય અને આનંદ પામે.

૬૪. બીજી એક જાતના લોકો છે કે જેમનો નવો અનુરાગ ક્રમે ક્રમે ક્ષીણ થતો જાય; મનનું એ તેજ અને બળ રહે નહિ. તેમને ધર્મસાધના એક routine રોજિંદા કાર્યક્રમ જેવી યંત્રવત્ થઈ જાય, રોજિંદી પૂજાની પેઠે કે વેઠની પેઠે. યા લોકલજ્જાએ કરાતા નિયમ પાલનની પેઠે તેઓ એ બધાં માત્ર કર્યે જ જાય, વરસોનાં વરસો સુધી. અથવા તો એ બાબત જ આખી ઉડાવી દીએ. ઘરસંસારનાં કામકાજ, વખતનો અભાવ, યા તબિયત બરાબર નથી વગેરે બહાનાં દઈ મનને છેતરે. એવું થાય તો સમજવું કે તેઓએ એક તત્પૂરતી ઊર્મિને વશ થઈને, કે સંસારમાં કોઈ અમુક ધક્કો ખાઈને કે શોક કે નિરાશા મળવાથી ક્ષણિક વૈરાગ્યની પ્રેરણાથી, અથવા કોઈ અમુક સ્વાર્થ સિદ્ધ કરવાની આશાથી દીક્ષા લીધી હતી, યા સંસાર ત્યાગ કર્યો હતો. તેવાની પાસેથી કશાની આશા રાખી શકાય નહિ.

૬૫. ઘણાય કહે કે, ' ગુરુએ દીક્ષા આપી, એટલે એણે આપણાં બધાંય પાપનો ભાર લઈ લીધો છે, આપણે બીજું કશું કરવાનું કે ચિંતા કરવાનું કાંઈ જ નથી, તેમની કૃપાથી જ બધું થઈ જશે. પણ પાપનો ભાર દેવો કે લેવો એ તેઓ ધારે છે તેટલું સહેલું નથી. તો તો પછી ચિંતા જ શી હતી ! સહુ કોઈ અનાયાસે પાપમુકત થઈ જાત. પાપનો ભાર જો ગુરુને યા ભગવાનને દેવો હોય તો સાથે સાથે પુણ્યનો ભાર પણ દેવો પડે. માત્ર દુ:ખભોગનો ભાગ ગુરુને દઈ દેવો અને સુખભોગનો ભાગ પોતાને માટે રાખવો ! એ તમારું દેવાનુંય કાંઈ બરાબર કહેવાય નહિ અને ગુરુનુંય એ લેવાનું બને નહિ . અને વળી પાપનો ભાર મૂકી દઈને કોઈ જ્યારે નિષ્પાપ થાય ત્યારે પછી તેનાથી બીજું કશું પાપકર્મ કરવાનું જ બને નહિ. જો પછીયે પહેલાંની પેઠે પાપ યા કુપ્રવૃત્તિ રહે, જો દીક્ષા લઈનેય નવજીવનની પ્રાપ્તિ

ન થાય તો સમજવું કે, દીક્ષાને સમયે પાપો બધાં ઠાકુર શ્રીરામકૃષ્ણ
ગમ્મત-કથાની પેઠે- ગંગાસ્નાન કરતી વખતે શરીરમાંથી નીકળી જઈને
ઝાડ પર ચડીને બેસી રહે, ગંગામાંથી નાહીને બહાર નીકળતાંવેત
પાછાં ખાંધે ચડી બેસે,– એમ થાય. બીજું શું ?

૧૬૬. અને બીજી એક વાત. ગુરુની ઉપર અગર છાંટોભાર પણ પ્રેમ, શ્રદ્ધા
ભક્તિ હોય તો શું પોતાનો બધો ગંદવાડ ને મેલ લઈને એમના
નાખીને એમને દુઃખ ને ત્રાસ ભોગવવાનું કયે હૈયે બને? ગુરુ તે શું તમ
અંતરનો મેલ ને કચરો નાખવા માટેની કચરાની ગાડી છે શું ? જેમનામાં
પ્રેમભક્તિ ન હોય, જેઓ ઘોર વિષયી, સ્વાર્થી, તેમને જ એવી હીણી બુ
થાય. એવા તો શિષ્ય કહેવડાવવાનેય યોગ્ય નથી. અને જેમનામાં ગુ
પ્રત્યે ગાઢ શ્રદ્ધા અને પ્રેમ છે, તેઓ એવા ભયથી પાપકર્મ કરી શકે નહિ
પાછું ગુરુને ભોગવવું પડશે. હા, એવા શિષ્યના પાપનો ભાર ગુરુ
ખરું કહેતાં તો ભગવાન જ ગુરુરૂપે શિષ્યનો ભાર લે ને તેનો ઉદ્ધાર કરે

૧૬૭. તેમ છતાંય શિષ્યનાં કંઈક પાપ ગુરુમાં આવે એ વાત તો ખરી. કારણ
ઘણે ભાગે જોવામાં આવે છે કે, વગર વિચાર્યે અનેક માણસોને મંત્રદી
દેવાથી સદ્‌ગુરુના નિષ્પાપ શરીરમાંય કઠિન રોગ પેસીને તેમના આયુષ્ય
ક્ષય કરે. સ્વાર્થહીન, પરમ કરુણાળુ સદ્‌ગુરુ જાણી જોઈને બીજાના હિત
ખાતર તેમને, ભગવાનની તરફ લઈ જવાની પ્રેરણાથી પોતાના શરીર
પણ પરવા ન કરે, શિષ્યોના કલ્યાણ સારુ પોતાનું જીવન તલ તલ કરી
હોમ્યે જાય. અવતારો બીજાનાં પાપોનો ભાર લે, એમનેય એટલા સા
રોગ ભોગવવા જ પડે. પરમહંસદેવ કહેતા કે, 'ગિરીશનાં પાપ લઈ
મારા શરીરમાં આ રોગ (cancer - કેન્સર) આવ્યો છે.'

૧૬૮. શરીર તો તુચ્છ વાત. સદ્‌ગુરુ તો પોતાની જીવન આખાની કઠોર તપસ્
દ્વારા મળેલી અમૂલ્ય પારમાર્થિક સંપત્તિયે શિષ્યને સંકોચ વિના, બદલાની
કશીયે આશા વિના, સંપૂર્ણપણે આપી દે. શિષ્ય જો શુદ્ધચિત્ત અને યથા
ભગવત્પ્રેમી હોય તો ગુરુની આધ્યાત્મિક શક્તિનો સંચાર હૃદયમાં અનુભવ

એ પ્રકારે કે એમાં એવાં ભય અને ચિંતાને અવકાશ જ નહિ, કારણ કે સાધનાથી સિદ્ધિ અનિવાર્ય. ભગવાનને પામવા સારુ જો કોઈ બીજાં કામ છોડી 'મંત્રં સાધયામિ કિંવા દેહં પાતયામિ ' એવી પ્રતિજ્ઞા કરીને એકધારો થઈને લાગી રહે તો ઈશ્વર જરૂર દર્શન દે, અને એવી અમૂલ્ય સંપત્તિથી ધનવાન બનાવે કે જેની પાસે સમસ્ત જગતની ધનસંપત્તિ, સુખ અને વિલાસની સામગ્રી તુચ્છ થઈ પડે. એ મૃત્યુ ઓળંગીને અમૃતત્વનો અધિકારી થાય.

૧૭૫. મહારાજ (સ્વામી બ્રહ્માનંદજી) કહેતા કે, 'દીક્ષા લઈને થોડાક દિવસ જપ ધ્યાન કરીને શિષ્યો જ્યારે આવીને મને કહે કે ' કશુંય થતું નથી, મનને કોઈ રીતે વશ કરી શકાતું નથી, જરાય શાંતિ કે આનંદ આવતો નથી;' ત્યારે હું કશોય ઉત્તર આપું નહિ. તેમની વાતને કાન જ દઉં નહિ. ત્યાર પછી બે ત્રણ વરસ પછી તેઓ પોતે જ કહે કે , ' આટલા દિવસે હવે કંઈક ઉન્નતિ થાય છે એમ લાગે છે, કંઈક આનંદ અને શાન્તિ લાગે છે.' એટલા માટે હું તમને કહું છું કે બે ત્રણ વરસ એક સરખો પુરુષાર્થ કરીને નિરંતર સાધન ભજન કર્યે જાઓ, તો આનંદ મળશે. તમારે લોકોને કાંઈ કરવું નહિ, કામમાં ગાપચી મારીને સિદ્ધ થવા માગો. આ ઘેલછા નહિ તો બીજું શું?'

૧૭૬. શ્રીશ્રીમા છોકરાઓ (શિષ્યો) ના પજવવાથી હેરાન થઈ જતાં. એ કહેતાં કે, એ વખતે (શ્રીરામકૃષ્ણની હયાતી વખતે) કેવા બધા ભકતો હતા ! અત્યારે તો જેઓ આવે છે, તેઓ કેવળ એમ જ કહ્યા કરે, 'ઠાકુરનાં દર્શન કરાવી દો,' 'એમનાં દર્શન કેમ થતાં નથી ?' ' તમે ધારો તો કરાવી શકો.' કેટલા યોગી ઋષિ યુગયુગાન્તરથી તપસ્યા કરી પામ્યા નહિ, અને આ લોકોને ફટ દઈને બધું થઈ જવું જોઈએ ! સાધના નહિ, ભજન નહિ, તપસ્યા નહિ, બસ હમણાં જ દેખાડી દીઓ ! કેટલા જન્મોથી, કોણ જાણે કેવાં કેવાં કર્મો કર્યે આવ્યા છે, એ બધાં ક્રમે ક્રમે કપાય ત્યારે ને? આ જન્મે ન થાય તો પછીને જન્મે થશે, કે એની પછીના જન્મે થશે, પરંતુ પ્રયાસ કરવાથી કયારેક થશે ને થશે જ. ભગવત્પ્રાપ્તિ એટલી બધી સહેલી છે કે

શું ? પરંતુ આ વખતે, શ્રીરામકૃષ્ણે સાવ સીધો માર્ગ બતાવેલો છે, એ ખ
ઘરસંસાર કરે, અને વરસે વરસે છોકરા છોકરીના બાપ થાય, અને પા
કહેશે કે ભગવાનનાં દર્શન કેમ થતાં નથી ! ઠાકુર શ્રીરામકૃષ્ણની પા
બૈરાંઓ જતાં, ને કહેતાં કે, 'કેમ ઈશ્વરમાં મન નહિ જતું હોય ? મ
સ્થિર થતું નથી ! ' એવું બધું. ઠાકુર એમને કહેતા કે ' અરે, શરીરમાં
હજી દુર્ગંધ ગઈ નથી. પહેલાં સડેલી ગંધ તો નીકળતી બંધ થાય ! અત્યાર
શી ઉતાવળ છે ! પછી ધીમે ધીમે થશે. આ જન્મે આટલો પરિચય થયો
આવતે જન્મે દર્શનાદિ અનુભવ થશે,' સ્વપ્ન વગેરેમાં કદાચ દર્શન થાય
અત્યારે હવે ઠાકુરને આ આંખોથી જોવા, એ પોતે દેહ ધરીને દર્શન દે. એ
કેટલાકને થાય ? એ તો બહુ, બહુ મહાન ભાગ્યની વાત.'

૧૭૭. ઠાકુર કહેતા હતા કે, હું સોળે સરાવી ચૂક્યો છું. તમે એક તો ક
બતાવો, તોય ઘણું. ભગવત્પ્રાપ્તિને માટે ઠાકુરે જે અલૌકિક તીવ્ર સાધના
કરી હતી, તેનો સોમો અંશેય માણસથી થવો અશકય. છતાં એ જે એક ક
બતાવવાનું કહી ગયા છે એ તો કરવું જોઈએ ને ! સોળ સરાવવાનો પ્રય
કરતાં જો માંડ એકાદું સરાવાય તોય ઘણું ! ભગવાનની તરફ એક પગ
આગળ વધ્યે એ દસ પગલાં આગળ આવે, બાકી બીજું બધું એ જ ક
લેશે. એ જ તેમની કૃપા.

૧૭૮. ' અહિંસા પરમો ધર્મ : ' ઉત્તમ વાત. પરંતુ કેવળ મોઢેથી શબ્દો
બોલ્યે જ અહિંસક ન થઈ જવાય, અથવા કેવળ જીવડાં ન માર્યે
અહિંસક ન થઈ જવાય. એ અહિંસા યથાર્થ ત્યારે થાય કે જ્યારે સર્વભૂત
ઈશ્વરદર્શન અર્થાત્ આત્માનુભવ થાય. જીવન ધારણનો અર્થ જ હરઘડી
જાણતાં યા અજાણતાં, દેખાતાં યા ન દેખાતાં અસંખ્ય જીવોનો ના
અથવા નુકસાન. એટલે જાણી જોઈને જેટલી હિંસા યા નિષ્ઠુરતા યા બીજા
બૂરું કર્યા વિના રહી શકાય એટલું સારું, અહિંસાની તાલીમ લેવાથી સર્વભૂ
પર પ્રેમ થાય, ક્ષુદ્ર અહં યા સ્વાર્થબુદ્ધિ દૂર થાય, શત્રુમિત્રમાં ભેદ ન રહે
પરિણામે ચિત્ત શુદ્ધ અને નિર્મળ થાય અને એવાં શુદ્ધ મનમાં ભગવાન

અનુભવ થાય.

ઠાકુર કહેતા હતા કે, ' ધ્યાન કરવું ખૂણામાં, વનમાં કે મનમાં.'
તેનાથી મન સહેજે એકાગ્ર થાય, ' ખૂણામાં' એટલે કે ઘરમાં એક બાજુએ,
એકાંતમાં ધર્મકાર્ય, જપ ધ્યાન એ બધાં એકાંતમાં કરવાનાં છે. વધુ પડતી
જાહેરાત થતાં અનેક અડચણો, વિઘ્નો ઊભાં થાય, પોતાનો અંદરનો
ઈશ્વરીય ભાવ ગુપ્ત રાખવો જોઈએ, ભાવનો અંકુર ઊગતાં ન ઊગતાંમાં
જ એકદમ આવેશથી બહાર પ્રગટ થઈ જતાં ભાવ બંધ થઈ જાય. પોતાનાં
ભાવ ભક્તિ જેટલે અંશે અંદર છુપાવી રાખી શકાય, તેટલાં પાકાં થાય,
વૃદ્ધિ પામે, શક્તિશાળી થાય. સત્ત્વગુણી સાધક એટલા માટે એકલો
અંધકારમાં યા મધ્યરાત્રે, મચ્છરદાનીની અંદર ધ્યાન જપ કરે, કે જેથી
કોઈ જાણી ન શકે.

'વનમાં' એટલે કે લોકોના કોલાહલથી દૂર, નિર્જન સ્થળે- જેમ કે હિમાલય
પર્વતમાં, યા ગંગા આદિ પવિત્ર નદીતીરે, અથવા સ્વાસ્થ્યવર્ધક અને
પવિત્ર હવાપાણીવાળાં સૃષ્ટિસૌંદર્યની વચ્ચે. એવું સ્થાન જ, યોગીઓ
સાધનાને અનુકૂળ ગણીને, શોધી કાઢે કે જ્યાં પ્રલોભનો, કામિનીકાંચનનો
સંસર્ગ ન હોય. વનમાં જઈનેયે અગર સંસારનું ચિંતવન ચાલે તો તો પછી
એ વન વન રહ્યું નહિ, સંસારને જ સાથે લઈ જવા જેવું થયું. મનને સ્થિર
અને એકાગ્ર કરી શકવાથી બહારનું કશુંય તેને ચંચળ કરી શકે નહિ. એવા
યોગીની પાસે આ સંસારની બજાર પણ વન થઈ જાય. બજારની ગરબડની
વચ્ચે પણ એ વનની નીરવતાનો અનુભવ કરે.

'મનમાં ' જે ધ્યાન કહ્યું એ જ ખરી વસ્તુ. ગમે ત્યાં ધ્યાન કરોને, મનમાં
એટલે કે હૃદયમાં, અંતરનાય અંતરમાં, ઈષ્ટ દેવની પ્રતિષ્ઠા કરીને તેમનામાં
જ સમગ્ર મન યા અહંભાવને એકાગ્ર કરવાને માટે ઇંદ્રિયોને કાબૂમાં રાખીને
પોતાની બધી શક્તિનો ઉપયોગ કરવો. એ પ્રમાણે નિરંતર પ્રયાસ કરતાં
કરતાં અંતરમાં મહાશક્તિનું સ્ફુરણ થાય, અને એની દ્વારા ભગવાનના
સ્વરૂપની પ્રાપ્તિ થાય. મન જેટલું જુદી જુદી બાજુએ ફેલાઈ પડે તેટલો તેની

શક્તિનો હ્રાસ થાય, અને એ દુર્બળ અને નિસ્તેજ થઈ પડે. તેનાથ
મહાન કાર્ય સિદ્ધ થાય નહિ.

૧૮૨. ધ્યાન કરવા બેસવું, તો અંધકારમાં બેસવું, આંખો બંધ રાખવી,
ખૂલ્લી રાખવી કે જેથી ઓરડામાં હવા ગોંધાઈ ન રહે. વસ્ત્રો ઢીલાં રા
શ્રીરામકૃષ્ણ તેમના કોઈ કોઈ અંતરંગ ત્યાગી ભક્તને વિનાવસ્ત્ર
ધ્યાન કરવાનું કહેતા, શિશુભાવ અને બંધન- મુક્તિનો ભાવ લા
માટે.

૧૮૩. ધ્યાનને વખતે ઈષ્ટના સ્થાનરૂપ હૃદયને જે રૂપે કલ્પવાનું તમને
રીતે કલ્પી શકો. જેમ કે હૃદય આસન, હૃદય કમલ, હૃદયગુહા, હૃદય
હૃદયઆકાશ, હૃદયકોષ, હૃદયકેન્દ્ર, હૃદયનિકેતન, હૃદયકુટિર, હૃદ
હૃદયસિંહાસન, એ ઉપરાંત જેટલી કલ્પનાઓ ભકતના મનમાં ઉદય
શકે તે બધી રૂપે કલ્પી શકાય. હૃદયનો અર્થ છે અંતરનું સૌથી વધુ
સ્થાન, કે જ્યાં પોતાની પ્રિયમૂર્તિને રાખવાનું મન થાય. હૃદયમાં
કરી ન શકાય તો પહેલાં પહેલાં ઈષ્ટદેવતાને ચિત્રમાં યા મૂર્તિમાં
રાખીનેય ધ્યાન કરી શકાય, પરંતુ એ બાહ્ય.

૧૮૪. ધ્યાન માટેનો ઉત્તમ સમય - (૧) દિવસ ને રાત્રિની સંધિક્ષણ
બરાબર સવારમાં અને સંધ્યાકાળે; (૨) બ્રાહ્મમુહૂર્તમાં, એટલે કે રા
આખર ભાગમાં, સૂર્યોદયથી બે કલાક પહેલાં; (૩) ગાઢ નિશામાં. અ
વખતે પ્રકૃતિ સ્થિર, શાંત અને ગંભીર હોય, અને એ બધા વખતે સા
રીતે, મેરૂદંડની અંદર જે સુષુમ્ણા નાડી છે એ કામ કરતી થાય અને પ
શ્વાસોચ્છ્વાસ બન્ને નાકે ચાલે. સાધારણ રીતે, સુષુમ્ણાની બે બાજુ
ઈડા અને પિંગલા નાડીઓ છે તેઓમાંથી એકની ક્રિયા ચાલે અને
નાકે અથવા ડાબા નાકે શ્વાસોચ્છ્વાસ ચાલે, તેથી મનની સ્થિતિ
રહે, કેટલાય યોગીઓ, એટલા માટે ધ્યાન રાખે કે ક્યારે સુષુમ્ણાની
ચાલે છે, અને એ ખબર પડતાં જ બીજાં બધાં કામ છોડીને ધ્યાનમાં

૧૮૫. સાધકને કોઈક કોઈક વખતે એવું થાય કે મન જાણે રગશિયા ગા

શકે. શ્રદ્ધા અને વિશ્વાસની સાથે ગુરુએ બતાવેલ સાધનામાર્ગે શિષ્ય જેમ
જેમ આગળ વધે અને તેનું ચિત્ત જેમ જેમ નિર્મળ થાય, તેમ તેમ એ
ગુરુશક્તિનો ખેલ અને તેની કૃપાનો હૃદયમાં અનુભવ કરી શકે. ગુરુકૃપા
અને શિષ્યના તનતોડ પરિશ્રમના ફળરૂપે સિદ્ધિ મળે.

. માનવજીવનનો ઉદ્દેશ ભગવદ્દર્શન એ કદીય ભૂલતા નહિ. પશુઓની
પેઠે આહાર, નિદ્રા અને ઈંદ્રિયસુખ માટેની પ્રવૃત્તિમાં, અમસ્તા ગામગપાટા,
પરચર્ચા અને નકામાં કામકાજમાં આયુષ્ય ગાળ્યે તમારું જીવન વૃથા જવાનું
અને પરિણામે દુઃખનો ભોગ જ કપાળમાં રહેવાનો. માટે જ્યાં સુધી તમારાં
શરીર અને મનમાં શક્તિ છે, ત્યાં સુધી સમસ્ત શક્તિ લગાડીને ભગવાનને
મેળવવા સાધનામાં લાગી જાઓ, પુરુષાર્થને કોઈ રીતે ઢીલો પડવા દેતા
નહિ. પછી થઈ રહેશે અથવા ભગવાનની જ્યારે ઇચ્છા કે કૃપા થશે ત્યારે
થવાનું, એમ કહેવું એ બધી નમાલા આળસુઓની વાતો, કે જેમની કશું
કરવાની આંતરિક ઈચ્છા નહિ. એવાઓનું કોઈદિ' કાંઈ વળવાનું નથી.

૦. સોળથી ત્રીસ સુધીનાં વરસો જ જિંદગીનો સૌથી ઉત્તમમાં ઉત્તમ સમય.
એ વખતે શરીરમાં પૂર્ણ ક્રિયાશક્તિ હોય અને મનમાં ઉત્સાહ, ઉદ્યમ,
સાહસ, આત્મશ્રદ્ધા, દઢ સંકલ્પ અને ઈચ્છાશક્તિ આદિ ધ્યેય પ્રાપ્તિને માટે
ઉપયોગી ગુણો બધા એની મેળે જ રહેલા હોય. તમે શું એમ ધારો છો કે
જીવનનો આ અમૂલ્ય સમય વૃથા કામોમાં બગાડીને પછી વૃદ્ધાવસ્થામાં
સાધનભજનમાં મન પરોવવાના ? એ આશા ખોટી. એ પોતાની જાતની
છેતરપિંડી માત્ર. એ વખતે ભલેને મનમાં ઈચ્છા હોય તોય, તમે જોશો કે
શરીરથી બનશે નહિ. તરેહ તરેહના કઠણ રોગો ઘર કરી બેસવાના, રોગોની
વેદનાથી અસ્થિર થવાના, એક જરાક જેટલા પરિશ્રમથીયે થાકી જઈને ઝૂકી
પડવાના, આળસ અને તંદ્રા આવવાની. ત્યારે પછી શરીર નકામું, અસહાય
અને પરાધીન તથા જીવને બોજારૂપ થઈ પડશે. અને શરીર જો કંઈક અંશે
સબળ રહે તોય આખી જિંદગીના સંસારના સંસ્કાર અને સ્ત્રીપુત્ર પૌત્રાદિ
ઉપરની માયા એવા દઢભાવે તમને બાંધે કે ભગવાનનું ચિંતવન અને તેને

પામવા માટે અંતરના પ્રયાસમાં મન લાગવાનું જ નહિ, ને પરાણે બેસાડીયે શકવાના નહિ. અને તે ઉપરાંત જીવન તો આજ છે ને કાલ ઘડીકમાં છે ને ઘડીકમાં નથી; કોણ કહી શકે એમ છે કે તમે વૃદ્ધાવસ્થા જીવવાના અને એ વખતે પછી સમય મળવાનો ? માટે જે કરવાનું હો અત્યારથી જ કરી લો, કાલ માટે રાખી મૂકયે એ કાલ કોઈ કાળે આવ નથી.

૧૭૧. સાધકજીવનમાં આ કેટલાક ગુણો અને નિયમોનો અભ્યાસ ર અત્યંત જરૂરી : (૧) ઈશ્વરમાં પાકી શ્રદ્ધા અને ભરોસો. બ્રહ્મચર્યપાલન, ઈન્દ્રિય નિગ્રહ, એટલે કે કામ સંકલ્પનો ત્યાગ, ઈન્દ્રિય વિષયોની અસારતા અને દોષોનો વિચાર કરી તેમાં અનાસક્ત તૃષ્ણારહિત થવું. વૈરાગ્યવાન થવું. વીર્યધારણ વિના શરીર, મન બુદ્ધિનો પૂર્ણ વિકાસ અસંભવિત. બાર વરસ સુધી બ્રહ્મચર્યનું યથાર્થ પ કરવાથી એક 'મેધા' નામની સૂક્ષ્મ નાડી જાગી ઊઠે. તેને પ્રભાવે ધારણાશ અને સૂક્ષ્મવિષયો ગ્રહણ કરવાની શક્તિનું સ્ફુરણ થાય. ત્યારે સ્વ સંપૂર્ણ રહે, દેહ અને મુખ પર દિવ્યકાન્તિ, મનમાં અદમ્ય ઉત્સાહ ક્રિયાશક્તિ અને પ્રતિભા સાધારણ માણસો કરતાં અનેક ગણી વધુ (૩) આહાર વિહારમાં સંયમ અને નિયમિતતા. ખાદ્યો અનુત્તેજક, બ અને સહેલાઈથી પચે તેવાં હોવા જોઈએ. લોલુપતાનો ત્યાગ કરવો જો ભોજનનો હેતુ જીભને સંતોષવાનો નથી પરંતુ શરીરને સ્વસ્થ અને કામકા સ્ફૂર્તિવાળું રાખવાનો છે. ખુલ્લી હવામાં ફરવું અને થોડો વ્યા ફાયદાકારક છે. નબળા, રોગી, ઊંઘણશી, આળસુ અને યથેચ્છા માણસોથી કોઈ કામ બરાબર થઈ શકશે નહિ, મોટાં કામો તો દૂરની (૪) કુસંગ, ખરાબ પ્રસંગ, પરચર્ચા, નકામાં કામોમાં સમય બગાડવો બધાને દૂર રાખીને ચાલવું, ને સત્સંગ, શાસ્ત્રપાઠ, સત્ ચિંતન, સત્ અ વિચાર કરવો. (૫) જીવનના ઉદ્દેશ અને આદર્શ પ્રત્યે હંમેશા લક્ષ રા અને એની સિદ્ધિ માટે મન વચન ને કાયાથી યત્ન કરવો. પૂરાં ધૈર્ય

ખંતથી સાધન ભજન કરવું, કોઈ રીતે મનમાં નિરાશા યા ખિન્નતા આવવા દેશો મા. પોતાના સુખસ્વચ્છંદતાનો ત્યાગ કરી, ફળાકાંક્ષા છોડી, એક માત્ર ભગવાનને જ પોતાના અને સર્વસ્વ સમજીને તેમનું મનપ્રાણપૂર્વક ભજન કર્યે પરમ આનંદ અને શાન્તિના અધિકારી થશો.

૧૭૨. સાધકનું આખું જીવન જ એકધારી એકજાતની સાધના- રોજ, એમ કે નિશ્ચિત સમયે એક બે કલાક જપ તપથી પરવારી જઈને બાકીનો વખત સંસાર વહેવારમાં ડૂબ્યા રહેવું એ નહિ. એવી રીતે કોઈ કાળે જીવન ઘડી ન શકાય. ધર્મભાવ, જ્યારે જીવનના હરેક કામમાં, હરેક વિચારમાં અને અવસ્થામાં ખીલી ઊઠે, જ્યારે એ શરીરના અણુએ અણુમાં એકરૂપ થઈ જાય, ત્યારે જ માણસને ધાર્મિક કહી શકાય. હાથેથી ભલે કામકાજ કરો, મોઢેથી ભલે પાંચ માણસોની સાથે કામકાજ વિષે વાતો કરો, પરંતુ મન ઈશ્વરમાં લાગેલું રાખો. જાણજો કે ખરું તો એ છેલ્લું જ છે કે જેના માટે શરીરધારણ અને બીજું બધું. નિરભિમાન, સ્વાર્થત્યાગ, નિર્લિપ્તતા, અને ભગવાન જ એક માત્ર સાર અને સત્ય, એવું જ્ઞાન જ છે આનો ઉપાય. એ કઠણ છે, પણ અભ્યાસ કરતાં કરતાં ક્રમે ક્રમે થાય. શ્રી રામકૃષ્ણ જેમ પૌંઆ ખાંડવાવાળીઓનું દૃષ્ટાંત દેતા ને પૌંસા ખાંડવાવાળી બાઈ પૌંઆ ખાંડતી વખતે એક બાજુ ખોળામાં છોકરું ધવરાવે, બીજી બાજુ ઘરાકની સાથે વાતો કરીને લેવડદેવડનો હિસાબ અથવા ભાવ નક્કી કરી રહી છે, પરંતુ તેનું મન છે સાંબેલા તરફ કે એ હાથ ઉપર ન પડી જાય.

૧૭૩. શરૂઆતમાં નિયમપૂર્વક જપ ધ્યાન કરવાં જોઈએ. મન સ્વભાવથી જ કામ કરવામાં, મહેનત કરવામાં નારાજ, કેવળ બહાનાં ગોતીને કામ ટાળવા માગે. જે કામમાં તેને લગાડવા માગો એમાં ન લાગતાં બીજી બાજુએ દોડાદોડ કર્યા કરશે. જો કોઈ કામમાં નહિ લગાડો તો ખોટાં કામ યા નકામાં કામ કરશે. વાતમાં કહે છે ને કે 'કામ વિનાનું મન એ શેતાનનું કારખાનું !' એ સાવ સાચી વાત. તેને વશ કરવું હોય તો જોર કરીને તેને નિયમોના બંધનમાં બાંધવું જોઈએ. વિચાર કરીને એવો એક routine

– દૈનિક કાર્યક્રમ કરવો કે જેનું પાલન કરી શકાય, અને દૃઢ સંકલ્પ રાખવ
કે ગમે તે અવસ્થામાં પડો ને, બીજું ગમે તે કામ આવી પડે, પણ જે નિય
બાંધ્યો છે તે ગમે તેમ કરીને પાળવો જ. એ પ્રકારની નિષ્ઠા અને દૃઢત
જોઈએ. આહારવિહાર, ભણવું ગણવું, વ્યાયામ, નિદ્રા, કામકાજ, ધ્યા
ભજન, એટલે સુધી કે ખુશીમજા, રમતગમત એ બધાં કામોનો એક નક્
કરેલો સમય રહે. આડી અવળી રીતે ફાવે તેવી રીતે દિવસ ગાળવાથી જીવ
વૃથા જવાનું. નિયમ બાંધીને મનને દૃઢભાવે હુકમ કરીને કહેવું : ' અ
બાપલા, તું ઇચ્છે કે ન ઇચ્છે, તારે આ બધા નિયમો માનીને જ ચાલવા
છે.' થોડાક દિવસ મન વાંકું થઈ બેસશે, કોઈ રીતે અંકુશ માનવાનું નહિ
આમ તેમ નાસભાગ કરવાનું. પરંતુ તમારે કોઈ રીતે છોડવું નહિ, એ
પકડીને પરાણે કામમાં લગાડવું, સાથે સાથે તેને સમજાવવુંય. હિંસક પશુ
વશ કરવું અને મનને વશ કરવું એક જ સરખું. અસીમ ધૈર્ય, ખંત અ
ઇચ્છાશક્તિ જોઈએ. જ્યારે મન દેખશે કે, અરે બાપ રે, કોઈ રીતે આ
બંધન તૂટે એમ નથી, ત્યાર પછી એ પોતાનું અક્કડપણું છોડવાનું,
ડાહ્યુંડમરું થઈને જેમ કહેશો તેમ કરશે. આને કહેવાય અભ્યાસ-યોગ. એન
વિના મનને વશ કરવાને, બીજો કોઈ ઉપાય નથી એ નક્કી જાણજો.

૧૭૪. માંદગીમાં જેમ દવા પીવી જ પડે, એ પ્રમાણે સાધન જપ ધ્યાનનો
અભ્યાસ જો ત્રણ ચાર વરસ સુધી કરી શકો,– પછી એ ગમે તેટલો કઠણ
શુષ્ક અને ફિક્કો લાગે ને – તો તમે જોશો કે ધ્યાન ભજન વસ્તુ કેવી મીઠી
જાણે અમૃતની સમાન અને વિશુદ્ધ આનંદદાયક લાગશે; કૉલેજની એક એ
પરીક્ષા પાસ કરવા જતાં છોકરાઓને રાતના ઉજાગરા વેઠી તનતોડીને
તબિયત ખલાસ કરીને કેવી મહેનત કરવી પડે છે ! એ ઉપરાંત વળી સતત
ભય, ચિંતા, ઉપાધિ તો ખરાં જ, જાણે કે જીવન મરણ પાસ થવા ઉપર જ
આધાર રાખે છે ! અને આ બધું શા માટે કરવું ? તો કહેશે કે સારી નોકરી
મળે, પૈસા કમાવાય, માનપાન મળે, સુખમાં રહેવાય એવી બધી અનિશ્ચિત
આશાઓ માટે. ભગવત્પ્રાપ્તિ કરવી એ આનાં કરતાં એક સીધી વાત, તે

ની ઇચ્છા કે દયાથી પામી શકશે. પરંતુ પ્રભુને પોતાને પામશે નહિ.
. બ્રહ્મચારી યા સંન્યાસીની આદર્શચ્યુતિનું કારણ કામિની કાંચનનો ભીષણ
ોહ કે જે મહાયોગી જ્ઞાનીઓને સુધ્ધાં નીચે પછાડી નાખે. એટલા માટે
ાના રોપાને બચાવવા માટે જેમ વાડ કરી લેવી જોઈએ, તેમ બ્રહ્મચારી
ને સંન્યાસીને માટે ઘણાય કઠોર નિયમો શાસ્ત્રમાં કહ્યા છે. તુલસીદાસે
ાયું છે ને કે ' જહાં કામ તહાં નહિ રામ.' કબીરેય કહી ગયા છે ને કે, જે
ોગી સ્ત્રીસંગ કરે એ ઠગ, જૂઠો.' શ્રીરામકૃષ્ણ તેમના યુવક ભક્તોને
ત્રીઓની સાથે, એટલે સુધી કે, સ્ત્રીભક્તોની સાથેય, હળવા મળવાની
નાઈ કરતા. એ કહેતા કે 'સ્ત્રીભક્ત ભલેને (હરિ પ્રેમે) રડી રડીને ગળી
ાય, તોય તેની સાથે બહુ મળવું નહિ. તેનું મન સાફ હોઈ શકે, પણ તારા
નમાં કુભાવ આવે તો !' અને જોવામાં પણ આવ્યું છે કે, તેઓમાંથી કોઈ
ોઈ તેમનો ઉપદેશ પાલન કરી ન શકતાં ઊંચી અવસ્થાએ પહોંચ્યા છતાંય
ભવિષ્યમાં ગોથું ખાઈ પડ્યા હતા.

. આ બાબતમાં મા શ્રીમા શારદાદેવીનાં વચન એથીયે કડક અને હેરત
માડે એવાં છે. તેમની કોઈ દીક્ષિત બાલવિધવા શિષ્યાને મા બોલેલાં કે,
જુઓ, બેટા, પુરુષજાતનો કદીયે વિશ્વાસ કરવો નહિ. બીજાની તો શી
વાત, પોતાના બાપનોય નહિ, ભાઈઓનોય નહિ, એટલે સુધી કે ખુદ
ભગવાન પણ અગર પુરુષનું રૂપ લઈને તમારી સામે આવે તો તેનોય
તમારે વિશ્વાસ કરવો નહિ.' કહેવાનો ભાવાર્થ એ કે, જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ
છે, ત્યાં સુધી કામ પણ છે. પતનનો ભય પણ છે. મન જ્યાં સુધી કાચું છે,
ત્યાં સુધી પ્રલોભનથી વિચલિત થવાનો સંભવ છે, ત્યાં સુધી પોતાને
તેમાંથી સર્વપ્રયત્ને દૂર રાખવું જોઈએ, નહિતર આફત જરૂર આવવાની.
. કામની સમાન ભયંકર દુર્દમ શત્રુ સાધકને માટે બીજો કોઈ નથી, જીવનની
છેલ્લી ઘડી સુધી અવિરામ યુદ્ધ સિવાય એના સકંજામાંથી છુટકારો નથી. આ
તો રાવણ બોલ્યો હતો તેના જેવું, ' મરવાં છતાંય ન મરે, રામ, આ તે કેવો
વેરી !' આપણા પુરાણોમાં કેટલા મહાયોગી મહાન ઋષિઓની કથાઓ

છે! તેમાં તેઓ સેંકડો વરસો સુધી કઠોર તપસ્યાઓ કરી કરીને છેવટે કા
મોહમાં પડીને બ્રહ્મચર્યભ્રષ્ટ થયા છે. એટલા માટે શાસ્ત્રોમાં કહે
સાધુ બ્રહ્મચારીઓએ સ્ત્રીઓની સાથે ગાઢ સંબંધ રાખવો નહિ. એટ
કે તેમના મુખ સામેય તાકીને જોવું નહિ, તેઓની સાથે એકાંતમાં વ
અને હાસ્ય- ઠઠ્ઠામશ્કરી કરવાં નહિ, સ્ત્રીઓનાં ચિત્રો સુધ્ધાં જોવાં
કારણ આ બધાથી કાચા મનમાં ખોટા વિચારો આવી શકે, મનમાં
ભાવોના સંસ્કાર જન્મે અને એ સૂક્ષ્મ રીતે કામ કરે. પરંતુ આ બધ
નિયમો સાધારણ ગૃહસ્થને માટે નથી, સાધુ બ્રહ્મચારીને માટે છે.
સર્વસ્વ ત્યાગ કરીને, યોગાભ્યાસ અને કડક તપશ્ચર્યા વડે આ જીવન
ભગવાનનાં દર્શન કરવા ઇચ્છે તેમને માટે છે. તેઓનો વર્ગ જ અલ

૧૯૮. એટલા માટે સાધકજીવનમાં સ્ત્રીપુરુષનું નિરંકુશ હળવું મળવું
પેઠે ત્યાજ્ય. પ્રાચીન અને અર્વાચીન જે બધા ધર્મસંઘો, સંસ્થાઓ
સંપ્રદાયોમાં આ નિયમનું ઉલ્લંઘન થયું છે, એ બધા કલુષિત અને અધ
થયા છે. એનાં પ્રમાણ તરીકે બૌદ્ધો, તાંત્રિકો અને વૈષ્ણવ સંપ્રદાય
પશ્ચિમના મધ્યયુગના કેટલાક ખ્રિસ્તી રોમન કૅથૉલિક સાધુઓ
સાધ્વીઓના મઠો જોઈ લેવા. બુદ્ધના સમયમાં જ્યારે ભિક્ષુણીઓ (
સંન્યાસિનીઓ) ને માટે વિહાર (મઠ) થયો ત્યારે જ એ બોલી ઊઠેલ
'અત્યારથી બૌદ્ધધર્મના વિનાશનું બીજ રોપાયું!' પરમ દયાળુ શ્રી
મહાપ્રભુએ તેમની એક અતિ ભક્તિભાવપૂર્ણ સ્ત્રીભક્તની પાસેથી
લેવાને કારણે તેમના પ્રિય વૈરાગી શિષ્ય નાના હરિદાસનો ત્યાગ
હતો. કેવો કડક લોકોપદેશ!

૧૯૯. કામભાવ દૂર કરવાનો એક માત્ર ઉપાય પુરુષને માટે સર્વ સ્ત્રીઓ
માતૃભાવ અને સ્ત્રીઓને સર્વ પુરુષો પ્રત્યે સંતાનભાવ રાખવો. આ
ન હોય તો પતનનો સંભવ રહેવાનો જ. કામને રોકી ન શકાય
બ્રહ્મચર્ય ન હોય તો, મન સ્થિર થાય નહિ, બરાબર ધ્યાન યા એક
આવે નહિ, ભગવાન પર પ્રેમભક્તિ આવે નહિ.

૦૦. કાચું મન માયાવી. એ સાધકને ક્યારે કઈ રીતે ખોટે રસ્તે લઈ જઈને અચિંત્ય માયાજાળમાં ફસાવી દેશે, એ સમજવું બહુ કઠિન. કાચા મનનો સ્વભાવ જ છે કે શરીર અને ઈન્દ્રિયોનું સુખ શોધવું, સ્ત્રીપુત્ર પરિવાર સંપત્તિને પોતાનાં સમજીને તેમના માયાપાશમાં મોહિત થવું; ધનસંપત્તિ, માનપાન, કીર્તિ, પ્રતિષ્ઠા અને મોટાઈને જીવનનું એક માત્ર ધ્યેય સમજવું. સુખના પ્રયાસે દુઃખ પામીને અને ડગલે ને પગલે ખાસડાં ખાઈનેય તેને ભાન ન આવે. રોજેરોજ ચારે બાજુ માણસોને મરતા દેખવા છતાંય કાચા મનનું માણસ વિચાર કરે નહિ કે પોતાનેય ગમે તે ઘડીએ બધું છોડીને ચાલી નીકળવું પડશે, એ ઈચ્છે કે છેતરપિંડી કરીને, ચાલાકી કરીને, કોઈ પણ ઉપાયે કાર્યસિદ્ધિ કરવી. એમાં પછી બીજાને નુકસાન થાય, દુઃખ થાય, એની પરવા નહિ. પોતાને સુખ મળ્યું એટલે બસ. એજ એનું જીવન સર્વસ્વ.

૦૧. કાચું મન એ ખાણમાંથી ખોદી કાઢેલી કાચી ધાતુ જેવું. તેની સાથે કચરો, માટી, ભેગ અને હલકી ધાતુ મળેલાં હોય. રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા તેને ધોઈને, તપાવીને શુદ્ધ કરી લેવાથી સાચું સોનું અથવા એથીયે વધુ મૂલ્યવાન વસ્તુમાં ફેરવી શકાય કે જે માણસને કેટલી કામમાં આવે અને તેની જિંદગી બચાવવામાં સહાય કરે. એ પ્રમાણે કાચા મનને જ્યારે વિવેક એટલે કે સત્ અસત્ વિચાર વડે ધોઈ, ત્યાગ વૈરાગ્ય અને ભક્તિની આગમાં તેની વિષયવાસનાને બાળી અને ગુરુદત્ત પરમાર્થ તત્ત્વની સાધના વડે શુદ્ધ કરી લેવામાં આવે ત્યારે જ એ શુદ્ધ, પાકા મનમાં પરિણમે. નિત્યશુદ્ધ, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમેશ્વરનો એ શુદ્ધ, પાકા મન દ્વારા અનુભવ થાય.

૨૦૨. મન જાણે કે એક ફળ જેવું. કાચી અવસ્થામાં ફળ ખાટું, તૂરું કે બેસ્વાદ લાગે અને ખાવાથી રોગ થાય, પરંતુ એ જ ફળ પાકતાં કેવું સુસ્વાદુ અને ગુણકારી થાય! દેવના નૈવેદ્યમાં પણ ધરાવાય. મનનું પણ તેમ જ.

૨૦૩. કાચા મનની અંદર પણ સત્ત્વ, રજસ્ અને તમસ્ હોય છે. જેઓમાં સત્ત્વ હોય તેઓમાં ધર્મભાવ હોય, સાધના કરવાની, સન્માર્ગે ચાલવાની અને

બીજા પર ઉપકાર કરવાની ઈચ્છા હોય. તેઓ એના પ્રયાસ પણ ક
પરંતુ અનેક કારણવશાત્ પોતાને અશક્ત અને હોશિયારી વિનાના માન
બહુ આગળ વધી શકે નહિ, સહેજમાં થાકી જાય. જેઓમાં રજસ્ હોય તે
સંસારમાં અને વિષયવહેવારમાં એટલા ગૂંથાયેલા રહે કે ધર્મ, આત્મા
ઈશ્વર વગેરે વિશે વધુ પૂછગાછ કરે નહિ, અથવા તો ધર્મનો ડોળ
માત્ર. જેઓમાં તમસ્ હોય, તેઓ દુરાચારી હોય. બીજાનું કેમ બૂરું થા
નુકસાન થાય, એવા જ તેમના વિચાર અને પ્રયાસ રહ્યા કરે. તે
કામી, લોભી ને પાપી હોય.

૨૦૪. કાચું મન લઈને જેઓ દેશનું યા જગતનું હિત કરવા હાલી નીકળે
કોઈ સંસ્થા ઊભી કરે, તેઓનો ઉદ્દેશ મહાન હોવા છતાં તેમની દ્વા
જગતનું હિત કરતાં અહિત જ વધુ થાય. તરેહ તરેહના આઘાત પ્રત્યાઘાતો
સામે તેઓ આદર્શને લાંબો વખત અતૂટ રીતે પકડી રાખી શકે નહિ. માનપા
અને પ્રતિષ્ઠાની લાલસા અને હુકમ ચલાવવાની આકાંક્ષા તેમનામાં બળવ
થઈ ઊઠે. દ્વેષ, ઈર્ષ્યા, સંકુચિતતા અને સ્વાર્થ તેમનો એવો કબજો લઈ બે
કે બધું કાર્ય ધૂળમાં મળી જાય. કેવળ એટલું જ નહિ, તેઓ પોતાના અંતર
વિષ જનસમુદાયમાં ફેલાવીને કેટલાય સીધે રસ્તે જનારા લોકોને પણ બગા
અને સત્કર્મ અને ધર્મના આચરણ પ્રત્યે, અને એટલે સુધી કે ધર્મની ઉ
પણ, સાધારણ જનતામાં અવિશ્વાસ અને અશ્રદ્ધાનો ભાવ ઉત્પન્ન ક

૨૦૫. આરંભમાં સત્સ્વરૂપ અદ્વિતીય બ્રહ્મ પરમાત્મા જ હતા. એકલા હત
ત્યાં સુધી ઠીક હતા. કોણ જાણે કેવે કુસમયે તેમણે 'બહુ સ્યામ્' ' હું બહુ
થાઉં'- એવો સંકલ્પ કર્યો અને એમનેય ' તપસ્તપ્ત્વા' 'તપ કરીને, ધ્યા
ધરીને,' જગત સૃષ્ટિ કરવી પડી ! સમસ્ત સ્થાવર જંગમ જીવજંતુની ઉત્પ
કરીને તેમની અંદર જીવરૂપે અનુપ્રવેશ કર્યો અને એક માત્ર મનુષ્ય પ્રાણી
જ વિચારશક્તિ, બુદ્ધિ આપી, પરિણામે 'પંચભૂતને ફંદે પડી, બ્રહ્મ સુધ્ધ
ઊઠયા રડી.' હવે આ આ બધા બુદ્ધિમાન 'બહુ' ઓ પોતાની કમઅક્કલ
આળસ વગેરે બધા દોષોને ત્રુટિઓ પરમાત્માની ખાંધે ચડાવીને છુટ્ટા ! કો

થઈ જાય, મનમાં સારા વિચારો આવે નહિ, જપ ધ્યાન કરવું ગમે નહિ, અથવા ખોટા વિચારો ને ખોટી પ્રવૃત્તિની તરફ મનની પ્રબળ ગતિ થઈ રહી છે, પ્રયાસ કરવા છતાંય તેને કોઈ રીતે સંભાળી શકાતું નથી. આવો પ્રસંગ આવવાથી સત્સંગ જ એક માત્ર ઉપાય. સત્પુરુષોના પવિત્ર સંસર્ગમાં આવતાં, તેમનાં દર્શન, સ્પર્શન તથા તેમની સેવાથી, તેમની સત્તા અને ભગવદ્ભાવ અંતરમાં સંચારિત થાય અને પ્રેરણા આવે, મનનો મેલ ધોવાઈ જાય અને નવીન ઉત્સાહથી આગળ વધી શકાય. સાધુસંગનો ઉપાય ન હોય તો સત્શાસ્ત્રોનો અભ્યાસ, સત્ વસ્તુની ચર્ચા, વ્યાકુળ થઈને ભગવાનની પાસે પ્રાર્થના, ગમે કે ન ગમે પણ તેમનું નામ સ્મરણ વગેરે કર્યે જવું , એવી દૃઢ પ્રતિજ્ઞા અને મનમાં જોર લાવવું જોઈએ. તો પછી જણાશે કે ભૂત ભાગી જશે. મનની ઘોર નિશા નીકળી જશે.

૮૬. મનને હર સમયે કોઈને કોઈ કામમાં લગાડી રાખવું, કદીયે નવરું બેસી રહેવા દેવું નહિ. નવરું પડયું કે એ તોફાન કરવાનું ને ઉપાધિ ઊભી કરવાનું. જ્યારે મન સાવ દુઃખી થઈ જાય, કે કોઈ પ્રલોભન અથવા માનસિક આવેગને, પ્રયત્ન કરવા છતાંય, હઠાવવાને સમર્થ થવાતું નથી એમ દેખાય ત્યારે સ્થળાંતર કરજો, એ પ્રતિકૂળ વાતાવરણમાંથી નીકળી જજો. જંગલની યા ખુલ્લા મેદાનની ચોખ્ખી હવામાં ખૂબ જોરથી ત્રણ ચાર માઈલ ફરી આવજો. એટલે પછી અધોમુખી ભાવ ચાલ્યો જશે, ઓછામાં ઓછું એ સમય પૂરતો તો ખરો. બાહ્ય ભયમાંથી બચવાના માત્ર બે જ ઉપાયો છે- કાં તો યુદ્ધ કાં તો પલાયન, પરંતુ મનની પાસેથી ભાગવાનો ઉપાય છે જ નહિ; કાં તો તેને કાબૂમાં લેવું જોઈએ, ને નહિતર તેના કહેવા મુજબ ઊઠ બેસ કરવી જોઈએ.

૮૭. લાકડાની અંદરનો અગ્નિ જેમ ઘર્ષણથી, દૂધ માંહેનું માખણ જેમ વલોવવાથી, તલમાંથી તેલ જેમ પીલવાથી અને જમીનની અંદરનું જળ જેમ ખોદવાથી મેળવી શકાય, તેવી રીતે જીવની હૃદયગુહામાં રહેલું તેનું મૂળસ્વરૂપ પરમાત્મા, પણ જીવ સટોસટની તપસ્યા અને એકાગ્રતા દ્વારા

પ્રાપ્ત થાય.

૧૮૮. સાધનાની પ્રથમ અવસ્થામાં ધ્યાન જપ ધીરે ધીરે ક્રમપૂર્વક વધાર આજે જો અર્ધો કલાક યા પોણો કલાકથી શરૂ કરો તો કેટલાક દિવસ પ એક કલાક, પછી દોઢ, બે, એવી રીતે કરતાં કરતાં શક્તિ અનુસાર વધ એકદમ જોરથી યા મનની હઠથી પરાણે પોતાની શક્તિથી વધારે કરવા જ પછી પોતાને જ ભોગવવું પડે. એની પ્રતિક્રિયા એટલી ભીષણ હોય એ સહન કરવી બહુ મુશ્કેલ પડી જાય. પરિણામે જ્ઞાનતંતુઓની નબળ યા ખિન્નતા એટલી બધી આવે કે જપ ધ્યાન કરવાની શક્તિ અને ઇ સુધ્ધાં ચાલી જાય. મગજ જાણે ખાલી ખાલી લાગે. પૂર્વની અવસ્થા મેળવ ઘણો સમય લાગે ને જોર પડે. એટલે સુધી કે મગજનો વિકાર પણ થઈ શ છલાંગ મારીને એકદમ અગાસીએ પહોંચી શકાય નહિ. એમ કરવા જ નીચે પછડાઈને હાથ પગ ભાંગી બેસાય. અગાસીએ પહોંચવું હોય પગથિયે પગથિયે કરીને સીડી ઉપર ચડવું જોઈએ.

૧૮૯. જેઓ ધ્યાન જપ યા યોગાભ્યાસ બરાબર રીતે વધુ કરે તેમનામાં નવું સાત્ત્વિક શરીર ઘડાઈ જાય, સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ અને નાડીચક્રો જા ઊઠે કે જેને લીધે એ ગંભીર અતીંદ્રિય ભાવોનો વેગ સહન કરવાને સ થાય.

૧૯૦. સંન્યાસીઓએ કોઈ એક જ અન્નક્ષેત્રમાં એક જગાએ બેસીને ખાવું સારું નહિ. ગૃહસ્થો શ્રાદ્ધમાં પોતાના પિતૃઓના ઉદ્ધાર માટે, કે પોતા પાપો ધોવા, પુણ્ય કમાવા, અનેક ઈહલૌકિક વાસનાઓ રાખીને સાધુસે અર્થે અન્ન ક્ષેત્રો વગેરેમાં પૈસાનું દાન કરે. એટલે એવાં અન્નક્ષેત્રોનું અ દૂષિત, મનને મલિન અને અધોગામી કરે. એટલે જ સાધુઓને મ અન્નક્ષેત્રોમાં બેસીને ખાવું એ નિષિદ્ધ. સાધુઓને માટે માધુકરી જ શ્રેષ્ માધુકરીનું અન્ન પવિત્ર.

૧૯૧. યોગ્ય રીતે સાધન ભજન કર્યા વિના ગૃહસ્થોનું દાન લેવાનો અધિકા સાધુઓને નથી. એથી ગૃહસ્થોને છેતરવા જેવું થાય અને પોતાની સાધુત

ર આળ આવે. ગૃહસ્થો સાધુ સેવા કરે એટલા માટે કે સાધુઓ અન્નવસ્ત્ર ાટે ચિંતિત ન થતાં પોતાનો બધો સમય સાધન ભજનમાં કાઢી શકે. મના આ સત્કર્મથી તેઓ સાધુઓની સાધનાના પુણ્યફળના કંઈક અંશે ાગી થાય. એટલે સાધુઓને માટે એટલું પુણ્યફળ એકત્રિત કરવાની રૂર, કે જેથી દાતાઓના હિસ્સાનો અંશ નીકળી જતાંય પોતાને માટે સારી તે બાકી રહે, નહિતર દેવાળિયા થઈને પોતાને જ મહાક્ષતિ થવાની. હિક કિંવા પારલૌકિક દેવાળિયાના દુઃખનો અંત નહિ, તેમને સદાની ોટ. એટલા માટે વૈરાગ્યવાન સાધુઓ અને શ્રીરામકૃષ્ણના પિતાની સમા ષ્ઠાવાન ધર્મપરાયણ બ્રાહ્મણો પ્રતિગ્રહ કરે નહિ. એ ઉપરાંત પ્રતિગ્રહ રતાં જ રોકટોક આવે અને પ્રતિગ્રહ કરનારની સ્વતંત્રતા જાય.

. આ જીવનમાં ભગવત્પ્રાપ્તિ કરવા માટે કેટલાક માણસો પોતાનાં ાબાપ અને કુટુંબ પ્રત્યેનું પોતાનું કર્તવ્ય અને જવાબદારી ફગાવી દઈને ંસાર ત્યાગ કરીને બ્રહ્મચારી અને સંન્યાસી થાય. તેથી તે કુટુંબીઓ પણ ેમની સાધનાના ફળના કંઈક અંશે ભાગી થાય. એથી કહેવામાં આવ્યું ે કે, 'કુલં પવિત્રં જનની કૃતાર્થા' એમાંથી જ સંતાનનું પિતૃમાતૃઋણ ભરપાઈ થાય. પરંતુ માબાપને રોવરાવીને ચાલ્યો આવીને સંન્યાસી આદર્શથી ભ્રષ્ટ થઈને આળસ યા ખોટાં કામોમાં દિવસ કાઢે, તો એ મા-બાપનાં ેત્રનાં જળથી તેનાં બધાં સુકૃત્યો ધોવાઈ જાય. તેનું પ્રાયશ્ચિત્ત છે સંસારાશ્રમમાં પાછું ફરી જવું અને એ આશ્રમના ધર્મો પાળવા.

. ભગવત્પ્રાપ્તિથી જ બાળક ગોપાલના દૂધના વાસણની પેઠે પોતાનો પરમાર્થ ભંડાર અખૂટ થાય. તેમાંથી જે જેને જેટલી ઇચ્છા હોય તેટલું લે ને, જેને જોઈએ તેટલું આપોને, એ પૂર્ણ જ રહે, ઓછો થાય નહિ. એ વાર્તા જાણો છો ને ? એક ગરીબ વિધવા બ્રાહ્મણીના નાના છોકરા ગોપાળને રોજ એક ગીચ ઝાડીમાં થઈને પાઠશાળાએ જવું પડતું. એ છોકરાને ત્યાંથી ચાલતાં બહુ જ બીક લાગતી. તેથી તેણે તેની માને કહ્યું. એટલે તેની માએ કહ્યું કે, 'એમાં બીવાનું શું છે બેટા ? એ ઝાડીમાં તારો મોટો ભાઈ

મધુસૂદન રહે છે. એને હાક મારતાંની સાથે જ એ આવશે.' સરળ
એ સાચું માનીને ઝાડીમાંથી નીકળતાં બીક લાગતાંની સાથે જ 'ક
ભાઈ મધુસૂદન ? તું આવને, મને બીક લાગે છે.' એમ કહી
લાગતો. તરત જ ઝાડીમાંથી એક પ્રિયદર્શન શ્યામસુંદર બાળક
આવીને, 'આ આવ્યો હું, ભાઈલા ! હવે બીતો નહિ.' એમ કહી
સાથે વાતો ને રમત કરતો કરતો ઝાડી વટાવીને બહાર પહોંચાડી જત
એમ થતું. કેટલાક દિવસો પછી ગોપાળના ગુરુજીના પિતાનું શ્રાદ્ધ
એટલે બધા વિદ્યાર્થીઓ પોતપોતાની શક્તિ અનુસાર ઘેરથી વસ્તુ
ગયા. પરંતુ ગોપાળના ઘરમાં, લઈ જઈને દેવા જેવું કશુંય નહોતું
એ ઉદાસ ચહેરે તે દિવસ ઝાડીમાં થઈને જઈ રહ્યો હતો. એથી
મધુસૂદનભાઈએ કારણ પૂછયું. જવાબમાં ગોપાળે કહ્યું કે 'ભાઈ
ગુરુજીને આપવા જેવું બાની પાસે કાંઈ જ નહોતું.' એ સાંભળીને મ
પોતાની પાસેથી એક નાની લોટી દૂધથી ભરેલી આપીને કહ્યું કે,
લઈ જા, ગુરુજીને આપજે.' ગોપાળે તો લઈ જઈને ગુરુજીને આપી
સાવ નાની લોટી જોઈને ગુરુજી તો નારાજ થયા અને બિચારાને ધ
કાઢયો. પરંતુ જેવી લોટી ખાલી કરી કે એ તરત પાછી ભરાઈ ગઈ
દરેક વાર થવા લાગ્યું. લોટી ખાલી થાય ને ભરાઈ જાય. એ જોઈને
નવાઈમાં ગરકાવ થઈ ગયા. ગોપાળની પાસે બધું વિવરણ સાં
ગુરુજી તેના મધુસૂદનભાઈને જોવા માટે તેની સાથે ઝાડીમાં ગયા
બોલાવવાનું કહ્યું. ગોપાલે પહેલાંની પેઠે બૂમો પાડી એટલે આકાશવાણી
કે, 'તારી સરલ શ્રદ્ધાને લીધે તું મને જોઈ શકે, પરંતુ તારા ગુ
સંસારી મન કલુષિત હોવાને લીધે એ મારા દર્શનના અધિકારી નથી

૧૯૪. ભગવાનને જે કોઈ સરળ શ્રદ્ધાથી અંતઃકરણપૂર્વક સ્મરે, તેના
બીજું કાંઈ ઇચ્છે નહિ, એ જ તેને પામે. અને તેને પામ્યે તેને બીજું
ઇચ્છવાનું કે પામવાનું બાકી રહે નહિ. જેઓ આ સંસારના યા પરલ
સુખની ઇચ્છા માટે ઈશ્વરને બોલાવે કે તેની પાસે કોઈ વસ્તુ માગે, તો

પણ કામમાં પોતાના દોષથી યા પ્રયત્નના અભાવથી નિષ્ફળ જતાં જ બોલી ઊઠે, 'ભગવાનની મરજી નથી.' અને જે કરવાનો બહુ જ ચસ્કો તે કરી નાખીને પછી પસ્તાઈને કહેશે કે, 'ભગવાનની મરજીથી એમ થયું છે.' પરમેશ્વર શી ઈચ્છા કરે છે કે નથી કરતા એ બધુંય જાણે કે તેમણે જાણી જ નાખ્યું છે ! તેઓ વળી એમેય બોલે કે, 'લગન કરીને, ઘરબાર બાંધીને, સંસારી વહેવારી થવું એ જ ભગવાનની મરજી. સહુ કોઈ સાધુ બની જાય તો સૃષ્ટિ ચાલે કેમ કરીને ?' જાણે કે એ ચિંતામાં જ તેમને ઊંઘ ન આવે ! જાણે કે દુનિયા આખીના માણસો સાધુ થઈ જવા આમરણાંત ઉપવાસ લઈને જ બેઠા છે !

૬. આપણે જે વાત વાતમાં આ જે 'ભગવાનની મરજી' બોલીએ અને ઈશ્વરની દુહાઈ દઈએ, એ પોકળ શબ્દો માત્ર ; જેમ નાનાં નાનાં છોકરાંઓ બોલી ઊઠે કે, 'ખરેખર ભગવાનના સોગંદ,' કે અંગ્રેજો જેમ બોલે કે, 'Thank God !' (ભગવાનનો પાડ માનો !) કે 'My God !' (અરે પ્રભુ!) ભગવાનની મરજી એ જ્ઞાન તેનું જ બરાબર કહેવાય અને એ શબ્દો તેને મોઢે જ શોભે કે જેણે સંપૂર્ણ રીતે ભગવાનમાં પોતાનું આત્મસમર્પણ કર્યું છે; જે જાણે કે 'હું યંત્ર, પ્રભુ યંત્ર ચલાવનાર.' જેનું પોતાનું સારુંનરસું, ઈચ્છાઅનિચ્છા, એવું કશુંય હોય નહિ, જે નિંદાસ્તુતિથી, લાભ-નુકસાનથી, સુખદુઃખથી અલિપ્ત હોય.

૭. વેદો કહે છે કે, જે પૂર્ણ તે ત્રણેય કાળમાં પૂર્ણ; તેમાં ઓછુંવત્તું, ક્ષયવૃદ્ધિ નહિ. પૂર્ણમાંથી પૂર્ણ બાદ કર્યે પૂર્ણ જ બાકી રહે, પૂર્ણમાં પૂર્ણ ઉમેરતાં પણ એ જ, પૂર્ણ જ રહે. એ એક માત્ર પૂર્ણ બ્રહ્મ પરમાત્મા. તેમ જ પૂર્ણના બદલામાંય પૂર્ણત્વ મળે. પૂર્ણ સ્વરૂપ પરમેશ્વરને પામવા માટે શરીરનું પૂર્ણ સામર્થ્ય, પૂર્ણ મન પ્રાણ, પૂર્ણ રીતે પરબ્રહ્મમાં લગાડીને સાધના કરે તો ધ્યેયસિદ્ધિ થાય.

૮. પરંતુ સૌનું સામર્થ્ય એકસરખું નથી હોતું. વ્યક્તિભેદે તેનું તારતમ્ય છે. એકાદ દઢનિશ્ચયી, બળવાન, મેધાવી યુવક સંસારનો સર્વ આધાર તજી

દઈને, દિવસમાં એક વાર સહજપ્રાપ્ય ભિક્ષાન્ન કે યદચ્છાપ્રાપ્ત અ
ફળમૂળાદિ ખાઈને નિર્જન સ્થાનમાં હંમેશાં મનનાં સંયમ
ચિત્તવૃત્તિનિરોધ માટે યોગાભ્યાસ કરે, તેને માટે ભગવત્પ્રાપ્તિ કે સ
સુગમ થઈ શકે. પરંતુ બીજા એક મુમુક્ષુને પ્રબળ ઈચ્છા હોવા છતાંય,
પછી એક જાત જાતની વિષમ પ્રતિકૂળ અવસ્થામાં પડીને, તનતોડ મહે
તથા સંસારમાં નિરાધાર વૃદ્ધ માબાપની સેવા કરી છોકરાંની જંજા
સપડાવું પડે, તો વળી ત્રીજો કોઈ ભક્ત દીર્ઘકાળ સુધી કઠિન રોગથી પીડ
પથારીવશ, નિરાધાર થઈ પડીને તેનું શરીર મન બરાબર રીતે સા
ભજન કરવાને અસમર્થ હોય. તો પછી તેઓની મુક્તિનો શું કોઈ ઉ
નહિ? તેઓ શું અનંતકાળ સુધી કાર્યકારણ સમુદ્રમાં, તોફાનમાં સપડા
હોડીની પેઠે થપાટો ખાતા જ રહેવાના કે ? તેમના ઉદ્ધારની શું કોઈ અ
નહિ? તેઓ શું કર્મના ફળરૂપી નિર્દય કાર્યકારણચક્રમાં કીડીમંકોડીની
પિસાયે જ જવાના ? ના, કરુણામય પરમેશ્વરના રાજ્યમાં એમ ક
થઈ શકે નહિ. તેમનું છાતીફાટ રુદન ઈશ્વરને કાને પહોંચે જ, અને તે
હૃદયની અંદર આશા અને સાંત્વનાની વાણી સાંભળવાના જ. તે
આસપાસની અવસ્થા ગમે તેટલી પ્રતિકૂળ હોય ને તેમનામાં મુક્તિની અ
જો સાચી અને પ્રબળ હોય, અને પોતાની નિરાધારતા ઓળખીને તે
આતુર અંતઃકરણે ભગવાનના જો શરણાગત થાય, અને ભગવાનન
સંસાર સમજીને કર્તવ્યબુદ્ધિએ બધાં કામ જો નિર્લિપ્તભાવે કર્યે જાય,
કામમાં યા કોઈના પ્રત્યે માયામમતાથી જો બદ્ધ ન થાય, ભગવાન સિ
બીજા કોઈને અંતઃકરણથી જો ન ચાહે, તો તેઓ પણ કપાલમોચન પ્રેમ
પ્રભુની અપાર કૃપાથી જીવનમાં શાન્તિના અધિકારી થાય, અને
પરમપદને પ્રાપ્ત કરે.

૨૦૯. આ બધુંય છે તો મનનો જ કારભાર. મનની ઉપર જ બધું આધાર રા
મનથી જ બંધન, મનથી જ મુક્તિ. જેવી મતિ તેવી ગતિ. અગાઉ કહ્યો
યોગી સર્વ પ્રકારની અનુકૂળ અવસ્થાની વચ્ચે કઠોર તપસ્યાનું આચ

કરીનેય જો અંદર રહેલી વાસનાને વશ થઈને વિષયસુખ અને માનપાન કીર્તિ પ્રત્યે ખેંચાય, તો તેનું સમસ્ત સાધન ભજન અને તપસ્યા ભસ્મમાં હોમેલી ઘીની આહુતિની પેઠે નકામાં જાય; જ્યારે ત્રિતાપદગ્ધ જીવ સંસારની અસારતા હાડેહાડમાં અનુભવીને વિષયોમાંથી વીતરાગ થઈ સમસ્ત મનપ્રાણપૂર્વક જો ભગવાનનો શરણાગત થાય, તો એ એને વારંવારના જન્મમરણરૂપી દુઃખમાંથી ઉગારી લે.

૨૧૦. સંન્યાસી હો અથવા ગૃહસ્થ હો, પોતપોતાના માર્ગે તનતોડ મહેનત કરવાની છે, જીવનને સાધનાને અનુરૂપ ઘડી કાઢવાનું છે. સાધનામાં ખાડા પાડયે વસ્તુ પ્રાપ્તિ થાય નહિ, ખાડા પાડયે પોતાને જ ખાડામાં પડવું પડે. છતાં એમ લાગે છે કે ભગવાનની કૃપાદૃષ્ટિ સંન્યાસીઓ કરતાં ગૃહસ્થ ભકતો પર જાણે કંઈક વધુ. કારણ સંન્યાસીઓ તો ભગવાનને યાદ કરવા જ બધું છોડી દઈને ચાલ્યા આવ્યા છે, તેઓ જો ઈશ્વરને ન સ્મરે તો એ મહાપાપ. પરંતુ નિષ્ઠાવાન ગૃહસ્થભક્તો તો કઠિન સંસારમાર્ગમાં માથા ઉપર વહેવારનો બહુ જ ભારે બોજો ઉઠાવીનેય ઈશ્વરનું સ્મરણ, મનન અને કૃપાયાચના કરે અને સાધુ ભકતોની શ્રદ્ધાભકિતપૂર્વક સેવા કરે; અને ધાર્મિક ધનવાનો દાન, ધ્યાન, ગરીબો અને સાધુઓને માટે ધર્મશાળા, અનાથાશ્રમો, સેવાશ્રમો અને અન્નક્ષેત્રો બંધાવવાં વગેરે ઘણાં પુણ્યકાર્યો કરે, એ ખરેખર પ્રશંસનીય.

૨૧૧. ભગવત્પ્રાપ્તિ સહુ કોઈના નશીબમાં આ જન્મમાં હોય એવું નથી. જેઓ પહેલાં કેટલાક જન્મજન્માંતરોથી પ્રભુને પામવાને કઠોર તપશ્ચર્યા અને સાધન ભજન કરતા આવ્યા હોય, જરાક સામાન્ય સાધનાનું કામ બાકી રહ્યું હોય, તેઓ એ પૂર્વ જન્મની સાધનાના પ્રભાવથી સત્સંસ્કાર અને પ્રેરણા પામીને બાકી રહેલું સાધન, આ જન્મમાં સાધનાને અનુકૂળ અવસ્થા પામીને, સહેજે પૂરું કરી જન્મમરણહીન પરમપદમાં લીન થાય.

૨૧૨. કરેલું કોઈ પણ કાર્ય વૃથા જાય નહિ. તેનું સુફલ યા કુફલ કયારેક તો ફળવાનું જ. એટલા માટે જે સત્કર્મ હોય તે દરેક રીતે, દરેક અવસ્થામાં કરી

લેવું ઉચિત. અને એ જ ખરી મૂડી રૂપ બને, કે જેમાંથી પૂર્વે કરેલાં કુકર્મો ર પાપરાશિનું કરજ ચૂકવાય.

૨૧૩. સત્કર્મનું ફળ અક્ષય. એ જેટલું વધુ સંચય કરી શકાય, તેટલું ભવિષ્ય આ જન્મમાં અને પરજન્મમાં, વિપત્તિમાં અને દુ:ખશોકમાં, જુદા જુ આઘાત પ્રત્યાઘાતમાં, ભય લાલચોમાં, અંધકાર નિરાશામાં, ઉપકારી પડે. અન્ય ધન સંપત્તિ બધી ક્ષણભંગુર. તેને મેળવવામાં દુ:ખ, રક્ષણમ દુ:ખ, નાશમાંય દુ:ખ, તેને મૃત્યુ પછી સાથેય લઈને જઈ શકાય નહિ. કેવળ એટલું જ નહિ, પણ એ બધાંની અતૃપ્ત દબાયેલી વાસના સંસ્કારરૂપે પીછો પકડીને પછીના જન્મમાં પ્રબળ બનીને નવાં કર્મો બાંધીને નવાં નવાં બંધનોમાં નાખીને, પાર વિનાનાં દુ:ખો દે.

૨૧૪. શ્રીરામકૃષ્ણદેવ કહેતા, સંસારબદ્ધ જીવ, કાચી સોપારી યા કાચા નાળિ જેવો. તેનો અંદરનો ગર એ ઉપરના ત્રોફા યા છોતરાંની સાથે એવી ચોંટી જઈને એક થઈ રહેલો હોય કે એને સહેલાઈથી જુદો પાડી શકાય ન પરંતુ પાકીને સુકાઈ જતાં એ સહેજે અળગો થઈ શકે. તેમ દેહમાં જ્યાં સુ આત્મબુદ્ધિ રહે, દેહનાં સુખદુ:ખથી જ્યાં સુધી પોતાને સુખીદુ:ખીપણું લા ત્યાં સુધી માયાથી બદ્ધ થઈને નિરંતર ત્રિતાપથી તપવું જ રહ્યું. જ્ઞા ભક્તિ યા કર્મયોગના અનુષ્ઠાનથી જ્યારે ભગવત્કૃપાથી આત દેહેન્દ્રિયાદિથી અલગ અને અખંડ, સત્સ્વરૂપ, નિત્યશુદ્ધ, બુદ્ધ મુ સ્વભાવવાળો છે એવો અનુભવ થાય, ત્યારે જ જીવ મુક્ત થાય.

૨૧૫. કર્મયોગ વડે ચિત્તશુદ્ધિ થાય, આત્મજ્ઞાન થાય. કર્મ આપણે બધા કરી છીએ, પરંતુ કર્મયોગ કરતા નથી, તેથી કર્મથી બદ્ધ થઈને દુ:ખ ભોગવી છીએ. કર્મયોગ સંબંધે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, કર્મમાં જ તેને અધિક છે. કર્મફળમાં નહિ, અને 'કૃપણા: ફલહેતવ :' જેઓ ફળ માટે કર્મ તેઓ દીન, નીચા થઈ રહેશે. કર્મ કરો, પરંતુ જે કાંઈ કરો તે નિ:સ્વાર્થ ભા નિર્લિપ્ત અને નિષ્કામ ભાવે કરો, એમ કરવાથી સમસ્ત કર્મબંધનથી છૂ જશો, અને સુખદુ:ખથી અતીત પરમ આનંદ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થશો

૧૬. ઘણાયનો એવો ખ્યાલ છે કે, જો નિષ્કામ થઈને કર્મ કરવાનું હોય તો કર્મની પ્રેરણા યા આકર્ષણ આવે જ કેમ? સમગ્ર મન દઈને કર્મમાં તદ્રૂપ થવાય કઈ રીતે? અગર પોતાનો કોઈ ફાયદો જ ન હોય તો કર્મ કરવા જ શા માટે જવું ? આ ધારણા ભારે ભૂલભરેલી છે. સુખને માટે તો લોકો કર્મ કરે, પરંતુ સુખ કેટલુંક મળે? નવ ભાગ દુ:ખ અને એક ભાગ યા એથીયે ઓછું કદાચ સુખ; તેય પાછું અસ્થિર અને દુ:ખનો કચરો ભળેલું, અને મોટે ભાગે પોતાના સ્વાર્થને માટે બીજાને છેતરવા પડે કે દુ:ખી કરવા પડે, કે બીજાનું બૂરું કરવું પડે. જગતમાં જે કાંઈ ચિરસ્થાયી સુખ છે તે કેવળ માત્ર નિર્લિપ્ત, કર્તૃત્વભાન- રહિત, નિ:સ્વાર્થ કર્મ કરનારને જ પ્રાપ્ત થાય. જગતના ઈતિહાસમાં શ્રીકૃષ્ણ, બુદ્ધ, જીસસ, શ્રીચૈતન્ય અને વર્તમાન કાળમાં શ્રીરામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદના સમાન અથાક કર્મયોગી કેટલા પાક્યા છે? તેઓ જ આદર્શ પુરુષો કે જેઓ સૃષ્ટિના આરંભથી અસંખ્ય નરનારીઓને જીવનનો અસહ્ય ભાર વહન કરવા સમર્થ કરી રહ્યા છે, પાપપંકમગ્ન, અજ્ઞાનાંધકારમાં ઢંકાયેલા, ત્રિતાપદગ્ધ જીવોના પ્રાણમાં આશા અને શાન્તિનો સંચાર કરી રહ્યા છે. તેમના ઉપદેશ અને આદર્શથી પ્રેરણા પામી લાખો લોકોએ જીવનને તુચ્છ ગણીને બીજાઓને માટે સંપૂર્ણપણે નિર્ભય બનીને પ્રાણ સમર્પણ કર્યા છે અને મૃત્યુરહિતનું શાશ્વત જીવન પ્રાપ્ત કરી ગયા છે.

૧૭. નિર્લિપ્તતા, વિષયોમાં અનાસક્તિ અને સર્વ જીવો પર પ્રેમ- આ છે સર્વ ધર્મોનો મૂળમંત્ર. જેનામાં આ બધા ગુણો રહેલા હોય એ દેહ અને ઈંદ્રિયોને વશ ન હોય, તેનામાં માનપાન અને મોટાઈની આકાંક્ષા ન હોય, 'હું, મારું' એ અભિમાન ન હોય, પોતાનું, પારકું એવી ભાવના ન હોય. એ ધનવાન, નિર્ધન, બ્રાહ્મણ, ચંડાલ, સાધુ, અસાધુ, શત્રુ, મિત્ર, પશુપક્ષી, કીટાદિ સર્વ જીવો પ્રત્યે સમદર્શી હોય. એ સ્તુતિનિન્દા, લાભનુકસાન, જયપરાજય, સુખદુ:ખ - એ બધામાં હર્ષશોકરહિત, નિર્વિકાર હોય. એ કર્મો કરવા છતાંય કર્મ કરે નહિ, કર્મ ન કરવા છતાંય કર્મ કરે.

એજ યથાર્થ કર્મયોગી.

૨૧૮. પ્રાણાયામનો ઉદ્દેશ દેહની અંદર જે પ્રાણશક્તિ ક્રિયા કરી રહી છે, કાબૂમાં લાવવી. એ જ પ્રાણશક્તિ શ્વાસોચ્છ્વાસરૂપે આપણી પાસે પ્રકા થાય છે. શ્વાસોચ્છ્વાસને નિયમિત અને સમાનતાથી (rhythmical વહેતા કરી શકીએ તો મનની સ્વાભાવિક ચંચળતા શમે, મન સ્થિર થ મન જુદા જુદા વિષયોમાં વિખરાઈ રહ્યું છે એટલે તેની શક્તિનો હ્રાસ છે. એ બધી વિખરાઈ પડેલી મનની શક્તિને જો કોઈ એક સ્થળે એ કરવામાં આવે, તો તેની તાકાત ઘણી જ વધી જાય. યોગશાસ્ત્ર કહે તેને માટે પછી અસાધ્ય કશુંય નહિ. પારમાર્થિક રાજ્યમાં એ જ એ થયેલી શક્તિને પરમાત્માના સ્વરૂપના ધ્યાનમાં લગાડવામાં આવે તો નિર્વિકલ્પ સમાધિ દ્વારા પરબ્રહ્મમાં લીન થાય, હૃદયકમળમાં સા ઈશ્વરના ધ્યાનમાં તન્મય થાય તો ઈષ્ટદર્શન પામે કે ભગવાનનાં દ થાય. તે પ્રમાણે આધિભૌતિક કે આધિદૈવિક ઘટનાઓમાં તેનો ઉપય કરવાથી, એ સંબંધે તરેહ તરેહનાં સૂક્ષ્મ અને અદ્ભુત સત્યોની શોધ થાય; અષ્ટ સિદ્ધિ અર્થાત્ તરેહ તરેહનાં દિવ્ય ઐશ્વર્યો અને અલૌ વિભૂતિઓ પ્રાપ્ત થાય.

૨૧૯. યોગશાસ્ત્ર પ્રમાણે અષ્ટ મહાસિદ્ધિઓ આ છે : અણિમા (શરી અત્યંત સૂક્ષ્મ બનાવવું), લઘિમા (શરીરને સાવ હલકું, વજન ર બનાવવું), વ્યાપ્તિ (સર્વસ્થળે એકી સાથે હાજર રહી શકવું), પ્રાકામ્ય (અ ઈચ્છા), મહિમા (શરીરને ખૂબ વિશાળ બનાવવું), ઈશિત્વ (જડ પદાર્થો પોતાનો અમલ ચલાવવો), વશિત્વ (જીવતાં પ્રાણીઓ પર પોતાની સ ચલાવવી), કામાવસાયિતા (ધારેલી ઈચ્છા પૂરી પડવી).

૨૨૦. યોગસાધનાની સર્વોચ્ચ અવસ્થા નિર્વિકલ્પ સમાધિની કે સવિક સમાધિની પ્રાપ્તિના માર્ગમાં આ બધી વિભૂતિઓ કે સિદ્ધિઓ ભય પ્રલોભન અને મહાન અંતરાય રૂપ. સાધક એમના પલ્લામાં પડયે જ જુદી કામનાઓથી બદ્ધ થઈને કેવળ યોગભ્રષ્ટ થાય એટલું જ નહિ,

સિદ્ધિઓના દુરુપયોગથી મનમાં અતિ હીન પ્રવૃત્તિ જન્મે અને ઈંદ્રિયસુખ ભોગવે. પોતાનો સ્વાર્થ સાધવા બીજા લોકોનો સર્વનાશ કરે અને અંતે પોતાનું પણ અધઃપતન થાય. પરિણામે તેની એ બધી શક્તિ પણ લુપ્ત થઈ જાય.

૨૧. યોગસાધના ઘણી કઠિન છે; સાધારણ માણસને માટે એ નથી. ખાસ કરીને હાલની પરિસ્થિતિ અને સંજોગોમાં એ બધા નિયમોનું બરાબર પાલન કરવું એ એક રીતે અસંભવિત. નિયમો જેવા કે, સાત્ત્વિક અને અલ્પ આહાર (ફળમૂળાદિ ને દૂધ), પ્રમાણસર વ્યાયામ અને ઊંઘ, ચોખ્ખી હવાવાળા એકાંત સ્થાનમાં વાસ, ચિંતારહિત જીવન, બધી બાબતોમાં નિયમપાલન, ખાસ કરીને કડક બ્રહ્મચર્યપાલન અને ઈંદ્રિયનિગ્રહ અને યોગમાં સિદ્ધ એવા ગુરુ પાસે વાસ - આ બધામાંથી એકાદ પણ ઉલ્લંઘન થાય તો સિદ્ધિ ન મળે. અથવા ગુરુએ ઉપદેશેલી પ્રક્રિયાની સાધનામાં કોઈ ભૂલ અથવા ત્રુટિ આવે તો, અથવા ચોપડી વાંચીને પોતાની જ બુદ્ધિ પ્રમાણે અભ્યાસ કરે તો, જ્ઞાનતંતુનો યા હૃદયનો દુઃસાધ્ય વ્યાધિ, એટલે સુધી કે મગજનો વિકાર પણ થઈ શકે.

૨૨. શ્વાસોચ્છ્વાસની ગતિ અસમાન એટલે કે અતિદ્રુત યા અતિક્ષીણ થાય શા કારણે? જ્યારે આપણે કામક્રોધાદિ રિપુઓને વશ થઈએ, સુખની આશાએ ભોગ્ય વસ્તુની પાછળ આંધળાભીંત થઈને દોડીએ ત્યારે જો કોઈ વિઘ્ન નાખે તો ક્રોધથી અધીરા થઈએ, નિષ્ફળ જતાં નિરાશાની ખાઈમાં ઝીંકાઈએ, સફળ થતાં ગર્વથી જમીન પર પગ છબે નહિ, મોહથી સારાસારનું ભાન રહે નહિ, પારકાનું સારું જોઈને ઈર્ષ્યાથી અંગ સળગે, વિપત્તિ આપત્તિમાં બીકથી પ્રાણ સુકાઈ જાય, મોટી આફતની આશંકામાં ચિંતાથી ખવાઈ જઈએ, બૈરી છોકરાંના ભરણપોષણ અને રક્ષણને માટે ઉદ્વિગ્ન થઈએ, દુઃખ અને અભાવના ઝપાટાથી મૂંઝાઈ પડીએ, રોગની વેદનાથી તરફડિયાં મારીએ, પ્રિયજનના વિયોગશોકથી ચારેબાજુ અંધકાર દેખીએ, ધન સંપત્તિના નાશથી ઘેલા બની જઈએ, ત્યારે મન બહુ જ ચંચળ થાય અને તેની સાથે સાથે જ શ્વાસોચ્છ્વાસ પણ ઝડપથી અને જાણે હથોડી ઠોકવાની

પેઠે ચાલે, કે ક્યારેક ક્ષીણ અથવા બંધ થઈ જવા જેવો પણ થાય. મ
આ વિષમ ચંચળતાને લીધે પ્રાણવાયુ ચંચળ થાય, લોહીના ફરવામાંયે ગ
થાય. એ બધાનું મૂળ કારણ દૂર કર્યા વિના એટલે કે વિષયવાસન
નિઃસ્પૃહ થયા વિના, પરમાર્થ ચિંતન કે એકાગ્રતાથી જપ ધ્યાન કરવાં એ
જ અસંભવ; પછી ભલેને ગમે તેટલા પ્રાણાયામ કરે, કે ગમે તેટલી પ્રાર્થન
કરે !

૨૨૩. કેટલાય એમ માનતા હોય છે કે, પોતાને શરીર ઉપર એવી કાંઈ
આસક્તિ નથી. સંસારની ઉપર, સ્ત્રીપુત્રાદિની ઉપર, એવી કાંઈ
મમતા નથી, પૈસાટકાનો એવો કાંઈ લોભ નથી, આપણે કશાયને
નથી, ધારતાંની સાથે જ બધુંય છોડી દઈ શકીએ એમ છીએ. પરંતુ જ
અંદરના અને બહારના આઘાત પ્રત્યાઘાતો અથવા અણધારી આફત
આકરી પરીક્ષામાં પડીને વમળમાં ફસાઈને ગળકાં ખાવાં પડે, ત્યારે ક્ષણભ
માટેય ચેતના આવે. ત્યાર પછી ખ્યાલ આવે માયાની સખત નાગચૂ
સપડાઈને બંધાયેલા પોતાની આશાહીન દુર્દશાની સ્થિતિનો. જેમ
પૂર્વજન્મના શુભસંસ્કાર હોય તેમને એ બંધન અસહ્ય થઈ પડે. તેઓ ગમ
ઉપાયે પણ એ બંધનમાંથી છૂટવા તનતોડ પ્રયાસ કરે. તેઓ મુમુક્ષુ.

૨૨૪. બીજા એક પ્રકારના જીવો છે કે જેઓ વંશપરંપરાથી ખરીદાયેલા ગુલામો
પેઠે પરાધીન જીવન ગાળે. એ જ એમને એવું સ્વાભાવિક લાગે કે તે
સ્વતંત્રતાના નામથીયે ડરે. તેઓ માને કે આપણે આમ જ મજામાં છીએ
આ બધું છોડીને જો કોઈ અજાણ્યો અનિશ્ચિત મુક્તિનો માર્ગ લેવાનો હો
તો આપણે એ મુક્તિની જરૂર નથી. વિષ્ટાના કીડાને ફૂલોના ઢગલા
રાખો તો એનો શ્વાસ રૂંધાઈ ને એ મરી જવાનો. એ બદ્ધજીવો.

૨૨૫. સંસારમાં જો એકલું અખંડ સુખ જ હોત; રોગ, દુઃખ, અભાવ, આપત્તિ
વિપત્તિઓ, ભય, ચિંતા ન હોત; તો પછી ભગવાનને કોણ યાદ કર
જવાનું હતું ? આ બધાં એમણે આપ્યાં છે આપણને બોધપાઠ પરીક્ષા
માટે, કે જેથી લોકો તેને ભૂલી ન જાય, નિરુપાય થઈનેય તેના શરણાગ

થાય. એટલા માટે સુખે દુઃખે બધી અવસ્થાઓમાં પ્રભુને જકડીને પકડી રાખવા. તમારું સર્વસ્વ સમજીને પ્રાણથીયે વધુ ચાહવા. એ જ તમારી એકમાત્ર ગતિ, સહાય અને મૂડી એમ જાણજો. તો પછી જોશો કે દુઃખ શોક, બધું અમંગલ નાસી જશે. કશુંય મનને વિચલિત કરી શકશે નહિ; અંતર આનંદથી ભરપૂર થઈ જશે.

૬. શ્રી ભગવાનના પ્રેમના ભિખારી બનો. તેની પ્રેમમય મૂર્તિનાં દર્શન માટે આતુર થઈને રડો. તેના માટે ઘેલા બનો, જાણે કે તેના વિના જીવન અસંભવ બને. તેના જેવું આપણા દર્દે દર્દી કોણ બીજું છે ? તેના જેવું આપણું પોતાનું માણસ, અંતરનું માણસ બીજું કોણ છે ? સેંકડો અપરાધ કરવા છતાંય પશ્ચાત્તાપ કરવાથી એ ક્ષમા આપે, ગોદમાં લે. તેમનો પ્રેમ નિઃસીમ, ધારણાથી અતીત; એ અનંત સુખનો ભંડાર, એ અમૃતનો સાગર. એમાં ઝંપલાવો તો અમૃતત્વ મળશે. આનંદે ભરપૂર થઈને આનંદમાં તરશો. જેમ રસગુલ્લાં કે માવાનાં ગુલાબજાંબુ ચાસણીના રસમાં ડબક ડબક કરે તેમ ભક્ત ભગવત રસાસ્વાદન છોડીને મુક્તિ યા નિર્વાણ ઇચ્છે નહિ તે શું સમજશો ?

ભાંગ પીનારા કે નશાખોરો બે પ્રકારના હોય છે. એક પ્રકારના પીનાર સારી રીતે પીને નશામાં ચકચૂર થઈને આનંદથી 'જય મા જય મા' કહીને હાકોટા પાડે અને કાલીકીર્તન કરતાં કરતાં પ્રેમાશ્રુથી તેની છાતી ભીંજાઈ જાય. બીજી જાતનો ચેતન પીનાર એટલો બધો પીએ કે આખરે બેશુદ્ધ થઈને અચેતન અવસ્થામાં પડયો રહે. એટલી માત્રાએ ન ચડે ત્યાં સુધી તેને સંતોષ ન વળે. પહેલો પ્રકાર જાણે કે ભક્ત, બીજો જ્ઞાની. બેય પોતપોતાના ભાવની રીતે સાધનામાં તન્મય થાય, પરંતુ ભક્ત 'તસ્ય અહં' (હું તેનો) એ ભેદભાવ રહેવા દે અને જ્ઞાની પોતાના અહંનો તેમાં લય કરી દે. 'સોઽહં' ભાવે- હું જ એ અખંડ, અનંત, સચ્ચિદાનંદ પૂર્ણબ્રહ્મ પરમાત્મા. બેમાં કોનો આનંદ વધુ ? કહો જોઈએ ? બન્ને જ્ઞાન અને ભક્તિની અંતિમ અવસ્થા, એકાત્મભાવ. ત્યાં બેય મળી ગયા છે. કયો કોણ એ

ઓળખી શકાય નહિ.

૨૨૮. નિરાકાર બ્રહ્મ ભૌતિક આકાશની પેઠે જડ વિરાટ નહિ. એ અખંડ સ્વરૂપ. એ ચૈતન્ય સર્વવ્યાપી સકળ વસ્તુમાં ઓતપ્રોત. તેની જ સ તેના જ અસ્તિત્વથી સર્વ વસ્તુઓનું જ્ઞાન, તેના જ આનંદથી સૃષ્ટિ કાંઈ આનંદપ્રવાહ. એ ભાવે, એ વિરાટ ધ્યાનની સગવડ માટે આકા ઉપમા માત્ર.

૨૨૯. બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥ ગીતા, ૪–૨૪

હોમાગ્નિમાં આહુતિ આપવાની ક્રિયા બ્રહ્મ, આહુતિનું હો બ્રહ્મ, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપી હોતા હોમ કરે. કર્મમાં બ્રહ્મબુદ્ધિ એ બ્રહ્મને જ પામે.

ગીતાના એ શ્લોકનું તાત્પર્ય એ છે કે જે કાંઈ કરવામાં આવે, એ બ્રહ્મબુદ્ધિ, અર્થાત્ બ્રહ્મની સાથે પોતાને એકરૂપ સમજીને કરવું, ત સમગ્ર જીવન જ એક અખંડ યજ્ઞસ્વરૂપ થઈ જાય કે જેથી કર્તા, કર્મ (સાધન), ફળ એ બધુંય બ્રહ્મરૂપ થાય. બધાં કર્મોને જાણે કે યજ્ઞ બ્રહ્મની જ આરાધના. જમતી વખતે જાણવું કે ખાદ્ય પણ એ જ. ભોજ પણ એ; તેનાં સાધન પણ તે જ, અર્થાત્ જે ઇંદ્રિયોની સહાયે આ ખાઈએ તે પણ એ બ્રહ્મ, તેમ જ ભોક્તા પણ એ જ. બ્રહ્મરૂપ જઠરા જાણે અન્નરૂપી આહુતિ દો છો એવી ભાવનાથી આહાર કરવો. ખાવાનું જ શું કામ? જગતની પ્રત્યેક વસ્તુ, પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વિ આ બ્રહ્મભાવના લાવવાની. આ જ છે જીવના સમસ્ત કર્મફળના એક માત્ર ઉપાય; કારણ, તેવું કર્મ બ્રહ્મપ્રાપ્તિ સિવાય બીજું ક ઉત્પન્ન કરે નહિ. આપણાં સર્વ કર્મોમાં સર્વ ઉદ્દેશ્ય ભગવાનને જ આપણે પ્રતિષ્ઠિત કરી શકીએ; તેનો મંગલસ્પર્શ, તેની મંગલમયી બધામાં બધે વખતે જાણે કે અનુભવી શકીએ; 'હું કર્તા,' એ અ છોડી દઈને સમસ્ત કર્મોનું ફળ જાણે કે આપણે તેમનામાં સમર્પ

શકીએ, – ભગવાન શ્રીકૃષ્ણ એ વાતનો જ આ શ્લોકમાં ઉપદેશ કરી ગયા છે.

૦. ભક્ત શ્રીરામપ્રસાદનું આ આશયને વ્યક્ત કરતું એક મજાનું ગીત છે:

'મન કહે તું કાલિને ભજ, મનભાવે તે આચારે,
ગુરુદત્ત મંત્ર જપતો જા, નિશદિન પ્રેમે જપતો રે'.
શયને રાખો પ્રણામજ્ઞાન, નિદ્રાએ ધરો માનું ધ્યાન,
નગર ભ્રમણ કરો ભલે, શ્યામા માની પ્રદક્ષિણ માન.
જે કંઈ તું સુણે-સાંભળે, તે માના મંત્ર જ જાણ,
વર્ણ વર્ણનાં નામ ધારીને, કાલિને બાવનવર્ણી માન.
ચર્વ્ય, ચોષ્ય, લેહ્ય, પેય, વળી જે રસ આ સંસારે
આહુતિ છે એ શ્યામા માને, એ ભાવે તું ભોજન લે.'

૧. આ દેહ અનિત્ય, એ આખરે કીડા યા ભસ્મરૂપે પરિણામ પામવાનો અને દુર્ગંધી, મળ, મૂત્ર, બળખા, લોહી, મેદ, મજ્જા, માંસ વગેરે અપવિત્ર ને ઘૃણાજનક વસ્તુઓ આ દેહનું ઉપાદાન. એ પ્રમાણેના એક હાડમાંસના ખોળખામાં બદ્ધ થઈને જીવ કેવા ભયાનક મોહમાં પડી જાય છે! એટલો બધો આસક્ત થઈને અને એમાં આત્મબુદ્ધિ કરીને રાતદિન પાર વિનાનાં કષ્ટ ભોગવે, છતાંય જાગ્રતિ આવે નહિ! મહામાયાની એવી માયા કે છટકું ગોઠવી જ રાખ્યું છે! જેઓ મોક્ષની ઇચ્છા રાખે તેઓ શરીર અને ઇંદ્રિયગ્રાહ્ય સર્વ વસ્તુ અસાર અને અનિત્ય જાણીને આ સર્વવિનાશક મોહજાળ કાપીને નિત્યવસ્તુનો આશ્રય લેવા પ્રયાસ કરે.

૨. એક સાધક કવિએ ગાયું છે:

'એની માયા એ મહામાયા, કેવો કીમિયો રચ્યો એ,
બ્રહ્મા-વિષ્ણુ અચેતન બને, તો જીવ વળી એને શેં જાણે?
માછીમાર જાળ પાથરે, છિદ્રમય જાળે એ મીન પ્રવેશે,
મીન ત્યાંથી બહાર ના'વે,. ભલે આવન જાવન માર્ગ રહે.
રેશમકીડો કોશ બનાવે, ધારે તો કાપે તેને,

મહામાયાએ બદ્ધ જીવ, ખુદની જાળમાં ખુદ જ મરે.'

૨૩૩. ઉપાસનાનો અર્થ ઈશ્વરની નજીક જવું, તેની પાસે બેસવું, વ્યર્થ
અને વ્યર્થ કામથી આપણું ભલું ન થતાં નુકસાન જ થાય. એમાં
પોતાને જ ખોઈ બેસીએ, અને એ બધાં આપણને ભગવાન પાસે
હટાવીને ક્યાંય મેલાની કુંડીમાં ઘસડી જાય. જેટલા આપણે એ બધા
વિચારો અને કામો અને અનિત્ય વિષયોથી અળગા રહીએ અને ભગ
સ્મરણ, મનન, ધ્યાન, પૂજા અને નામજપાદિમાં અને બીજાનું ભલું
જીવસેવા વગેરે સત્કર્મોમાં પોતાને લગાડીએ, તેટલા આપણે ભગવ
નજીક જઈએ. એના ભાવથી ભાવિત થઈએ અને આપણું અંતર આ
ભરાઈ જાય. સંસાર જીતવાનો, દુઃખ અશાંતિમાંથી ઉગરવાનો બીજો
ઉપાય નથી.

૨૩૪. શ્રીમત્ સ્વામી પ્રેમાનંદજી મહારાજ પાસેથી શ્રીઠાકુરની આ બે
સાંભળી હતી જે વાતો મેં પ્રકાશિત થયેલી જોઈ, વાંચી નથી. તે વાતો
રહસ્ય : ચોપાટની રમતમાં કાચી પાકી સોગઠી હોય છે. આચાર્ય
જાણે કે ચોપાટની પાકી સોગઠી, એ તો કાચી થઈ ફરીથી રમત શરૂ
પોતાની ઈચ્છા પ્રમાણે બે, ચાર, છ, આઠ, દશ દાણા ફેંકી શકે. તે
તેમના જ હાથના ખેલ જેવું. તે બીજી કાચી સોગઠી સાથે 'જોડ' બ
તેનેય પાર ઉતારે એટલે જ 'જોડ' બનાવવા પ્રયત્ન કરો. ચોપાટની રમ
આ 'જોડ' ને કોઈ ન મારી શકે. એ જ રીતે ગુરુ મળતાં જ પછી શિ
ભય ન રહે.

૨૩૫. એક સ્ત્રીએ ખૂબ મુશ્કેલીથી પૈસા બચાવી બચાવીને સોનાની બંગ
ઘડાવેલી, પરંતુ કોઈ તેની બંગડીઓનાં વખાણ કરે નહીં. હતાશ થઈને
પોતાની ઝૂંપડીમાં આગ લગાડીને બૂમાબૂમ કરી મૂકી. માણસો ભેળાં
એટલે હાથ લાંબા કરી કરીને કહેવા લાગી કે, 'અરે તમે બધા જુઓ
ખરા; આ મારા ઘરમાં આગ લાગી, મારું સર્વસ્વ સળગી ગયું રે! રહી
માત્ર આ મારી એક જોડી સોનાની બંગડી!' નિમ્ન કોટિના લોકોય,

જરાક કંઈક થયું કે મળ્યું તે કહી દેખાડવા ઉતાવળા થાય, પોતાને નુકસાન
કરીને પણ.

૨૩૬. માણસનું આખું જીવન જાણે કે પ્રલોભનોનો સમુદાય. કામાદિ છ
રિપુઓને આંખમાં ઊંઘ નહિ. તેઓ સદા ફર્યા જ કરતા હોય છે કે કોને
ફંદામાં ફસાવીને ગળી જવો. એટલા માટે હરઘડી જાગતા રહેવું જોઈએ,
હોશિયાર રહેવું જોઈએ, સર્વદા સત્ અસત્ વિચાર અને પ્રાર્થના કરવાં
જોઈએ. ચોર જો જુએ કે ઘરમાં પ્રકાશ છે અને કોઈ જાગે છે, તો એ ઘર સામે
જોયા વિના એ બીજે ચાલ્યો જાય. જેવા તમે જરાક આઘા, ગાફેલ યા
નબળા જણાઓ કે તરત જ તમારા છ શત્રુઓ પણ લાગ જોઈને જોર
કરવાના. વારે વારે હારી જવા છતાં પણ તમને ચક્કરમાં નાખવાનો
પ્રયાસ કરવાના, કોઈ રીતે અટકવાના નહિ કે હઠવાના નહિ. પરંતુ તમારે
કોઈ રીતે થાકવું નહિ, વારે વારે પડવા છતાંય નવા ઉત્સાહથી ફરી ઊભા
થઈ જવું અને લડવું. અને પછી તમે જોજો કે તમારી હાર પણ જીતની સાથે
મળી જશે. એ દરેક હાર તમને દરેક વખતે જરાક વધારે આગળ ધકેલી
દેશે. જેઓ ઉચ્ચ જીવન ગાળવાને અંતરથી આગ્રહી તેમને ભગવાન જ મદદ
કરે, કહી દે, પ્રેરણા આપે, તેમની અડચણો દૂર કરી રસ્તો સુગમ કરી દે.
તેઓ જ્યારે શત્રુઓની સાથે નિરંતર સંગ્રામ કરીને થાકીપાકીને આતુર
અંતરથી તેમના શરણાગત થાય, ત્યારે પ્રભુ પણ તેમને પોતાની ગોદમાં
લે. એ તો છે શરણાગતવત્સલ !

૨૩૭. ભક્ત ભગવાનની સેવા કરે કે ભગવાન ભક્તની સેવા કરે? એક એવો
સમય આવે કે જ્યારે ભક્ત જુએ કે પોતે તે ભગવાનની શી સેવા કરે છે, યા
કરી શકવાનો છે? ભગવાન જ તેની સેવા કરી રહ્યા છે. તેની સેવા તો
ગંગાજળથી ગંગાની પૂજા જેવું. તેની જ આપેલી વસ્તુ તેને આપવાની. ભક્ત
તો પોતાને વિષે ચિંતા કે વિચાર કરે નહિ, ભગવાનને જ તેને માટે ચિંતા
કરવી પડે. ભકત કોને કહેવાય? જેની ભગવાનમાં શુદ્ધ ભક્તિ હોય, નિષ્કામ
અહેતુકી ભક્તિ, જે ભગવત્ પ્રેમમાં પાગલ હોય. એવા સદા તદ્ગતચિત્ત

ભકતોનો ભાર ભગવાન વહન કરે, 'યોગક્ષેમં વહામ્યહં,' એવો
બહુ દુર્લભ. આપણા પુરાણ ઈતિહાસમાં તેમની કથાઓ છે. જેમ કે
પ્રહ્લાદ, શુકદેવ, વિદુર, શ્રીરાધા અને વૃંદાવનનાં ગોપગોપીઓ,
મહાવીર, હનુમાન આદિ. ઐતિહાસિક યુગમાં શ્રીચૈતન્યદેવ, મીરાં
નરસિંહ મહેતા, રામાનુજ, તુકારામ, રામપ્રસાદ, રામકૃષ્ણ, વિવે
પવહારીબાબા, નાગમહાશય વગેરે, તેઓમાં શ્રીરાધા, શ્રી ચૈતન્યદે
શ્રીરામકૃષ્ણ ભગવાનના અવતાર તરીકે પૂજાય છે.

૨૩૮. એક માત્ર શુદ્ધ ભક્તિથી, શુદ્ધ પ્રેમથી ભગવાન ભક્તાધીન
પ્રેમની દોરીએ ભક્તની પાસે ભગવાન બંધાઈ જાય, હાર કબૂલ કરે.
પાશમાં બદ્ધ થઈને ભગવાન ભક્ત હૃદયમાં અચળ રીતે બિરાજે.
ન દેવા જેવું ભગવાનની પાસે કાંઈ જ નથી.

૨૩૯. ભકત જેમ ભગવાનને છોડીને રહી શકે નહિ તેમ ભગવાનેય
છોડીને રહી શકે નહિ- પ્રેમાસક્ત યુવક-યુવતીની પેઠે. પરંતુ યુવક-યુ
પ્રેમ રૂપ પરનો અને ગુણ પરનો, પોતાનાં સુખ અને સ્વાર્થની ખા
ભર્યો. જરાક આડાં અવળાં જતાં કે હાલચાલમાં મેળ ન મળતાં
લાંબો ટકે નહિ, કડવાશ મૂકી જાય. પરંતુ ઈશ્વરીય પ્રેમ સાવ નિ
અપાર્થિવ, અંતહીન. એ પ્રેમસુધા જેટલી પિવાય તેટલી પિપાસા
જાય, કોઈ રીતે આશા મટે નહિ. પ્રેમ, પ્રેમપાત્ર ને પ્રેમિક અભે
જાય, એકાકાર થઈ જાય, ત્યારે એક માત્ર આનંદ જ બાકી રહે.

૨૪૦. (ખ્યાલ રાખજો કે) જ્યારે, જે ભાવે મા રાખે, એ જ તમારા મંગલ
છે, તમે સમજો કે ન સમજો. સુખ, દુઃખ બધુંય તેના હસ્તકમળનો મંગ
તેની લીલા કોણ સમજે ! સુખેય રાખે, તેમ દુઃખેય રાખે, એ બધુંય '
આશીર્વાદ સમજીને માથે ચઢાવી લેવું. મા ગમે તેટલું મારે તોય તે
મીઠો લાગે છે. જ્યારે મનમાં આ જ ભાવ રહે, ત્યારે જ હું માનો સા
બનું. માના પ્રહારોથી બાળક મરી જતું નથી કે તેના ભવાં ચડાવ
ડરી જતું નથી. મા રાખે તેમ રહે. તે જાણે છે - એક માત્ર માને.

. એક રતિભાર જેટલી મેલી બુદ્ધિની મદદથી શાસ્ત્રચર્ચા, તર્ક, વિચાર,
યુક્તિ, દલીલો કરીને તે ભગવાનને શું સમજવાના હતા ? ઊલટું એ બધું
લઈને સમજવાનો પ્રયાસ કરવા જતાં ગૂંચવાઈ જઈને આખરે એવી ગડબડ
થઈ જવાની કે પોતાના અસ્તિત્વમાંય શંકા ઊઠે. આવો દુર્લભ મનુષ્યજન્મ
પામીને બગીચામાં આંબાનાં પાંદડાં ગણીને અને તેના પર અદ્‌ભુત શોધખોળ
ચલાવવામાં દિવસ કાઢવા કે કેરીઓ ખાઈને તૃપ્ત થવું ? જેઓ એ બધું કરે
તેઓ ભલે કરે, ભલા આદમી તારે એ બધાનું કામ શું ? તું તારે પેટ ભરીને
કેરી ખાઈ લે.

: અવશ્ય જ્ઞાનચર્ચા, વિચાર, દલીલો, શોધખોળ વગેરેથી બુદ્ધિ સૂક્ષ્મ બને,
અનેક સૂક્ષ્મ તત્ત્વોની ખબર પડે, કેટલાંય નવીન તત્ત્વો હાથ લાગે, કે
જેનાથી જગતનું ભલું પણ થાય. પણ વળી એ જ બધાં જ્ઞાન અને વિદ્યાઓ
સ્વાર્થી, ઇહલોકને જ સર્વસ્વ ગણનારા લોકો અથવા પ્રજાઓના હાથમાં
પડીને દુનિયાની પૂરી દુર્દશા અને વિનાશનું કારણ પણ થાય; ને મનુષ્ય
હિંસક પશુમાં પરિણમે, જગત સાક્ષાત્ નરકાગાર થાય.

: પ્રાર્થના એટલે અંતર્યામીની પાસે અંતરની વેદના અને અભાવને વિચાર
અને ભાષામાં જણાવવા, અને એ દૂર કરવા આતુરતાથી તેની કરુણા
યાચવી. સકામ પ્રાર્થના દ્વારા માણસ કહે : ' હે પ્રભુ, હવે સંસારનો ત્રાસ,
રોગ, શોક, અભાવ, તાણાતાણ આદિ સહન થતાં નથી, તમે મારું એ બધું
દૂર કરી દો.' નિષ્કામ પ્રાર્થના આ : ' હે પ્રભુ, તમારી મરજીમાં આવે
તેટલો ભાર મારે માથે નાખો, દુઃખમાં રાખો, આફતમાં નાખો તેનું કાંઈ
નહિ, માત્ર મને એટલું સહન કરવાનું સામર્થ્ય આપો, જેથી હું કોઈ રીતે
વિચલિત ન થાઉં, જેથી હું તમને ન ભૂલું, જેથી તમારા અભય ચરણોમાં
મને શુદ્ધ ભક્તિ રહે.'

૪. ભગવત્પ્રાપ્તિ યા મોક્ષ મનુષ્યજીવનનું મુખ્ય કર્તવ્ય. આ પરમ પુરુષાર્થ
પ્રાપ્ત કરવાનો અધિકાર અને સામર્થ્ય કેવળ માનવીને જ છે- પશુ, દેવતા,
ગંધર્વ, કોઈનેય નથી, પશુઓને નથી કારણ કે તેઓમાં વિવેકબુદ્ધિ નથી.

દેવતાદિને મોક્ષ પ્રાપ્તિ તો અસંભવ છે. કારણ કે અતિશય સુખ
સંપત્તિના ભોગથી તેઓની બુદ્ધિ ઢંકાયેલી રહે. ને એ જ કારણે
માણસોમાંય જેઓ વિપુલ ધનસંપત્તિના માલિક, તેઓને પણ મોક્ષ
કઠિન, તેમ વળી જેઓ અત્યંત ગરીબ, ભૂખની બળતરાથી અને અત
મારથી સદા કંપે અને ઊંચે શ્વાસે રહે, તેઓને પણ આધ્યાત્મિક
થાય નહિ. ભગવત્પ્રાપ્તિ મધ્યમ વર્ગના લોકોને માટે વધુ સંભવ, કા
તેમની અવસ્થા આ બેની વચ્ચે હોય. અને જોવામાં પણ આવે
જગતના ઈતિહાસમાં ધર્મ, સમાજ, રાષ્ટ્ર અને જીવનનાં બીજાં ક્ષે
અને વિચારોના રાજ્યમાં જે બધા તાકાતવાન મહાપુરુષો પોતાના પ્ર
બળથી અક્ષય કીર્તિ અને પ્રભાવ મૂકી ગયા છે તેઓમાંના ઘણાખરા
મધ્યમ વર્ગમાં જન્મેલા.

૨૪૫. જો આપણે આવતી કાલની ઘટનાઓ સારુ આજનો દિવસ વ્યર્થ
અને લડવા- ઝઘડવામાં કાઢીએ, તો આવતી કાલનો દિવસ પણ
બેસીએ.

૨૪૬. વિદ્યા, બુદ્ધિ, ધન, શાસ્ત્રજ્ઞાન, વાદ, વિચાર, દાન પુણ્ય, યજ્ઞ
યોગ, તપસ્યા એ કશાથી પણ ભગવાનને પામી શકાય નહિ. એ પ
પકડાવા દે નહિ. એમને પકડવાનું, વશ કરવાનું એક માત્ર બ્રહ્માસ્ત્ર
ભક્તિ. એ 'અનિર્વચનીય પ્રેમસ્વરૂપ.' એ ઠેકાણે આઘાત કરવાથી તેનું
પ્રકાશ પામે. પછી એ પોતાને છૂપા રાખી શકે નહિ. જેમ દૂઝણી ગ
આઉમાં વાછડાએ ઢીંક માર્યે એ ઝરર ઝરર કરીને દૂધ દેવા લાગે

૨૪૭. વેદમાં પરમેશ્વરને સમસ્ત ગુણોથી અતીત, નામરૂપદેશ
નિમિત્તાદિપરિચ્છેદરહિત, વાણીમનબુદ્ધિથી અગોચર, સર્વવ્યાપી, અ
અનંત, અચિંત્યસ્વરૂપ કહ્યા છે. પરંતુ ભક્તનું અંતર એ માની લઈને
થવા ઇચ્છે નહિ, થઈ શકે નહિ. ભક્ત કહેશે : પરમેશ્વર જો એવા જ
તો પછી એ હોય તોય શું ને ન હોય તોય શું ? જો એનાં દર્શન ન પામું
જો પોતાના કરી જ ન શકું, તો તો પછી ધર્મ કર્મ બધું મિથ્યા, હુંય મિ

જિંદગીયે વ્યર્થ. એવું તે કાંઈ કદીયે બની શકે ? એનાં આ જીવનમાં જ
દર્શન મળવાં જોઈએ. ભક્તના અંતરનું આતુર રુદન પરમેશ્વરનું આસન
હલાવી દે, પછી એ સ્વમહિમામાં પ્રતિષ્ઠિત રહી શકે નહિ. એ તો સર્વજ્ઞ,
સર્વભૂતોના અંતરાત્મા, સર્વાન્તર્યામી, અહેતુક કૃપાસિંધુ, અને સૌથી વધુ
તો એ ભકતવત્સલ. તેથી એ ભકતની મનોકામના પૂર્ણ કરવાને માટે પોતાનું
અસલ સ્વરૂપ ગુપ્ત રાખીને તેના ઈચ્છિતરૂપે હૃદયમંદિરમાં દર્શન દઈને
તેને કૃતાર્થ કરે. વળી જીવ તેનું સ્વરૂપ સહજમાં હૃદયંગમ કરી શકે એટલા
માટે એ કયારેક કયારેક નર દેહ ધારણ કરીને અવતીર્ણ થાય. ત્યારે પાપી
તાપી સુધ્ધાં તેની માત્ર કૃપાથી, સાધનભજન વિના પણ તરી જાય.

૮. ભગવાન સાધકની ઉપર કૃપા કરે અને તેની આરાધનાની સગવડ માટે
રૂપ પણ ધારણ કરે. તેમનાં ગુણાતીત અચિન્ત્ય સ્વરૂપે અથવા કેવળ
ઈશ્વરીય ગુણોના સમષ્ટિભાવરૂપે તેમને ધારણામાં લાવવા સંભવે નહિ.
ઘણીયે વાર આપણે શિવને ઘડવા જતાં વાંદરું ઘડી કાઢીએ ! આપણે જ્યાં
સુધી મનુષ્ય સ્વરૂપે છીએ, જ્યાં સુધી આપણામાં દેહબુદ્ધિ યા દ્વૈતભાવ છે,
ત્યાં સુધી ભગવાનને એક સંપૂર્ણ ઈશ્વરીય ગુણોવાળા આદર્શ માનવી રૂપે
કલ્પ્યા વિના આપણી પાસે બીજો ઉપાય નથી.

૯. નિરાકાર ભાવે પરમેશ્વરનું ચિંતન કરવા જઈએ તો આપણે બહુ બહુ તો
વિરાટ આકાશ કે અફાટ સમુદ્રની કલ્પના કરી શકીએ. પહેલી અવસ્થામાં
નિરાકારનું ધ્યાન કરવા જતાં શૂન્યનું જ ધ્યાન કરી શકીએ. તેમનામાં
બીજા કશાનો આરોપ કરી શકીએ નહિ. એ અંધકારમાં પાણો ફેંકવા જેવું.
બીજું શું ! નિરાકાર પિતા કે નિરાકાર માતાનું ધ્યાન એ અર્થ વિનાની
કપોળ કલ્પના, શબ્દોની વરાળ માત્ર. નિરાકાર ધ્યાનમાં આપણે આધ્યાત્મિક
ઉન્નતિને માર્ગે બહુ આગળ વધી શકીએ નહિ, કારણ કે નીરસ, અવલંબન
રહિત, સર્વરૂપાતીત નિરાકાર બ્રહ્મના ધ્યાનનો અધિકારી એ એક માત્ર
દેહજ્ઞાનરહિત મુક્ત પરમહંસ, જે સર્વભૂતોમાં ઈશ્વરદર્શન કરે તે.

૦. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે, 'સાધુઓના પરિત્રાણ, દુર્જનોનો

વિનાશ અને ક્ષય પામી રહેલા ધર્મના સંસ્થાપન માટે હું યુગે યુગે જ
છું.' પરંતુ પરમેશ્વર તો સર્વશક્તિમાન, એ માનવ શરીર ધારણ ક
અપાર કલેશ સહન કર્યા વિના પણ ઈચ્છામાત્રથીયે બધું કરી
તેમના અવતારત્વ સંબંધે આને જ શ્રેષ્ઠ પ્રમાણ તરીકે લઈ શકાય
ધર્મદ્વિષી, અત્યાચારી કંસ અને શિશુપાળનો વધ કર્યો હતો એટલે જ
ઈશ્વરના અવતાર કહી શકાય નહિ. જગતના ઈતિહાસમાં એવી
ઘટનાઓ મળી આવે, જેમાં એવા અત્યાચારી રાજાને તેના લોકો
નાખીને પ્રજાના દુઃખની શાંતિ કરી છે. અલૌકિક ઘટનાઓ પણ યો
મહાપુરુષોના જીવનમાં કેટલીયે વાર જોવામાં આવે. તેમનાથી
કશુંય નહિ. શ્રીકૃષ્ણનું અવતારત્વ તેમના મથુરાના કે દ્વારકાના
અથવા કુરુક્ષેત્રમાં પાંડવોના સહાયક રૂપે કરેલાં કાર્યો દ્વારા પ્રમાણિ
નહિ. એ બધાં કરવા જતાં તેમને ઘણીય વાર કૂટનીતિનો આશ
પડયો છે. તેનાં એ બધાં અદ્ભુત કાર્યો જરૂર આપણામાં ઊંડી શ્ર
નવાઈ ઉત્પન્ન કરે ને તેમની બહુમુખી પ્રતિભાનો પરિચય આપે.
બધાં એટલા સમય પૂરતી જ. ઘટનાઓ માત્ર. એ કાર્યોનો દીર્ઘ
અને કોઈ સ્થાયી પ્રભાવ માનવના જીવનમાં દેખાતો નથી.

૨૫૧. શ્રીકૃષ્ણના અવતારત્વનું સર્વશ્રેષ્ઠ પ્રમાણ એક માત્ર વૃંદાવનલીલ
પ્રકટ થયું છે. કારણ, એમાં જ એ એમના અનિર્વચનીય પ્રેમસ્વરૂપ
લીલા દેખાડી ગયા છે. શુદ્ધભક્તિ અને પ્રેમથી ભગવાન કેટલા ભ
થાય અને એ ભક્તને કેટલો પોતાનો કરી લઈ શકે, એ તેમની વૃંદાવન
જ સૌથી વધુ સમજાય. જે પ્રેમની ધારણા કરવી આપણાં જ્ઞાનબુદ્ધિથી
જેના આકર્ષણથી વ્રજગોપીઓ યમુનાની રેતીમાં તેમનો બંસીધ્વનિ
લજ્જા, ભય, કુળ, બધું તુચ્છ માનીને ઉન્મત્તની પેઠે તેનાં દર્શ
સંગની ઈચ્છાથી દોડી આવતી અને તેને પામીને પોતાનું અહંજ્ઞાન
દેહબુદ્ધિ ખોઈ બેસીને તેમાં તન્મય થઈ જતી, એ પ્રેમની પરાકાષ્ઠા
લીલામાં જગતને દેખાડી ગયા છે, જે ભગવાન વિના સાધારણ મા

સંભવે નહિ. એ અપૂર્વ નિત્યલીલાનો મધુર આધ્યાત્મિક પ્રભાવ યુગયુગાંતરથી અસંખ્ય નરનારીઓનાં હૃદયને આકર્ષણ કરતો આવ્યો છે. તેની ઈષ્ટસ્વરૂપે આરાધના દ્વારા તેમના પ્રાણમાં શાન્તિ અને આનંદ ભરી દેતો આવ્યો છે, અને તેમને મુક્તિના અધિકારી કર્યા છે. એ જ પ્રેમનો ભાવ વળી પાછો પુનર્જીવિત કરવા મહાપ્રભુ ચૈતન્યદેવ બહુ કાળ પછી અવતાર લઈને આવેલા, અને રાધાની સાથે શ્રીકૃષ્ણની એ કામગંધરહિત મધુર લીલામાં મહાભાવે આત્મહારા થઈને જગતને શુદ્ધ ભક્તિ- પ્રેમની લહાણી કરી ગયા છે. અને વર્તમાન યુગમાં આ થોડાં વરસ પહેલાં જ આપણે ભગવાન શ્રીરામકૃષ્ણદેવના જીવનમાં જોઈ શકીએ કે તે રાધાકૃષ્ણના મધુર ભાવનું ગીત કે વાત કહેતાં કહેતાં, એ મહાભાવથી એવા તો સંજ્ઞારહિત થઈ પડતા અને તેમના અંગમાં શ્રી રાધા તેમ જ શ્રીચૈતન્યની પેઠે અષ્ટ સાત્ત્વિક ભાવનાં સમસ્ત લક્ષણો દેખાઈ આવતાં.

૨૫૨. જેની પાસે જે હોય તેનો ત્યાગ તે કરી શકે. જે નહિ, તેનો વળી ત્યાગ શો? કોઈ પણ વસ્તુ વર્જન કરવી હોય તો પહેલાં તે અર્જન કરવી જોઈએ. તેની જવાબદારી ટાળવાનો પ્રયાસ કર્યે ચાલે નહિ. 'પવનથી ઊડતા આ મસ્રસ-ઘાણી, સમર્પણ હજો શ્રીગોવિંદને' આવી ત્યાગ ભાવના ચાલે નહિ. શાસ્ત્રો ભોગો ભોગવવાનો નિષેધ કરતાં નથી. પણ કહે છે: 'ત્યાગ દ્વારા ભોગ કરો, અર્થાત્ મમતા અને આસક્તિનો ત્યાગ કરીને ભોગ કરો. આ જગતની સર્વ વસ્તુ ઈશ્વરથી પરિવ્યાપ્ત છે, ઈશ્વર પ્રત્યેક વસ્તુમાં અનુસ્યૂત થઈ રહ્યો છે, બધું તેનું જ છે, એમ જાણીને 'અહં-મમ' ભાવનો ત્યાગ કરીને બધાં કામ કરો, બધું ભોગવો. નહિતર ભોગનું દુર્ભોગમાં પરિણામ આવશે.' એ રીતે ભોગ કરતાં યોગ એની મેળે આવવાનો, એની મેળે જ થઈ જવાનો.

૨૫૩. ઈષ્ટ વસ્તુનું સ્મરણ મનન કરવું એટલે તેની સાથે મનનું જોડાણ કરવું, એ વિચાર પ્રવાહ જેટલો ગાઢ અને એકધારો થાય, ચિત્તને વિક્ષેપ કરનારી વૃત્તિઓ જેટલી શાન્ત થાય, તેટલો જ એ તેલની ધારની પેઠે અવિચ્છિન્ન ધારણા. એને જ ધ્યાન કહેવાય. એ જ ધ્યાન એથી વધુ ગાઢ થતાં ધ્યેય

વસ્તુની સાથે એકરૂપ થાય, તદાકારકારિત થઈ જાય. એ અવસ્થાને સમાધિ કહે. ત્યારે જ સ્વસ્વરૂપનો પૂર્ણ અનુભવ થાય, ઈષ્ટ દર્શન, ભગવત્પ્રાપ્તિ થાય. ત્યારે જ, ઉપનિષદ્ કહે છે : 'હૃદયની ગ્રંથિ અર્થાત્ કામના વગેરે નાશ પામે, સર્વ સંશયો છેદાઈ જાય, કર્મફળનો ક્ષય થાય, સર્વદુઃખોનું અવસાન થાય.' એટલા માટે ભગવત્પ્રાપ્તિનું પ્રથમ સોપાન છે સ્મરણ મનન, ચિત્તવૃત્તિનો શાંતભાવ, નિરોધ. બીજું સોપાન છે ધ્યાન, ત્રીજું સોપાન સમાધિ, એ છેલ્લું સોપાન. વચલાં સોપાન મૂકીને ઓળંગી જઈને છેલ્લા સોપાને એકદમ પહોંચાય નહિ. એટલા માટે સ્મરણ મનનનું જ અંતિમ પરિણામ ઈશ્વરદર્શન.

૨૫૪. વારંવાર પુનરાવર્તન અને અભ્યાસ દ્વારા આ સ્મરણ મનનને દઢભાવે મનમાં ગૂંથવાને માટે જ જપ , ધ્યાન, આરાધનાનું વિધાન. વારંવાર લાંબા વખત સુધી રોજ ઈષ્ટમંત્ર જપ કરવાનું પ્રયોજન એટલા માટે જ. આપણે જે વિષય લઈને ઉપરાઉપરી ગૂંથાયેલા રહીએ યા ચર્ચા કરીએ તેની છાપ મનની ઉપર પડે. એ બધી ઉપલક દષ્ટિએ ઊડી ગયા જેવી લાગવા છતાંય સૂક્ષ્મપણે, સંસ્કાર રૂપે મનની અંદર રહે, અને જ્યારે અનુકૂળ વાતાવરણ મળે ત્યારે અજાણ રીતે માણસને કાર્યમાં યા વિચારમાં પ્રેરે. ખોટા સંસ્કાર પ્રબળ હોય તો કુભાવમાં પ્રેરે. સુસંસ્કાર હોય તો સદ્ ભાવ પ્રેરે. તેથી જોવામાં આવે છે કે જેઓ દુષ્કર્મી હોય છે, તેઓ ક્રમે ક્રમે એથીય વધુ ખરાબ કર્મોમાં લિપ્ત થાય, અને જેઓ આધ્યાત્મિક ઉન્નતિને માટે પ્રયત્નશીલ હોય તેઓ એ માર્ગે વધુ ઝડપથી આગળ વધે.

૨૫૫. સમસ્ત બ્રહ્માંડમાં જેટલી શક્તિઓ છે એ બધીની સમષ્ટિ સર્વસમયે એકસરખી જ રહે. તેમાં ક્ષય-વૃદ્ધિ કે વિનાશ નથી. પરંતુ તેમાં વિકાર યા પરિણામ થાય છે. એ અનેક રૂપે ફેરવાયા કરે માત્ર. આપણે જે કંઈ સારું-નરસું કામ કે વિચાર કરીએ એમાંના એક્કેયનો નાશ થવાનો નહિ. સૂક્ષ્મ રીતે તેમની ક્રિયા ચાલ્યા જ કરે, અથવા એ બધી સંચિત રહે. યોગાનુયોગ થતાં જ કાર્યમાં પરિણમે, અર્થાત્ તેમનાં ફળ, સારાં કે નરસાં આપણે જ

ભોગવવાનાં. કેવળ એટલું જ નહિ, પરંતુ બીજાનેય એ પ્રભાવિત કરીને ભોગવવાં પડે.

૨૫૬. સ્વામી વિવેકાનંદ કહી ગયા છે કે આપણે જેટલા પ્રકારની ક્રિયાશક્તિ યા વિચારશક્તિ જગતમાં છૂટી મૂકીએ, એ બધી વિશ્વાકાશમાં પરિભ્રમણ કરતી કરતી એજ ભાવનાં આંદોલનો જે માણસમાં હોય તેના ઉપર અસર કરે, તેને એ જ ભાવની રુચિ આપે અને શક્તિસંચાર કરે અને તેની પાસેથી પોતેય શક્તિસંચય કરે. અને એ શક્તિ પણ પોતાની ચક્રગતિ પૂર્ણ કરીને ઉત્પત્તિ સ્થળે કોઈ ને કોઈ સમયે પાછી આવીને જોરથી આઘાત કરે. આપણે કોઈનું અનિષ્ટ કરવાથી, કોઈને દુઃખ આપવાથી કોઈક ને કોઇક દિવસ , આ જન્મે કે બીજે જન્મે, આપણને એ જ પ્રમાણે ફળ ભોગવવું પડે. આ છે પ્રકૃતિનો નિયમ.

૨૫૭. પ્રકૃતિના અકાટય નિયમનું જ્ઞાન ન હોવાને લીધે જ, શા માટે મને અમુક પ્રકારનું દુઃખ ભોગવવું પડયું, તેનું કોઈ દેખીતું કારણ ન મળવાથી અથવા તેનું કોઈ આડકતરું કારણ આપણી સહજ બુદ્ધિથી ન પકડાવાને લીધે જ આપણે અદષ્ટને - ભગવાનને દોષ દઈએ, તેને નિષ્ઠુર યા પક્ષપાતી માનીએ ! આપણે એવા મોહમાં ઢંકાયેલા છીએ કે પોતાનાં કર્મોનાં ફળ પોતે જ ભોગવવાં પડશે, ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત, એ કદીયે વિચારતા જ નથી ! આ બધાં પરિણામોનો વિચાર કરીને સમસ્ત કામો અને વિચારોને નિયમમાં રાખવા, સન્માર્ગે વાળવા. ક્ષણિક સુખ યા લાભને માટે કદીયે બીજાનાં દુઃખનું યા બૂરાઈનું કારણ થવું નહિ. ધર્મમાર્ગે અવિચલિત ભાવે ચાલતાં, દૈવી સંપત્તિ (ગીતા, ૧૬/૧-૩) ના અધિકારી થશો, ચિત્ત શુદ્ધ થશે, ઈશ્વરી શક્તિની ક્રિયા અંતરમાં પ્રત્યક્ષ અનુભવશો. એ વખતે પછી નરસું કરવાની ઈચ્છા થવા છતાંય કરી શકશો નહિ. જેમ શ્રીરામકૃષ્ણ કહેતા અને જીવનમાં પ્રમાણિત કરી ગયા છે કે, 'બેતાલ પગ પડે નહિ,' તેમ. પરમ ધાર્મિકનું લક્ષણ જ એ.

૨૫૮. ઘણાયનો એવો ખ્યાલ છે કે જ્ઞાનમાર્ગ અને યોગ-સાધના વિના સમાધિ

થાય નહિ. પાતંજલ યોગદર્શનમાં ચોખ્ખું છે કે, 'સ્વાધ્યાયાત્ ઈષ્ટદેવતાસંપ્રયોગ: ' એટલે કે મંત્રજપથી ઈષ્ટ દેવતાનાં દર્શન થાય. એની પછી તરત જ છે કે 'સમાધિસિદ્ધિ : ઈશ્વરપ્રણિધાનાત્ ' અને બીજી એક જગાએ છે કે 'ઈશ્વરપ્રણિધાનાત્ વા' એટલે કે ઈશ્વરમાં મનની એકાગ્રતા યા ઈશ્વરમાં સર્વ ક્રિયા અને તેનાં ફળ સમર્પણ કરવાથી સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય. ભાષ્યકાર વ્યાસ લખે છે કે, 'ઈશ્વર પ્રણિધાન અર્થાત્ ભક્તિ વડે પ્રસન્ન થઈને ઈચ્છા માત્રથી ભક્ત પર અનુગ્રહ કરે. તેમની કેવળ માત્ર ઈચ્છા વડે પણ યોગીને સમાધિ પ્રાપ્તિ અને તેનું ફળ જલદી મળી શકે.' એટલે કે અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યા વિના પણ સમાધિ થઈ શકે. ભગવાનમાં તન્મયતાની પ્રાપ્તિ અને સમાધિ- એ એક જ વાત, કેવળ ભાવ અને ઉપાયમાં ભેદ. વસ્તુપ્રાપ્તિ અને તેનું ફળ બંનેનું એક જ. જે નિર્ગુણ બ્રહ્મ તે જ સગુણ બ્રહ્મ. છતાં સગુણ બ્રહ્મની ઉપાસના જ દેહબુદ્ધિવાળા જીવને માટે સહજ.

૨૫૯. સકામ ઉપાસના એ પોતાની જ ઉપાસના, ભગવાનની નહિ. આધિવ્યાધિ, આપદ્-વિપદ્, અભાવ, દુઃખ, ભય, ચિંતા, શોક એ બધાંથી બચવા ભગવાનને પોકારવો એ પોતાના જ ભોગ અને પુષ્ટિને માટે, પોતાનાં સુખ સગવડને માટે જ માત્ર. સ્નાન દાન, પૂજા, અનુષ્ઠાન, વ્રત ઉપવાસ, યજ્ઞયાગ, શાંતિસ્વત્યયન, તીર્થભ્રમણ, સાધુસેવા, ચંડીપાઠ- એ બધાંનું સકામભાવે અનુષ્ઠાન કરવાનો હેતુ- પાપક્ષય અને પુણ્યસંચય.

• પાપક્ષય, અર્થાત્ કર્યાં પાપકર્મોનું કુફળ જે નરક ભોગ યા દુઃખભોગ, તેમાંથી સહજ ઉપાયે બચી જવાય એ. પાપ કરવાની વૃત્તિના ક્ષયને માટે એ નહિ. પુણ્યસંચયનો ઉદ્દેશ આ જીવનમાં સગાંવહાલાં, પુત્રપરિવાર, સંપત્તિ સાથે સુખે સ્વચ્છંદે રહેવું અને મૃત્યુ પછી સ્વર્ગમાં અક્ષય સુખની પ્રાપ્તિ. આ બેય ધારણા મનનો ભ્રમ, માત્ર ખોટી આકાંક્ષા. અમિશ્ર સુખ આ જગતમાં છે જ નહિ, અને સ્વર્ગનું સુખેય અક્ષય નથી. એ બધાં શાસ્ત્રના, વેદ પુરાણાદિનાં અર્થવાદ એટલે કે પ્રશંસાત્મક વાકયો માત્ર. જેઓની ધર્મકાર્યમાં પ્રવૃત્તિ ન

હોય, તેમને લોભ દેખાડવાને માટે કહેવામાં આવ્યાં છે. 'એક ગણું દાન સહસ્રગણું પુણ્ય' જેવાં. મા જેમ નાનાં બાળકને જાદુઈ પરીની વાતો યા હાલરડાં સંભળાવીને ધવરાવે યા ઊંઘાડી દે તેમ, બીજું શું ? ઉદ્દેશ્ય સારો, તો કામ પણ થાય.

૨૬૦. ત્યારે શું એ બધી ઉપાસનાઓ સકામ છે માટે કરવી જ નહિ ? કરવાની કોણ ના પાડે છે ? જયાં સુધી દિલ ચાહે ત્યાં સુધી ખૂબ કરજો. એમાં શું ? એ બધાંથી ચિત્તમાં વિશાળતા અને પ્રસન્નતા આવે., સદ્‌વિચાર અને સત્કાર્યના અનુષ્ઠાન દ્વારા સાત્ત્વિક ભાવનો ઉદય થાય, ધર્મકાર્યમાં શ્રદ્ધા ને આકર્ષણ થાય પરંતુ એટલું જાણી રાખજો કે એ બધાં ધર્મકાર્ય ભલે, કર્મકાંડની અંદર હોય, પરંતુ એ ભક્તિ નથી. ભક્તિમાં લેવડદેવડ ન હોય, દુકાનદારી ન હોય, નફાનુકસાનની ગણતરી યા ફળની આકાંક્ષા ન હોય. માત્ર હૃદયદેવતાને દેહ, મન, પ્રાણ અને સર્વસ્વનું અર્પણ, તેમને ચાહીને થતી પરિપૂર્ણ તૃપ્તિ, કારણ કે તેમને ચાહ્યા પછી બીજા કશા લાભની યા આકાંક્ષાની વસ્તુ જ શોધી મળે નહિ. પ્રેમની ખાતર જ પ્રેમ, પ્રેમ જ સ્વભાવ, તેને ચાહ્યા વિના જીવી ન શકાય એવો ભાવ. આ થઈ ભક્તિની પરાકાષ્ઠા- પરા, શુદ્ધ, નિષ્કામ પ્રેમભક્તિ. પરંતુ એ ભક્તિ વિરલ, શરૂ શરૂમાં એની મેળે આવે નહિ. એટલે કર્મકાંડની, વિધિપૂર્વકની ભક્તિના અનુષ્ઠાનની વાત શાસ્ત્રોમાં કહેલી છે. એ બધાંનું શ્રદ્ધા અને વિશ્વાસની સાથે પાલન કરવાથી ઈશ્વરની કૃપાથી ક્રમે ક્રમે ચિત્તશુદ્ધિ થાય, મનનો મેલ કપાય, અલ્પફળની ઇચ્છા તુચ્છ લાગે, અનિત્ય વિષયોમાં વૈરાગ્ય આવે. ત્યાર પછી અક્ષય પરમપદપ્રાપ્તિ માટે હૃદય વ્યાકુળ થાય. એ અવસ્થાને પરાભક્તિ કે પરમજ્ઞાન કહે.

૨૬૧. બાર વરસ સુધી અખંડ બ્રહ્મચર્ય અને સત્યપાલન કરવાથી વાક્‌સિદ્ધ થાય, તેનામાં ઇશ્વરી શક્તિનો વિકાસ થાય. એવા માણસનું વાકય કદી મિથ્યા થાય નહિ, જેને જે કહે તે ફળે, શાપ કે આશીર્વાદ, ગમે તે હોય, એ જેનું કલ્યાણ ઇચ્છે તેનું કલ્યાણ થાય, તેના શુદ્ધ મનમાં જે સંકલ્પ ઊઠે તે

સિદ્ધ થાય.

૨૬૨. જેઓ ભગવાનનાં દર્શન કરવા ઇચ્છે, તેમણે કોઈ પણ અવસ્થામાં સત્યનો ત્યાગ કરવો નહિ. એ માટે ભલે હજાર દુઃખ કષ્ટ ભોગવવાં પડે, તેય સારું. તો જ સત્યસ્વરૂપ ભગવાનને પમાય, સત્ય છોડવાથી ભગવાનને પણ છોડયા કહેવાય. સત્યની શક્તિ અમોઘ. પિતાના સત્યપાલનની ખાતર રામ વનમાં ગયા, પાંચ પાંડવોએ સત્ય પાલનને માટે દ્રૌપદીની સાથે વનવાસ પસંદ કર્યો, રાજા હરિશ્ચંદ્ર સત્યને ખાતર સર્વસ્વાન્ત થઈને રસ્તાના ભિખારી બન્યા. પુરાણોમાં સત્યનિષ્ઠાનાં બીજાં સેંકડો દૃષ્ટાંત છે, સત્ય સારુ જીવન વિસર્જન કરવાનાંય. આપણા ઠાકુર શ્રીરામકૃષ્ણ પણ માતા કાલીને જ્ઞાન અજ્ઞાન, પવિત્ર અપવિત્ર, સારું નરસું, પાપ પુણ્ય, ધર્મ અધર્મ વગેરે સર્વ કાંઈ આપી શકયા, પરંતુ સત્ય અસત્ય માને દઈ શકયા નહિ, કારણ કે 'સત્ય ત્યાગ કર્યે શેને આધારે એ ત્યાગ રહે ?' એમ તેઓ કહેતા.

૨૬૩. વખત સડેડાટ કરતો વહ્યો જાય છે. હર ક્ષણે આયુષ્ય ઓછું થતું જાય છે. જીવનનો અર્થ જ મૃત્યુ નજીક. શરીર કયારે જશે એનું કશુંય નક્કી નથી. એટલે મૃત્યુને માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ. નકામો સમય બગાડો મા. કોઈ આવશ્યક કર્તવ્ય- કર્મ ભવિષ્યને માટે એક બાજુ મૂકી રાખો મા. પરલોકને માટેનું ભાતું પણ અત્યારથી જ કરવું જોઈએ, ધનસંપત્તિ તો આ લોકની જ મૂડી, પરલોકમાં એ સાથે આવવાનાં નહિ. સાધનભજન પરકાળનું ભાતું; એ જ પોતાની ખરી મૂડી કે જે સાથે લઈને જઈ શકવાના. એ જેટલું ભેગું કરશો એ વ્યર્થ જવાનું નહિ, એટલું વાટમાં આગળ આવીને ઊભું રહેશે.

૨૬૪. આ જન્મમાં સાધન ભજન કરીને જે મેળવશો, આગલા જન્મમાં ત્યાંથી જ શરૂ કરવાના અને ઝડપથી અગ્રેસર થશો. એથી જ જોવામાં આવે છે કે કોઈને સ્વભાવથી જ ઈશ્વર પ્રત્યે અનુરાગ; તેમને ચિત્તની એકાગ્રતા અને સૂક્ષ્મતત્ત્વની અનુભૂતિ જરાક સાધન ભજન કરતાંની સાથે જ થાય, જરાક

ટેકો દેતાં જ પ્રકટ થાય. આ જે ટેકો દેવો એનું નામ દીક્ષા. ઠાકુર શ્રીરામકૃષ્ણ તેમને સુક્કાં લાકડાં કહેતા, જે એક જરાક ફૂંક મારતાં વેંત સળગી ઊઠે. અને જેઓ પલળેલાં કે લીલાં લાકડાં, તેઓ સહજમાં પેટે નહિ, એમના માટે ગુરુને કેટલીયે જહેમત ઉઠાવવી પડે. તે લોકોનેય કેટલી મહેનત કરવી પડે અને વાર લાગે. આત્મતત્ત્વનો અનુભવ થતાં પહેલાં કદાચ કેટલીયે જિંદગી નીકળી જાય.

૨૬૫. કર્મફળનો ભોગ સૌને કરવો પડે. ભોગ પૂરો ભોગવાયા વિના મુક્તિ થાય નહિ. પરંતુ અવતારી મહાપુરુષોનો આધાર લેવાથી તેમની કૃપાથી સાત જન્મના ભોગ એક જન્મમાં જ ભોગવાઈ જાય.

૨૬૬. જગતમાં હંમેશાં જોવામાં આવે છે, કે જેઓ ધર્મ માર્ગે ચાલે તેમને સાંસારિક દુઃખ કષ્ટનો અંત નહિ, અને જેઓ અધર્મનો આધાર લે તેમનાં કેવાં સુખ સ્વચ્છંદમાં જીવન જાય. તેમની ભોગવાસના ખૂબ પ્રબળ હોય એટલે ભોગ જ તેમનું સર્વસ્વ. તેથી જો કોઈ પણ ઉપાયે ભોગની વસ્તુ મેળવી શકે તો તેઓ માને કે આપણે ખૂબ બુદ્ધિમાન, આપણે ખૂબ મજામાં છીએ. નરકનો કીડો નરકમાં જ સુખ પામે, તેનાથી જ હૃષ્ટપુષ્ટ થાય, પરંતુ તેઓ એવા મૂઢ કે વિચારે નહિ કે, આ જે દુષ્કર્મનો બોજો ભેગો કરીએ છીએ, એના પરિણામે પછીના જન્મમાં કેવું દારુણ દુઃખ ભોગવવું પડશે, કદાચ પશુયોનિમાં જન્મ લેવો પડશે. મરણોત્તર-જીવનની વાત એક બાજુએ મૂકીએ, તો પણ જેઓ એ જાતના ઘોર અજ્ઞાનથી ઢંકાયેલા છે, જેઓ વિવેકરૂપી વીંછીના ડંખથી દુઃખી ન થાય, તેઓ તો જીવતા પશુથીયે નીચા.

૨૬૭. જેઓ સ્વાર્થથી આંધળા, ઈંદ્રિયપરાયણ અને ધનમદમત્ત, તેઓ બહારથી ગમે તેટલી ઝાકઝમક અને પ્રફુલ્લતા દેખાડે પણ અંતરમાં તેઓને સુખ શાન્તિ છે એમ નહિ માનતા. વિષયભોગ થોડોક મીઠો લાગે પણ પછીથી એ જ અંતરના દાહનું કારણ થાય, અને હંમેશાં ભય, ચિંતા, અશાન્તિ અને વ્યર્થતાથી તેમનું જીવન બોજા જેવું લાગે, એટલે સુધી કે તેઓ મૃત્યુ સુધ્ધાં ઈચ્છે, કે આત્મ-હત્યા કરે. તેઓ ખરેખર દયાને પાત્ર.

૨૬૮. સદ્વિચાર, સત્સંગ અને સત્કાર્યો વડે ચિત્ત શુદ્ધ થાય. એટલે પછી મન સ્થિર થાય અને જપ તથા ધ્યાનમાં એકાગ્રતા આવે. અરીસા ઉપર ધૂળ ચડી ગઈ હોય તો જેમ પ્રતિબિંબ ચોખ્ખું પડે નહિ, તેમ મન મેલું હોય તો ઈશ્વરીય ભાવ ધારણ કરવાનું સામર્થ્ય આવે નહિ. એટલા માટે સાધના કરવાની ખાસ જરૂર. તેમાં મન ન લાગે તો પણ શરૂઆતમાં સાધના પરાણે પણ કરવી જોઈએ. અભ્યાસ કરતાં કરતાં જણાશે કે સાધના કરવામાં રસ આવે છે અને એ ગમે છે. દવા પીવા ન ઇચ્છે તો દરદીને સમજાવીને, એટલે સુધી કે, છેવટે પરાણેય પાઈ દેવી પડે. પરંતુ એવાયે રોગી હોય છે કે જેમના મોઢામાં દવા રેડો છતાંય બહાર કાઢી નાખે. એમનો રોગ મટે કેવી રીતે?

૨૬૯. જેમ જેમ સાધના કર્યે જશો, તેમ તેમ ભગવાનની દયા સમજાતી જશે. તેમ તેમ તેનો હૃદયમાં પ્રત્યક્ષ અનુભવ કરી શકશો. તમને દેખાશે કે એ તમને કેટલી રીતે સહાય કરી રહ્યા છે, એમનાં દર્શન માટે જે કાંઈ જરૂરનું, એ બધું એ પરદા પાછળ રહીને પૂરું પાડી રહ્યા છે. પ્રભુ જો ન ખેંચે તો શું એમના તરફ મન જાય કે? જે અનન્ય ભાવે તેમને ઈચ્છે, તેમના માટે સર્વ કોઈનો ત્યાગ કરે તેના હૃદયમાં પ્રભુ એવી પ્રેરણા મૂકે કે જેથી તેમનાં દર્શન કરવા તેના પ્રાણ આકુળ વ્યાકુળ થઈ જાય, બીજું કાંઈ તેને ગમે નહિ. એ અવસ્થાને પ્રેમોન્માદ કહે. વ્યાકુળતા એ એનું જ સ્વરૂપ. વ્યાકુળતા એ પ્રભુના અંતઃપુરમાં જવાની ચાવી.

૨૭૦. થોડાક દિવસ જપ ધ્યાન કરીને એમ ન માની બેસો કે, આટલું બધું તો સાધન ભજન કર્યું પણ કાંઈ વળ્યું નહિ, ! જો બહુ કાળ સુધી સાધન ભજન કરવા છતાંય કશું ફળ ન મળે, તો જાણજો કે ક્યાંક પણ ભૂલ થઈ છે, ક્યાંક પણ ફાટ યા કાણું છે કે જયાંથી સાધન બધું બહાર નીકળી જાય છે. પોતાની અંદર શોધતાં શોધતાં એ શોધી કાઢજો અને એને બંધ કરજો. તો પછી હૃદયરૂપી ઘડો ધીરે ધીરે ભરાશે; અંતર શક્તિ અને આનંદથી ભરાઈ જશે. હું આટલું કરું છું, આમ સાધના કરું છું, એવું બધું માનવું એ

મૂઢતા, અહંકારની નિશાની. ઊલટું એમ વિચારજો કે, 'હું ગમે તેટલું કરું, પણ પ્રભુ! તમારાં દર્શન પામવાના પ્રમાણમાં તે એ વળી કેટલુંક ? મારા પોતાનામાં તે વળી કઈ તાકાત છે કે જેને જોરે હું તમને પામી શકું ? તમે પોતે જો દયા કરીને મારા ઉપર કૃપા કરો તો જ બને. મારે તો બીજો ઉપાય જ નથી. હું તમારો શરણાગત. તમે પોતે જ મારા ઉપર દયા કરો, મારું રક્ષણ કરો, મને ભવબંધનથી છોડાવો, પ્રભુ.'

૨૭૧. ધ્યાન, જપનો અભ્યાસ બધે વખતે, બધી જગાએ, અને બધી અવસ્થામાં કરી શકાય. ધ્યાનસિદ્ધ પુરુષો પોતાના મનને પોતાની અંદર સમેટી લઈને માણસોના કોલાહલની વચ્ચે પણ એવા એકાંતનો અનુભવ કરે કે કોઈ રીતે તેમની એકાગ્રતાને ખલેલ પહોંચે નહિ. તેઓ સુખેદુઃખે, સંપત્તિ-વિપત્તિમાં, નિંદાસ્તુતિમાં સમાન રીતે રહે. તેમને જ ગીતામાં સ્થિતધી, બ્રહ્મજ્ઞ, મુનિ કહેવામાં આવ્યા છે.

૨૭૨. તે પ્રમાણે, જેઓ જપમાં સિદ્ધ થાય, તેમના પ્રત્યેક શ્વાસોચ્છ્વાસની સાથે આપોઆપ જ જપ ચાલ્યા કરે, પ્રયત્નપૂર્વક કરવો પડે નહિ. આને જ અજપાજપ કહે. અભ્યાસને પરિણામે જપમાં મન દઢ થવાને લીધે તેમની એવી અવસ્થા થાય કે તેઓ બહાર વાતચીત યા કામકાજ કર્યા કરે છતાંય તેમના અંતરમાં ઈષ્ટમંત્ર નિરંતર ગુંજયા કરે. તેઓ લોકોપદેશને માટે ઈચ્છા કર્યે, વખતે માળા પણ ફેરવતા જાય. પરંતુ પેલા વૈષ્ણવ બાબાજીઓની પેઠે શાકભાજીનો ભાવ કરતાં કરતાં દુનિયાને દેખાડવા માળા તાણવી એમ નહિ. ધ્યાનસિદ્ધ અને જપસિદ્ધ મહાપુરુષોની અવસ્થા એક જ સરખી. એ બન્ને સ્થિતિ દીર્ઘકાળ સુધીના એકસરખા અભ્યાસ, ચિત્તના સંયમ અને સાધન ભજનનું ફળ. 'ધ્યાનસિદ્ધ જેહ દાસ, મુક્તિ તેની પાસ.'

૨૭૩. ખાસ પ્રક્રિયા પ્રમાણે શ્વાસોચ્છ્વાસને એકસમાન ભાવે અને ધીરે લેવાનું નામ પ્રાણયામ, એટલે કે પ્રાણશક્તિનું નિયમન. પ્રાણાયામ યોગ્ય રીતે લાંબા કાળા સુધી કરવાથી ચિત્ત સ્થિર થાય. અને ધ્યાન વખતે જે

વસ્તુમાં એને લગાડવામાં આવે, તેમાં એકાગ્રતા આવે અને તેના સંબંધે સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત થાય. આ જ, પ્રાણાયામનું આધ્યાત્મિક ફળ. શરીર અને મનની ઉપર પણ એનું પરિણામ અદ્‌ભુત. એનાથી શરીર સ્વસ્થ, સબળ અને કાંતિમાન થાય, મન પણ પ્રફુલ્લ, ધીરજવાળું, શક્તિમાન, અને દઢનિશ્ચયી થાય, અને પ્રબળ ઈચ્છાશક્તિ અને આકર્ષણ શક્તિ (Will power and personal magnestism) નો વિકાસ થાય. એને લીધે જે કામમાં તેને લગાડીએ તે સિદ્ધ થાય. પ્રાણાયામને પરિણામે યોગીઓ દીર્ઘાયુષી થાય અને તેમને તરેહ તરહની અલૌકિક સિદ્ધિઓ મળે, પરંતુ એ બધી પરમપદપ્રાપ્તિમાં મહાવિઘ્ન સ્વરૂપ.

૨૭૪. જગતમાં જોવામાં આવે છે કે જે બધાં જીવજંતુઓનો શ્વાસોચ્છ્‌વાસ ધીરે ધીરે ચાલે તે બધાં દીર્ઘાયુષી હોય; અને જેઓનો શ્વાસ ઝડપે ચાલે તેઓ અલ્પાયુષી. પ્રાચીનકાળમાં સ્વાંભાવિક રીતે ને કુદરતને અનુસરીને જીવન ગાળવાને પરિણામે માણસ સાધારણ રીતે એકસો વરસ જીવતો. વેદમાં કહ્યું છે કે 'શતાયુર્વૈ પુરુષઃ ।'

સ્વરોદય યોગશાસ્ત્રના મત પ્રમાણે મનુષ્ય પ્રાચીન કાળમાં દર મિનિટે શ્વાસ લેતો ૧૨-૧૩ વાર ને જીવતો સરેરાશ સો વરસ.*

પ્રાણી	દરમિનિટે શ્વાસોચ્છ્‌વાસ	આયુષ્ય
હાથી	૧૧થી ૧૨ વાર	૧૦૦ વરસ
સાપ	૭થી ૮ વાર	૧૨૦ વરસ
કાચબો	૪થી ૫ વાર	૧૫૦ થી ૧૫૫ વરસ
વાંદરાં	૩૧થી ૩૨ વાર	૨૦થી ૨૧ વરસ
સસલાં	૩૮થી ૩૯ વાર	૮ વરસ

૨૭૫. નિઃશ્વાસ ઝડપથી મૂકવો એ નિષિદ્ધ, એટલા વેગથી નિઃશ્વાસ છોડવો જોઈએ કે હાથ પર રાખેલો લોટ એનાથી ઊડે નહિ.

**આજકાલ મનુષ્ય દર મિનિટે ૧૫થી ૧૬ વાર શ્વાસ લે છે, માટે તેનું આયુષ્ય ઓછું થયું છે.*

૨૭૬. જેઓ યોગ્ય ઉપદેશ અને પદ્ધતિસરની સાધના વિના મનને પ્રથમથી જ ખાલી (blank) કરવાનો પ્રયત્ન કરે, અને માને કે મનને સંપૂર્ણ આધાર વિનાનું કરીને નિર્બીજ સમાધિરૂપી ઉચ્ચ અવસ્થાની સાધના કરી રહ્યા છે, તેઓ પોતાને તમોગુણના રાજ્યમાં જ ઉતારી લાવે, એટલે કે પોતાને જડ અને મૂઢ બનાવી મૂકે. તેમનાં મગજ ખાલી થઈ જાય. તેઓ સૂક્ષ્મ વિષયોની ધારણા કરવામાં અસમર્થ થાય.

૨૭૭. શિવસંહિતા પ્રમાણે યોગમાં સિદ્ધિપ્રાપ્તિનું પ્રથમ લક્ષણ છે- હું જરૂર સફળ થઈશ, એવી શ્રદ્ધા. બીજું શ્રદ્ધાપૂર્વકની સાધના; ત્રીજું ગુરુસેવા; ચોથું સમતા; પાંચમું ઈંદ્રિયનિગ્રહ; અને છઠ્ઠું છે પરિમિત આહાર. એથી આગળ સાતમું કંઈ નથી. અર્થાત્ આટલાં બરાબર થાય તો સિદ્ધિ નક્કી. સર્વે મુમુક્ષુઓને માટે આ આચરવા જેવાં છે.

૨૭૮. મનને વશ કરવા સમું કઠિન બીજું કામ આખી દુનિયામાં નથી. શ્રીરામચંદ્રે (હનુમાનને) કહેલું કે ' કોઈ કદાચ સાત સમુદ્ર તરીને પાર કરી શકે, સમગ્ર વાયુમંડળને શોષી લઈ શકે, પહાડોનો દડો બનાવી રમી શકે, પરંતુ ચંચળ મનને વશ કરવાનું એ બધા કરતાંય અસાધ્ય.' પરંતુ તેમ છતાંય ડરવાનું યા નિરાશ થવાનું કશું કારણ નથી. વીર સાધક ખૂબ ખંત અને દઢ સંકલ્પની સાથે ભગવાનની ઉપર ભરોસો રાખીને તનતોડ પ્રયાસ અને સાધના કરે તો પ્રભુની કૃપાથી અસાધ્ય સાધના પણ કરી શકે.

૨૭૯. સ્વામી વિવેકાનંદે અમેરિકાથી એક પત્રમાં લખ્યું હતું :

' કૂર્મસ્તારકચર્વણં ત્રિભુવનમુત્પાટયામો બલાત્ ।
કિં ભો ન વિજાનાસ્યસ્માન્ રામકૃષ્ણદાસા વયમ્ ॥'

' અમે આકાશના તારાઓને પકડી લાવીને ચાવી જઈશું, બળપૂર્વક ત્રિભુવન ઉખેડી નાખવાના, તું શું અમને ઓળખતો નથી કે અમે શ્રીરામકૃષ્ણના દાસ !' આવી પ્રચંડ આત્મશ્રદ્ધા અને ગુરુભક્તિ હોય તો અસંભવિત પણ સંભવિત થાય. સ્વામીજીમાં એ પ્રચંડ શ્રદ્ધા હતી. એટલે એ વિશ્વવિજયી થયા હતા. ઈશુ ખ્રિસ્ત પણ કહી ગયા છે : ' જો

તમારામાં રાઈના દાણા જેટલીયે સાચી શ્રદ્ધા હોય તો જો આ પહાડને કહો કે અહીંથી ખસીને ત્યાં જા, તો એ જરૂર જવાનો, તમારે માટે અસંભવ જેવું કશુંય રહેશે નહિ.' સાંભળ્યું છે કે, આપણા પ્રભુ શ્રીરામકૃષ્ણે તેમના વિવિધ આધ્યાત્મિક અનુભવો અને ઈશ્વરીય દર્શનો પછી પરીક્ષા કરવા માતાજીને કહેલું : 'મા, મારાં આ બધાં (દર્શન) જો સાચાં હોય તો આ મોટી શિલા ત્રણ વાર કૂદીને ઊછળે.' એમ કહેતાંવેંત એ પ્રમાણે જ થયેલું. આ બધી વાતો શું કેવળ શબ્દો જ?

૨૮૦. 'શરીરમાં શું ષટ્પદ્મ ખરેખરાં છે?' સ્વામી વિવેકાનંદજીને એ વાત પૂછતાં તેમણે જવાબ આપ્યો હતો : 'શ્રીરામકૃષ્ણ કહેતા હતા કે, યોગીઓએ વર્ણવેલાં પદ્મો માણસના શરીરમાં સ્થૂલ ભાવે હોતાં નથી, પરંતુ યોગશક્તિના પ્રભાવે એ સૂક્ષ્મ શરીરમાં ઉત્પન્ન થાય અને તેમને એ અવસ્થામાં દેખાય.'

૨૮૧. સત્ત્વ, રજસ્ અને તમોગુણના ભેદથી કર્મો પણ ત્રણ પ્રકારનાં થાય. શુભ યા સત્ એટલે સાત્ત્વિક, અશુભ યા અસત્ એટલે તામસિક , અને આ બન્નેથી મળેલાં એટલે રાજસિક. અંતઃકરણ યા સૂક્ષ્મ શરીરમાં કર્મો તથા વિચારો વડે જે ડાઘ યા છાપ પડે તેનું નામ સંસ્કાર. તેને જ આપણે કર્મ, નશીબ, ધર્મ-અધર્મ, પાપપુણ્ય વગેરે તરીકે ઓળખીએ છીએ. કારણ વિના કાર્ય બને નહિ. આપણી જે કાંઈ સારી નરસી રુચિ યા પ્રવૃત્તિ છે, એ બધીય પૂર્વસંચિત સંસ્કારોની ઉશ્કેરણી માત્ર. તેઓમાંથી એટલી જ ઉપર આવે યા કાર્યમાં પરિણમે કે જેમને અનુકૂળ સંજોગો મળે. બાકીની સંચિત થઈને પડી રહે, ને યોગ્ય સંજોગોની વાટ જુએ, અને અવસર મળ્યે શુભાશુભ ફળ આપે. આપણે જે કાંઈ કરીએ, એ બધુંય સત્ અસત્‌થી મિશ્રિત, એને અંગે સુખદુઃખમિશ્રિત ફળભોગ થાય. જેમાં જેનું પરિણામ વધુ તેને તેનું નામ દઈએ.

૨૮૨. બધાં કર્મો બંધનનું કારણ. સુખ કહો, દુઃખ કહો, બેય બંધન. એ બેયથી પાર ગયા વિના મુક્તિ મળે જ નહિ. કર્મ કેવળ તેઓને જ માટે બંધનનું

કારણ થાય નહિ કે જેઓ અહંભાવરહિત થઈને બીજાને માટે કામ કર્યે જાય. કારણ કે તેઓ ફળની આકાંક્ષા રાખે નહિ, તેઓના હૃદયમાં પ્રેમનો સંચાર હોય, તેઓ સર્વભૂતોમાં ઈશ્વર દર્શન કરે એટલે ઈશ્વરની સેવાને હિસાબે કર્મ કરે. એથી તેઓનું એ કર્મ બધાં સંચિત કર્મોનો ક્ષય કરે અને મનમાં નવા સંસ્કારરૂપે કોઇ કર્મનાં બીજોની ઉત્પત્તિ કરે નહિ. એટલે તેઓ વારે વારે જન્મ મરણ લેવાના કારણથી મુક્ત થઈને શરીર છૂટી ગયા પછી મોક્ષપ્રાપ્તિના અધિકારી થાય.

૨૮૩. ભોગોમાં સુખ નથી; સુખ એક માત્ર ત્યાગમાં જ છે. જે સત્‌અસત્ વિચાર વડે શીખે અથવા ભોગવી ભોગવીને શીખે, વિષયભોગોને અસાર અને પરિણામે દુઃખદાયી જાણી તેમાં વીતરાગ થઇ સ્વેચ્છાથી સમસ્ત છોડી દે, એજ પરમ સુખી, એજ અમૃતનો અધિકારી થાય. એમના ભક્તિયોગમાં સ્વામીજીએ બતાવી આપ્યું છે કે, આ ત્યાગ જ ચારે પ્રકારના યોગનો આત્મા.

૨૮૪. કર્મયોગી 'ઈશ્વર જ કર્તા, હું અકર્તા' એમ જાણીને કર્મના ફળમાં આસક્ત ન થતાં એ ભગવાનને અર્પણ કરે. રાજયોગી જાણે કે પ્રકૃતિ પુરુષને માટે છે, પુરુષ પ્રકૃતિને માટે નથી ; પુરુષ આત્મા, પ્રકૃત્તિ જડ; એટલે એ આત્મા પ્રકૃતિથી સંપૂર્ણ અલગ; તેઓનો સંબંધ તત્પૂરતો, એટલે કે કાયમનો નહિ. પુરુષ પ્રકૃતિને અધીન નથી. પુરુષ માલિક, પ્રકૃતિ દાસી, પુરુષની કાર્યસાધનાને માટે જ પ્રકૃતિનું કાર્ય છે પુરુષને જુદી જુદી અવસ્થાઓમાંથી લઈ જઈને તેને તેના યથાર્થ આત્મસ્વરૂપનો અનુભવ કરાવી દેવો. એટલે રાજયોગી પ્રકૃતિને અનાત્મ જાણીને એનો મોહ છોડી દે.

૨૮૫. જ્ઞાનયોગીનો ત્યાગ સૌથી વધુ કડક, ને તેથી સૌથી વધુ કઠિન. કારણ કે તેને પ્રથમથી જ એવો નિશ્ચય કરવો પડે કે, સમસ્ત જગત અને તેની સાથેનો સંબંધ મિથ્યા, માયા, આખુંય જીવન સ્વપ્નવત્. એનો માર્ગ 'નેતિ નેતિ'. હું આ નથી, એ નથી, હું દેહ, મન ઈંદ્રિયાદિ કશુંય નથી. મારે સુખ નથી, દુઃખ નથી, મૃત્યુ નથી, બંધન નથી, મુક્તિ નથી. હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, ચૈતન્યસ્વરૂપ પૂર્ણબ્રહ્મ પરમાત્મા. એટલા માટે જ્ઞાની સમસ્ત બાહ્ય

વિષયોનો ત્યાગ કરીને સ્વરૂપના ધ્યાનમાં મગ્ન થાય.

૨૮૬. ભક્તિયોગીનો ત્યાગ બધા કરતાં સહેલો, સ્વાભાવિક રીતે આવે. એમાં કઠોરતા નહિ, મનને પરાણે દમન કરવાનો કઠિન પ્રયાસ નહિ, માત્ર મનની વૃત્તિઓનું વલણ જ બદલી નાખવાનું છે, તેમના પ્રવાહનું મોઢું જ ફેરવી દેવાનું છે. સંસારની જુદી જુદી વસ્તુઓમાં આસક્ત થઈને નિરંતર દુઃખ, શોક અને નિરાશાને અનુભવીને માણસ જ્યારે તેમની અસારતા અનુભવીને વીતરાગ થાય, ત્યારે એ બધા માંહેની તેની આસક્તિ એની મેળે ખરી પડે, અને નિત્ય, સત્ય, પરમસુખસ્વરૂપ પરમેશ્વરને પ્રાપ્ત કરવાને માટે તેનું મન વ્યાકુળ થાય, હૃદયમાં પ્રેમભક્તિનો સંચાર થાય. શ્રીરામકૃષ્ણ એટલા માટે કલિયુગમાં ભક્તિમાર્ગની પ્રશંસા કરી ગયા છે.

૨૮૭. જેના જીવનમાં કર્મ, યોગ, જ્ઞાન અને ભક્તિનો અપૂર્વ સમન્વય એ જ સર્વ શ્રેષ્ઠ આદર્શ મહાપુરુષ, જગદ્‌ગુરુ. વિશ્વવ્યાપી ધર્મનો આ નવીન આદર્શ શ્રીરામકૃષ્ણ પોતે આચરણમાં મૂકીને જગતને આપી ગયા છે. એ જ આજનો યુગધર્મ.

૨૮૮. ત્યાગ વિના જેમ યોગ થાય નહિ, તેમ ભોગેય થાય નહિ. ત્યાગ વિનાનો ભોગ એ દુર્ભોગ માત્ર, કેવળ હેરાનગતિ જ ફળ રૂપે મળે. ત્યાગનું નામ સાંભળતાં જ લોકો ભયથી ભાગે. તેઓ કલ્પનાય કરી શકે નહિ કે ત્યાગમાં કેટલું સુખ છે. ત્યાગ કરવાનું કહેતાં સ્ત્રીપુત્ર, પ્રિયજન, ઘરબાર, ધનસંપત્તિ છોડી દઈને સંન્યાસી જ થવું એવું શા માટે? રોજિંદા જીવનમાં શક્તિ અનુસાર જરા જરા થોડો ઘણો ત્યાગનો અભ્યાસ કરી જુઓને. એટલે પછી સમજી શકશો કે ત્યાગથી કેટલું સુખ અને આનંદ, ચિત્તની કેટલી વિશાળતા, અને પ્રસન્નતા મળે? જે ત્યાગ આનંદ આપે નહિ, એ ત્યાગ ત્યાગ જ નહિ, એ તો બીજું કાંઈક.

૨૮૯. ત્યાગ જ જીવનનું જીવન. આપણે હર ક્ષણે અજાણ્યે ત્યાગ કરીએ છીએ. જીવન ટકાવવા નિઃશ્વાસ છોડીએ છીએ, આહારાદિ દ્વારા હૃદયપિંડમાં જેમ રક્તસંચય થાય છે, તેમ સાથે સાથે નસેનસમાં એ ધકેલાઈ પણ જાય

છે, નહિતર મૃત્યુ અવશ્ય. આપણે જે કાંઈ બીજાઓની પાસેથી યા પ્રકૃતિ પાસેથી પામીએ, અને જે કાંઈ વિદ્યા, બુદ્ધિ, જ્ઞાન, ધન, ધર્મ મેળવીએ એ પારકાના ઉપકાર માટે, બીજાનો અભાવ મટાડવા માટે. એ બધું જો ઉદાર હસ્તે આપી દેવામાંથી કે વહેંચી આપવામાંથી જો વિમુખ થઈએ તો સમય જતાં એ નાશ પામે, કોઈના કશા ઉપયોગમાં આવે નહિ. વહેંચણી, વેચાણ નહિ. દાન કે ત્યાગ સ્વયંભૂ સ્વતઃ પ્રેરણાથી અને હેતુરહિત હોવો જોઈએ, તો જ અક્ષય ફળ આપનાર થાય. 'આપી દો, આપી જ દો. પાછું વાળી નવ જુઓ.. જે કોઈ પાછું વાળી જુએ તેનો સિંધુય બિંદુ થઈ જાય-' એમ સ્વામીજી કહી ગયા છે.

૨૯૦. બાહ્ય પ્રકૃતિમાં ત્યાગની ક્રિયા સર્વત્ર નજરે ચડે પણ છે. સૂર્ય, ચંદ્ર, તારા વગેરે પ્રકાશ અને ગરમી આપી રહ્યા છે. વૃક્ષો ફળ આપે છે, છાયા આપે છે, અને ફૂલ, મધુ અને સુગંધ વહેંચી રહ્યાં છે. નદીઓ તરસ છિપાવવાનું અને પૃથ્વી પ્રાણીઓને માટે ખાદ્યો અને ભોગ સામગ્રી ઉત્પન્ન કરે છે. સહુ કોઈ અવાજ સરખોય કર્યા વિના છાનામાના પોતપોતાના સ્વભાવ અનુસાર જીવોના ભલાને માટે પોતાની જાતને વહેંચી રહ્યું છે. માણસ જ કેવળ ઠેઠ મરવાની ઘડી સુધી 'મારું' 'મારું' કરીને મરે છે.

૨૯૧. યોગી અને ત્યાગી પુરુષો પોતાના ભોગને માટે કોઈનું દાન લે નહિ. કારણ તેથી મનની સ્વતંત્રતા અને પવિત્રતાને નુકસાન પહોંચે. દાન લેવાથી પરાધીનતા આવે અને દાતાનાં પાપ, લેનારનાં શરીર તથા મનને કલુષિત કરે. મારે આ જોઈએ, પેલું જોઈએ એવી બધી વાસનાઓને અધીન થવું અને એ માટે વસ્તુઓનું દાન લેવું એનું નામ પરિગ્રહ. અપરિગ્રહ એટલે કામનારહિત ત્યાગનો ભાવ. કેવળ શરીરના રક્ષણને માટે જેટલું જરૂરી, એ લેવાને પરિગ્રહ ન કહેવાય. જ્ઞાની પુરુષો એ સામાન્ય ભોગમાંય આસક્ત થાય નહિ. કારણ કે તેઓ ચોક્કસ સમજે કે ભોગમાં સુખની સ્પૃહાય હોય નહિ. પરંતુ તેઓમાંથી જેઓ કોઈ લોકકલ્યાણનું કાર્ય કરે તેઓ એ સારી રીતે કરવાને માટે જો દાન લે તો એ દોષ કહેવાય નહિ.

૨૯૨. નામ અને નામી અભિન્ન, ભગવાન અને તેનું નામ એક જ. જેમ તેનાં રૂપ, ગુણ ને ભાવ અસંખ્ય, તેમ તેનાં નામ પણ અસંખ્ય. તેના નામની શક્તિ અમોઘ અને અનંત. જે નામ તમને રુચે એ નામ લીધે જાઓ. એનો પણ એ જવાબ આપશે. માત્ર પ્રભુનું નામ જપવાથી જ સર્વ ઈચ્છા પૂર્ણ થઈ શકે અને તેની પ્રાપ્તિ કરી શકાય, જપાત્ સિદ્ધિઃ ।

૨૯૩. પરંતુ ગુરુ પરંપરા વિના વસ્તુપ્રાપ્તિ થવાની નથી. ગુરુ પરંપરાથી એ શક્તિ ધારાબંધ રીતે ગુરુમાંથી શિષ્યમાં આવે. એ વળી તેના શિષ્યમાં જાય. એવી રીતે અનાદિકાળથી ઊતરી આવતી નામની આધ્યાત્મિક શક્તિ વિશેષ- વિશેષ બીજ મંત્રરૂપે, તેમની તીવ્ર સાધનાથી, એકત્રિત થાય. આ મંત્રો જ સાધકની આશા, આકાંક્ષા અને આદર્શનું જીવંત પ્રતીક. ચિત્તને એકાગ્ર કરીને એ મંત્રોનો નક્કી કરેલો જપ કરવાથી તેમનો મહિમા પ્રત્યક્ષ અનુભવમાં આવે. પરંતુ જેણે ગુરુ પરંપરાથી મેળવી હોય એવા શુદ્ધ ચિત્તવાળા સાધકની પાસેથી યથાવિધિ દીક્ષા લેવી જોઈએ. અને તેના પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને તેના ઉપદેશ પ્રમાણે સાધન ભજન કરવાથી જલદી સિદ્ધિ પ્રાપ્ત થાય.

૨૯૪. જો કોઈ દરવાજો બંધ કરીને સૂતેલું હોય, તો તેનું નામ લઈને દરવાજે ધક્કા મારીએ તો એ જેમ જાગી ઊઠીને હોંકારો દે અને દરવાજો ઉઘાડીને દર્શન દે, તેવી રીતે સરળ વિશ્વાસ, શ્રદ્ધા અને ભક્તિના જોરે ઈષ્ટમંત્રનો જપ અને સાધના કરવાથી સર્વ જીવોના હૃદયમાં રહેલા ઈષ્ટદેવતા જાગ્રત થાય, હૃદયમંદિરના દરવાજા ખોલી નાખે અને સાધકને દર્શન દઈને કૃતાર્થ કરે.

૨૯૫. પ્રભુના નામનો એવો અપાર મહિમા છે કે તેમનું નામ લેવાથી પાપી, તાપી, પાખંડીઓનો સુધ્ધાં ઉદ્ધાર થઈ જાય, ભક્તિહીનોને નામમાં રુચિ થાય અને વિષયોમાં અરુચિ આવે. અરે, બીજી કાંઈ મોટી સાધના કરી ન શકો તો ઓછામાં ઓછું પરમાત્માનું નામસ્મરણ તો કર્યે જાઓ, તેમની પાસે વ્યાકુળ થઈને પ્રાર્થના કરો તો મનમાં જરૂર બળ આવશે, શાંતિ

આવશે અને પ્રભુકૃપાથી યોગ્ય સમયે પ્રભુની પ્રેમભક્તિના અધિકારી થશો.

૨૯૬. તપસ્યા ત્રણ જાતની- કાયિક, વાચિક, અને માનસિક. વ્રતો વગેરે તથા માંદા રોગીઓની સેવા વગેરે કાયિક તપસ્યા, સત્યપરાયણ રહેવું એ વાણીની તપસ્યા, ઈન્દ્રિયસંયમ અને ધ્યેય વસ્તુની એકાગ્રતાથી સાધના એ માનસિક તપસ્યા. જે પરમાર્થ પ્રાપ્તિનો પ્રયાસ કરવા ઈચ્છે, તેણે આ પ્રકારની તપસ્યા અવશ્ય કરવી.

૨૯૭. ધર્મ એટલે ભગવાનને ઇચ્છવો, અને તેના અભાવનો અનુભવ. એ વસ્તુનો જ અભાવ આપણને તીવ્ર રીતે લાગે, કે જેના વિના પ્રાણ ટકવા અસંભવિત, જેમ કે હવા અને અન્નવસ્ત્ર, રહેઠાણ. આપણે શું ખરેખર ભગવાનને એ પ્રમાણે ઇચ્છીએ છીએ ? ખરું જોતાં તો આપણે એક એમના વિના બીજું બધું માગીએ છીએ. કારણ કે આપણે જીવન નિભાવને માટે રોજિંદો જે કાંઈ સાધારણ અભાવ તે બાહ્ય જગતમાંથી જ પુરાય છે. જ્યારે આપણે એવી કોઈ વસ્તુની જરૂરિયાત અનુભવીએ કે જે આ બાહ્ય જગતમાંથી પુરાય નહિ, જ્યારે અંતરની ક્ષુધા અને તરસ મટાડવાનું સામર્થ્ય બાહ્ય જગતમાં નથી એવું સમજી શકીએ, ત્યારે જ આપણે અંતરની તરફ જોઈએ અને ત્યાં શોધીએ. જ્યારે આપણે ભોગવી ભોગવીને હાડેહાડમાં અનુભવીએ કે જે કાંઈ આપણે કરી રહ્યા છીએ એ બધું માત્ર છોકરાંની રમત છે, જગત આખું સ્વપ્ન જેવું ક્ષણિક અને મિથ્યા છે, જેને પકડવા જઈએ એ જ હાથમાંથી સરકી જાય છે, ત્યારે એવી એક નિત્ય વસ્તુને માટે પ્રાણ આતુર થાય કે જેને પામવાથી સકળ દુઃખ અને અભાવનો સંપૂર્ણ વિનાશ થઈ શકે. એ વસ્તુ છે એક માત્ર પરમેશ્વર. એ પ્રકારની મનની ગતિ થાય. એ ધર્મનું પહેલું સોપાન-સંસારી વિષયોમાં વૈરાગ્ય અને ભગવાનની ખોટ જણાવી એ.

૨૯૮. શ્રીમદ્ ભાગવતમાં સર્વનાશના કારણરૂપ અધર્મની વંશપરંપરા આ પ્રમાણે કહેવામાં આવી છે : અધર્મની સ્ત્રી છે મિથ્યા. તેમનો દંભ નામે એક દીકરો અને માયા નામે એક દીકરી થઈ. એ બન્નેએ પરસ્પર લગ્ન

કર્યાં અને તેમને લોભ નામનો એક પુત્ર અને શઠતા નામે એક દીકરી જન્મી. એમના મેળાપથી ક્રોધ અને અદેખાઈ ઉત્પન્ન થયાં. કળિ તેમનો પુત્ર અને દુરુક્તિ તેમની કન્યા. કળિએ આ દુરુક્તિના ગર્ભથી ભીતિ નામે એક દીકરી અને મૃત્યુ નામે એક દીકરો ઉત્પન્ન કર્યાં. યાતના અને નરક તેમનાં જ સંતાન.

૨૯૯. અને ચારે પુરુષાર્થોની પ્રાપ્તિનું મૂળ છે, ધર્મ. તેનો પરિવાર વર્ગ આ પ્રમાણે છે : શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, મેધા, તિતિક્ષા, લજ્જા અને મૂર્તિ એ છે ધર્મની પત્નીઓ, તેમાંથી શ્રદ્ધાએ સત્ય, મૈત્રીએ પ્રસન્નતા, દયાએ અભય, શાંતિએ શમ, તુષ્ટિએ હર્ષ, પુષ્ટિએ ગર્વ, ક્રિયાએ પ્રાપ્તિ, ઉન્નતિએ દર્પ, બુદ્ધિએ અર્થ, મેધાએ સ્મૃતિ, તિતિક્ષાએ મંગલ અને લજ્જાએ વિનય નામે પુત્રને જન્મ આપ્યો. અને સર્વપુણ્યોની ઉત્પત્તિ સ્વરૂપિણી, ધર્મની સૌથી નાની સ્ત્રી મૂર્તિએ ઈશ્વરીય શક્તિભૂત નર અને નારાયણ ઋષિને ઉત્પન્ન કર્યા.

૩૦૦. મગજ અને હૃદયનું દ્વંદ્વયુદ્ધ જામતાં હૃદયની વાત સાંભળવી. મગજ છે બુદ્ધિવૃત્તિનું, જ્ઞાનેન્દ્રિયોનું મુખ્ય કેન્દ્ર. સર્વ વિષયોનું જ્ઞાન મેળવવાની યોગ્ય માનસિક શક્તિ આપણે તેમાંથી મેળવીએ છીએ. હૃદય છે મર્મસ્પર્શી સમસ્ત ભાવો, ઊર્મિઓ અને અનુભવોનું કેન્દ્ર. મગજવાળા માણસો અનેક શાસ્ત્રો, વિદ્યાઓ અને વિજ્ઞાનોમાં પારંગત, પંડિત, ઉપદેશક, તીક્ષ્ણબુદ્ધિવાળા , કુશળ અને અનેક વિષયોમાં હોશિયાર હોય. હૃદયવાન મનુષ્ય દયા, ઉદારતા, પારકાના દુ:ખમાં સહાનુભૂતિ, સર્વ જીવો પર પ્રેમ વગેરે સદ્‌ગુણોથી વિભૂષિત હોય. હૃદય જ માણસને સર્વોચ્ચ ભાવોની પ્રેરણા આપે અને આધ્યાત્મિક અનુભવના રાજ્યમાં લઈ જાય, જ્યાં તર્કબુદ્ધિ કે વિચારને પ્રવેશવાનો અધિકાર નથી. વિદ્વાન વ્યક્તિ સ્વાર્થી નિષ્ઠુર અને ઘૃણિત સ્વભાવની હોઈ શકે, પરંતુ હૃદયવાન વ્યક્તિ પ્રાણ જાય તોય કદી એવા સ્વભાવની થઈ શકે નહિ.

૩૦૧. બને તેટલું હૃદયની વૃત્તિનું અનુસરણ કરવું. હૃદય જ પ્રેમગંગાનું ગૌમુખ.

હૃદય દ્વારા જ ભગવાનની વાણી સાંભળવામાં આવે, હૃદયની ગુહામાં જ ભગવાન દર્શન આપે. તેમને પામવા હોય, જ્ઞાન, ભક્તિ, મુક્તિ પ્રાપ્ત કરવી હોય તો શાસ્ત્રજ્ઞાન યા વિદ્યાઓ ભણવાની જરૂર નથી. પુસ્તકો વાંચીને ચારિત્ર્યનું ઘડતર યા મનુષ્ય તૈયાર થઈ શકે નહિ. પણ પંડિતમૂર્ખ જ પાકે. 'ગ્રંથ નહિ, ગ્રંથિ- ગાંઠ, બંધન,' એમ શ્રીરામકૃષ્ણદેવ કહેતા.

૩૦૨. ખાસ કરીને આધુનિક કેળવણી તો જાણે કેવળ મકરસંક્રાંતિનો ખીચડો જ, ઘણી જગાએ માનસિક અજીર્ણ પેદા કરે. 'પાસ' થવું નહિ પણ 'પાશ' ગળામાં પહેરવો. પરંતુ અફસોસની વાત છે કે 'પાસ' થવાનો શો મોહ આપણને વળગ્યો છે ! જીવનનો શ્રેષ્ઠ સમય, જુવાની બધીની માનસિક અને શારીરિક શક્તિ, એમાં જ ખરચાય છે, ખાવા ન હોય છતાંય એ કૉલેજના શિક્ષણ માટે કષ્ટો વેઠીનેય પૈસા ખરચીએ; કેટલાં શારીરિક કષ્ટો અને મનના ઉદ્વેગો ભોગવીએ, છતાંય પરિણામે તંદુરસ્તીનો વિનાશ અને જીવનસંગ્રામમાં હારી જઈને ચારેકોર અંધકાર દેખવો ! એમાંય વળી નાની ઉંમરમાં થયેલા વિવાહને પરિણામે સ્ત્રી, પુત્ર કન્યાનાં ભરણપોષણ કરવાનાં હોય તો તો સોનામાં સુગંધ ભળ્યા જેવું ! વિશ્વવિદ્યાલયને જે ગુલામખાનું કહેવામાં આવ્યું છે તે કાંઈ ખોટું નથી. સ્કૂલ કૉલેજનું ભણતર અત્યારે જે થઈને ઊભું રહ્યું છે, એ અર્થકરી વિદ્યા તો નથી, કાર્યકરીય નથી, એ છે અનર્થકરી, આત્મઘાતી. નૈતિક મેરુદંડહીન. ધર્મમાં શ્રદ્ધાહીન, વિજાતીય ભાવે રંગાયેલા, જીવતા મરેલા, કહેવાતા શિક્ષિતોમાંય મોટે ભાગે જોવામાં આવે છે. પૂરા શુભસંસ્કાર જેઓના હોય તેઓ જ બચી જાય.

૩૦૩. દુર્લભ મનુષ્યજન્મ પામીને પ્રભુને પામવાનો પ્રયાસ કરો, કે જેને પામીને બધું પમાય, પામવાનું બીજું કાંઈ બાકી ન રહે. એને જાણવાનો પ્રયત્ન કરો કે જેને જાણવાથી સર્વ વસ્તુ જાણેલી થઈ જાય, જાણવાનું કશું બાકી રહે નહિ. પ્રભુને ચાહો, કે જેને ચાહવાથી બીજા બધા પ્રેમ, કામિનીકાંચન પરની આસક્તિ, ધૂળરાખ જેવી લાગે. એવી રીતે જીવન ઘડી કાઢો કે જેથી મૃત્યુહીન

જીવન મેળવી શકો.

૩૦૪. પરંતુ એ પ્રકારની ભાવનામાં રસ હોવો જોઈએ. સાધના જોઈએ, ખાસ કડક સાધના. એક મણ શબ્દોના કરતાં એક અધોળ સાધનાની વધુ કિંમત. એક બિંદુ પ્રેમ, સમુદ્ર સમાન શાસ્ત્રજ્ઞાન કરતાં વધુ તરસ છિપાવનારો. પ્રેમ છે, જાણે કે દૂધ, મલાઈ, માખણ; અને શાસ્ત્ર વગેરે અપરાવિદ્યા જાણે કે છાશ. વાદો, શાસ્ત્રની વ્યાખ્યા, વ્યાખ્યાનો વગેરે બધાં નીચલા થરના લોકોને માટે, એ લોકો એ લઈને જ ભલે સુખે રહે. જેઓની ઇચ્છા છાશ પીને રહેવાની હોય તેઓ ભલે રહે, તમે ઇચ્છાનુસાર દૂધ, મલાઈ, માખણ ખાઓ.

૩૦૫. પવિત્રતા એ 'સત્યં શિવં સુન્દરમ્'નું ચિરતુષારમંડિત કૈલાસધામ. પવિત્ર હૃદયમાં જ એ પ્રકટે, પવિત્ર હૃદયમાં જ મહાન તત્ત્વો બધાં સ્ફુરણ પામે. આ જે પરમાણુતત્ત્વ, પંચતન્માત્રા તત્ત્વ, દેહતત્ત્વ (શરીરશાસ્ત્ર), નક્ષત્રોની ગતિ અને ક્રિયા, પદાર્થવિજ્ઞાન, જ્યોતિષશાસ્ત્ર, વગેરે ઘણા યુગો પહેલાં આપણા ઋષિમુનિઓએ શોધી મૂકેલાં. એ કઈ રીતે સંભવ્યું ? તેમની પાસે તો દૂરબીન યા સૂક્ષ્મદર્શક યંત્ર વગેરે વૈજ્ઞાનિક યંત્રો તથા રસાયણો તથા બીજાં સાધનોથી ભરપૂર પ્રયોગશાળાઓ તો હતી જ નહિ. તેઓએ શુદ્ધ મનની એકાગ્ર આંતર્દષ્ટિની સહાયતાથી વિવિધ ગૂઢ તત્ત્વોની શોધ કરી હતી કે જે આધુનિક સુધરેલા જગતની પંડિતમંડળીને વિસ્મય પમાડે છે.

૩૦૬. પરાભક્તિ, જ્ઞાન, અને મુક્તિપ્રાપ્તિની જો અભિલાષા રાખતા હો તો અંતરમાં અને બહાર પવિત્ર થવું પડશે. દેહ અને અંતઃકરણ શુદ્ધ, પવિત્ર હોવાં જોઈએ. તેનો ઉપાય, શ્રીરામકૃષ્ણ કહેતા, 'કામકાંચન ત્યાગ' અત્યંત કઠણ છે; છતાં અસાધ્ય નથી. તનતોડ પ્રયાસ અને અભ્યાસ, પુરુષાર્થ અને સાધના વડે બધાં કામો સિદ્ધ થાય. પુરુષાર્થ પણ ભગવત્કૃપા વિના થાય નહિ. 'લાખોમાંથી એક બે છૂટે.' એ ખરું પણ કોણ કહી શકે કે તમે એ એક, બે માંના નથી ? એ શ્રદ્ધાથી આગળ ધસો.

૩૦૭. આપણે જ્ઞાનપાપી. જાણી જોઈને પાપકર્મ કરીને ભોગવીએ, છતાં કરવાનું છોડીએ પણ નહિ. એ સાથે વળી પશ્ચાતાપનાં ખોટાં રોદણાંય રોઈએ. જ્ઞાનપાપીઓ નાસ્તિક. પાપીનો ઉદ્ધાર છે, પરંતુ જ્ઞાનપાપીની મુક્તિ નથી. જાગતાં છતાં જે ઊંઘે તેને કોણ જગાડે ! ધર્મસાધના તે શું છોકરાંનો ખેલ છે કે શું ? મન અને મુખ, વિચાર અને આચાર એક ન કરી શકીએ, સંપૂર્ણ રીતે સરલ ન થઈએ તો કશુંય વળે નહિ.

૩૦૮. લુચ્ચાઈ કરીને કે ચાલાકી કરવાથી કોઈ મોટું કામ થાય નહિ. બાહ્ય આડંબર અને ઉપલક વાતોથી માણસોને ભુલાવામાં નાખી શકો પરંતુ ભગવાનની સાથે કપટ નહિ ચાલે, તમે પોતે જ છેતરાવાના. દંભપૂર્વકનું સાધન ભજન બધું ફૂટેલા ઘડામાં પાણી રેડવાની પેઠે મહેનત માથે પડવા જેવું થશે. અથાક પરિશ્રમ અને સંપૂર્ણ આત્મવિસર્જન દ્વારા જ ચારિત્ર્ય ઘડાય અને મહાન કામ સધાય.

૩૦૯. અમે પોતે કાંઈ કરવાના નહિ, યા કરી શકવાના નહિ; તમે જો કરી આપો તો જ થાય- એ બધી પુરુષાતન વગરના લોકોની વાતો. કોળિયો લઈને મોઢામાં મૂકો ત્યારે ખાઉં એવો ભાવ જેમનો યા જે સમાજનો હોય, તેમણે મરી જવું એ વધારે સારું. અને કુદરતના નિયમ પ્રમાણે ધીરે ધીરે શક્તિહીન થઈને તેઓ મરી પણ જવાના જ. પારકાના મોઢા સામે જોયા કરીને કે કોઈ દષ્ટ કે અદષ્ટ શક્તિની સહાયતાના ભરોસે વાટ જોઈને જીવવું એ મૃત્યુની સમાન જીવવા જેવું. સ્વાધીનતા જ સ્વર્ગ, પરાધીનતા એ નરક.

૩૧૦. કર્મવાદમાં માનીએ એટલે પ્રારબ્ધવાદી શા માટે થઈએ ? કર્મવાદ તો સદા કાળ માણસ સમક્ષ મુક્તિની ઘોષણા કરી રહ્યો છે. જો આપણે કર્મના દોષે પોતાને બદ્ધ અને અધઃપતિત કરી શકીએ તો જરૂર કર્મના પ્રભાવે વળી પાછા પોતાને ઉન્નત પણ કરી શકીએ. જાતે પોતાને બાંધી શકીએ તો પોતે જ એ બંધન ખોલી પણ શકીએ. ફરક માત્ર ઇચ્છા અને કર્મમાં. સત્સંકલ્પ, સત્કર્મ અને સદ્‌વૃત્તિથી અસત્ કર્મપાશ કાપી નાખીને શા માટે આપણે મુક્ત થઈ ન શકીએ ? જો કોઈ કાળે મુક્તિ પામવાની સંભાવના જ

ન હોત તો મનુષ્ય પાગલ થઈ જાત. જો આપણે અસત્ કર્મ દ્વારા વધુ લાભ મેળવી શકતા હોઈએ, તો શા માટે માટે સ્વાર્થ ત્યાગ કરીને સત્કર્મ કે ધર્મપાલન કરવાં જોઈએ ? તો તો પછી સમસ્ત ધર્મભાવના, સાધુતા, દયા, પ્રીતિ જગતમાંથી લોપ જ થઈ જાત અને માણસ પશુમાં પરિણમત.

૩૧૧. ભગવાન અનંતસ્વરૂપ હોવા છતાં શી રીતે અલ્પ સીમાબદ્ધ માનવ શરીરમાં અવતીર્ણ થઈ શકે ? એ પ્રશ્નના જવાબમાં સ્વામીજી કહેતા કે, 'હા, ભગવાન અનંત સ્વરૂપ ખરા, પરંતુ તમે જે રીતે ધારણા બાંધો છો એ પ્રકારે નહિ. તમે અનંતનો અર્થ સ્થૂલભાવે સમજો છો કે એક અતિ મહાન વિરાટ વસ્તુ કે જે સમસ્ત જગતમાં બ્રહ્માંડરૂપે રહેલ છે. તેથી તમે એમ ધારો છો કે કેવી રીતે આટલી મોટી એક વિરાટ વસ્તુ પોતાને સંકુચિત કરીને આ અતિ ક્ષુદ્ર માનવશરીરમાં પ્રવેશી શકે ? ખરી રીતે ભગવાનની અનંતતા એટલે તેમની અસીમ આધ્યાત્મિક સત્તા જ સમજાય, અને એટલા માટે નરદેહમાં અવતીર્ણ થવા છતાં જરા પણ બાધિત થાય નહિ.

૩૧૨. જે નિર્ગુણ બ્રહ્મ એ જ સગુણબ્રહ્મ. સગુણબ્રહ્મ અને અવતારમાં કશો ભેદ નહિ. પરંતુ અવતાર અને જીવમાં ભેદ છે. માણસ પોતાનાં કર્મોને લીધે પરવશ થઈને વારે વારે જન્મે, પરંતુ અવતાર સ્વેચ્છાપૂર્વક ધર્મજગતનું રક્ષણ, અધર્મનો નાશ, ને ધર્મસંસ્થાપનને માટે, તથા સાધુ અને ભક્તો પર અનુગ્રહને માટે યુગે યુગે અવતીર્ણ થાય. બીજું જીવો ત્રિગુણાત્મક પ્રકૃતિને અધીન થઈને જન્મે, પરંતુ અવતાર પ્રકૃતિને યા ત્રણ ગુણોને અધીન ન હોય; એ તેમનો માલિક અને નિયન્તા. અવતાર સાક્ષાત્ ભગવાન, તેમનું શરીર જ માત્ર મનુષ્યાકાર.

૩૧૩. ભગવાન કહેતાં આપણે જે કાંઈ શ્રેષ્ઠ અને ઉત્તમની ધારણા કરી શકીએ, એ અવતારમાં જ મૂર્તિમંત જોઈ શકીએ અને યથાર્થ રીતે અનુભવીએ. અવતાર સર્વ ઈશ્વરીય ગુણોની મૂર્તિ. અવતાર શરીરમાં ભગવાન જ વિવિધરૂપે ખેલ કરે. તે છતાં જગતની કોઈ ખાસ કાર્યસિદ્ધિને માટે એ થોડાક શુદ્ધચિત્ત ભક્તો અને અંતરંગ પાર્ષદોની પાસે જ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે, અને બરાબર માણસની પેઠે વ્યવહાર કરે. એટલે સાધારણ લોકો તેને પકડી કે ઓળખી શકે નહિ, એટલે સુધી કે અવજ્ઞા પણ કરે.

૩૧૪. પુરુષાર્થ અને ભગવત્કૃપાનો મેળ કઈ રીતે બેસે ? એ બેય પરસ્પર જાણે કે વિરુદ્ધ જ લાગે, પરંતુ એમ નથી. પુરુષાર્થ પણ પરમેશ્વરનું દાન, તેની કૃપા. પુરુષાર્થહીન ભક્તો નીચલી કોટિના. જુઓ હનુમાન, અર્જુન, પ્રહ્લાદ એ કેવા વીર ભક્તો ? હનુમાન સમુદ્ર ઓળંગતાં ડર્યા નહિ. 'જય શ્રીરામ' કહીને એક છલાંગે સમુદ્ર પાર કરી ગયા હતા. પ્રહ્લાદ વારંવાર મૃત્યુની સામે જવા છતાંય જરા પણ વિચલિત થયા ન હતા, તન્મય થઈને વિષ્ણુનું શરણ લીધેલું. તેથી તેમણે પણ પ્રકટ થઈને તેમનું રક્ષણ કર્યું હતું. અર્જુનનું શૌર્ય તો જગજાહેર છે. પુરાણમાં બીજાં કેટલાંય દૃષ્ટાંત છે.

૩૧૫. વીર ભક્ત કહે ' હું માનું બાળક થઈને, ઈશ્વરનો દાસ થઈને કોનાથી ડરું ? મારે માટે અસાધ્ય શું છે ?' વીર ભક્ત કહેશે:

'ડરું કોઈથી કેમ કરી, રાજા જેની મા મહેશ્વરી ?

હું ભક્તિની શક્તિ પર બ્રહ્મમયીની જમીનદારી ખરીદી શકું છું.

મા, તું સાધના રૂપી સમર ભૂમિ પર આવ, પછી જોઈ લઈશ, મા હારી જાય છે કે સંતાન.

મા આજ તને રણમેદાનમાં જોઈ લઈશ. શું હું મરણથી ડરું છું ? મા, ડંકા બજાવીને તારી પાસેથી મુક્તિધન છીનવી લઈશ. મારી રસના ઝંકાર કરે છે, કાલી નામનો હુંકાર કરે છે. આજે રણ મેદાનમાં આવી જઈ મારી સામે લડવાની કોની હિંમત છે ?

રસિકચંદ્ર દ્વિજ કહે છે કે ''મા, તારી જ શક્તિથી તારા પર રણમેદાનમાં વિજયી થઈશ !''

શ્રીરામકૃષ્ણદેવ આને જ કહેતા હતા 'ભક્તિનો તમોગુણ' 'મારો, કાપો' કરતાં કરતાં માનો રત્નભંડાર લૂંટી લેવો.

૩૧૬. જેનામાં પુરુષાર્થ છે તેના પ્રતિ ભગવાન દયાળુ બને, તેને સહાય કરે. સાહસ, ઉત્સાહ અને પ્રયત્નહીન ભક્તો બાયલા, તમોગુણી સ્વભાવવાળા.

તેઓ એમ માને કે ભગવાનનું નામ સવાર સાંજ લીધું, જરા તરા આનંદ તો મળ્યો, હવે એની દયા થવાની હશે ત્યારે થશે, જે કાંઈ મળ્યું એ જ ઘણું. એવાઓને તો ઘણા જન્મો પછી ભગવાનને મેળવવા માટેની આતુરતા આવે.

૩૧૭. દીનહીન ભાવ સ્વામીજીને જરાય ન ગમતો, એ કહેતા કે 'એ નાસ્તિકતા, એ એક રોગ નથી. 'નથી' કહેતાં કહેતાં એ જ થઈ જાય. એ તે શું દીનતા છે ? કે ગુપ્ત અહંકાર ? 'હું પાપી, હું તો સાવ નિર્માલ્ય, નિર્બળ' એવો ભાવ રાખતાં રાખતાં માણસ ઊલટો વધુ એવો થઈ જાય. 'નાયમાત્મા બલહીનેન લભ્ય :, ' જેઓનાં શરીર અને મન નબળાં હોય તેમનાથી ધર્મ થઈ શકે નહિ. તેમનાથી કોઈ કામ થાય નહિ. આ બધા કંગાળોના ભાવોને ઝાડુ મારી મારીને રવાના કરી દેવા. ઊલટું એમ કહેવું કે 'અસ્તિ અસ્તિ' - મારી અંદર અનંત શક્તિ રહેલી છે. એ શક્તિને જગાવવાની છે. જે પોતાને સિંહ સમજે છે તે 'નિર્ગચ્છતિ જગજ્જાલાત્ પિંજરાદિવ કેસરી ' સિંહ જેમ પિંજરું તોડીને બહાર નીકળી આવે તેમ તે જગતરૂપી જાળ તોડીને મુક્તિ મેળવે.' વીર થવાનું ' અભીઃ અભીઃ' ભયરહિત થવાનું છે, ધર્મ કરો યા સંસાર કરો. નહિતર તમે જે અંધકારમાં છો તે અંધકારમાં જ ચિરકાળ પડી રહેવાના.

૩૧૮. પોતાના અને પારકાના કલ્યાણને માટે જે કાંઈ કરવામાં આવે એ જ ધર્મ. બાકીનું બધું અધર્મ.

૩૧૯. જેમના અંતરમાં આત્મસાક્ષાત્કાર માટેની ઊણપ સાલે નહિ, જેઓના અંતરમાં મુક્તિ પ્રાપ્તિની તરસ જાગે નહિ, તેમને હજાર ઉપદેશ આપો, એ બધું વૃથા. તેઓ એક કાને સાંભળે અને બીજે કાનેથી કાઢી નાખે. આપણા દેશમાં અભણ ખેડૂતોય દાર્શનિક. તેઓ પશ્ચિમના અનેક વિદ્વાનોના કરતાંય ધર્મતત્ત્વ વધુ સમજે. 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા,' એ વાત તો નાનપણથી જ સાંભળતા આવ્યા છીએ. જમીન ખેડાઈ ને તૈયાર થયા વિના, સમય અનુસાર સારું બીજ પડયા વિના શું ઇચ્છા અનુસાર પાક આવે ?

જેઓનો વિષયરસ સૂકાઈ જવા આવ્યો છે તેમનો અનુરાગ, ઘાસની ગંજીમાં દેવતાની એક ચિનગારી પડવાની પેઠે એક જરાકમાં જ ભડભડ કરીને સળગી ઊઠે. લાલાબાબુ (બંગાળના એક સંત ભક્ત) ધોબીનું એક વાકય 'વાસનામાં આગ મૂક' - એ સાંભળતાં જ વૈરાગી થઈ ને નીકળી પડયા. વેશ્યાનો તિરસ્કાર સાંભળીને બિલ્વમંગળને જાગ્રતિ આવી ગઈ હતી. એ તત્ક્ષણ સંસાર છોડીને કૃષ્ણપ્રેમનો ભિખારી થયો હતો. તેણે વૃંદાવનમાં શી અદ્ભુત અને કઠોર સાધનાઓ કરીને સિદ્ધિ પ્રાપ્તિ કરી હતી ! આ જન્મમાં જ જેમને ભગવત્પ્રાપ્તિ થવાની હોય, તેમને એવી રીતે જ થાય.

૩૨૦. અંતઃકરણમાં સરલ થવું જોઈએ. જેનામાં સરલતા છે તેના સાત ખૂન માફ. એ ભલેને હજાર પાપી હોય તોય સમય આવતાં ભગવાનની કૃપા પામીને પરમ ભક્ત થઈ જાય.

૩૨૧. માનવભૂમિ કાંઈ વાંઝણી નથી. ખેડાણના અભાવે ઘાસ, દુર્વાથી ભરાઈ ગઈ છે, સાપ વીંછીનું રહેઠાણ બની ગઈ છે, તેથી હંમેશાં ડર લાગ્યા કરે છે. આ માનવજીવનરૂપી જમીનને ખંતપૂર્વક ખેડવાથી ને ગુરુએ આપેલી સાધનપદ્ધતિનું નિષ્ઠાપૂર્વક અનુષ્ઠાન કરવાથી એ અમૂલ્ય સંપત્તિનો પાક ઉતારશે. સાધક રામપ્રસાદ ગાઈ ગયા છે કે :

'મન ખેતીનું કામ જાણો નહિ;
આવી માનવજમીન રહી છે પડી,
ખેડ કર્યે પાકત સોનું – મન..'

૩૨૨. જગતમાં જડ નામની કોઈ ચીજ જ નથી. જેને આપણે જડ કહીએ છીએ તેની ચેતના તમોગુણ વડે ઢંકાયેલી માત્ર. એ તમોગુણનું આવરણ હઠાવી લઈએ તો જોશો કે માયાનો અંધકાર દૂર થશે, ચૈતન્યશક્તિનો પ્રકાશ થશે, જગત ચૈતન્યમય જણાશે, આનંદનો સાગર ઊછળી ઊઠશે.

૩૨૩. જગતમાં કોઈ પણ કામ, કોઈ પણ વિચાર, કોઈ પણ શક્તિ, એળે જાય નહિ. કોઈક ને કોઈક સમયે અચિંત્ય રીતે એ તમારા અથવા બીજાના, આ અથવા બીજી જિંદગીમાં સારા નરસા ભાવ પ્રમાણે ફળશે જ, કાર્ય કરશે જ,

સુખ યા દુ:ખના ભોગરૂપે. માટે સાવધાન ! જો પોતાના કલ્યાણની અભિલાષા રાખતા હો તો સન્માર્ગનું અનુસરણ અને અસત્યપથનો ત્યાગ કરજો.

૩૨૪. માર્કંડેય પુરાણની શ્રીચંડી એ શક્તિઉપાસકોનો પરમ પવિત્ર ગ્રંથ. એ નિત્યપાઠરૂપે કે અમુક અમુક ખાસ તિથિઓએ, રોગ અથવા આપત્તિ વિપત્તિમાંથી છૂટવાની ઈચ્છાથી શાંતિપાઠ, અથવા સ્વસ્તિવાચન રૂપે, અથવા દેવી પૂજાના અંગરૂપે વિધિપૂર્વક, સંયમ રાખીને, પાઠ કરવામાં આવે છે. સ્વામી વિવેકાનંદજી કહેતા કે પરમાત્માનું સ્વરૂપ દેવીભાવે ચંડીમાં જે રીતે કલ્પવામાં આવ્યું છે, તે રીતે સંપૂર્ણ અને સર્વવ્યાપક ભાવે તેમનું ચિંતવન અને ઉપાસના બીજા કોઈ ધર્મગ્રંથમાં દેખાતાં નથી. એ ઉપરાંત પણ સપ્તશતીમાંથી આપણે ખાસ શીખવાનું અને પાલન કરવા જેવી ઘણીય વસ્તુઓ છે. તેમાંની એક એ કે, સર્વ સ્ત્રીઓને જગન્માતાના અંશ જાણીને માતૃભાવે જોવી અને પૂજન કરવું. એ ભાવ શ્રીરામકૃષ્ણના જીવનમાં આપણે અદ્‌ભુત રીતે વિકસેલો જોઈ શકીએ છીએ.

૩૨૫. સપ્તશતીમાં કહે છે કે, દેવાસુર સંગ્રામમાં દેવતાઓના એકત્રિત થયેલા તેજમાંથી ચંડિકા ઉત્પન્ન થઈ, અને એ મૂર્તિમંત સામુદાયિક શક્તિની પાસે વિરાટ દાનવશક્તિનો પરાજય થયો. દેવીપૂજા, વાસ્તવિક રીતે જોતાં માતૃભાવે સામુદાયિક શક્તિની આરાધના. આપણે જો દેશનું કલ્યાણ સાધવા માટે પરસ્પરના ભેદ અને પોતાના સ્વાર્થો ભૂલી જઈને એકઠા થઈને, એક વ્યક્તિને નાયક કરીને, એકમત પ્રમાણે કામ કરીએ, તો કોઈ પણ વિરોધી શક્તિ, પછી એ ગમે તેટલી પ્રભાવશાળી હોય તો પણ આપણી સામે ઊભી રહી શકવાની નથી કે આપણને હરાવી શકવાની નથી. આપણે સર્વત્ર વિજયી થવાના.

૩૨૬. આપણે હિંદુઓ સંઘબદ્ધ નથી, એથી આપણે આટલા દુર્બળ, આવા એકલા -અસહાય થઈ પડયા છીએ. તેથી આપણી ઉપર તરેહ તરેહના અત્યાચાર થાય છે અને આપણે બધું ચૂપચાપ સહન કર્યે જવું પડે છે અને

અહિંસાની આણ દઈને મનને સમજાવીએ છીએ, વાસ્તવિક રીતે છેતરીએ છીએ. એને જ મહાત્મા ગાંધીએ Nonviolence of the weak (નબળાની અહિંસા) કહીને નિંદી છે અને Nonviolence of the strong એટલે બદલો લેવાની પૂરી તાકાત હોવા છતાંય શત્રુ પ્રત્યે અહિંસા બતાવીને પ્રેમપૂર્વકનો વ્યવહાર રાખવો. એને જ ખરો અહિંસાધર્મ પણ કહ્યો છે. સ્વામી વિવેકાનંદનો એ મત હતો. અન્યાય કે અત્યાચારનો બદલો લેવાને માટે જો તમે એક ગાલે ધોલ ખાઈ ને શત્રુના બે ગાલે ધોલ મારી ન શકો, ને એ તમારું ખૂન કરવા તૈયાર છે એમ જાણીને પણ તમે તેને જો નીચે ન પાડી શકો, તો તમે વળી શેના માણસ ! હિંદુશાસ્ત્રોનો પણ આ મત છે.

૩૨૭. સ્વામીજી અમરનાથની યાત્રાએ જતા હતા ત્યારે એક જણે તેમને પૂછયું હતુંઃ ' મહારાજ, બળવાન માણસને દુર્બળની ઉપર ત્રાસ ગુજારતો જોઈએ તો આપણે શું કરવું જોઈએ ?' જવાબમાં સ્વામીજીએ કહ્યું : 'અલ્યા, એમાં વળી પૂછવું શું ? પેલા જોરવાળાને પકડીને સારી રીતે મેથીપાક જમાડી દેવો.' એ પ્રમાણે બીજે પણ એક વખત સ્વામીજીએ કહ્યુંઃ 'મડદા જેવા થઈને ધોલ ખાઈને ચોરને માફી આપવી પડે એવું હોય તો એ કાંઈ કામનું નહિ. તેના કરતાં તો લડી લેવું એ વધુ સારું. હજાર દેવતાઓની સાથે પણ લડીને જય મેળવવાની જો તમારી તાકાત હોય તો જ તમને ક્ષમા આપવાનો અધિકાર..' ' ગૃહસ્થને માટે આત્મરક્ષણ (એ ધર્મ).'

૩૨૮. તેથી હિંદુઓએ જો જીવતા રહેવું હોય તો શક્તિ એકઠી કરવી એ તેમનું કર્તવ્ય. એનો મુખ્ય ઉપાય છે એકતા. જો આપણી ધર્મ પરની શ્રદ્ધા દઢ હોય તો, જો ધર્મને માટે પ્રાણ અર્પતા પણ ન અચકાઈએ તો, કોઈ આપણા ધર્મની નિંદા અને દેવતા યા દેવસ્થાનનું અપમાન કરવાની હિંમત કરી શકે નહિ. વિધર્મીઓ આપણા નારી સમાજ ઉપર પશુતુલ્ય અને ગંદા અત્યાચારો કરવાની હિંમત કરી શકે નહિ. એકત્ર અને એકમતના થયા વિના હિંદુઓને માટે જીવતા રહેવાનો બીજો ઉપાય નથી. ધર્મની, સમાજની, અને આપણી રક્ષાને માટે પોતાની અંદરના વર્ગવિભાગો,

પોતપોતાના વ્યક્તિગત અને વર્ગગત સ્વાર્થો અને દ્વેષાદ્વેષી ભૂલી જઈને એકત્રિત થઈ શકીએ તો વિધર્મીઓ આપણા ધર્મની વિરુદ્ધનું અથવા આપણી નિંદાનું આચરણ કરતાં ડરવાના.

૩૨૯. વરાહનગર મઠમાં સ્વામીજીએ પોતાના ગુરુભાઈઓને એક વાત કહેલી: એક જમીનદારે પોતાના બગીચામાં બે માળી રાખેલા . એક માળી ઘણો ખરો વખત હાથજોડીને જમીનદારની સામે બેસી રહેતો અને ભક્તિથી ગદ્‌ગદ્ ચિત્તે બોલતો, 'આહા ! હજુરનાં શાં સુંદર નેત્ર, શી નાસિકા, કેવું રૂપ!' વગેરે. બીજો માળી આખો દિવસ તરેહ તરેહનાં શાકભાજી ફળફૂલ ઉગાડતો અને એ બધાં રોજ માલિકની સામે મૂકીને પ્રણામ કરીને ચાલ્યો જતો. હવે વિચાર કરો કે માલિક કોના ઉપર વધુ રાજી હશે ? ભગવાન પણ તેમ, જે પોતાનું કર્તવ્ય મૂકીને કેવળ સ્તુતિપાઠ દ્વારા તેમને રાજી કરવા માગે તેના કરતાં જે તેની સેવા સમજીને પોતાના કર્તવ્યમાં દેહ અને મન પરોવીને તે પૂરાં કરે તેના ઉપર જ વધુ સંતુષ્ટ થાય.' સ્વામીજીએ ગુરુભાઈઓને સંબોધીને કહેલું કે 'અલ્યા જો જો ! પેલાં 'શાં સુંદર નયન, શી નમણી નાસિકા'વાળાઓના ટોળામાં ભળતા નહિ.'

૩૩૦. ધર્મપ્રાપ્તિનો અર્થ છે આત્માનુભવ. જેને એ થયો છે એજ યથાર્થ ધાર્મિક. ખરું કહેવરાવો તો આપણે બધાય નાસ્તિક. આપણે જો ભગવાનને અંદર અને બહાર જોઈ શકીએ, સર્વવ્યાપી (omnipresent) તરીકે માનીએ, તો પછી તેની હાજરીમાં શું કોઈ કુકર્મ કરી શકીએ ? આપણે જો ખાતરીથી માનીએ કે આપણે જે અંદર વિચાર કરીએ છીએ, એ બધું તે જાણી શકે છે, કારણ કે એ સર્વજ્ઞ (omniscient) છે તો આપણે શરમાઈને ખોટા વિચારોથી વિમુખ થઈએ નહિ ? આપણે જો જાણીએ કે એ આપણા પાપકર્મનાં પરિણામે શિક્ષારૂપે આપણને નરકભોગ આપવાને સમર્થ, સર્વશક્તિમાન (omnipotent) છે, તો શું આપણે તેના ભયથી પાપમાંથી અટકીએ નહિ ? આપણે લોકલજ્જા, લોકાપવાદ કે શિક્ષાના ભયથી બહારથી જ સત્ થવાનો પ્રયાસ કરીએ છીએ, ખરેખરા નહિ. બહારથી ધાર્મિકતાનો સ્વાંગ સજીને પકડાઈ ન જવાય એવી રીતે સંતાકૂકડી રમીને ગુપ્ત રીતે ખોટાં કામ કરવાનું મૂકતા નથી. આવા પ્રકારના માણસો કરતાં તો જેઓ પોતાને નાસ્તિક કહેવરાવે તેઓ હજારગણા શ્રેષ્ઠ.

૩૩૧. સ્વામી વિવેકાનંદ કહે છે : 'જ્યારે બને ત્યારે, જેવી રીતે બને તેવી રીતે, બીજાને મદદ કરજો. પરંતુ કયા ઉદ્દેશથી કરો છો એ બાજુ નજર રાખજો. જો તમે તમારી પોતાની કોઈ સગવડ અથવા સ્વાર્થસિદ્ધિ માટે કરો તો જાણજો કે તેથી જેમને મદદ કરો છો તેમને ખાસ કાંઈ લાભ યા ફાયદો થવાનો નથી, ને તમનેય નહિ. પરંતુ એ જો નિઃસ્વાર્થ હશે તો જેમને આપો છો તેમને તો ખૂબ સુખ અને કલ્યાણ પ્રાપ્ત થવાનું જ, પરંતુ તેથી અનેકગણું સુખ અને કલ્યાણ તમારું પોતાનુંયે થવાનું. તમારા જીવનના જેટલું જ એ સાચું માનજો.'

૩૩૨. પૂજા બે પ્રકારની – બાહ્ય અને માનસ. બાહ્ય પૂજામાં દેવતાની મૂર્તિ, ચિત્ર, ઘડો, લાકડાની યા પથ્થર વગેરેની પ્રતિમામાં દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા કરીને પૂજા કરવામાં આવે. આપણે મનુષ્યો છીએ; મનુષ્યના જીવનધોરણને માટે જેની જરૂર અને મનુષ્ય જેથી સુખ, તૃપ્તિ અને આનંદ પામે, એ બધી ચીજો દેવતાની પૂજામાં તેમને અર્પણ કરાય; જેવાં કે પાદ્ય, અર્ઘ્ય, આચમન, આસન, વસ્ત્ર, આભૂષણ, ફૂલની માળા, અલંકારો વગેરે; ચંદન, પુષ્પ, સુગંધ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળમૂળ, મિષ્ટાન્ન, ખીર યા અન્ન અને પુરીશાક આદિ ભોગ, પીવાનું જળ, પાન, શય્યા, વીંઝણો, સ્તોત્ર પાઠ, ગીત, વાજિંત્રો, નૃત્ય, આરતી વગેરે. કોઈ પણ સાધન ન હોય તો ભક્તિભાવે એ બધાંની કલ્પના કરીને કેવળ જળ કિંવા અક્ષતથીયે પૂજા કરી શકાય.

૩૩૩. માનસ પૂજામાં દેવમૂર્તિની કે બીજાં ઉપકરણોની જરૂર નહિ. દેવતાની મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરીને મનમાં મનમાં ઉપર જણાવેલાં દ્રવ્યોની કલ્પના કરીને તેમને નિવેદન કરવાથી માનસપૂજા કરી ગણાય. એ પૂજાનો બ્રાહ્મણ, ચંડાલ, અસ્પૃશ્ય સહુ કોઈને અધિકાર છે. આ પૂજામાં પવિત્ર-અપવિત્ર, દેશ કાળ, વિધિ, નિષેધ વગેરેની કશીયે ભાંજગડ નહિ. કેવળ

મનના યોગની જરૂર.

૩૩૪. અન્ન કે ભોજ્ય પદાર્થ માત્ર જીવોની સાધારણ સંપત્તિ, એ ઉપનિષદ્‌નો ઉપદેશ. બીજાને તકલીફ કે બીજાને વંચિત કર્યા વિના એક કોળિયો અન્ન પણ કોઇ મોઢે મૂકી શકે નહિ. દેવતાને અર્પણ કર્યા વિના , ક્ષુધાર્ત અતિથિ અને પશુ પક્ષીઓને ભાગ આપ્યા વિના જેઓ ભોજ્ય અન્ન પોતાને જ માટે રાંધીને ખાય; તેઓને આપણાં શાસ્ત્રોએ પાપી અને એ અન્નને પાપ-અન્ન કહ્યું છે. ગૃહસ્થ વ્યક્તિ ક્ષુધાર્તને અન્ન આપ્યા વિના પોતે જ ભોજન કરે તો નરક ભોગવવું પડે એવું શાસ્ત્રનું વિધાન છે. (બૃહદ આરણ્યક, ૧/૫/૨) પરંતુ સામર્થ્ય ન હોય તેને માટે યથાસાધ્ય કરવાનું વિધાન છે.

૩૩૫. પોતાના અને સગાંવહાલાંના સુખ અને સ્વાર્થને માટે જે કાંઈ કરવામાં આવે એ સાંસારિક વેપાર માત્ર. ધર્મ નહિ. પોતાનાં સ્ત્રીપુત્ર સ્વજનને ચાહવાનું નામ માયા, સંસાર; સર્વ જીવો પર સ્નેહનું નામ પ્રેમ, દયા. એ પ્રમાણે જે કાંઈ પુણ્ય, તપસ્યા, પૂજા કે સાધન ભજન પોતાના ઇહલોક કે પરલોકના સુખ અને કલ્યાણને માટે કરવામાં આવે એ સ્વાર્થ. એ હિસાબે એ ધર્મ યા આધ્યાત્મિકતા નહિ. પરંતુ જ્યારે એ બધાં કર્મો ફળભોગની ઇચ્છા વિના થાય, સર્વ જીવોના સુખ અને કલ્યાણ માટે કરવામાં આવે, - સહુ કોઈ એક સમાન રીતે એના ભાગી થાઓ એવી મનોભાવનાપૂર્વક કરવામાં આવે, ત્યારે એ હજાર ગણું ફળ આપનારાં થાય- પોતાને અને બીજાને માટે. કરુણાવતાર બુદ્ધદેવે કહ્યું છે : 'જ્યાં સુધી જગતના સમસ્ત જીવો મુક્તિ ન મેળવે ત્યાં સુધી મારે મારી મુક્તિ ન જોઈએ.' કેટલો ઊંચો આદર્શ !

૩૩૬. પરંતુ પારકાના કલ્યાણને માટે નિષ્કામભાવે કર્મ કરીને સહસ્રગણું ફળ પામવાની આશા જો પોષ્યા કરો, તો તો પછી એ નિષ્કામ રહ્યું નહિ. એ તો એ જ, એક ગણું કામ કરીને હજારગણા ફળની કામના કરવા જેવું થયું. જેમ કેટલાક મૂર્ખાઓ દસ રૂપિયાની નોટની એકસોની નોટ અથવા એક તોલાનું દસ તોલા સોનું બનાવવાના લોભમાં ધુતારાઓની જાળમાં પડીને ગાંઠનુંય ખોઈ બેસે, તેમ.

૩૩૭. શ્રીરામકૃષ્ણ જેમ સર્વધર્મ સમન્વયના મૂર્તવિગ્રહ હતા, તેમ જ્ઞાન, ભક્તિ, કર્મ અને રાજયોગ એ સાધનમાર્ગ ચતુષ્ટય સમન્વયના ઉજ્જવળ દૃષ્ટાંતરૂપ હતા. સર્વાંગ સુંદર ચરિત્ર ઘડવાનો એ જ એક માત્ર ઉપાય. તેમના જ જીવનપ્રકાશથી પ્રકાશિત થઈને સ્વામી વિવેકાનંદે એ બધા યોગોના સમન્વયપૂર્ણ સાધના તત્ત્વનો સર્વસાધારણ લોકોમાં પ્રચાર કર્યો છે અને તેમના દ્વારા પ્રતિષ્ઠિત મઠ અને મિશનની સાધનપ્રણાલિ અને ઉદ્દેશ્ય તરીકે રજૂ કર્યું છે. તેમણે સ્થાપેલા રામકૃષ્ણ મઠ અને મિશનનું emblem પ્રતીક એ જ ભાવ વ્યકત કરે છે. તેની વ્યાખ્યા નીચે આપવામાં આવે છે.

૩૩૮. રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનના પ્રતીકમાં તરંગ સહિતનો જળરાશિ કર્મનું, કમળ ભક્તિનું અને ઉદય પામતો સૂર્ય જ્ઞાનનું સૂચન કરે છે. ચિત્રમાં રહેલી સર્પની ગોળાકાર આકૃતિ યોગ અને જાગ્રત કુંડલિની શક્તિની પરિચાયક, અને હંસનો અર્થ પરમાત્મા. એટલા માટે કર્મ, ભક્તિ, જ્ઞાન, અને યોગની સાથે સંમિલિત થયે પરમાત્માનાં દર્શન પમાય, એ પ્રતીક ચિત્રનો અર્થ.

૩૩૯. આત્મજ્ઞાનનો અર્થ કેવળ પોતાને જ બ્રહ્મ સ્વરૂપે અનુભવ કરવો એ નહિ; સર્વ જીવોનેય બ્રહ્મરૂપે દેખવા. અંતરમાં અને બહાર સર્વત્ર બ્રહ્મદર્શન કરવું એ જ ઉપનિષદ્‌ના મત પ્રમાણે પરમ આત્માનુભવનું કે મુક્તિનું લક્ષણ. શ્રી ચૈતન્યના અને શ્રીરામકૃષ્ણના જીવનમાં આપણે આનું પ્રત્યક્ષ ઉદાહરણ જોઈ શકીએ છીએ. આ જીવ બ્રહ્મવાદ આટલા કાળ સુધી શાસ્ત્રમાં દાર્શનિકોના પાંડિત્યના વાદોમાં અટવાઈ રહ્યો હતો, અને પર્વત કે અરણ્યનિવાસી યોગી, ઋષિ અને કેટલાક મુમુક્ષુઓની સાધનાની વસ્તુ થઈ પડવાથી પર્વતગુફાઓમાં છુપાઈ રહેલો હતો. એ મહાન તત્ત્વ કેવી રીતે ગૃહી- સંન્યાસીના ભેદ વગર સહુ કોઈના રોજિંદા જીવનમાં ઉપયોગી કરી શકાય તેનો પ્રકાશ સ્વામી વિવેકાનંદ, શ્રીરામકૃષ્ણ પાસેથી પામીને, જીવોને નારાયણ સ્વરૂપ સમજીને તેમની સેવા કરવાના વ્રતનો જગતમાં

પ્રચાર કરી ગયા છે. 'આત્મનો મોક્ષાર્થં જગદ્ધિતાય ચ ।' 'પોતાની મુક્તિ અને જગતના હિતને માટે' એ આદર્શ પરસ્પર વિરોધી નથી, પરંતુ સહાયક છે. કેવી રીતે સાધનાની મારફત વેદાન્તના જીવબ્રહ્મવાદનો પ્રત્યક્ષ અનુભવ કરી શકાય અને મનુષ્યોની સેવામાં એનો ઉપયોગ કરી શકાય, તેના કૌશલ કે માર્ગનો જગતને ઉપદેશ આપવા સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશન સ્થાપી ગયા છે.

૩૪૦. સ્વામીજી દ્વારા પ્રવર્તિત આ નરનારાયણ-શિવજ્ઞાને જીવસેવા સેવાધર્મ એક સંપૂર્ણ નવીન વિચાર એ બૌદ્ધયુગના ભિક્ષુઓથી કે મધ્યયુગના રોમન કૅથલિક સાધુઓ દ્વારા અનુષ્ઠિત સેવા-ધર્મ કરતાં પાયામાંથી જ જુદો. બૌદ્ધ સંન્યાસીઓ જે દુઃખી નરનારીઓની સેવા કરે, એ દયા કે કરુણાથી પ્રેરાઈને અને પોતાની નિર્વાણપ્રાપ્તિમાં સહાયક બને એવી સમજણથી જ. કૅથલિક સંન્યાસીઓનું સેવાકાર્ય પણ વટલાવવાની ભાવનાપૂર્વક કરુણામૂલક. આ જાતના સેવાકાર્યમાં સેવ્ય અને સેવક વચ્ચે ભેદબુદ્ધિ અનિવાર્ય. આથી સેવકો પોતાને ઉદ્ધારકની ઊંચી અવસ્થામાં બેઠેલા માને અને સેવ્યો તેમની સહાયના કંગાલ ભિખારી તરીકે તેમની પાસે ઓશિયાળા રહે - એવા એક ભાવનું પોષણ કરે. પરંતુ ઉપનિષદ્ના અદ્વૈતભાવમૂલક તરીકે સ્વામીજીએ પ્રચાર કર્યો છે તે 'આર્ત- નારાયણ દરિદ્રનારાયણ સેવા' ભાવમાં સેવ્ય સેવકની અંદર તાત્ત્વિક કશોય ભેદ નહિ; કારણ બન્ને આત્માની દૃષ્ટિથી અભિન્ન. પરંતુ સેવા લેનારાઓ સેવા કરનારાઓને સેવાનો યા પૂજાનો અવસર, સૌભાગ્ય અને અધિકાર આપે છે માટે સેવા કરનારાઓ સેવા લેનારાઓ પાસે કૃતજ્ઞ અને આભારી. સ્વામી વિવેકાનંદે કહ્યું છે : Let the giver kneel down and worship ; let the receiver stand up and permit !

એટલે કે સેવાદાતાઓ જ સેવા લેનારાઓ પાસે પગે પડીને પોતાની સેવા ગ્રહણ કરવાની તેમને પ્રાર્થના કરે અને તેમની અનુમતિ યાચે. અગાઉના બૌદ્ધ અને ખ્રિસ્તી સેવાભાવની સાથે આનો જમીન આસમાનનો તફાવત.

૩૪૧. જડ પ્રતિમામાં, ઘડામાં, ચિત્રમાં, લાકડામાં કે પથ્થરમાં, જો ઉપાસ્ય દેવ કે દેવીનું આવાહન કરીને અંતરાત્મા કે બ્રહ્મસ્વરૂપે પૂજન કરી શકાય, તો જીવમાં, ખાસ કરીને જીવશ્રેષ્ઠ જીવંત માણસમાં, એ પ્રકારે પૂજા કેમ કરી ન શકાય ? માણસની પૂજા એટલે તેના સ્થૂલ દેહની પૂજા નહિ, તેની અંદર જે આત્મારૂપી નારાયણ રહેલા છે, તેની જ પૂજા. જે આત્મારૂપી નારાયણ આપણી અંદર રહ્યા છે તે જ સકળ નરનારીની અંદર છે, એ અભેદ દૃષ્ટિથી અજ્ઞાની, ગરીબ, રોગી રૂપી નારાયણોની, પરમ આદર અને શ્રદ્ધાપૂર્વક, જ્ઞાનદાન, અન્નવસ્ત્રદાન, ઔષધદાન આપીને સેવા શુશ્રૂષા કરવી એ તેની પૂજાનાં અંગ. અન્ય દેવદેવીની પૂજાની પેઠે આ પૂજામાં પણ આત્માની સાથે અભિન્નભાવ ન હોય તો એ પણ મજૂરીમાં જ પરિણમે. શાસ્ત્રો પણ કહે છે કે 'શિવો ભૂત્વા શિવં યજેત્ ।' શિવસ્વરૂપ થઈને શિવની પૂજા કરવી; 'દેવો ભૂત્વા દેવં યજેત્ ।' દેવ થઈને દેવતાની પૂજા કરવી.

૩૪૨. સ્વામી વિવેકાનંદે પ્રચલિત કરેલી આ નરનારાયણ ઉપાસના ચિત્તશુદ્ધિને માટે બીજાનું ભલું કરવારૂપી નિષ્કામ, અનાસક્ત, કર્મમાત્ર નથી, પરંતુ જ્ઞાન, યોગ, ભક્તિ અને કર્મના અદ્ભુત સમન્વયની સાથે જોડાયેલી પરમાત્માની ઉપાસનાની એક સંપૂર્ણ રીતે નવીન સાધનપદ્ધતિ. એટલે કે જ્ઞાન, યોગ, ભક્તિ અને કર્મના સમન્વયથી પરમાત્માની ઉપાસના રૂપે એ સાક્ષાત્ મુક્તિદાયક. આમાં જ્ઞાનયોગની સહાયથી માણસને આત્મારૂપી નારાયણ તરીકે જાણવો પડે, રાજયોગની સહાયે આત્મારૂપી ઈશ્વરને પ્રણિધાન કરવું પડે, ભક્તિયોગની સહાયથી તેમના પ્રતિ પરમ અનુરાગી થવું પડે અને નિષ્કામ નિઃસ્વાર્થ કર્મ વડે તેમની જ સેવા કરવી પડે.

૩૪૩. કેવળ મુક્તિ પ્રાપ્તિની બાજુએથી જ નહિ, પરંતુ સ્વામી વિવેકાનંદનો આ નર-નારાયણવાદ માણસને માણસ દ્વારા સન્માનના ઉચ્ચ શિખરે ચડાવે છે. એટલા માટે એનું મહત્ત્વ અસાધારણ; કારણ કે આ મત પ્રમાણે મનુષ્ય એ દીનહીન ને દયાનું પાત્ર નથી, પરંતુ પરમ શ્રદ્ધાનું પાત્ર - શિવ છે.

જ્યારે મોટે ભાગે ધર્મના પંડાઓ અને પુરોહિતોએ, ભગવાનના પોતે જ પ્રતિનિધિ છે એમ કહીને, ઈશ્વરને મનુષ્યના પુણ્યોનું પારિતોષિક અને પાપોનો દંડ દેનાર ન્યાયાધીશરૂપે આકાશમાં ઘણે ઊંચે સાતમા સ્વર્ગમાં રત્નસિંહાસન પર બેસાડીને, માણસ સદા પાપી છે માટે તેના માટે અનંત નરકની વ્યવસ્થા કરી છે. અને સ્વર્ગની ચાવી પંડા પુરોહિતોની પાસે રહેવાને લીધે તેમને સંપત્તિ, ધન વગેરેના દાનથી સંતુષ્ટ કરીએ એટલે પાપી તાપીઓને ત્યાં પ્રવેશવાનો અધિકાર મળે એવી ધર્મની આજ્ઞા છે - એમ પ્રતિપાદન કરીને તેઓએ લોકોનું શોષણ કર્યું છે.

૩૪૪. આ ઉપરની ભયંકર ને જીવલેણ માન્યતાની વિરુદ્ધમાં સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મસભામાં ઉચ્ચસ્વરે ઘોષણા કરી કે, ' હે અમૃતત્વનાં સંતાનો, કોણ કહે છે કે તમે પાપી છો ? તમને પાપી કહેવા એ જ મહાપાપ ! તમે તો છો અમૃતત્વનાં અધિકારી ! એ પરમપુરુષને જાણીને તમે જન્મમૃત્યુની પાર ચાલ્યા જાઓ. મુક્તિ મેળવવાનો બીજો કોઈ રસ્તો નથી.' શો અમૃતમય આશાનો સંદેશ ! કહેવાતા દીનહીન, તિરસ્કારાયેલા, અસહાય અને અસ્પૃશ્ય નરનારીઓ આત્મારૂપે સાક્ષાત્ શિવસ્વરૂપ અને આપણી સેવાપૂજા પામવાને યોગ્ય. આ મહાન સંદેશનો દઢતાપૂર્વક સૌથી પ્રથમ પ્રચાર કરનાર કોઈ હોય તો એ સ્વામી વિવેકાનંદ અને તેના પ્રેરક છે ભગવાન શ્રીરામકૃષ્ણ.

૩૪૫. હાલમાં, આપણે જોઈએ છીએ કે આખી દુનિયામાં માણસ માણસનો, એક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રનો પોતપોતાના ભોગને માટે, સ્વાર્થને માટે નિર્દયતાથી નાશ કરી રહેલ છે. આ યુગમાં માણસને હાથે માણસનો છળ, માનવતાનું અપમાન, માણસના પ્રત્યે માણસની હીનદષ્ટિ અને પ્રભુત્વપૂર્ણ અને અપમાન દર્શક વ્યવહાર ટોચે પહોંચ્યો છે. માણસ પ્રત્યેની ઘાતક વૃત્તિથી માણસ જંગલી- હિંસક પશુને સુધ્ધાં વટાવી ગયો છે. પૂર્વ- પશ્ચિમની બળવાન અને કહેવાતી ઊંચી જાતિઓ પોતાની જાતની ઉન્નતિ અને સ્વદેશસેવાના પવિત્ર નામે અને જગતમાં શાંતિ સ્થાપવાનાં બણગાં અને સંસ્કૃતિ ફેલાવવાના બહાના નીચે અને નબળી પડેલી જાતિઓનું સર્વસ્વ

શોષી લઈને સર્વનાશ કરી રહી છે. પશ્ચિમીઓની દષ્ટિમાં અપાશ્ચાત્યો, અશ્વેતો, અખ્રિસ્તીઓ જાણે કે મનુષ્યો જ નથી, પણ અસંસ્કારી- જંગલીઓ! તેમના ભોગ માટેની સામગ્રી ઉત્પન્ન કરવાના સાધનરૂપે ઈશ્વરે ઉત્પન્ન કરેલાં યંત્રો જાણે કે ! આ પ્રકારની દુઃખદાયક દષ્ટિ અને વિશ્વના ભોગનાં સાધનો દ્વારા તેઓની અંદરોઅંદરની સ્પર્ધા જ વર્તમાન પ્રલયકારી વિશ્વવ્યાપી યુદ્ધનું મૂળ કારણ.

૩૪૬. ભારતવર્ષમાં પણ ધર્મ, સમાજ, સંપ્રદાય અને અધિકારવાદના નામે એક બીજાની અંદર વિરોધ, દ્વેષપૂર્ણ જાતજાતના ભેદો, અસ્પૃશ્યતા, સાંપ્રદાયિકતા એક છત્રે રાજ કરી રહ્યાં છે, અને પ્રજાના જીવનને સર્વ પ્રકારનાં દુઃખો, દીનતા અને દુર્દશાથી જર્જરિત કરી રહ્યાં છે. એથી દેખાય છે કે પાશ્ચાત્ય અથવા પૌર્વાત્ય, માનવ યા જાતિની પ્રત્યે ઉપર કહી તેવી ઘૃણાજનક દષ્ટિ અને ભાવનાનું પોષણ અને આ પ્રકારનો આસુરી વ્યવહાર જગતમાં સમસ્ત વિરોધ વિદ્વેષનું મૂળ કારણ છે. અને સ્વામી વિવેકાનંદે પ્રચારેલી નારાયણ જ્ઞાને જીવસેવા કરવી એ જ આ વિષમ સમસ્યાનો એક માત્ર ઉપાય છે. એ ઉદ્દેશથી જ તેમણે સમગ્ર માનવસમાજની અંદર, આ સર્વોચ્ચ મમતાભરી મૈત્રી અને સમદર્શનની સાધનાવાળા આદર્શ પ્રમાણે ધર્મ, સમાજ, રાષ્ટ્ર આદિથી લઈને માનવજીવનનાં સર્વ અંગો એટલે સુધી કે માનવીના રોજિંદા જીવનને સુધ્ધાં, સંચાલિત કરવાનો ઉપદેશ આપી ગયા છે. આ મહાન આદર્શનો જગતમાં પ્રચાર કરવો અને કાર્યમાં ઉતારવાનો આદર્શ રજૂ કરવો એ જ રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનનો ઉદ્દેશ.

૩૪૭. ભગવાન એકી સાથે પ્રાકૃતિક નિયમરૂપ પ્રેમ સ્વરૂપ. જગન્માતા રૂપે પ્રેમસ્વરૂપિણી અને દયામયી; જગતપિતારૂપે ન્યાયવિધાતા. એ કર્મફલદાતા, તેમ જ વળી કપાલમોચનરૂપે શરણાગત ભક્તજનોને સર્વ પાશમાંથી મુક્ત કરનાર.

૩૪૮. જેવી રીતે વાયુ, વાદળાંને ખેંચી લઈ જઈને એક જગાએ એવી રીતે એકત્રિત

કરે કે અંધકાર થઈ જઈને સૂર્ય ઢંકાઈ જાય, તથા વળી એ જ વાયુ વાદળાંને ઉડાવી દે ને વાદળાં ઊડી ગયે સૂર્ય પ્રકાશી ઊઠે, તેવી રીતે મન જ બંધનની ઉત્પત્તિ કરે, અને મન જ બંધનને દૂર કરે. જીવના અંતરમાંથી માયા નાશ પામતાં જ પરમાત્મા સ્વસ્વ પ્રકાશે. માયા એક ઊડતો ક્ષણિક આભાસ માત્ર; એની શી તાકાત કે તે પરમાત્માને વિકસાવે કે જે પરમાત્મા પોતે જ નિત્ય સત્ય સ્વયંપ્રકાશસ્વરૂપ !

૩૪૯. સ્વામી વિવેકાનંદે કહ્યું છે : શ્રીરામકૃષ્ણનો સર્વધર્મસમન્વયભાવ અને વિશ્વવ્યાપી ધર્મ, ઉપદેશ અને આદર્શરૂપે જગતમાં કેવળ પ્રચાર કરીને ફેલાવવાના છે. એટલું જ નહિ પરંતુ તેઓ બધાંને જીવનમાં કામ કરતાં અને ઉપયોગી બનાવવાનાં છે. અર્થાત્ હિંદુની આધ્યાત્મિકતા, બૌદ્ધની દયા અને હૃદયની વિશાળતા, ખ્રિસ્તીની કર્મપરાયણતા, ઈસ્લામનો પરસ્પર ભાઈચારો આ બધાંને આપણા જીવનમાં રોજબરોજના કાર્ય દ્વારા પ્રકટ કરવાં જોઈએ. એટલે કે આપણે જાતિ, ધર્મ કે વર્ણભેદ વિના સર્વવ્યાપી ધર્મની પ્રતિષ્ઠા કરવાની છે.

૩૫૦. સ્વામી વિવેકાનંદે કહ્યું છે : હિંદુધર્મ બૌદ્ધધર્મનો જન્મ દાતા, બૌદ્ધધર્મ એ ખ્રિસ્તીધર્મનો જન્મદાતા, ખ્રિસ્તીધર્મ એ ઇસ્લામનો ઉત્પાદક. આ ચાર ધર્મોએ ભારતમાં પરસ્પર મળીને વર્તમાન યુગમાં એક થવું જોઈશે. એટલા માટે જ શ્રીરામકૃષ્ણ આવ્યા હતા. દાદીમાની સાથે પૌત્ર-પૌત્રીઓના કજિયા ઝઘડા મટાડીને પૃથ્વી પર શાંતિ સ્થાપવાને માટે.

૩૫૧. જિંદગીભર ઉપદેશ તો ઘણોય સાંભળ્યો છે ને મળ્યો છે. જ્ઞાન તો ઘણુંય જાણો છો, અનેકને આપ્યા પણ કરો છો. પરંતુ તમારી વાત સાંભળવાનું કોણ, જો તમે પોતે જ તેમાંથી થોડાકનું પાલન કરીને દેખાડી ન શકો તો ? વાતમાં ને વર્તનમાં આકાશ પાતાળનો ભેદ. ઢગલાબંધ ઉપદેશ વાંચવાની કે સાંભળવાની જરૂર નથી હોતી. મુક્તિમાર્ગનો એક ઉપદેશ પણ જો પોતાના જીવનમાં ઉતારી શકો તો તમે ધન્ય થઈ જશો, જગતનું પણ કલ્યાણ થશે. અને તમે પ્રભુની કૃપાથી દુસ્તર ભવસાગર પાર કરીને આનંદધામે પ્રયાણ

કરશો.

૩૫૨. ભાઈઓ ! આપણે માતાના ગર્ભમાંથી જન્મતી વખતે કપડાં વિનાના અને એકલા આવ્યા હતા. આ ધરાધામમાંથી જ્યારે વિદાય લઈશું ત્યારે પણ આપણે એકલા જ ચાલ્યા જવું પડશે. કોઈ પણ સાથે આવવાનું નથી- એટલે સુધી કે જેઓ આપણાં પ્રિયજનો છે, જેઓ એક ઘડી પણ આપણા વિના રહી શકે નહિ, અને આપણે પણ જેમનો જરાકે વિયોગ સહન કરી શકીએ નહિ, તેઓ સુધ્ધાં નહિ. પ્રાણથીયે પ્રિય, આપણા પ્રેમની વસ્તુ ધન સંપત્તિ કાંઈ આપણે સાથે લઈ જઈ શકવાના નથી. તરતનું જન્મેલ બાળક, જે રડી ઊઠે છે એ જ તેના જીવનનું પરિચાયક. એના રુદનનો શબ્દ બીજાઓને આનંદદાયક લાગે ! તમારા દેહત્યાગ કરવાને સમયે બીજા તમારા માટે રડે એ ભલે, પરંતુ તમે સંપૂર્ણ સ્થિર શાંત સ્વભાવે આ પૃથ્વી પરથી વિદાય લો. એ વખતે તમારા ચહેરા પર છવાવાં જોઈએ એ અપાર્થિવ આનંદ અને શાન્તિ કે જે તમારા ઊંડામાં ઊંડા આત્માની સત્તામાં સદા બિરાજમાન છે. ત્યારે જ તમારું યથાર્થ ભાવે જીવન ગાળવું સાર્થક થયું ગણાય. એ વખતે પછી જીવન ઉપર કશો મોહ યા મરણ પ્રત્યેની કશી બીક તમને રહેશે નહિ. જીવન અને મૃત્યુ બંનેને તમે જીતીને એ બન્નેથી પાર એવા એક દ્વંદ્વાતીત રાજ્યમાં ચાલ્યા જવાના કે જ્યાં બંધન કે મુક્તિ નહિ, સારું કે નરસું નહિ, દુઃખ કે સુખ નહિ, પ્રકાશ કે અંધકાર નહિ, જે આ સર્વેથી દૂર, દૂર અતિ દૂર ! એ અવસ્થામાં કેવળ પોતે પોતાને જાણવું- તમે પોતે સ્વરૂપરૂપે શું એ જાણવું- સ્વાત્મોપલબ્ધિ માત્ર ! એ અવસ્થા અક્ષય અનંત શાન્તિની અવસ્થા, ભૂમાઅસ્તિત્વ, જ્ઞાન અને આનંદની અવસ્થા. જીવનના એ પરમ લક્ષ્યે પહોંચવાની આકાંક્ષા જો રાખતા હો તો સમસ્ત માયાને છોડીને ફેંકી દો, અસત્ વસ્તુ ઉપરની સમસ્ત આસક્તિ દૂર હઠાવી દો, સિદ્ધ, સત્યદર્શી આચાર્યના ઉપદેશને અનુસર્યે જઈને ઇશ્વરીય ભાવમાં તદ્ગત થઈ જાઓ. તમારા ઇષ્ટના મૂર્તિમાન પ્રતિનિધિ એવા સદ્ગુરુની સહાયતા મળ્યે લક્ષ્યે પહોંચવું સહજ થશે. ભગવાન જ એક માત્ર સત્ય, અન્ય જે

કાંઈ, એ બધું મિથ્યા, 'તત્ ત્વં અસિ।' 'તું જ તે છો.' એ જ છે સાર સત્ય, સમસ્ત ધર્મશાસ્ત્રોનો મૂળ ઉપદેશ. પ્રકૃતિના નિયમ પ્રમાણે આ અંતિમ સત્યે, પ્રત્યેક નરનારીએ પહોંચવાનું જ છે, આ જન્મમાં હો યા અસંખ્ય જન્મમૃત્યુના ચક્કરમાં ફર્યા પછી હો.

મારાં જ પ્રિયતમ આત્મસ્વરૂપો ! તમે સહુ ઈશ્વરકૃપાથી સત્યપ્રાપ્તિ અત્યારે કરવાને સમર્થ થાઓ અને આ ક્ષણથી જ જાણે કે અનંત અનંત કાળને માટે મુક્ત થઈ જાઓ - એ જ મારી હૃદયની પ્રાર્થના. શ્રીભગવાન તમારું કલ્યાણ કરો.

ૐ શાંતિઃ ! શાતિ : ! શાતિઃ !

ૐ તમે સહુ શાંતિમાં સંમિલિત થાઓ, મારા સ્વરૂપમાં શાંતિ ઓતપ્રોત થાઓ. અંતરમાં અને બહાર સર્વત્ર, સર્વ પ્રાણીઓમાં શાંતિ ફેલાઓ. પૃથિવી શાન્તિમય થાઓ, અસીમ અંતરીક્ષમાં, સમસ્ત લોકમાં શાંતિ વ્યાપ્ત થાઓ. ૐ ૐ ૐ.



શ્રીમા શારદાદેવી